પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૨૫

જેવા મેં નિરખ્યા રે

૬

(પ્રમુખસ્વામી મહારાજના સાન્નિધ્યમાં સંતોએ અનુભવેલી
તેઓની દિવ્ય પ્રતિભા, પ્રસંગો દ્વારા)

સંકલિત

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ -૪

ક્રમિકા

માસમાં, ગોંડલ મુકામે, સ્વામીશ્રીની નિશ્રામાં, યુવકોનું આંતરરાષ્ટ્રીય અધિવેશન યોજાયેલું. પૂર્ણાહુતિ પ્રસંગે સ્વામીશ્રી ઢોલિયા ઉપર બિરાજ્યા હતા. બાજુના સોફા ઉપર સંત સ્વામી તથા બાળમુકુંદ સ્વામી બેઠા હતા. યુવકો એક પછી એક વ્યક્તિગત દર્શને આવી રહ્યા હતા. એવામાં મહંત સ્વામી આવ્યા. બેસવાની કોઈ જગ્યા નહોતી. સ્વામીશ્રીએ આ જોયું. મહંત સ્વામીને પ્રેમથી પાસે બોલાવી, પોતાની બાજુમાં ઢોલિયા ઉપર બેસાર્યા. યુવકો પગે લાગી રહ્યા ત્યાં સુધી બેસાડી રાખ્યા. આ પ્રસંગ જોતાં મારા મનમાં બે ભાવો જાગ્યા : એક તો સ્વામીશ્રી ખરા દિલથી અને વિના સંકોચે અન્યને માન આપી શકે છે, અને બીજો ભાવ એ જાગ્યો કે એમને મન ગાદીની કોઈ જ મહત્તા નથી !

* * *

૧૯૭૨ના વૈશાખ માસમાં આણંદ પાસે ગાના ગામમાં યુવકોનું ત્રણ દિવસનું સ્નેહસંમેલન હતું. મુંબઈથી અમે ૩૦-૩૫ યુવકો ત્યાં ગયા હતા. સંમેલનની પૂર્વરાત્રિએ સભામાં યુવકોનો પરિચય અપાયો. મને હાજર રહેવા કહેલું પણ થાકને લીધે હું ઉતારે જઈને સૂઈ ગયેલો. હું ગેરહાજર રહ્યો એટલે બીજે દિવસે ડૉક્ટર સ્વામી મને કહે : ‘પૂજા પછી તમારો પરિચય આપીશું ને તે વખતે તમે સ્વામીશ્રીના આશીર્વાદ લઈ આવજો.’ હું આશીર્વાદ લેવા ગયો, ત્યારે મારી સાથેના પ્રથમ જ વાર્તાલાપમાં સ્વામીશ્રીએ આત્મીયભાવથી પૂછ્યું, ‘કાલે રાત્રે ક્યાં હતા ?’ મેં કહ્યું, ‘થાકને લીધે સૂઈ ગયેલો.’ સ્વામીશ્રી કહે : ‘બે-ત્રણ દિવસ ભીડો વેઠી લેવો. બધી સભામાં હાજર રહેવું.’ મારા માટે આ તેમની પ્રથમ શીખ હતી. પણ બનેલું એવું કે અમને ત્યાંનું ભોજન અનુકૂળ નહોતું, જરાય ભાવતું નહિ. એટલે રાત્રે જમવાને બદલે સંતો પાસેથી ખાંડ માંગી ગામની ડેરીમાંથી અમે દૂધ પી લેતા. એક વખત તો અમે મુંબઈના બધા જ યુવકો બસમાં બેસીને ગાનાથી આણંદ ખાસ જમવા જ ગયેલા. તે વખતે સભા ચાલુ હતી. સ્વામીશ્રીએ અમને બસમાં ચઢતા પણ જોયેલા, કારણ કે સભા સ્થળેથી બસ-સ્ટેન્ડ સ્પષ્ટ દેખાતું હતું, પરંતુ સ્વામીશ્રીએ કોઈને રોક્યા નહિ અને પાછળથી ટોક્યા પણ નહિ. અમે તો કથામાં બેસવાની આજ્ઞાનો લોપ કર્યો, પણ સ્વામીશ્રીએ અમને માફ કર્યા.

સંમેલનના ત્રણ દિવસ પૂરા થતા સુધી ગરમી, ધૂળ અને બિન-અનુકૂળ ભોજનને કારણે હું અકળાયેલો, એટલે સ્વામીશ્રી સાથે ફરવાનો કોઈ વિચાર જ નહોતો. તેમની પાસે હું રજા લેવા ગયો. તેમણે કહ્યું, 'રોકાઈ જાઓ.' આ જવાબથી સંતોષ ન થતાં ૧૫-૨૦ મિનિટ બાદ હું ફરીવાર રજા લેવા ગયો. બીજી વખત પણ એ જ જવાબ મળ્યો. હવે શું કરવું ? કાંઈ સૂઝ્યું નહિ, તેથી ગામમાં ફરવા નીકળ્યો. ફરીને આવ્યો ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે મોટા પુરુષને ત્રણ વખત પુછાય એટલે ત્રીજી વાર રજા માગવા ગયો. સ્વામીશ્રી કહે : 'રોકાઈ જાઓ.' મેં રોકાવાનું નક્કી કર્યું. અજ્ઞાન અવસ્થામાં આજ્ઞા પાળી, પણ તેનું ફળ કેવું ભવ્ય મળશે તેનો ખ્યાલ તે વખતે કલ્પનાતીત હતો. ગાનાથી સ્વામીશ્રી સાથે અમે વિદ્યાનગર ગયા.

બીજે દિવસે સ્વામીશ્રી એક હરિભક્તના ઘરે પૂજા કરી રહ્યા હતા. અમે સન્મુખ બેસીને દર્શન કરતા હતા. પૂજા બાદ સામાન્યતઃ સ્વામીશ્રી પ્રસાદીનાં પુષ્પો હરિભક્તોને આપતા, પણ તે દિવસે ક્રમ તૂટ્યો. પૂજા પછી તરત જ સ્વામીશ્રીએ પાછા વળીને બારણામાં ઊભેલા એક ગરીબ માણસને બોલાવ્યો. વસ્ત્ર ઉપરથી તેની ગરીબી જણાઈ આવતી હતી. મને આશ્ચર્ય થયું કે સ્વામીશ્રીને કેવી રીતે ખ્યાલ આવ્યો કે બારણામાં કોઈક ઊભું છે ! કારણ કે એ વ્યક્તિ સ્વામીશ્રીની પૂજા શરૂ થયા પછી આવેલી, અને સ્વામીશ્રી બેઠા હતા ત્યાંથી એ વ્યક્તિને જોઈ શકાય એવું નહોતું.

સ્વામીશ્રી એ ગરીબ માણસ સાથે એટલા બધા પ્રેમથી વાતો કરી રહ્યા હતા કે એ સાંભળવા હું લલચાઈને નજીક ગયો. સ્વામીશ્રી તેમના વહેવાર અંગે પૂછી રહ્યા હતા. તે કહે : 'ખેતી કરું છું. સાધારણ બળદની જોડ છે, એમાંથી પૂરું થતું નથી.' સ્વામીશ્રી કહે : 'સ્વામિનારાયણ ભગવાનની પાંચ માળા રોજ કરજો. ભગવાન સુખી કરશે.' વાતમાં શુદ્ધભાવ અને સત્યનો રણકાર હતો એટલે તે વ્યક્તિને સંતોષ થયો અને રાજી થઈને તેણે વિદાય લીધી.

ત્યાર પછી સ્વામીશ્રીને હું પગે લાગ્યો. તેમણે તેમના જમણા હાથની હથેળી મારા કપાળે અડાડી. મારા આખા શરીરમાં શાંતિ વ્યાપી ગઈ. અતિ સુખાનુભૂતિ થઈ. આવું સુખ આ પૂર્વે ક્યારેય અનુભવેલું નહિ. અહો અહો થયું. ગાનાથી પાછો ગયો હોત તો આ દિવ્ય અનુભવથી વંચિત રહી જાત. અજાણતાં પણ આજ્ઞા પાળવામાં કેટલો મોટો લાભ ! ત્યાર પછી મુંબઈ,

કરવાનું નક્કી કર્યું. પરંતુ અ
અનુભૂતિ પાયાની હતી.

આવી અનુભૂતિ સ્વામીશ્રી
ભગવાનમાં રસબસ છે.

૧૯૭૩ના વૈશાખ મહિનામ
હતા. સંધ્યા સમયે શૌચવિધિ મા
માળે પધાર્યા હતા. શૌચવિધિ બા
સાંકડો હતો એટલે અમે ૫-૭ યુ
બાળક રાજેશ પોંડા અંદર હતો
અંધારા પછી ઈલેક્ટ્રિક કરંટ ચાલ
આંખમાં પોતાની આંખ પરોવી
સ્વરૂપની ઓળખાણ આપતા, કૃ
પાવર નથી કે આવે ને જાય. અ
કલાક પ્રકાશ પ્રકાશ રહ્યા જ
પ્રકાશની વાત કરી રહ્યા હતા.
અખંડ સંબંધ છે. આ સંબંધ સ્વ
ભગવાન સર્વ પ્રકારે રહે છે.
સેવકભાવનું જાણપણું ભૂલતા નથી

એકવાર સ્વામીશ્રી સુરત પાસે
પેટમાં દુખાવો હતો. ડૉક્ટરે કમ
માટે સ્વામીશ્રી અમદાવાદ પધાર્ય
'ડીયોડનાઈટીસ' (નાના આંત
પરિસ્થિતિમાં પણ હરિભક્તોના કે

એ અરસામાં એક દિવસ સ્વામીશ્રી સાથે મને પધરામણી
લાભ મળેલો. એમના શરીરે દુખાવો અને તાવ સ્પષ્ટ જણ
પધરામણી કરીને મંદિરે મોડા આવ્યા. ઠાકોરજી જમાડવાના બાકી
મંદિરના ચોકમાં પગ મૂકતાં, સ્વામીશ્રીની નજર સભામંડપ તરફ
બાળકો તથા હરિભક્તોની ભીડ હતી. કારણ પૂછતાં સ્વામીશ્રીને
આવ્યો કે બાળકો સાથે એમનો પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ છે. સંતોએ સ્વામ
વિનંતિ કરી કે તેઓ ઠાકોરજી જમાડીને સભામાં પધારે. પરંતુ તેઓ સી
સભામાં પધાર્યા, કારણ કે બાળકો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હ
પોતાની અગવડનો વિચાર ન કર્યો.

પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ તરત જ શરૂ થયો. મોડું થવાથી પ્રશ્નો ઉતાવળ
પુછાતા હતા. સ્વામીશ્રી બાળ-સુલભ ભાષામાં એક પછી એક જવાબ આપી
રહ્યા હતા. ઓચિંતો એ પ્રશ્ન પુછાયો, 'આપનું અક્ષરધામ કેવું છે ?' તરત જ
સ્વામીશ્રી કહે : 'અક્ષરધામ તો શ્રીજીમહારાજનું છે. મારું ક્યાં છે ?' એટલું
કહીને અક્ષરધામનું વર્ણન કરવા લાગ્યા. ભૂખ, થાક, દુખાવો અને ઉતાવળી
પ્રશ્નોત્તરીમાં પણ સ્વામીશ્રી સિદ્ધાંતને ચૂક્યા નહિ. તેમને ભગવાન સાથે
સ્વામી-સેવકભાવનો સંબંધ અખંડિત છે.

અનેક મનુષ્યોને આ સંબંધ કરાવવા તેઓ સતત વિચરતા રહે છે. તેમાં
હ તથા મનના ભીડાને ગણતા જ નથી.

* * *

૧૯૭૩માં સ્વામીશ્રી જુલાઈ મહિનામાં સુરતથી મુંબઈ પધાર્યા હતા.
ે ધારણાં-પારણાં વ્રત ચાલુ હતું. ૧૫ દિવસ વ્રતના થયા હતા. સંતોને
આવ્યો કે સ્વામીશ્રીને વ્રતની જરૂર નથી. વળી આ ઉંમરે કરે તે ઠીક
ીજે દિવસે અક્ષરભુવનના બીજે માળે સંતોની ખાનાવાળી રૂમમાં
સ્વામી, રામચરણ સ્વામી અને યોગીચરણ સ્વામીએ સ્વામીશ્રીને
રવા ખૂબ જ આગ્રહ કર્યો. સ્વામીશ્રીએ પણ ઘણી જ આનાકાની
સંતોની ભાવના સામે સ્વામીશ્રીએ નમતું મૂક્યું, પરંતુ એકટાણાં
રાખ્યાં. એટલેથી એમને સંતોષ ન થતાં બીજે દિવસે સવારની
પાણીનું ૧૦મું વચનામૃત નિરૂપતાં કહે : 'આ વચનામૃતમાં
કહે છે કે જેને તપનો ઈશક હોય તેને વચમાં ...

અંતરાય આવે તો પણ પાછો હઠે નહિ. પણ યોગીએ (યોગીચરણ સ્વામીએ) અમારો ઇંશક મોળો પાડી દીધો.' કેવી નિખાલસતા ! કેવું નિર્માનીપણું !

કથા પછી સ્વામીશ્રી બોરીવલી વિસ્તારમાં પધરામણી માટે નીકળ્યા. તે દિવસે મને સાથે જવાનો લાભ મળેલો. ૩-૪ માળનાં મકાનોમાં ચડ-ઊતર શરૂ થઈ. સ્વામીશ્રીની ઉંમર ૫૨ વરસની અને મારી ૧૮, પરંતુ સતત ચડ-ઊતરને લીધે મારી ગતિ ધીમી પડી. સાથેના એક સંતે મને પૂછ્યું, 'હાંફ ચડ્યો ?' સ્વામીશ્રીએ આ સાંભળ્યું એટલે મને પૂછ્યું, 'થાક લાગ્યો છે ?' મેં સહેજ હા કહી. પછી મેં એમને પૂછ્યું, 'આપને ધારણાં-પારણાં વ્રત ચાલુ હોત તો શું થાત ? કારણ કે આજે ઉપવાસનો દિવસ હોત.' સ્વામીશ્રી ખુમારી સાથે પણ મૃદુ સ્વરે કહે : 'આવાં ધારણાં-પારણાંમાં તો કંઈક પધરામણીઓ કરી નાખી !' દેહભાવવાળી વ્યક્તિને તરત દેહના જ વિચાર આવે. સ્વામીશ્રીમાં દેહભાવ જોવા મળતો નથી.

* * *

૧૯૭૩ના દિવાળીના દિવસોમાં સ્વામીશ્રી ગોંડલ બિરાજતા હતા. કાળીચૌદશની રાત્રે અમે ૪-૫ યુવકો, સવારે ૪ વાગે જાગવાના હેતુથી, મંદિરના સભા-મંડપમાં સૂવા માટે ગયા. વહેલાં ઊઠવાનું કારણ એ હતું કે બીજે દિવસે દિવાળી હોવાથી સ્વામીશ્રી રોજના ક્રમ કરતાં પણ વહેલા જાગશે એવી અમને ખાતરી હતી, અને અમારે તેમના શરીર ચાંપવાનો તથા સ્નાનાદિક ક્રિયાનાં દર્શનનો લાભ ચૂકવો નહોતો. અમે સવારે ૪ વાગે જાગ્યા ત્યારે આશ્ચર્ય થયું. સ્વામીશ્રી સભામંડપમાં પૂજા કરી રહ્યા હતા. તેઓ તો ઘણા વહેલા ઊઠીને શૌચાદિક નિત્યવિધિથી પરવારી ગયેલા. તે દિવસે બપોરે આરામ કર્યો નહિ અને રાત્રે ૧૨ - ૧૨.૩૦ વાગે પોઢવા ગયા. અમને એમ કે દિવાળીના દિવસે વિશેષ કાર્યભાર હોવાથી ઉજાગરો થયો હશે. પણ આ ક્રમ સતત પાંચેક દિવસ ચાલ્યો. હરિભક્તોની સેવા-સરભરામાં, મળવામાં તથા તેમને કથા અને દર્શનનો લાભ આપવામાં સ્વામીશ્રીએ પોતાની સુખાકારીનો વિચાર કર્યો નહિ. આ એમનો હંમેશાંનો ક્રમ છે. હંમેશાં પોતાની ઊંઘ ઉપર જ કાપ મૂકે છે અને ખોવાયેલી ઊંઘ અન્ય દિવસોમાં મેળવી લઈએ એવું પણ એમના જીવનમાં ક્યારેય જોયું નથી.

* * *

૧૯૭૩ના વૈશાખ માસમાં સ્વામીશ્રી નાપાડ ગામે પધારેલા. ટ્રેક્ટરમાં નગરયાત્રા નીકળી, જેમાં ઘણા હરિભક્તો ઉત્સાહથી જોડાયા હતા. સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાયેલા કિશોરો-યુવકો ટ્રેક્ટરની આગળ નાચતા હતા. ધૂળની ડમરીઓ ઊડતી હતી. ટ્રેક્ટરની હાલાકી, ધૂળ, પરસેવો, ઘોંઘાટ, ગિરદી વગેરે કશું જ સ્વામીશ્રીની નજરમાં ન હતું. તેઓ તો દૃષ્ટિ દ્વારા યુવકોને સુખ આપી રહ્યા હતા. નગરયાત્રા મંદિરે અટકી. સમૂહ મોટો અને મંદિર નાનું. સમાય શી રીતે ? એટલે નાની જગ્યામાં વધારે અકળામણ. સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરી જેવા પોતાના આસને બિરાજ્યા કે હરિભક્તો દર્શન માટે પડાપડી કરવા લાગ્યા. થોડાક સમય પછી કાંઈક લાઈન ગોઠવાઈ. એમાં સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાયેલ એક કિશોર પોતાની બૅગ લઈ લાઈનમાં જોડાયો. બૅગ જોઈને અમને નવાઈ લાગી, પણ વધારે નવાઈ તો ત્યારે લાગી જ્યારે સ્વામીશ્રી પાસે પહોંચી, તેણે કહ્યું, 'આ બૅગને આશીર્વાદ આપો કે ન તૂટે.' ઉચ્ચતમ આધ્યાત્મિક પુરુષ પાસે આ કેવી માગણી ? અતિ મોટા ઝવેરીની દુકાને જઈ કોઈ રીંગણાંના ભાવ પૂછે એના જેવું કહી શકાય. આવા પ્રસંગોમાં સામાન્ય માણસ તો હતાશ થઈ જાય કે મને કોઈ સમજી શકતું નથી; મારો લાભ લઈ શકતા નથી. અને આને લીધે ગુસ્સો પણ આવે એ સ્વાભાવિક છે. પણ સ્વામીશ્રીની વાત જ નોખી ! એ દર્શનની પડાપડી ને ધમાલમાં પણ એની બૅગ ઉપર હાથ ફેરવતા અને આશ્વાસન આપતાં કહે : 'આશીર્વાદ છે. જાવ બૅગ નહિ તૂટે !'

આવી રીતે સ્વામીશ્રી લોકોના શ્રેય માટે શારીરિક તથા માનસિક ભીડો વેઠતા રહે છે, પરંતુ બીજા ઉપર ક્યારેય ભીડો લાદતા નથી. તેઓ પ્રત્યેક વ્યક્તિની પાત્રતા, શ્રદ્ધા અને આધ્યાત્મિક ધોરણ જાણે છે અને એ પ્રમાણે જ હંમેશાં એની સાથે વહેવાર કરે છે. આ મતલબના કેટલાક પ્રસંગો જોઈએ. જો સદ્‌ગુણોનું પણ માન ન હોય તો જ આવી રીતે વર્તી શકાય.

* * *

૧૯૭૨માં સોરઠની પંચતીર્થીમાં સ્વામીશ્રી સાથે વિચરણ કરતા અમે ભાયાવદર આવ્યા. ત્યાં એક વાડીમાં રાત્રિ સભા અને ઉતારા માટેની વ્યવસ્થા હતી. સભા બાદ સ્વામીશ્રી સંતો સાથે અગાસીમાં હળવી ગોષ્ઠિ

કરી રહ્યા હતા. રાત્રે ૧૨ પછી સ્વામીશ્રી ઊભા થયા અને અમે અગાસીમાં જ મોદ ઉપર સૂવા માટે શરીર લંબાવ્યું. આવી રીતે સૂતેલા જોઈને સ્વામીશ્રીએ અમને પૂછ્યું, 'ગાદલું અને રજાઈ નથી ?' હકીકતમાં યાત્રિક હરિભક્તો માટે પાગરણની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં કરવામાં આવેલી, પરંતુ કોઈક કારણસર અમારા ભાગે વધેલું નહિ. અમને એનો જરાય રંજ નહોતો છતાં ન કલ્પેલી વાત સ્વામીશ્રીએ તે વખતે અમને કરી : 'હવે આપણે જે ગામ જઈએ ત્યાં તમારે ચારે જણાએ [રાજેન્દ્ર દેસાઈ (હાલ શ્વેતવૈકુંઠ સ્વામી), યોગેશ કામદાર (હાલ નારાયણમુનિ સ્વામી), માર્કંડ પટેલ (હાલ યજ્ઞચરણ સ્વામી), અને હું] ચાર ગાદલાં અને ચાર રજાઈ અનામત કરીને પછી જ અમારો લાભ લેવા આવવું.' ભાયાવદરથી નીકળી વરજાંગજાળિયા અને ગણોદ થઈ અમે માણાવદર પહોંચ્યા. રાત્રિ રોકાણ ત્યાં હતું. ત્યાં ગાદલાં-રજાઈ અનામત રાખી, સ્વામીશ્રીને મળીને એ વાત કરી ત્યારે એમણે પ્રસન્નતા પણ દર્શાવી. આ પ્રસંગ અમારા માટે આશ્ચર્યકારી બની રહ્યો, કારણ કે સ્વામીશ્રીએ ક્યારેય કોઈપણ વસ્તુ પોતા માટે અનામત રાખી નથી અને એમની કથાવાર્તામાં એ જ વાત સાંભળવા મળેલી કે જ્યાં-ત્યાં, જેમ-તેમ, જેવું-તેવું ચલાવી લેતા શીખવું, દેહનો અનાદર કરવો; દેહને ખાસડાં જેવું કરી દેવું; સૂંઢેલ બળદિયા જેવું કરી દેવું વગેરે.

* * *

૧૯૭૩ની ઉનાળુ રજાઓમાં અમે ૨૦-૩૦ યુવકો સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાયા હતા. ભાદરણમાં ઠાકોરજી જમાડીને અમે ભરબપોરે રાસ ગામે ખટારા દ્વારા પહોંચ્યા. સ્વામીશ્રી સાંજે રાસ પધાર્યા અને અમે ક્યારે આવેલા તેની પૂછપરછ કરી. ભરતડકે આવેલા જાણી સ્વામીશ્રીને દુઃખ થયું. તેમણે ખટારાના ડ્રાઈવરને ઘણો ઠપકો આપ્યો અને અમને દર્દ ભરેલા સ્વરે કહેવા લાગ્યા, 'મેં ખટારાવાળાને કહ્યું કે 'તને સૂચના તો આપેલી કે રાસ જવાની ઉતાવળ કરતો નહિ, બપોરે નીકળતો નહિ, સાંજે જ નીકળજે.' છતાં એ ઉતાવળો થયો એટલે હું વઢ્યો.' આમ જુઓ તો ભાદરણથી રાસ નજીક છે અને અમે બધા જુવાનિયા એટલે ગરમી ખમી શકીએ છતાં વિચરણની વ્યસ્તતામાં પણ સ્વામીશ્રીએ અમારી કાળજી લીધી. જેમણે વર્ષો સુધી ચૈત્ર-વૈશાખ અને ભાદરવાના તાપમાં પધરામણીઓ પણ

કરી છે અને બીજાં કાર્યો પણ કર્યાં છે, એમને મન આવી કાળજી !

* * *

રાસથી ફરતાં ફરતાં અમે માતર પહોંચ્યા. ત્યાં એક હરિભક્તના ઘરે લગ્ન પ્રસંગ હતો. રાત્રે જ્યારે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે અમે થોડા યુવકો પણ ત્યાં હાજર હતા. અમને જોઈ સ્વામીશ્રી કહે : 'અહીં તો બધું કોરું કોરું મળશે. લગ્નના જમણમાં જાઓ. ત્યાં સારું મળશે.' સ્વામીશ્રી સાંજે કોરું જ જમતા અને એય સાદું. એટલે અમને લગ્ન-જમણનું સૂચન કર્યું. પોતે તો હંમેશાં સૂક્ષ્મ તપ જ કરે છે. બીજા તપ કરે એમાં રાજીપોય ખરો પણ પરાણે લાદવાની વાત નહિ.

* * *

૧૯૮૭માં શારીરિક સારવાર માટે જુલાઈ મહિનામાં હું મુંબઈ મંદિરે રોકાયો હતો. ઑગસ્ટની શરૂઆતમાં સ્વામીશ્રી તથા સંતો ઉત્તરાખંડની યાત્રાએ જવાના હતા. તેમાં જોડાવાની મારી ઇચ્છા હતી, પણ મનમાં દ્વિધા હતી, કારણ કે શરીર સંપૂર્ણ સ્વસ્થ નહોતું. પરંતુ ઈશ્વરચરણ સ્વામીએ મારે યાત્રામાં જોડાવું કે નહિ એ અંગે સ્વામીશ્રીને સુરતમાં પૂછ્યું. સ્વામીશ્રીએ સંમતિ આપી એટલે યાત્રાનો લાભ મળ્યો.

યાત્રાપ્રવાસની ઇચ્છા ખાસ તો એટલા માટે હતી કે મારે પ્રત્યક્ષપણે જોવું હતું કે ૪૨૫ સંતો-હરિભક્તોના સંઘ સાથે સ્વામીશ્રી ઉત્તરનાં તીર્થોમાં જ્યાં પધારશે ત્યાં કેવા શોભશે ! એમનો કેવો ભાર પડશે ! વટ પડી જશે ! આ મારા મનના ટૂંકા વિચારો. પરંતુ સ્વામીશ્રીને તો એક જ લક્ષ્ય હતું કે ભગવાન સ્વામિનારાયણનાં પુનિત ચરણોથી પવિત્ર થયેલા ઉત્તરાખંડનાં તીર્થોનાં દર્શન કરવાં અને સૌને કરાવવાં. કોઈને પ્રભાવિત કરવા એ ગયા નહોતા. યાત્રાપૂર્વે દિલ્હીમાં નરેન્દ્રભાઈ વઢવાણાના ઘરે રાત્રે ૧-૩૫ વાગે અમને સ્વામીશ્રીનાં દર્શન થયાં. સ્વામીશ્રી વડોદરાથી આવેલા. એમનાં વસ્ત્રો જૂનાં હતાં. એટલે રંગ આછો હતો. સવારે તેઓ 'વૉકિંગ' માટે નીકળ્યા ત્યારે એમના ધોતિયાની પાટલીની ડાબી બાજુમાં કેડની થોડેક નીચે કાણું સ્પષ્ટ દેખાતું હતું. ત્યારે વિશેષ પ્રતીતિ થઈ કે બાહ્ય દેખાવમાં એ માનતા જ નથી. કોઈને પ્રભાવિત કરવા માગતા જ નથી. એમની સાધુતાથી આપોઆપ પ્રભાવ પડે છે.

દિલ્હીથી હરિદ્વાર, હૃષીકેશ થઈ યમુનોત્રીની યાત્રા માટે સંઘ સયાના ચટ્ટી આવ્યો. ત્યાં સંઘના કેટલાક સભ્યો વિચારવા લાગ્યા કે યમુનોત્રીની યાત્રા નથી કરવી, જેમાં હું પણ એક હતો. અમને એવા વિચારો આવેલા કે ભગવાન સ્વામિનારાયણ તો યમુનોત્રી ગયા નથી, સ્વામીશ્રી તો સયાના ચટ્ટી રોકાવાના છે; તે દિવસે જળઝીલણી એકાદશીનો ઉપવાસ છે. દશમની સંધ્યા-આરતી પછી જ્ઞાનપ્રિય સ્વામીએ 'ચાલ્યા ઉત્તર દિશામાં પોતે એકલા રે...' એ ભજન ગાયું. આ ભજનમાં ભગવાન સ્વામિનારાયણ નાની ઉંમરમાં કષ્ટો વેઠીને ડુંગરો ઓળંગતાં ઓળંગતાં એકાકી વિચરણ કરે છે એ વાત આવે છે. આ કીર્તન પર સ્વામીશ્રીએ નિરૂપણ કર્યું. એ વાણીમાં એટલું બધું જોમ હતું, તાકાત હતી કે મડદાં બેઠાં થઈ જાય. રોકાનારના વિચારો બદલાઈ ગયા. મેં સ્વામીશ્રીને પૂછ્યું, 'આપની ઇચ્છા હોય તો હું ચાલીને યમુનોત્રીની યાત્રા કરું ?' સ્વામીશ્રી રાજી થઈને કહે : 'ના. ચાલીને નહિ. ટટ્ટુ પર જજો.'

ટટ્ટુ પર યાત્રા શરૂ કરી, પણ ચામડાનું પલાણ બહુ કઠણ હતું. એટલે બેસવાની જગ્યાએ મારી ચામડી બધી છોલાઈ ગઈ. વળતી મુસાફરી તો બહુ ભારે પડી ગઈ. ટટ્ટુના દોરનારને હું ના પાડું તો પણ ટટ્ટુને દોડાવે, એટલે ઝાટકા વાગવાથી શરીરમાં કળતર પણ સારી માત્રામાં વધી ગઈ. રસ્તામાં સ્વામીશ્રીના સેવક નારાયણચરણ સ્વામીએ મને પૂછ્યું, 'ટટ્ટુ ઉપર કેવું લાગે છે ?' મેં કહ્યું, 'જો અડધો કલાક વધારે બેસવાનું થશે તો મારે દવાખાના ભેગું થવું પડશે.' ટટ્ટુ પરથી ઊતર્યો ત્યારે હાશ થઈ. સ્વામીશ્રીને મળ્યો ત્યારે તેઓ રાજી થયા. તે વખતે નારાયણચરણ સ્વામીએ મારી પાસે ટટ્ટુની મુસાફરીની વાત કહેવડાવી. સ્વામીશ્રી સાંભળી રહ્યા.

ત્યાંથી ગંગોત્રી થઈ કેદારનાથ જવા અમે ગૌરીકુંડ આવ્યા. ટટ્ટુ અસવારીના પૂર્વાનુભવ પછી આ વખતે પલાણ ઉપર મૂકવા માટે હું રજાઈ લઈ ગયેલો. ત્યાં તો વ્યવસ્થાપક સંત ધર્મવત્સલ સ્વામી મને કહે : 'તમારે ટટ્ટુ ઉપર બેસવાનું નથી, ડોળીમાં બેસવાનું છે.' મેં આશ્ચર્ય વ્યક્ત કર્યું તો એ કહે : 'સ્વામીશ્રીએ કહ્યું છે.' અમે કેદારનાથ પહોંચ્યા. આશરે અડધા કલાક બાદ સ્વામીશ્રી ત્યાં પધારી મંદિરની ઑફિસમાં બિરાજ્યા. ઘણા સંતો ઑફિસના સામા છેડેથી દર્શન કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ ઇશારા દ્વારા મને

...રખ્યા રે

નજીક બોલાવ્યો અને પૂછ્યું, 'પોંકી ગયા ?' મેં કહ્યું, રીતે આવ્યા ? ટટ્ટુ ઉપર ?' મેં કહ્યું, 'ના. ડોળીમાં.' સ... કહેલું, સૂચના આપેલી કે ડોળીમાં લાવજો.' જોનારાને અને વાર્તાલાપ સામાન્ય લાગે પણ મને એટલી બધી સુખાનુભૂ... મનમાં વિચાર પ્રગટ્યો કે આ પળે મારી યાત્રા પૂરી થઈ ગઈ. આખા પ્રવાસ દરમ્યાન ખૂબ જ આનંદ ચાખેલો, પણ સૌથ... કેદારનાથની એ ઑફિસમાં, સ્વામીશ્રીના એ શબ્દોમાં !

આવી રીતે સ્વામીશ્રી ફક્ત આપણી શરીર-સંભાળ રાખે છે, એટલું નહિ પણ તન-મનના તાપ હોલવે છે.

* * *

૧૯૭૭માં મને મલેરિયાનો ઉપદ્રવ શરૂ થયો. ઘણા દિવસો દવા લીધી પણ તાવ મટે નહિ. વિશેષ ચિકિત્સા બાદ ડૉક્ટરોએ નિદાન કર્યું કે ટાઈફૉઈડ છે. તેની દવા શરૂ થઈ પણ તાવ મટે નહિ. દર ૧૦-૧૫ મિનિટે લઘુ કરવા જવું પડે. રાત્રે પરસેવો ખૂબ થતો. દર ૬ કલાકે દવા લેવાની એટલે ઊંઘમાં હમેશાં ખલેલ રહ્યા જ કરે. થોડુંક ચાલતાય થાક લાગતો. અમદાવાદ મંદિરના સંત આશ્રમમાં, પહેલે માળે પૂજાના હૉલમાં હું આરામ કરતો. કથામાં ઘણીવાર સાંભળેલું કે આવા સમયે ભગવાન અને સંતનાં ...રિત્રો સુખ આપનારાં છે. એટલે કાં તો સંપ્રદાયનાં પુસ્તકોનું વાંચન કરું ...ા ચરિત્રો સંભારવા પ્રયત્ન કરું. ૩-૪ દિવસ તો આ કરી શક્યો પણ ...શક્તિને લીધે વાંચન નહિવત્ થઈ ગયું અને ગમે તેટલો પ્રયત્ન કરું ...ાન અને સંતનાં ચરિત્રો સાંભરે જ નહિ, એટલે અતિશય મૂંઝવણ ...માનસિક પરેશાની વધતી ચાલી. શું કરવું એ કાંઈ સૂઝ પડે ...સામાં સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. નીચે સભા-મંડપમાં ...નાં દર્શને ગયો. સ્વામીશ્રીના ઢોલિયા પાસે ઊભો રહ્યો. તે ...ામી મારી માંદગીના સમાચાર સ્વામીશ્રીને આપી રહ્યા ...મારા ઉપર પડી ને તરત ઈશ્વરચરણ સ્વામીને કહે ...ંદ સ્વામી માંદા છે. એ તો આ રહ્યા.' હું નજી... ...શ્રીએ ખૂબ વહાલથી અને કોમળતાપૂર્વ... ...થતાં જ મારા સંકલ્પમાત્ર શરી...

શાંત થઈ ગયું. તનની પીડા પણ શમી ગઈ. કોઈ માતા પોતાના બાળકને અતિ જતન કરીને પકડી રાખે એવો અનુભવ થયો. એટલું જ નહિ પરંતુ ૧૦૦ માતા પણ જે પ્રેમ ન આપી શકે એવા પ્રેમની, હૂંફની અનુભૂતિ થઈ. આ સઘળી અનુભૂતિ એમનો સ્પર્શ થતાં જ એકસાથે થયેલી. ત્યાર પછી દોઢેક વર્ષ સુધી મને નાનીમોટી બીમારીઓ ચાલુ જ રહી, પણ એ દરમ્યાન સ્વામીશ્રીના એ સ્પર્શના પ્રતાપે ક્યારેય માનસિક તણાવ અને મૂંઝવણ થઈ નથી. એક જ પ્રસંગે થોડાક સમય પૂરતો વિકળ થઈ ગયેલો, તેમાંય સ્વામીશ્રીએ સહાય કરી તેની વાત આગળ ઉપર કરીશ.

આવી રીતે મારા ઉપર મોટો ઉપકાર કરી સ્વામીશ્રી અમદાવાદથી વિદાય થયા, ત્યાર પછી પણ તાવ ચાલુ રહ્યો. ડૉક્ટરી તપાસ કરતાં જાણ થઈ કે ટાઈફૉઈડમાંથી ટી.બી.ના રોગને કારણે ફેફસાંમાં પાણી ભરાયું છે. મને પહેલે માળથી સભા-મંડપની પાછળની રૂમમાં લઈ આવ્યા જેથી આરામ વધારે મળે. દવાની આડઅસરને કારણે મને હાઈપર-એસીડીટીનો ઉપદ્રવ શરૂ થયો અને મૂત્રાશયમાં ચાંદું પડવાથી સોજો આવેલો. એટલે પેટમાં ચૂલો પ્રગટાવ્યો હોય એવું લાગે અને પેશાબ બંધ થઈ ગયો, જે નળી દ્વારા બહાર કાઢવામાં આવતો.

આ અરસામાં સ્વામીશ્રી હિંમતનગરથી અમદાવાદ પધાર્યા. મને સમાચાર મળ્યા કે મને આશીર્વાદ આપવા પધારવાના છે. રૂમ નાનો હતો. એમાં એક પલંગ અને એક પાટ. પલંગ ઉપરથી ઊભો થઈ હું પાટ ઉપર બેસવા ગયો, જેથી સ્વામીશ્રીને પલંગ ઉપર બેસારી શકાય, પરંતુ એવામાં તો સ્વામીશ્રી રૂમમાં દાખલ થયા અને હું કાંઈ પણ કહું એ પહેલાં નીચી પાટ ઉપર જ બેસી ગયા. ખબર-અંતર પૂછ્યા. પેશાબ માટેની નળી જોઈને દુઃખી થઈ ગયા અને મને કહેવા લાગ્યા, 'મારા ભઈ, મહારાજને પ્રાર્થના કરીએ કે પેશાબ ન થવાનું કારણ કાંઈ મોટું ન નીકળે, લાંબું ન થાય.' પછી આશ્વાસન આપતાં કહેવા લાગ્યા, 'બીમારીને લીધે અભ્યાસ થતો નથી તો મનમાં દુઃખ ન લગાડવું કે આપણે પાછળ રહી ગયા. કર્તા મહારાજ છે. એ જે કરતા હશે તે સારું જ કરતા હશે.' મારા મનમાં આ સંબંધી કોઈ પણ વિચાર નહોતો પણ ભવિષ્યમાં કદાચ થવાનો હશે એટલે પાણી પહેલાં પાળ બાંધી આપી. એટલું જ નહિ પણ યુરોલોજિકલ સર્જન ડૉ. પી. સી. પટેલ સાથે ફોનમાં

વાત કરી મારો કેસ હાથમાં લેવા ભલામણ કરી. ત્યાર પછી થોડા દિવસોમાં પેશાબની તકલીફ દૂર થવા લાગી, પરંતુ અશક્તિને કારણે કથા સાંભળવા અથવા ક્યારેક કથા કરવા સિવાય બીજી કોઈ મંદિરની પ્રવૃત્તિ હું કરી શકતો નહિ. આ બાબતનો મનમાં સહેજ રંજ રહ્યા કરતો.

સ્વામીશ્રી ફરીવાર અમદાવાદ પધાર્યા ત્યારે એક દિવસ જૂના મકાનના સંગીતરૂમમાં સંતો સાથે મિટિંગમાં બેઠા હતા. ડૉક્ટર સ્વામીએ સંતોને તેમની પ્રવૃત્તિનો રિપૉર્ટ સ્વામીશ્રી સમક્ષ રજૂ કરવા કહ્યું. જે સંત રિપૉર્ટ આપે એમાં ૪-૫ પ્રવૃત્તિ તો હોય જ. આ બધાનું સાંભળતાં હું ગ્લાનિ પામી ગયો કે મારાથી કોઈ પ્રવૃત્તિ થતી નથી. રિપૉર્ટમાં શું રજૂ કરું ? અંતરમાં તો રડું રડું થઈ ગયેલો અને બોલવાનું થાત તો રડી પડત. મારો વારો છેલ્લો હતો. મારી આગળ જે સંતો બોલ્યા એમાં ક્રમ એવો હતો કે ડૉક્ટર સ્વામી જે તે સંતનું નામ બોલે, તે સંત રિપૉર્ટ આપે ને સ્વામીશ્રી સાંભળે. મારો વારો આવ્યો અને ડૉક્ટર સ્વામી જેવું મારું નામ બોલ્યા ત્યારે હું કાંઈપણ બોલવા જાઉં એ પહેલાં સ્વામીશ્રી મારા વતી બોલવા લાગ્યા, 'એ કથાવાર્તા કરે છે અને બધાએ એ અંગ વ્યવસ્થિત પાડવું.' સ્વામીશ્રીએ ટાણે મારી સહાય કરી અને આગળ જણાવ્યા મુજબ મારે બોલવાનું થાત તો રડવા સિવાય કોઈ વાત જ નહોતી. આપણી અણુ જેટલી સેવાને અતુલ માની એ જ નજરમાં રાખે છે.

આવી રીતે સ્વામીશ્રી મારી દીર્ઘ માંદગી દરમ્યાન તન-મનના તાપ હોલવતા જ રહ્યા અને હોલવતા રહે છે. અનેકના જીવનમાં સ્વામીશ્રીએ આ ઉપકાર કર્યો છે. સ્વામીશ્રી પોતે તન-મનનો ભીડો વેઠીને બીજાને સુખિયા કરે છે એમાં સંત તરીકે પોતાની ફરજ અદા કરે છે એવું નથી, પરંતુ ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ સત્સંગના યોગમાં જે કોઈ નાના-મોટા આવે તેનો મહિમા અતિશય સમજીને સેવા-પરોપકાર કરે છે.

* * *

૧૯૮૨માં સ્વામીશ્રીની આજ્ઞાથી અમે ૭ સંતો ડૉક્ટર સ્વામીના નેતૃત્વ હેઠળ સત્સંગ પ્રચાર માટે પરદેશ ગયા હતા. ૮ મહિનાના પ્રવાસ બાદ કારતક સુદ પૂનમના ૨-૪ દિવસ પહેલાં અમે બોચાસણ મંદિરે પહોંચ્યા. અમને બધાને હાર પહેરાવી સન્માન કરવાની સ્વામીશ્રીની ઇચ્છા હતી. આ

અંગે એમણે આચાર્ય સ્વામીને વાત કરી. જ્યારે આચાર્ય સ્વામીએ એ વાત મને કરી ત્યારે મેં ના પાડી, કારણ કે સ્વામીશ્રી ગુરુ અને અમે શિષ્ય. એ અમને હાર પહેરાવે એ કેવું વિચિત્ર લાગે. મારા મનમાં વિચારો આવવા લાગ્યા કે 'અમે ક્યાં મોટું કામ કરીને આવ્યા છીએ, અમને સ્વામીશ્રીના સંબંધવાળા સંતો જાણીને તો પરદેશમાં હરિભક્તોએ અમારી સરભરા કરી છે, અમારાં કથા-કીર્તન સાંભળ્યાં છે, વળી જે કથા-કીર્તન થયાં એ મહારાજ અને સ્વામીના આપેલા જ્ઞાનનું પુનરાવર્તન હતું એટલે અમારા સન્માનની વાત યોગ્ય નથી. ઊલટું સ્વામીશ્રીનું સન્માન અમારે કરવું જોઈએ.' આ વિચારો આચાર્ય સ્વામીને પણ મેં કહ્યા અને ઉમેર્યું કે 'સ્વામીશ્રી આગ્રહ રાખે તો ડૉક્ટર સ્વામીને અમારા સૌ વતી હાર પહેરાવે એવું કહેજો.' સ્વામીશ્રીએ આ વાત સાંભળીને છણકો કરતાં કહ્યું, 'બધાયને હાર પહેરાવવા છે ને મારે પહેરાવવા છે.' અને એ કાર્ય એમણે કર્યું. સભામાં સર્વેને હાર પહેરાવ્યા.

તે દિવસે સંત આશ્રમના હૉલમાં પહેલે માળે સ્વામીશ્રી ઠાકોરજી જમાડી રહ્યા હતા. પરદેશ વિચરણ કરી આવેલ તમામ સંતોને પોતાની સાથે બેસાર્યા હતા. હું મોડો પહોંચ્યો એટલે અન્ય સંતો સાથે ત્યાં હું પણ દર્શન કરવા ઊભો રહ્યો. સ્વામીશ્રીએ મને જોયો એટલે બોલાવીને એમની બાજુમાં જમવા કહ્યું. મેં કહ્યું કે હું પછી જમી લઈશ, તો એમણે ના પાડી. એટલે રસોડામાં હું પત્તર ભરવા ગયો. તો સ્વામીશ્રી કહે, 'એ નહિ પણ આમાંથી (એમના થાળમાંથી) લો.' પછી સ્વામીશ્રીની જમણી બાજુ બેઠો. સંતસ્વરૂપ સ્વામી સ્વામીશ્રીને જમાડી રહ્યા હતા. તેઓ પરદેશ વિચરણમાં સાથે હતા, એટલે તેમને સંબોધીને સ્વામીશ્રી કહે : 'તમે ૮ મહિના પરદેશમાં ભેગા ફર્યા, તો આનંદ સ્વામીને જે ભાવે તે જમાડો.' સંતસ્વરૂપ સ્વામી કહે : 'હા. બ્રાહ્મણને જમાડીએ તો નોળિયો સોનાનો થાય.' ત્યારે સ્વામીશ્રી કહે : 'આમ તો અમારે રસોઈ કરીને જમાડવા જોઈએ, પણ હવે એટલી શ્રદ્ધા નથી.'

સ્વામીશ્રીના એ શબ્દોમાં કોઈ ઔપચારિકતા નહોતી. મને ખુશ કરવા માટે કહ્યું એવું પણ નહોતું. એ શબ્દોમાં ભારોભાર ભાવના હતી. એ હૃદયમાંથી બોલાયેલા અને સાહજિક શબ્દો હતા. એમાં સત્સંગના સંબંધમાં આવેલ સામાન્ય વ્યક્તિનો પણ મહિમા છલકાતો હતો. સ્વામીશ્રી સત્સંગના

સંબંધમાં આવેલ તમામનો આવો મહિમા સમજીને તેમને અર્થે ઘસાયા છે. તેઓ સતત મહિમા સહિત સેવા-પરોપકાર કરતા જ આવ્યા છે, છતાં તેઓ એવું માને છે કે તેઓ જે કરે છે તે ઓછું છે. તેના માટે દિલગીરી વ્યક્ત કરતા, માફી માગતા અનેકવાર જોયા છે.

* * *

૧૯૭૮માં સ્વામીશ્રી એક વખત રાત્રે અમદાવાદ મંદિરે પધાર્યા હતા. એમની તબિયત નાદુરસ્ત હતી. એટલે ઈશ્વરચરણ સ્વામીએ જાહેરાત કરી રાખી હતી કે કોઈ સંતો અથવા હરિભક્તોએ સ્વામીશ્રીના ચરણ-સ્પર્શ કરવા ન જવું. ભાવથી દર્શન કરશો તો ચરણ-સ્પર્શનું જ ફળ મળશે. પરંતુ જેવા સ્વામીશ્રી પધાર્યા કે હું ચરણ-સ્પર્શ કરવા દોડ્યો. સાથોસાથ ઈશ્વરચરણ સ્વામીની સૂચના યાદ આવતાં થંભી ગયો. દૂરથી દર્શન કર્યાં. શાંતિ થઈ.

સ્વામીશ્રી માટે મુખ્ય પ્રવેશદ્વારથી ચોકના સ્ટેજ સુધી ગુલાબની પાંખડીઓનો પથ બનાવ્યો હતો. પથની બન્ને બાજુ મીણબત્તીઓ પ્રગટાવી હતી. આ પથ ઉપરથી સ્વામીશ્રી પ્રથમ ઠાકોરજીનાં દર્શન કરીને પછી સ્ટેજ ઉપર પધાર્યા. સંતો-હરિભક્તોએ પૂરી શિસ્ત જાળવી. કોઈપણ ઊભું થયું નહિ. ઈશ્વરચરણ સ્વામીએ જણાવ્યું કે આવી શિસ્ત આપણે કાયમ જાળવીશું તો સ્વામીબાપા અવારનવાર અહીં પધારશે. આ સાંભળી સ્વામીશ્રી હસી પડ્યા અને સૌ તાળી પાડી ઊઠ્યા. ઈશ્વરચરણ સ્વામીના ટૂંકા ઉદ્‌બોધન દરમ્યાન સ્વામીશ્રી દૃષ્ટિ દ્વારા જેટલા સંત-હરિભક્તોને મળી શકાય તેટલાને મળી રહ્યા હતા. ત્યારબાદ આશીર્વચનોનો લાભ આપી તેઓ ઉતારે પધાર્યા.

રાત્રે કોઈક હરિભક્ત સાથે કોઠારના ઓટલા ઉપર હું બેઠો હતો. સ્વામીશ્રીના ઉતારામાંથી બહાર આવીને વિશ્વવિહારી સ્વામી મને કહે કે સ્વામીશ્રી તમને યાદ કરતા હતા. થોડીક વાર પછી યોગીચરણ સ્વામીએ પણ એ જ કહ્યું. એટલે નજીક જવાની ના હોવા છતાં મેં નક્કી કર્યું કે સ્વામીશ્રી સવારે દંતધાવન કરે ત્યારે પહોંચી જઈશ. બીજે દિવસે દંતધાવન બાદ સ્વામીશ્રીની દૃષ્ટિ મારા ઉપર પડી. તરત નજીક બોલાવ્યો. ભાવાર્દ્ર બની કહેવા લાગ્યા, 'દર્શન થઈ ગયાં.' હું શરમાઈ ગયો અને બોલ્યો, 'મને આપનાં દર્શન થયાં.' સ્વામીશ્રીએ મારું સાંભળ્યું - ન સાંભળ્યું ફરીવાર એજ વાક્ય બોલ્યા. મેં કહ્યું, 'દર્શન તો આપનાં કરવાનાં હોય ! ગઈકાલે મેં

આપનાં દર્શન કરેલાં અને શાંતિ પણ થયેલી.' તોય સ્વામીશ્રી આર્દ્ર સ્વરે કહે : 'ઝાઝા સમૂહમાં ધ્યાન રખાતું નથી.' એમના શબ્દોમાં એવો ભાવ હતો કે ગઈકાલે તેઓ અમને મળી શક્યા નહિ, એટલે જાણે એમની કાંઈ ભૂલ ન થઈ હોય. જાણે મારી માફી માગતા ન હોય ! સ્વામીશ્રીને એમના શબ્દોથી સંતોષ ન થતાં, મને રાજી કરવા, મારા મસ્તકે થોડું પાણી ચઢાવ્યું. તદુપરાંત એમનું શરીર ચોળવાની ને ધોતિયું નિચોવવાની સેવા આપી. એમનું શરીર લૂછ્યા પછી મારા બરડે એમનો હાથ વીંટી એમના ઉતારા સુધી લઈ ગયા.'

આ પ્રસંગથી મારા દિલમાં ખૂબ જ ચોટ લાગેલી. એમની જીવનભાવના કેવી વિરલ છે ! પોતે માંદા છે પણ બીજાની ચિંતા. બીજાને સુખી કેવી રીતે કરવા એ જ સતત અનુસંધાન. એમને તો મનમાં એ જ ભાવ છે કે હું બધાને મળું, બધાની સેવા કરું, બધાને રાજી કરું. ફક્ત ભાવના છે એમ નહિ પણ તેઓ સતત સૌને રાજી કરતા આવ્યા છે, તોય તેઓ એવું માને છે કે હું કાંઈ કરતો નથી. મારી સાથે બનેલા પ્રસંગથી આનો વિશેષ ખ્યાલ આવ્યો. સ્વામીશ્રી આવા અનંત સદ્ગુણોનો મહાસાગર છે. ઘણા ચિંતકો, તત્ત્વચિંતકો, ભક્તો, સાધુ-સંન્યાસીઓને જોયા, પરંતુ સ્વામીશ્રી તેમની નૈતિક અને આધ્યાત્મિક ગરિમાથી અજોડ લાગ્યા.

એમનાં પુનિત ચરણોમાં પ્રાર્થના કે એમની દૃષ્ટિ આપણા સૌ ઉપર કાયમ રહે.

* * *

ચિન્મય સ્વામી

સેલવાસ

પવઈવાડી - મુંબઈમાં સ્વામીશ્રીને બાળકો સાથે નિર્દોષભાવે રમત રમતાં પણ માણ્યા છે, તો ઇંગ્લૅન્ડ, કેનેડા જેવી પાર્લામેન્ટોમાં મહાનુભાવોથી સન્માન પામતા પણ જાણ્યા છે. આદિવાસી હોય કે અમેરિકાવાસી આ બન્ને અંતિમો વચ્ચે સહજતાથી, પોતાનું સ્વપણું વિસરી જઈ વિહરતા પણ નિહાળ્યા છે. માતાની મમતા કહો કે પિતાનો સ્નેહ, અરે ! મિત્રની હૂંફ કહો કે સ્નેહીજનનો સથવારો - આ બધાનું સંગમસ્થાન એટલે સ્વામીશ્રી. આ લોકોત્તર પુરુષ કદાચ ભાવિપેઢી માટે દંતકથાનું પાત્ર બની જશે.

તેમની આત્મીયતા-દિવ્યતાને જેવી નીરખી છે તેવી શબ્દશઃ આલેખવી અશક્ય છે. અહીં તો એક અલ્પ પ્રયાસ છે.

ઈ.સ. ૧૯૭૨માં મને દુર્ગેશભાઈ દવે દ્વારા આસ્ટન(યુ.કે.)માં સત્સંગ થયો. એ અરસામાં ઈંગ્લૅંડમાં સંપ્રદાયના સાહિત્યની અછત હતી એટલે સત્સંગની દૃઢતા વિશેષતઃ સાપ્તાહિક સભા પર જ નિર્ભર રહેતી. આ પૂર્વે મેં કોઈ સ્વામિનારાયણીય સંતોનાં દર્શન નહોતાં કર્યાં, પરંતુ સ્વામીશ્રીની મૂર્તિનું મને અનેરું આકર્ષણ હતું.

એકવાર હું આસ્ટનમાં કિશોરભાઈ દેસાઈના ઘરે ગયો. જેવું બારણું ખોલ્યું ત્યાં જ મારા કાન પર દિવ્ય સ્પંદનો ઉપજાવતા શબ્દો અથડાયા.

'અક્ષરપતિ ઉમરેઠથી, ચાલ્યા કાઠી ને સંત સહિત...'

યંત્રમુદ્રિત આ શબ્દો વિશે કિશોરભાઈ મને કંઈક કહે તે પહેલાં જ મેં પૂછ્યું, 'પ્રમુખસ્વામી મહારાજ ?'

કિશોરભાઈ કહે : 'તમને કેવી રીતે ખબર પડી ?'

હરિલીલામૃત ગ્રંથમાંથી 'શ્રીજીમહારાજનું આણંદમાં અપમાન' નિરૂપતા સ્વામીશ્રીના આ શબ્દોએ મારી અંતરવીણાના તાર ઝણઝણાવી દીધા હતા ! આ નાદબ્રહ્મ જ મારો પ્રત્યુત્તર હતો. હું અવાક્ હતો !

આ હતા મારાં પ્રથમ દર્શન ! વાક્દર્શન !

कथनं रुचिरं..... रुचिराधिपतेरखिलं रुचिरम्...

* * *

મને ફાર્મસિસ્ટ બનવાનો ઉમળકો હતો. તેથી આસ્ટનથી બે-બે વાર પત્ર લખી સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. પરંતુ જેમ જેમ સત્સંગનો યોગ વધતો ગયો તેમ તેમ મને સાધુ બનવાની ઉત્કંઠા જાગી. તેથી જ હું ઘણાખરા શનિ-રવિ લંડન-ઇઝલીંગ્ટન મંદિરમાં વિતાવતો. મારું વૅકેશન પણ ત્યાં જ યુવકો સાથે પસાર થતું.

આ દરમ્યાન મને એક સાત્ત્વિક મૂંઝવણ સતાવવા લાગી કે સ્વામીશ્રીના વજ્રલેપ સમા ફાર્મસિસ્ટ બનવાના બે-બે આશીર્વાદ પત્રને સાધુ બનવા માટે કેવી રીતે પરિવર્તિત કરી શકાય ? આનો ઉકેલ મેં જ શોધ્યો. જો આસ્ટનમાં મંદિર થાય તો મંદિરમાં આજીવન રહી સેવા કરું ! આવા શુભ આશયથી આસ્ટનમાં મંદિર થાય તે માટે સ્વામીશ્રીને પત્ર લખ્યો. મંદિર ક્યાં કરવું તે માટે આસ્ટન શહેરનો નકશો પણ મોકલ્યો ! જેથી સ્વામીશ્રી તેના પર નિશાની પણ કરી આપે !

થોડા દિવસ પછી સ્વામીશ્રીનો પ્રત્યુત્તર આવ્યો અને મારી મૂંઝવણનો અંત આવ્યો. સ્વામીશ્રીએ પેલા નકશા પર લાલપેનથી મંદિર ક્યાં બનાવવું તે સ્થાન દર્શાવતું સર્કલ દોર્યું હતું !

હું તો હર્ષઘેલો બની લગભગ બધા જ સત્સંગીઓને આ નકશો તથા આશીર્વાદપત્ર બતાવી વળ્યો. સૌ નિર્દિષ્ટસ્થાનની આસપાસ મંદિરને યોગ્ય એવી જગ્યા શોધવા મંડી પડ્યા. કિશોરભાઈ, વિજયભાઈ, ઠાકોરભાઈ, છગનભાઈ, નગીનભાઈ અને અમે સૌ યુવકોએ ઘણી તપાસ કરી પણ આજુબાજુ મંદિર માટે હૉલ જેવી કોઈ જગ્યા જણાઈ નહિ.

૧૯૭૪ની વિદેશયાત્રા દરમ્યાન સ્વામીશ્રી આસ્ટન પધાર્યા. ખૂબ જ ઉતાવળમાં Cowhill Laneમાં એક મકાન પર પસંદગી ઊતરી અને ત્યાં મંદિર બનાવ્યું. પરંતુ આ સ્થાન તો સ્વામીશ્રીએ નકશા પર બતાવેલું તે સ્થાનથી દૂર હતું ! એ અંગે મને શંકા થયેલી, પરંતુ મારે તો સાધુ થવા સ્વામીશ્રી સાથે ભારત આવવાનું હતું, એટલે આ વાત પર લક્ષ્ય ન સેવ્યું. 'મંદિરનું સ્થાનફેર' એ સ્વામીશ્રીનું દિવ્યચરિત્ર છે, એમ માની શંકાનું

સમાધાન કરી લીધું.

વર્ષો વીતી ગયાં. સત્સંગનો વિકાસ ખૂબ થયો એટલે મોટા મંદિરની આવશ્યકતા જણાઈ. આસ્ટનના સૌ ભક્તો નૂતન મંદિર માટે કેટલીયે પડતર જમીન અને કેટલાય હૉલ જોઈ વળ્યા, પરંતુ સ્વામીશ્રીનું મન ન માન્યું. છેવટે હાલ જ્યાં મંદિર છે ત્યાં એક જૂની ફેક્ટરી અને વૅરહાઉસ હતું ત્યાં સ્વામીશ્રીની દૃષ્ટિ સ્થિર થઈ, અને તે સ્થાનનો જીર્ણોદ્ધાર કરી મંદિરમાં પરિવર્તિત કરવા સૂચવ્યું. જોત-જોતામાં મંદિર તૈયાર થઈ ગયું અને તા. ૧૪-૮-૯૪ના શુભ દિને સ્વામીશ્રીના વરદ હસ્તે મૂર્તિ-પ્રતિષ્ઠા થઈ.

મને સ્વામીશ્રીએ નકશા ઉપર જ્યાં નિશાની કરી આપી હતી ત્યાં જ બરાબર ૨૫ વર્ષે આ ભવ્ય મંદિર બન્યું !!

ખૂબીની વાત તો એ છે કે રમેશભાઈ હીરાભાઈ પટેલ કે જેઓ આસ્ટનથી દેશમાં સ્વામીશ્રીનો સમાગમ કરવા ૧૯૭૩માં આવેલ, તેમને પણ સ્વામીશ્રીએ આસ્ટનના નકશા પર નિશાની કરી કહેલું કે આની આસપાસ મંદિર કરજો. તે સ્થાન પણ આ જ હતું !

તે સમય પૂરતાં સ્વામીશ્રીના કેટલાક નિર્ણયો આપણા માનસપટને ન સ્પર્શે પરંતુ આપણી દૃષ્ટિએ ત્વરિત લેવાયેલા નિર્ણયો કે રોજબરોજના હરિભક્તો પ્રત્યેના પત્રોમાં અંકિત થયેલા સ્વામીશ્રીના સુવર્ણાક્ષરો કેટલા અફર અને અમોઘ હોય છે તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે. આર્ષદ્રષ્ટા સ્વામીશ્રીની નિર્ણયશક્તિ અદ્ભુત છે !

* * *

સ્વામીશ્રીના સૌ પ્રથમ પત્યક્ષ દર્શન તો ૧૯૭૪માં એલેક્ઝાન્ડ્રા પૅલેસ, લંડનમાં થયેલાં. પરંતુ સ્વામીશ્રીની કૃપાથી દર્શન પૂર્વે જ સાધુ થવાનો સંકલ્પ કરી લીધો હતો ! મંદિર માટેના પ્રત્યુત્તર પછી સાધુ થવાની ઉત્કટ ઇચ્છાએ મને સ્વામીશ્રી પ્રતિ પત્ર લખવા પ્રેર્યો. પ્રત્યુત્તરમાં 'માતાપિતાની રજા મેળવી લેવી' એમ જણાવ્યું. આ કાર્ય કપરું હતું, કારણ કે ઘરમાં હું નાનામાં નાનો સભ્ય. વળી સૌ રાધાસ્વામી સત્સંગમાં ચુસ્ત રીતે જોડાયેલા એટલે સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુ બનવાની વાત કોઈ ન સ્વીકારે.

ઇંગ્લૅન્ડની આ વિલાસી ભૂમિમાં થોડા જ સત્સંગના પરિચયથી સંસાર ત્યાગની મારી આ વાત એક વેગ છે અથવા બાળકબુદ્ધિ છે, એમ માની સૌ

અવગણી નાંખે એ હેતુથી આ અંગે જાહેરમાં પરિવારના સભ્યોને કહી શકતો નહિ.

એલેકઝાન્ડ્રા પૅલેસનાં દર્શનને બીજે જ દિવસે ઈસ્ટ ફીંચલી ખાતેના ફોરવેઝના ઉતારે સ્વામીશ્રીને હું ખાનગીમાં મળ્યો.

'દૃઢતા રાખજો. રજા મળી જશે.' એવા આશીર્વાદ પ્રાપ્ત કરી હું કૃતાર્થ થયો. તેમ છતાં પણ આ રજા મેળવવાના કપરા ચઢાણની કલ્પના જ મને ધ્રુજાવી દેતી હતી. બબ્બે વર્ષથી આ રજા મેળવવાની નિષ્ફળતાથી હું હતાશ થઈ ગયો હતો.

હતાશા દૂર તો ત્યારે થઈ જ્યારે સ્વામીશ્રીએ આસ્ટનમાં ઘરે પધરામણી કરી.

પૂજન અને આરતી બાદ સ્વામીશ્રીએ એક અણધાર્યો પ્રશ્ન પૂછી પાડ્યો, 'બાપુજી ! આનું કેમ કરવાનું છે ?' સ્વામીશ્રીના વિશિષ્ટ સંબોધનથી મારા પિતાશ્રીને જાણે આત્મીયતાનો ઊભરો આવ્યો. જાણે આ પૂર્વે સ્વામીશ્રી સાથે મને સાધુ બનવા સંબંધી ઘણી ઘણી વાતો થઈ હોય, તેમ મારો જમણો હાથ પકડી મને સ્વામીશ્રીના હાથમાં સોંપતાં કહે : 'આજથી આ તમારો !'

પધરામણીની છેલ્લી ક્ષણો સુધીનું નકારાત્મક વલણ શી રીતે હકારાત્મક બન્યું ?

સ્વામીશ્રીની વાણીની વેધકતાએ સંસારસાગર વીંધી, મને ઘડીકમાં જ મુક્તિના આરે મૂકી દીધો !

આને ચમત્કાર કહો તો ચમત્કાર. પરંતુ આ 'મુક્તિદિન'ને કદી નહિ ભૂલી શકું.

* * *

સ્વામીશ્રી જળઝીલણીનો ઉત્સવ સામાન્યતઃ સારંગપુરમાં જ ઊજવે છે એ સૌને સુવિદિત છે. પરંતુ ૧૯૭૬ની જળઝીલણી અગાઉ ખૂબ વરસાદ પડ્યો. રસ્તાઓ ધોવાઈ ગયા. ભાલપ્રદેશમાં ખેતી પણ ખૂબ બગડી. સતત ત્રણ દિવસ સુધી વાહનવ્યવહાર સંપૂર્ણ ખોરવાઈ ગયો. સ્વામીશ્રી આ સમયે અમદાવાદમાં વિરાજમાન હતા. રસ્તાઓ બંધ હોવાને કારણે સારંગપુર આવવાની શક્યતાઓ ઘટી ગઈ. તેમ છતાં ઉત્સવના આગલા દિવસ સુધી સૌ સંતો-હરિભક્તો કાગના ડોળે વાટ જોઈ બેઠા હતા. ત્યાં તો અચાનક

સ્વામીશ્રીનો અમદાવાદથી ફોન આવ્યો, 'અમે રસ્તા ચાલુ છે કે નહિ તે જોવા માટે અડધે રસ્તે સુધી તપાસ કરાવી, પરંતુ રસ્તા ચાલુ નથી થયા, એટલે હવે ત્યાં આવી શકીશું નહિ. તો સંત સ્વામીને અમારા વતી વિનંતી કરી (નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે સંત સ્વામી મંદિર બહાર જતા નહિ તેથી) નગરયાત્રામાં લઈ જશો અને નારાયણઘરે ઉત્સવ કરશો.'

આ રીતે સ્વામીશ્રીની ગેરહાજરીમાં જ જળઝીલણી ઉત્સવ ઉજવાયો. આ વખતે સ્વામીશ્રીનું સારંગપુર ખાતે લાંબું રોકાણ હતું પરંતુ આ વરસાદે રંગમાં ભંગ પાડ્યો !

સ્વામીશ્રી થોડા દિવસ પછી સારંગપુર પધાર્યા, પરંતુ આગળના કાર્યક્રમો ગોઠવાઈ ગયેલા તેથી સારંગપુર વધુ રોકાવાની શક્યતા હતી નહિ.

પ્રસ્થાનના આગલે દિવસે હરિપ્રકાશ સ્વામીએ બપોરે ગમ્મત કરતાં કહ્યું, 'લ્યો, કાલે તો જવાના, અમારા લાભમાં કાપ મુકાયો.'

'અમારે તો ખાસ રોકાવાનો કાર્યક્રમ હતો, પરંતુ આ વરસાદ પડ્યો તેથી આવી ન શકાયું.' કરુણાસભર દૃષ્ટિએ સ્વામીશ્રીએ કહ્યું.

હું નજીકમાં જ બેઠો હતો. મેં હાથ જોડી પ્રાર્થના કરી, 'સ્વામી ! ફરીથી એવો વરસાદ પાડોને કે સારંગપુરથી બહાર જ ન જવાય !'

સ્વામીશ્રીએ તરત જ મારો હાથ પકડી લીધો. 'વિષ્ણુ[1]', આવો સંકલ્પ પણ ન કરવો. આપણને આનંદ થાય તે માટે વરસાદ પડે પણ લોકોને કેટલું નુકસાન જાય તે વિચાર્યું ? હમણાં આ વરસાદ પડ્યો. હજારો લોકોના પાક બગડ્યા. વાહનવ્યવહાર ખોરવાયો. ઘરો ડૂબી ગયાં. સૌ દુઃખી દુઃખી થઈ ગયા. આવો સંકલ્પ ભૂલમાં ય ન કરવો. આપણે તો બીજાનું હિત થાય તેવો જ વિચાર કરવો. બીજાના સુખમાં આપણું સુખ. પેલો વરસાદ તો મહારાજની ઇચ્છાથી પડ્યો હતો. આપણે તો મહારાજ રાજી રહે તેમ રહેવું.'

સ્વામીશ્રીની આ વાક્ગંગાના પૂરમાં લાભ લેવાની સ્વ-અર્થી પ્રાર્થના તણાઈ ગઈ. સ્વામીશ્રીની ગંભીર મુખમુદ્રા નિહાળી હું તો સ્તબ્ધ થઈ ગયો.

જેના રોમરોમમાં પરમાર્થતા નીતરતી હોય તે જ પુરુષ આવી સૂક્ષ્મતા પણ દર્શાવી શકે !

* * *

---

૧. પાર્ષદમાં મારું નામ વિષ્ણુ ભગત હતું.

મહાપુરુષો કદી પણ પોતાની મહાનતાના ભારણથી લદાતા નથી. તેઓની મહાનતા વિષે તેમણે કદી વિચાર્યું પણ નહિ હોય ! એક સામાન્ય અદના માનવીની પેઠે જ એ આપણી વચ્ચે સહજતાથી ભળી જતા હોય છે. એ જ એમની વિશેષતા છે. તેમની આ પ્રચ્છન્નતાનું એક ઉદાહરણ માણીએ.

ભગતજી મહારાજ સાર્ધશતાબ્દી મહોત્સવ મહુવામાં ઉજવાઈ રહ્યો હતો. આ ઉત્સવ દરમ્યાન તા. ૧૪-૩-૭૯ની બપોરે અમે બેત્રણ સંતો સ્વામીશ્રીના ઉતારે ગયા. લગભગ સવા ત્રણ જેવો સમય હશે. અમે સ્વામીશ્રીના શયનકક્ષના દ્વાર પાસે પહોંચ્યા ત્યાં તો બારણું ખૂલ્યું. ઉત્સવના કારણે સમયપાલનના આગ્રહી સ્વામીશ્રીએ આજે બપોરના આરામમાં સારો એવો કાપ મૂક્યો હતો. સ્વામીશ્રી વસ્ત્ર બદલી શૌચ માટે પધારતા હતા.

સ્વામીશ્રીના આ ઉતારામાં ખાસ સગવડો ન હતી. સદ્‌ગુરુ સંતો અને અન્ય વીસેક સંતોના આ ઉતારામાં એક જ શૌચાલય હતું. સામાન્ય રીતે સ્વામીશ્રીની દૈહિક ક્રિયા પહેલાં જ સૌ સંતો પોતાની ક્રિયા આટોપી લેતા. પરંતુ સૌને થાપ આપી સ્વામીશ્રી આજે વહેલા પધાર્યા.

પણ બનેલું એવું કે અમે જ્યારે સ્વામીશ્રીના શયનકક્ષ તરફ જતા હતા, ત્યારે મેં શ્રીહરિ સ્વામીને શૌચાલયમાં જતા જોયેલા. એટલે મેં જેવા સ્વામીશ્રીને તે તરફ પધારતા જોયા, એટલે હું ઝડપથી દોડી જઈ, શૌચાલયનું બારણું ખખડાવવા લાગ્યો, 'શ્રીહરિ સ્વામી, જલદી કરો. સ્વામીશ્રી શૌચ માટે પધારે છે !'

સ્વામીશ્રીએ મારી ભાગદોડ અને ઉચાટ જોયો. સ્વામીશ્રી જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ મારું ટેન્શન વધતું ગયું. હું વધુ જોરથી અને ઊંચ: સ્વરે શ્રીહરિ સ્વામીને બહાર નીકળવા કહી રહ્યો હતો.

હવે તો સ્વામીશ્રી સાવ શૌચાલય નજીક આવી પહોંચ્યા. મારા સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા. અને ત્યાં તો સ્વામીશ્રીએ ધીરેથી શૌચાલયનું બારણું ખખડાવી શ્રીહરિ સ્વામીને કહ્યું, 'શ્રીહરિ, ઉતાવળ નથી. ધીરેથી બહાર નીકળજો.'

'બહુ ઉતાવળ ન કરવી.' સ્વામીશ્રીએ મારા સામું સ્મિત કર્યું.

ત્યાં તો શ્રીહરિ સ્વામી બહાર નીકળ્યા. બાજુમાં ઝાડુ હતું તેનાથી તેઓ સંડાસ સાફ કરવા લાગ્યા. સ્વામીશ્રી તેમને જોઈ કહે : 'રહેવા દો શ્રીહરિ,

તમને ક્યાં તકલીફ આપવી. ઉતાવળ તો નથી કરી ને ?'

શ્રીહરિ સ્વામી તો શરમાઈ ગયા.

ત્યારબાદ સ્વામીશ્રી સ્નાન માટે પધાર્યા. અમે સૌ સંતો સ્નાન કરાવતા હતા. ત્યાં શ્રીહરિ સ્વામી પણ નાહીને આવી ગયા.

'મહારાજ નહાવ... સ્વામી નહાવ...' એમ બોલતાં તેમણે હાથથી સ્વામીશ્રીનો વાંસો ચોળવાનું શરૂ કર્યું.

'શ્રીહરિ, તમે રહેવા દો. તમારા જેવા આચાર્ય અમને નવડાવે તેથી લોકમાં અમારું ખોટું દેખાય.' મુખારવિંદ ફેરવી સ્વામીશ્રીએ સ્મિત કરતાં કહ્યું.

'બાપા ! એમાં ખોટું ન દેખાય. એ તો એમ કહેવાય કે મોટા મોટા આચાર્ય પણ પ્રમુખસ્વામી મહારાજના શિષ્ય, અને તેમની સેવામાં રહે. આનાથી તો લોકમાં મહત્તા વધે.'

શ્રીહરિ સ્વામીના ત્વરિત જવાબથી સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. સહજ અને સરળ એવા સ્વામીશ્રીની મહાનતા એમના નિખાલસ હાસ્યમાં નીતરી રહી હતી.

* * *

સ્વામીશ્રીને પથરીને કારણે મુંબઈમાં ગોલ્ડ બ્લેડરનું ઑપરેશન કરવામાં આવ્યું. તે દરમ્યાન સારંગપુરમાં મને પાંચ દિવસની અખંડધૂનનો સંકલ્પ થયો. મેં સંતોને વાત કરી અને સૌના સહકારથી આ કાર્યક્રમ પૂર્ણ થયો. સ્વામીશ્રીને મેં આ કાર્યક્રમની વિગતવાર માહિતી પત્ર દ્વારા મુંબઈ જણાવી. અમારી આ અલ્પભક્તિને સ્વામીશ્રીએ પત્ર દ્વારા આ રીતે બિરદાવી :

'...આપ સર્વેની અખંડ ધૂન્યથી આરામ થયો છે, સારું છે. આપ સર્વેની એકસો વીસ કલાકની ધૂન્ય થઈ તે માટે સર્વેની મારા ઉપર દયા છે. મહારાજ સર્વેને બળ આપે તે આશીર્વાદ છે. જોકે ઑપરેશન પછી એકસો વીસ કલાકે અનાજ ખીચડી લેવામાં આવી હતી. બોત્તેર કલાકમાં તો પાણી પણ નહિ. પછી નાળિયેરનું પાણી ને રસ લીધેલાં. પ્રસાદી મળેલ છે ને સર્વ રાજી રહેશો. સર્વેને જય સ્વામિનારાયણ.

परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यम्। આપણા અલ્પ ગુણોને મહાન સ્વરૂપ આપવાની સ્વામીશ્રીની આ અનોખી કળા છે. સ્વામીશ્રી માટે પાંચ

દિવસ શું ? અનંત જન્મ ન્યોછાવર કરીએ તો પણ ઓછા છે. તેઓએ આપણી ભક્તિ સ્વીકારી તે જ આપણાં અહોભાગ્ય !

* * *

તા. ૨૦-૧૧-૮૧, સારંગપુર. રાત્રે ૧૧ વાગ્યે સ્વામીશ્રીના શયનકક્ષની બાજુના હૉલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં બ્રહ્મકિલ્લોલ થઈ રહ્યો હતો.

હું સોમપ્રકાશ સ્વામી રચિત સ્વામીશ્રીની પ્રશસ્તિના દ્રુતવિલંબિત શ્લોકો સંભળાવી તેનું ગુજરાતીમાં ભાષાંતર કરતો હતો.

મારા વ્યંગાત્મક ભાષાંતરને સાંભળતાં સ્વામીશ્રી મરક મરક હસતા હતા.

રખેને આ વ્યંગાત્મક ભાવાર્થ કહેવાનો મારા પર આક્ષેપ આવી જાય એ હેતુથી મેં કહ્યું, 'આ હું નથી કહેતો, સોમબાપુ કહે છે !'

'બોલો છો તો તમે, સોમબાપુનું નામ શા માટે કહો છો ?' સ્વામીશ્રીએ મને પડકાર્યો.

'આપનામાં જેમ શ્રીજીમહારાજ સ્વરાટ્ થકા વિચરે છે અને બધી ક્રિયા કરે છે, તેવી રીતે મારામાં અત્યારે બાપુનો પ્રવેશ છે, એટલે બાપુ જ બોલે છે એમ કહેવાય.' મારા આ સચોટ ઉત્તરને સૌએ તાળીથી વધાવી લીધો.

સ્વામીશ્રી પણ ખડખડાટ હસી પડ્યા. 'ખરું જ્ઞાન છે.' એમ આખરી ચુકાદો આપી પુરસ્કાર રૂપે મારા મસ્તક પર અભયહસ્ત સ્થાપ્યો.

* * *

તા. ૯-૮-૮૩, મુંબઈ. પાંચમે માળે હૉલમાં અમૃતપાન પછી આસનેથી કોઈપણનો આધાર લીધા વિના જ સ્વામીશ્રી ઊભા થયા. આ જોઈ શ્રુતિપ્રકાશ સ્વામી કહે : 'મારો આજે સંકલ્પ હતો કે આપને ટેકો આપી ઊભા કરવા.'

સોમપ્રકાશ સ્વામી એક ખૂણામાં બેસી સ્વામીશ્રીની દિનચર્યા લખી રહ્યા હતા. તેમને જોઈ સ્વામીશ્રી કહે : 'બાપુ ! આ લખી લેજો કે શ્રુતિનો સંકલ્પ પૂરો ન થયો.' એમ કહી હસતાં હસતાં અંદરના ખંડમાં પધાર્યા.

મધ્યાહ્ન ભોજન પછી કથા દરમ્યાન કાયમ હું સ્વામીશ્રીને માળા આપતો. પરંતુ આજે શ્રુતિપ્રકાશ સ્વામીએ મારા કરતાં પહેલાં માળા આપી દીધી. મારી માળા મારા હાથમાં જ રહી ગઈ ! સ્વામીશ્રીએ મારા સામું જોઈ

સ્મિત કર્યું એટલે મેં કહ્યું : 'મારો સંકલ્પ પૂરો ન થયો.'

'બાપુ ! આ પણ લખી લેજો કે ચિન્મયનો સંકલ્પ પૂરો ન થયો.' હસતાં હસતાં સ્વામીશ્રીએ સોમપ્રકાશ સ્વામીને કહ્યું.

'સંકલ્પ પૂરા થાય તે લખવા અને ન થાય તે પણ લખવાં. આ તો સંકલ્પ કરે તેના પૂરા ન કરે, અને ન કરે તેના પૂરા કરે. ગુણાતીતાનંદ સ્વામીએ સંકલ્પ ન કર્યો તો મહારાજ ભેટ્યા ! માળા લે કે ન લે. પ્રસાદી આપે કે ન આપે, પણ એમ ન થવું જોઈએ કે મારો સંકલ્પ પૂરો ન થયો. માળા ન લે તો અંતર્યામી નથી એમ ન માનવું.' સ્વામીશ્રીએ સહજતામાં સ્વસ્વરૂપ ઓળખાવી દીધું.

'મેં તો સેવા થાય એ હેતુથી સંકલ્પ કર્યો હતો.' સ્વબચાવ કરતાં મેં કહ્યું.

'તો પછી જાજરાં સાફ કરવાની સેવા કરને ?' સ્વામીશ્રીના સચોટ અને છતાં ગમ્મત છલકાતાં પ્રેરણા વચનોથી મારું વાક્ય નિરર્થક બની ગયું.

મેં હાથ જોડી કહ્યું, 'એ તો હું કરું છું પણ આ સ્મૃતિ રહેને કે મારી માળા ફેરવી હતી. પ્રસાદીની થાય ને ? એટલે.'

મારા હાથમાં રહેલી માળાને સ્પર્શ કરતાં કહે : 'લે આ પ્રસાદીની.'

પછી સોમપ્રકાશ સ્વામી કહે : 'બાપા ! અમારા સંતોનું એવું કે આપને, નવરા ભાળીએ એટલે તરત માળા પકડાવી દઈએ !'

સ્વામીશ્રી કહે : 'સંતોની એટલી દયા કે ભજન કરાવે. મહારાજની આજ્ઞા છે કે સંતોએ નવરા ન રહેવું. ભજન કરવું.'

સ્વામીશ્રી ગમ્મતમાં પણ કેટલી સરળતાથી સ્વસ્વરૂપ જ્ઞાન સાથે દાસત્વની પરાકાષ્ઠા પીરસી દે છે !

* * *

સ્વામીશ્રીએ સંસ્કૃતના અભ્યાસ પર ખૂબ ભાર મૂક્યો છે. પત્રો દ્વારા કે પ્રત્યક્ષ સંસ્કૃત ભણવા માટે તેમનો પ્રેરણાનો પ્રવાહ વહેતો જ રહે. મુંબઈમાં સંતો ભણે તે માટે ઊંચા પગારે પંડિતો રોકવામાં આવ્યા હતા. અમને વિદ્યાર્થીસંતોને અન્ય ભીડો ન પડે તે માટે ગામડે વિચરણ પણ બંધ હતું પૂર્ણ રીતે અભ્યાસ મગ્ન રહીએ તે હેતુથી આખો ચોથો માળ વાંચનાલય ગ્રંથાલય અને પાઠશાળા માટે ફાળવવામાં આવ્યો હતો. આટઆટલી સગવડો વચ્ચે પણ કેટલાક અતિસામાન્ય સંજોગોને કારણે ૧૯૮૪મ

વ્યાકરણ શાસ્ત્રી પ્રથમખંડની પરીક્ષામાં હું અનુત્તીર્ણ થયો.

પરંતુ આ વાત સ્વામીશ્રીને કેવી રીતે જણાવવી ? ઘણું બધું મનોમંથન કરી સ્વામીશ્રીને પત્ર લખી ક્ષમાયાચનાનું સાહસ કર્યું.

સ્વામીશ્રીનો થોડા સમયમાં જ મેસેચ્યુસેટ્સ(અમેરિકા)થી પત્ર આવ્યો. કવર ખોલતાં મારા હાથ ધ્રૂજતા હતા. સ્વામીશ્રીએ શું લખ્યું હશે ? ઠપકાના એ શબ્દો કેવા હશે ? એ ગભરાટ સાથે સ્વામીશ્રીના એ શબ્દો પર ઝડપથી નજર નાંખી. એ શબ્દો આ રહ્યા :

શા. નારાયણસ્વરૂપદાસના જય સ્વામિનારાયણ.

વિ. આપ ડાબી તરફથી પાસ થયા તો આશીર્વાદ છે. હવે બળ રાખી ફરી પ્રયત્ન કરશો... શાન્તિ રહે તે આશીર્વાદ છે. (તા. ૨૧-૭-૮૪)

સ્વામીશ્રીના આ અદ્વિતીય ઠપકાથી હું મલકાઈ ઊઠ્યો. મને હર્ષાશ્રુ આવી ગયાં. નાપાસને પણ 'પાસ' કરવાની સ્વામીશ્રીની આ કળા અનોખી છે !

* * *

૧૯૮૭-૮૮ના સૌરાષ્ટ્રના દુષ્કાળ વખતે સ્વામીશ્રીની આજ્ઞાથી બોચાસણ, ભવાનપુરા, અટલાદરા અને સાંકરીમાં અત્યંત આધુનિક પદ્ધતિથી કેટલકૅમ્પ શરૂ કરી, હજારોની સંખ્યામાં ગાય-બળદની માવજત કરવામાં આવી હતી. ઘાસચારાનો પૂરતો જથ્થો મેળવવા ગુજરાતનાં પડતર ખેતરોમાં રજકો અને મકાઈનું વાવેતર કરાયું. સૂકા ઘાસની ગુજરાતમાં અછત હતી. તેથી તે માટે સર્વત્ર સંશોધન થયું. દાદરાનગર હવેલીના વિસ્તારમાં આપણને જોઈતો જથ્થો પૂરતા પ્રમાણમાં મળી રહે તેમ હતો. તેથી સ્વામીશ્રીએ મને સેલવાસથી નવસારી બોલાવ્યો.

હું સ્વામીશ્રીને મળ્યો ત્યારે મંદિરના હૉલમાં સભા ચાલુ હતી. 'ઘાસ પ્રકરણ' મારા માટે સાવ નવો વિષય હતો. તેથી સ્વામીશ્રીએ ઘાસના પ્રકારથી માંડી તેની ગાંસડી કેવી રીતે બનાવવી ? કેવી રીતે વજન કરવું ? ક્યાં મોકલવું ? કેવી રીતે મોકલવું ? આ બધી જ બાબતો મને ખૂબ જ ઓછા સમયમાં વિસ્તૃત રીતે સમજાવી દીધી !

દાદરા નગર હવેલી કેન્દ્રશાસિત હોવાથી તેની સરકારી પ્રક્રિયા ગુજરાત કરતાં થોડે અંશે જુદી પડે. તેથી મેં સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! દાદરાનગર

ઊંચી હતી તેથી એ દૃષ્ટિએ પણ ફાયદો થયો.

સહજતામાં ઉચ્ચારાયેલા સ્વામીશ્રીના શબ્દો કેટલા સચોટ હોય છે તેની આ પ્રત્યક્ષ અનુભૂતિ હતી !!

* * *

હવેલીમાં તો ૫૦% લેવી ભરવી પડે છે. (એટલે કે દાદરા નગર હવેલીમાંથી નિકાસ થતાં ઘાસના જથ્થાનો અડધો જથ્થો સરકારી ભાવે, સરકારી વખારમાં ભરપાઈ કરવું પડે - આ કાયદો તત્કાલીન જ હતો.)

સ્વામીશ્રી કહે : 'તમે હમણાં ઘાસ મોકલવાનું ચાલુ કરો. ઘાસની બહુ જ જરૂર છે. લેવીનું તો થઈ રહેશે.'

સ્વામીશ્રીનું વાક્ય ખૂબ સાદું હતું, પરંતુ આ 'લેવી'ની પળોજણ બહુ લાંબી હતી. ખરીદ ભાવ કરતાં લેવીની કિંમત ઓછી જ હોય, એટલે સંસ્થાને તો ખોટ જાય ! મારી આ મૂંઝવણ વ્યક્ત કરું તે પહેલાં જ સ્વામીશ્રી કહે : 'એ લોકો (સરકાર) પણ ઘાસ તો ગુજરાતમાં જ મોકલવાના ને ! ભલા માણસ, એ જે કાર્ય કરવાના છે તે કાર્ય તો આપણે કરીએ જ છીએ તો આ બધું શા માટે ? બહુ ચિંતા ન કરવી. બધું થઈ રહેશે.' એમ કહી મને ધબ્બો મારીં, ચાલુ સભાએ જ સેલવાસ વિદાય કર્યો.

સેલવાસથી લગભગ ૨૮,૦૦૦ ગાંસડી ગુજરાત તરફ સંસ્થાના કેટલ કેમ્પમાં મોકલવામાં આવી. આટલો મોટો જથ્થો નિકાસ થાય તેથી સરકારી કર્મચારીઓને સહેજે જ વિશ્વાસ રહે કે સંસ્થા લેવીની જોગવાઈ કરીને જ નિકાસ કરે છે. ગુજરાતમાં ઘાસની ખૂબ ખેંચ હતી એટલે અન્ય વેપારીઓએ પણ મોટા પ્રમાણમાં ઘાસ મોકલ્યું. પરિણામે દાદરા નગર હવેલીનો સ્ટોક પણ ખલાસ થવા આવ્યો. એટલે સરકાર તરફથી લેવીનો તગાદો શરૂ થયો. મારી સાથે સેવા કરતાં આનંદમૂર્તિ સ્વામી અને મારી ઊંઘ હરામ થઈ ગઈ. લેવીની ભરપાઈ માટ ૧૪,૦૦૦ ગાંસડી લાવવી ક્યાંથી ?

સ્વામીશ્રીએ તો કહ્યું હતું કે 'લેવીનું તો થઈ રહેશે.' પણ હવે શું ? મનમાં ધરપત હતી કે સ્વામીશ્રી કોઈ રસ્તો બતાવશે જ.

જેમ તેમ કરી બે ટ્રક ઘાસ ખરીદી અમે લેવી જમા કરાવવા ગયા. ત્યાં તો પુરવઠા ખાતાના અધિકારીશ્રીએ જણાવ્યું, હવે ઘાસ લાવતા નહિ. કારણ કે ગુજરાત સરકારનો ક્વોટા હતો તે પૂરો થઈ ગયો છે.'

આ સાંભળતાં જ મને હાશ થઈ ગઈ ! ઘડીક તો મને સ્વપ્ન જેવું ભાસ્યું, પરંતુ 'લેવીનું તો થઈ રહેશે.' એ વાત લેવી ભર્યા વિના જ સત્ય થઈ. આશ્ચર્યની વાત તો એ હતી કે ખરીદ કિંમત કરતાં લેવીની કિંમત

અક્ષરજીવન સ્વામી

અમદાવાદ

એ વખતે મારી ઉંમર આઠ વર્ષની.

એક વાર સારંગપુરના સભામંડપ હૉલમાં પ્રથમ થાંભલે અઢીને પ્રમુખસ્વામી મહારાજ પૂજા કરી રહ્યા હતા. હું યોગીબાપાનાં દર્શને જલદી પહોંચવા દોડતો જતો હતો. અચાનક મારા પગમાં સ્વામીશ્રીની પૂજાની દોરી અટવાણી, પૂજા આખી ફરી ગઈ તે વખતે હું એકદમ હેબતાઈ ગયો. બાજુમાં પ્રગટ ભગત પૂજા કરતા હતા. તેમણે ધમકાવવાનું શરૂ કર્યું કે તરત સ્વામીશ્રીએ તેમને રોક્યા અને મને વહાલથી કહ્યું : 'વાંધો નહિ, અંધારું છે એટલે એવું થાય...' પછી પ્રગટ ભગતને કહેવા લાગ્યા : 'છોકરું છે, એને ઉતાવળમાં ન દેખાય તે સ્વાભાવિક છે, કોઈને દબડાવાય નહિ...'

હું યોગીબાપાનાં દર્શને ગયો પણ આ વહાલપનું દર્શન-૧૯૬૩-૬૪નું હજી વીસરી શક્યો નથી.

એકવાર યોગીજી મહારાજે ફગવાની પ્રસાદી મારા ગજવામાં ભરીને સાધુ થવાની મહોર મારેલી, પણ યોગીબાપા ધામમાં ગયા પછી મેં સાધુ થવાનો વિચાર ઢીલો કર્યો. ૧૯૭૨માં સ્વામીશ્રીએ સારંગપુરમાં મારું કાંડું ઝાલી કહ્યું : 'સાધુ થવાનું છે, યોગીબાપાને વચન આપેલું છે...' મેં કહ્યું : 'વચન આપેલું પણ યોગીબાપા તો ગયા ! હવે ઇચ્છા નથી.'

સ્વામીશ્રીએ કહ્યું : 'આ યોગીબાપા જ કહી રહ્યા છે, તારે થવાનું છે...'

એ વખતે સ્વામીશ્રીની આંખોમાં યોગીબાપાનું વાત્સલ્ય હતું. સ્વામીશ્રીએ ખભે હાથ મૂકી મને જે રીતે વહાલથી કહ્યું, હેત કર્યું, ને તે જ વખતે મેં 'હા' કહી દીધી.

પછી તો સ્વામીશ્રી સાથેનો નાતો દૃઢ થતો ગયો. છ મહિના બાદ જ સ્વામીશ્રીને ફરી પધરામણી વખતે મળવાનું થયું તે વખતે મારા સાધુ થવા માટે સૌનો વિરોધ થયો અને 'ફારગો' ગાડીમાંથી મારે ઊતરવું પડ્યું. તે

સમયે સ્વામીશ્રીએ ધરપત આપેલી તે હજુ યાદ છે. સ્વામીશ્રી કહે, 'હું સમય આવ્યે તને ખેંચી લઈશ. અત્યારે ઘરે રહે...' અને એમણે જ ૧૯૭૩ની ૯મી મેએ મને ખેંચી લીધો ને મુંબઈમાં અક્ષરભુવનમાં રાખ્યો.

* * *

સ્વામીશ્રી '૭૭માં વિદેશયાત્રાએથી પધાર્યા ત્યારે મુંબઈમાં ષણ્મુખાનંદ સભાગૃહમાં સન્માન સમારંભ યોજાયો હતો. મેં પ્રથમ કીર્તન બનાવેલું : 'કહો સ્વામી ! આપને શું સન્માનવા ?' તેનું ગાન ગૌતમ ભગતે કરેલું. બીજા દિવસે સ્વામીશ્રીને હું નવડાવવા ગયો ત્યારે મારા માથે જળનો અધૂરો લોટો ઊંધો વાળ્યો ને કહે : 'તું કીર્તન બનાવવાનો સંકલ્પ કરીશ તે અંદરથી સ્ફુરશે, ભગવાન પ્રેરણા કરશે, ને બની જશે.'

સ્વામીશ્રીની આ અકારણ જ કરુણા રેલાઈ હતી. મારે એટલો અભ્યાસ નહિ, વળી આવડત પણ નહિ છતાં સ્વામીશ્રીની દૃષ્ટિથી આ વાત સાવ સરળ બની ગઈ, એ હકીકત છે.

* * *

૧૯૮૦માં મુંબઈમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે ક્રોસ મેદાનમાં ૯ દિવસનું ભવ્ય ભાગવત પારાયણ યોજાયેલું. મુંબઈમાં એનો સારો પડઘો પડ્યો. આ ઉત્કર્ષ સહન નહીં થવાથી કેટલાક તેજોદ્વેષીઓ છાપાઓમાં અક્ષરપુરુષોત્તમ સંસ્થા તેમજ સ્વામીશ્રી વિરુદ્ધ જેમતેમ લખતા. તેના પ્રત્યુત્તરરૂપે અ. નિ. હર્ષદભાઈ દવે પણ છાપાંમાં લખતા. આમ ત્રણ-ચાર વાર ચાલ્યું. તે વખતે 'વાચકો લખે છે' એમાં એક બુઝુર્ગ હરિભક્તનો અંગત અભિપ્રાય છપાયો. તે સ્વામીશ્રી સમક્ષ વંચાયો. તેનો ભાવ આ મુજબ હતો : 'ફલાણા ભાઈ, આપણે જે અક્ષર પુરુષોત્તમ સંસ્થા વિષે લખીએ છીએ પરંતુ આપણે ત્યાં મૂળમાં જ સડો પેઠો છે તે પર લક્ષ્ય આપવાની જરૂર છે. આપણા આચાર્ય મહારાજ પણ સંતોને નિયમધર્મમાં વર્તાવી શકતા નથી - જ્યારે પ્રમુખસ્વામીનો આ અંગે દાખલો લેવા જેવો છે તેઓના સંતો સ્ત્રી-ધનના ત્યાગી છે એવું આપણે ત્યાં ક્યાં રહ્યું છે !'

આ કટીંગ વંચાઈ રહ્યા પછી હું સ્વામીશ્રીને એકલો મળ્યો ને કહ્યું : 'ફલાણા હરિભક્તના નામે આ મેં લખ્યું છે...' આ સાંભળી તુરત

સ્વામીશ્રીની આંખોમાં આર્દ્રતા છવાઈ ગઈ. એકદમ મારું કાંડું ઝાલી કહે : 'તું સાધુ છે, સાધુથી કોઈનું ઘસાતું લખાય નહિ, બોલાય નહિ ને વિચારાય પણ નહિ.' મેં કહ્યું : 'પણ આ વાંચીને મેં લખ્યું છે એવું કોઈ જાણશે નહિ. નામ જ બીજાનું છે.' સ્વામીશ્રી કહે : 'ભલે બીજાનું નામ રહ્યું, લખનાર તો તું છે ને ! તારી કલમે આવું ન આવવું જોઈએ. આપણે લેખક પછી, પહેલાં સાધુ છીએ. જે કંઈ કરીએ તે સાધુતામાં રહીને જ કરીએ. કોઈનો જીવ દુખાય નહિ, કોઈની નિંદા થાય નહિ, તેમાં આ તો સ્વામિનારાયણના જ આશ્રિત છે તો એમની તો થાય જ કેમ ?'

ખરેખર, આ દૃશ્ય મારી આંખો સામેથી આજે પણ હટતું નથી. આ બાબતે મેં સ્વામીશ્રી પાસે માફી માંગી ને ફરી આવી ભૂલ ન થાય તેવો વિશ્વાસ દૃઢાવ્યો ત્યારે તેમના અંતરને નિરાંત થઈ.

તેમની આ નિર્વૈર છવિ એમના જ શબ્દોમાં વધુ સ્પષ્ટ થાય છે : 'મને કોઈનું અહિત કરવાનો વિચાર આજ સુધી આવ્યો નથી.'

* * *

સ્વામીશ્રી ૧૯૮૮માં ૧૧મી વિદેશ ધર્મયાત્રાએ પધારેલા તે વખતે મને સતત નવ મહિના સુધી નજીકથી તેમને નિહાળવાનો લાભ મળેલો. તા. ૨૧-૫-૮૮ના રોજ સ્વીડનમાં પ્રવીણભાઈને ત્યાં સ્વામીશ્રી પધાર્યા. આજે સ્વામીશ્રીએ મને આજીવન સ્મૃતિ આપવા વિચાર્યું હશે તેથી વાતની માંડણી ધીમેથી કરતાં કહ્યું : 'સાક્ષર ! આ દેશ દૂધનો કહેવાય છે.' (દૂધનું ઉત્પાદન પુષ્કળ થાય છે તેથી)

મેં કહ્યું : 'સારી વાત છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે આવા દેશમાં આવ્યા તેનું સંભારણું કંઈક રહેવું જોઈએ ને !'

મેં કહ્યું : 'આપની મૂર્તિ સંભારણું જ છે ને ! કંઈ વિશેષ ઇચ્છા છે !'

સ્વામીશ્રી કહે : 'તારે દૂધનું કેમ છે ?'

'આપની દયા છે, દૂધનો કોઠો છે. નાનપણથી દૂધે વાળું કરતો આવ્યો છું એટલે પચવામાં વાંધો નથી...' મને એમ કે દૂધપાક પિવડાવવાની કંઈક વાત હશે !

સાંભળી સ્વામીશ્રી મરક મરક હસવા લાગ્યા ને કહ્યું : 'ભલે, આ દેશમાં

આવ્યા છીએ તો દૂધ લઈ લે. ભારતમાં જઈએ એટલે બંધ કરી દેવાનું.'

મેં કહ્યું : 'ભલે, પણ 'દૂધે વાળુ જે કરે તે ઘર વૈદ્ય ન જાય.' એવી કહેવત છે.'

સ્વામીશ્રી કહે : 'દેહના રોગ કરતાં અંતરના રોગ મોટા છે...' એમ કહી એક કરુણા કટાક્ષે મારી સામે જોયું.

મેં નિયમ સહર્ષ સ્વીકારી લીધો અને સ્વામીશ્રીએ જે કરુણાદૃષ્ટિ મારા ઉપર કરી તે હજુ હું ભૂલી શક્યો નથી. આ નિયમ મને સામેથી જ એમણે આપ્યો હતો. આ આજ્ઞા મારા માટે પહેલી જ વાર હતી. પૂછીએ ને કહે તે વાત જુદી છે પણ અંતર્યામીપણે જાણ્યું કે આ મારો સંગી છે એને કશુંય બંધન ન જોઈએ.

કોઈનો દારૂ છોડાવવો સહેલો છે, પણ મારું દૂધ છોડાવવું અઘરું હતું. પરંતુ સ્વામીશ્રી અધ્યાત્મ જીવનના રક્ષક છે. એ એમનું બિરુદ સાર્થક કરે છે.

* * *

ઘણીવાર સ્વામીશ્રી પોતાના અંતરનું રહસ્ય ખોલી દેતા હોય છે, જેમાં સ્મૃતિઓનું મેળવણ અને પોતાની મૂર્તિનું સુખ આપવાની અનોખી રીત પણ સમાયેલી હોય છે. '૮૮ની વિદેશયાત્રામાં નકુરુમાં સ્વામીશ્રી બિરાજતા હતા. રોજ બપોરે ભોજન બાદ સ્વામીશ્રી સમક્ષ વચનામૃતનું વાંચન હું કરતો. આજે કોઈ કામમાં રોકાઈ ગયો હોવાથી જમવાનું રહી ગયું તેથી થોડો મોડો જમવા બેઠો. તે દરમ્યાન સ્વામીશ્રી જમી રહ્યા. મેં બ્રહ્મદર્શન સ્વામીને કહી રાખેલું કે વચનામૃત પોતે વાંચે. એટલે નિશ્ચિંત હતો. એમણે વચનામૃત વાંચવાનું શરૂ કર્યું કે તરત સ્વામીશ્રી કહે : 'સાક્ષર ક્યાં ગયો ?' કોઈએ કહ્યું : 'જમે છે.'

તરત સ્વામીશ્રી કહે : 'બોલાવો અહીં.'

હું અડધું જમી રહ્યો હતો. તે પત્તરમાં અધૂરું મૂકી, ઝટપટ કોગળા કરી પાણી પીને પહોંચી ગયો. મને કહે : 'જમવાનું તો અનંત જન્મોથી કરતો આવ્યો છે. આ (કથાવાર્તા-ભજન) કરવાનું રહી જાય છે. આપણે પેલું કરવા નથી આવ્યા. ખાવાનું તો પછીય થશે, પણ આ કથારસ વહ્યો જાય છે... એ ન જવા દેવો. બેસ.' કહી સન્મુખ બેસાર્યો ને મર્માળુ હસ્યા.

આમ, અચાનક પ્રસંગ ઊભો કરી એમની રુચિ-મરજી જણાવી દીધી.

વચનામૃત-કથા પતી ગયા પછી કહે : 'હવે જા, જમી લે.' લૌકિક ભૂખ તો તત્કાળ પૂરતી ભાંગી ગયેલી પણ અંતરમાં સંતૃપ્તિ અનુભવાઈ.

* * *

તા. ૧૨-૮-૮૮, શુક્રવાર, વાનકુવર

સાયંભોજન લઈ ૧૨-૦૦ વાગ્યા સુધી પત્રલેખન કર્યું. બે કલાકના ફેરને લીધે રાબેતા મુજબ રાતના બે વાગ્યા ગણાય. પત્રલેખન દરમ્યાન જુદા ઓરડામાં ચારેક સંતોની આંખો મળી ગયેલી ! સ્વામીશ્રી પોઢવા પધાર્યા એટલે બધા ઊઠી ઊઠીને ઢોલિયા ફરતે ઢગલો થયા. મોં જોતાં ઊંઘનો ભરડો વળેલો લાગે. સ્વામીશ્રીએ મને પૂછ્યું : 'સૂઈ ગયેલો !' મેં કહ્યું : 'હા, આંખ મીંચાઈ ગઈ ! બે કલાકનો ગોટાળો નડ્યો.' ગોટાળો શબ્દ સાંભળીને સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. પોઢેલા તે હસવું ખાળી શકે નહિ. પહેલાં તો સેવક નેત્રમણિ કાઢવા જાય તે મુખારવિંદ બંધ કરે ત્યાં હાસ્ય ધસારો કરતું ઢગલો થઈ વેરાઈ જાય ! સ્વામીશ્રીનું દંતવિહીન એ હસતું મુખારવિંદ હજુ પણ જોનારની આંખોમાં તરવરે છે.

કૂણા કૂણા ગાલ પર માખણનું જાણે લીંપણ થયું ! પછી સૂતાં સૂતાં કહે : 'આ ગોટાળો - ગોટાળો ન કહેવાય, આને દેહના ભાવ કહેવાય. ભગવાનનું ભજન ન થાય ને કથાવાર્તા ન થાય એ મોટો ગોટાળો. એ ગોટાળો થવા ન દેવો. એ ગોટાળો નડે.'

* * *

તા. ૩-૧૧-૮૮નો એ દિવસ હતો. ભારતમાંથી ડૉક્ટર સ્વામી અને ૧૬૦ સંતો નાઈરોબી પધારી ગયા હતા. તેમાં સ્વામીશ્રી સાથે વર્ષોથી વિચરતા સેવકો નારાયણચરણ સ્વામી અને પ્રિયદર્શન સ્વામી પણ હતા. તેમને ડૉક્ટર સ્વામી સાથે તેડાવી લીધા. બપોરે મંદિરમાં સ્વામીશ્રીએ કથા લંબાવી. રમેશભાઈને ત્યાં પધાર્યા ને અહીં પણ વાતો કરી.

સમય વીતતો હતો. જમવાનું વિલંબાતું હતું. સેવક બ્રહ્મતીર્થ સ્વામીએ જમી લેવા વિનંતી કરી. પણ સ્વામીશ્રી કહે : 'હમણાં ડૉક્ટર સ્વામી આવશે...' આમ રાહ જોતાં પોતે વારંવાર બારીમાંથી જુએ, ઍરપોર્ટ કઈ દિશામાં છે તે પૂછી લીધું પછી તે તરફ જોયા કરે. પ્લેન ઊતર્યું કે નહિ ! વળી થોડીકવારે નિર્ભય સ્વામીને કહે : 'ચાલો બંગલામાં ફરી લઈએ...' એમ કહી

રસોડામાં પધાર્યા. બધી રસોઈ ઝીણવટથી નિહાળી. વાર્તાલાપમાં સમય લંબાવતા રહ્યા. આમ ફર્યા, તેમ ફર્યા. વળી કોઈએ કહ્યું : 'બાપા ! પ્લેન ઊતર્યું.' આ સાંભળી જ સ્વામીશ્રીની મુખની રેખા કિલકિલાટ કરતી ફોરી રહી. પાછા સોફા પર બિરાજ્યા. ને કહે : 'હવે પાંચ-દસ મિનિટમાં જ આવ્યા માનો ને !' વળી બારી સામે જોયા કરે. કોઈની ગાડીનો અવાજ આવે કે તેમને ભણકારા લાગે 'એ આવ્યા...' આમ હાથનાં હલનચલન, આંખોની ચંચળતા, અંગઅંગ વિસ્ફુરણ અને એમની પ્રત્યેક ક્રિયામાં વહાલ ઊભરાતું હતું.

ગાડી જ્યારે આંગણે આવીને ઊભી રહી ત્યારે એમની વિહ્વળતા અનંત માતાના વાત્સલ્યને ભુલાવે એવી અનુભવાઈ. પ્રથમ ડૉક્ટર સ્વામી પધાર્યા ને દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રીએ પણ તેમને સામેથી દંડવત્ કર્યા. પછી ત્રણેને ભેટ્યા. સ્વામીશ્રીની આંખોમાં હેત છલછલ થતું હતું. આંખો આર્દ્ર બની ગઈ હતી.

નિત્ય કરતા એક-દોઢ કલાક ભોજન મોડું લેવાયું. પરંતુ એમની વત્સલ છબિનું કામણ તો જુઓ : આજનાં વધામણાંમાં પૂરણપોળીથી મારું પત્તર ભરી દીધું ! અને સંતોને પોતાના હાથે પારણાં કરાવ્યાં !

* * *

ગમ્મતમય બ્રહ્મ

સ્વામીશ્રી '૮૮માં ડર્બનમાં બિરાજતા હતા ત્યારે નિષ્ણાત ફોટોગ્રાફર શ્રી નરેશભાઈ સ્વામીશ્રીનો સંતો સાથેનો સમૂહ ફોટો લેવા આવ્યા. ચંદુભાઈએ ઓળખાણ આપી : 'બાપા ! નરેશભાઈ પ્રોફેશનલ છે.'

સ્વામીશ્રી કહે : 'આવો, પ્રોફેસર ! આશીર્વાદ આપીએ.' આ સાંભળી સૌ હસી પડ્યા.

* * *

સ્વામીશ્રી આસ્ટનમાં બિરાજતા હતા. સવારની પૂજા બાદ ઉદ્ઘોષક સ્વયંસેવકે જાહેરાત કરી કે સાંજની સભા ઓલ્ડહામમાં રાખી છે. આ સાંભળી સ્વામીશ્રી તરત કહે : 'અલ્યા ભાઈ, ઓરડામાં કેટલાક આવશે ? ને કેટલા સમાશે ? લોકોને થશે ઘરમેળે સભા છે...' એમ કહી પોતે હસી પડ્યા.

* * *

ડર્બનમાં સવારે સ્વામીશ્રી સાથે સંતોનો સમૂહ ફોટો નરેશભાઈએ પાડેલો તે રોલ ધોવાઈને ચાર વાગે આવી ગયો.

સ્વામીશ્રી સ્નાન કરીને પોતાના શયનખંડનમાં સોફા પર બિરાજ્યા હતા. ઠાકોરજીનો પ્રસાદ લેવાનો બાકી હતો. હું કક્ષમાં પ્રવેશ્યો. ત્યાં પલંગ પર જ પ્રિન્ટ જોઈ. અને એ ફોટો નીરખી નીરખીને જોવા લાગ્યો. હું એટલો તન્મય થઈ ગયેલો કે સ્વામીશ્રી સોફા પર બિરાજ્યા છે તે તરફ નજર જ ન ગઇ.

જેવું મેં ફોટો જોવાનું શરૂ કર્યું કે સ્વામીશ્રી ધીમે રહીને કહે : 'આમાં આપણે ક્યાં છીએ ?' એમ કહીને મંદ મંદ હસવા લાગ્યા. સ્વામીશ્રીનો અવાજ સાંભળી હું ચોંકી ગયો ને શરમાઈ ગયો. પછી તો એમની પાસે ચરણોમાં જઈ બેસી ગયો.

મેં કહ્યું : 'બાપા ! મારું તો એવું છે, આપને પ્રત્યક્ષ તો ન જોયા પણ ફોટોમાંય હું મને જોતો રહ્યો...'

સ્વામીશ્રીએ કરુણાભીની નજરે મારી સામે જોયું ને કહ્યું : 'પોતે પોતાના તરફ જ જોવાનું છે, એમાં શું ખોટું કર્યું !' પછી હસવા લાગ્યા.

સ્વામીશ્રી એક અચ્છા મનોવૈજ્ઞાનિક છે. ફોટો કે આલ્બમ જોતી વખતે માણસ પોતે એમાં કેવી રીતે બેઠો કે ઊભો છે તે પ્રથમ જોઈ લેતો હોય છે.

જ્યારે બ્રહ્મસ્વરૂપ સંતની નજર તો ગુરુ તરફ જ હોય છે.

* * *

તા. ૧૭-૮-૮૮, બુધવાર, સાનફ્રાન્સિસ્કો.

પ્લેઝન્ટનમાં પ્રમોદભાઈ પટેલને ત્યાં સવારે નાસ્તા પછી વચ. મ. ૬૩ પર ખૂબ ખીલ્યા હતા. આજે નક્કી કર્યું હતું કે ખૂબ વરસવું. ઘણા વખતથી આમ સવારની વચનામૃતની કથા કરવાનો પોતાને લાભ નહોતો મળ્યો તેનું સાટું વાળવું ન હોય ! નવ વાગે શરૂ કરી તે સાડાબાર થયા.

ઠાકોરજી જમી રહ્યા, પોઢી ગયા. સેવક આવ્યા, કહ્યું : 'ચાલો જમવા' ત્યારે ઊઠ્યા. બપોરનું ભોજન લઈ ચરણ લંબાવી બિરાજ્યા, મને કહે : 'કથા નથી વાંચવી ?'

મેં કહ્યું : 'હજુ કથા પૂરી કરીને તો આવ્યા ને જમ્યા. હવે શું વાંચવી !'

સ્વામીશ્રી કહે : 'એ અમારી કથા હતી. આ તારી કથા. કથા તો આપણું જીવન છે. આ ખોરાક લીધા પછી આત્માનો ખોરાક લઈ લેવો પડે.' એમ

કહીને વચનામૃત વંચાવ્યું. પોતે પત્રલેખનમાં મગ્ન થયા. હરિભક્તો જમી જમીને સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રી કહે : 'આવો સી.એમ.' બેસો, દર્શન કરો ને કથા સાંભળો. દર્શન-સ્પર્શન મોટો જગન.'

આમ ઘણીવાર સ્વામીશ્રી દર્શન - પ્રગટનાં દર્શન - ની શીખ પરભાવમાં આવીને દઈ દેતા હોય છે.

સાંજે ભોજન કરતી વેળા સેવક કાકડી સમારી લાવેલા તે નીચે રાખી હતી, સ્વામીશ્રી નીલકંઠવર્ણીની સ્મૃતિ સાથે જમ્યા. સાંજે શું ન જમાય તેની સાખી સ્વામીશ્રીએ શરૂ કરી : 'મૂળો - મોગરી ને..'

'...દહીં, બપોર પછી નહીં.' મેં પૂરી કરી. સ્વામીશ્રી કહે : 'તું જાણે છે તો કહેવું જોઈએ ને, સહદેવ જોષી જેવો છે.'

મેં કહ્યું : 'તનકી જાને, મનકી જાને, જાને ચિત્ત કી ચોરી - એમની પાસે કંઈ ન બોલાય બધું જાણો છો.'

સ્વામીશ્રી કહે : 'અમે ક્યાં બધું જાણીએ છીએ !'

'અનુભવમાં તો એવું લાગે છે કે આપ બધાનું જાણો છો છતાં કહેતા નથી. પૂછે તેને ક્યારેક કહી દો છો - બાકી મૌન.' સ્વામીશ્રી કહે : 'અમને તો એક ભગવાનનું ભજન આવડે છે તે કરીએ છીએ... ને જે કોઈ કહે છે તે બધાનું ભગવાન પાસે રજૂ કરી દઈએ છીએ. પછી તેમને જે કરવું હોય તેમ કરે.'

જમ્યા બાદ હળવી ગોષ્ઠિ કરતાં બિરાજ્યા. પોઢતી વેળા એક નવા છપાયેલા પુસ્તક અંગે કહે : 'ઈશ્વરસ્વામીએ કહ્યું છે કે આ પુસ્તક સાક્ષરને વંચાવશો નહિ.'

તરત હું બોલ્યો : 'ગપ્પું !'

ગપ્પું શબ્દ સાંભળી સ્વામીશ્રી એવા હસી પડ્યા કે એ ચોકઠાવિહીન મુખારવિંદ મખમલથી મઢ્યું હોય ને એની ઋજુતા ઢગલો થઈને વેરાઈ જાય એવાં દર્શન થયાં. પછી માંડ હસવું ખાળી સ્વામીશ્રી કહે : 'આમ તો કહે છે કે તનકી જાણે મનકી જાણે -' ને આજ પાછો ગપ્પું માને છે !'

સ્વામીશ્રી આવી હળવી રમૂજોમાં પણ પોતાની લોકોત્તર છવિ છતી કરી દેતા હોય છે.

* * *

સ્વામીશ્રીએ દરિયાપારના દેશોમાં કેવી રીતે સત્સંગ કરાવ્યો હશે, ભૌતિકતામાં રાચતા યુવાનોને કઈ રીતે વશ કર્યા હશે એનો ઉત્તર મને ૧૯૮૮ના વિદેશ પ્રવાસ વખતે મળ્યો.

લંડનમાં સ્વામીશ્રી બિરાજતા હતા. તે વખતે ત્યાંના બહોળા યુવકમંડળે સાંજનું ભોજન સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં લેવાનું ગોઠવ્યું હતું. સ્વામીશ્રી કહે : 'જમજો, યુવકો, મહારાજને સંભારીને મૂર્તિ ધારીને ફુલખાજાં જમજો. મૂર્તિને જોતા જાવ ને જમતા જાવ. બેય સ્વાદ લો. ભોજન તો સ્વાદિષ્ટ છે ને ભઈ ! સ્વાદ આવે છે ? ભગવાનનો સ્વાદ ભેગો લેતા જાવ એટલે વધારે મિઠાશ આવે, બનાવનારાની મહેનત બહુ મોટી છે. જમનારની પણ મોટી કહેવાય..' પછી ચરોતરની દાળના સબડકાની એકશન કરી.

જમ્યા બાદ યુવકમંડળના વાઈસપ્રેસિડેન્ટ જયેશ પટેલે નૂતન યુવકમંડળનું માળખું રજૂ કર્યું. સ્વામીશ્રીએ અમૃતવાણી વહાવી : 'યુવક એટલે સેવક. સેવકનો ધર્મ શું ! દરેકની પ્રતિષ્ઠા વધે. દરેકનો પ્રેમ સંપાદન કરવો એ સેવકનો ધર્મ. આપણે આદર્શ શબ્દ વાપરીએ છીએ. દરેકમાં આદર્શ થવું. આદર્શ બાળક, આદર્શ કિશોર, આદર્શ યુવાન, આદર્શ સત્સંગી, આદર્શ સાધુ ! નિયમધર્મથી શોભા છે. દરેક કાર્યમાં નિયમધર્મ પહેલા. સત્સંગી કહેવડાવીએ તેનું ગૌરવ હોવું જોઈએ. શરમાવું નહિ, છાતી ફૂલવી જોઈએ. સામાની છાતી ઠરે એવું જીવન ! એક સંપ, એક રુચિ, એક વિચાર, એક ધ્યેય હોય તો દિગન્તમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ થાય. અહીં આવનાર કંઈક લઈને જાય. બધાએ ખૂબ દાખડો કરી ભીડો વેઠ્યો છે તકલીફ થઈ હોય તો માફ કરજો. યુવકો કથાવાર્તા કરે - સાંભળે તો બીજા શબ્દો ન લાગે. ઉગ્રતા, ક્રોધ, ઈર્ષ્યા ન રહે. નમ્રપણે સેવા થાય...' અંતમાં યુવક પ્રેસિડેન્ટ કૃષ્ણમૂર્તિએ વિનંતી કરી કે અમારાથી કંઈ કસૂર થઈ ગઈ હોય તો માફ કરજો બાપા ! ફરી ૧૯૯૦માં ૭૪૭ જમ્બો ભરીને સંતો લાવો. સ્વામીશ્રી કહે : 'તૈયાર સંતો આપવા પડશે.' કૃષ્ણમૂર્તિ કહે : 'બાપા ! મારું નામ પહેલું લખી લો...' સ્વામીશ્રીએ પ્રસન્ન દૃષ્ટિએ તેમની સામે જોયું.

આમ આખો કાર્યક્રમ ભાવ ઝરતો, ભીનો ભીનો સંપન્ન થયો. સૌ કહે : 'અક્ષરધામનું સુખ આ જ હશે ને ! સૌને એક સાથે દૃષ્ટિમાં ભરતા થકા

આનંદમગ્ન વદને શયનખંડમાં પધાર્યા ત્યારે ૧૨-૩૦ થઈ ગયા હતા.

* * *

તા. ૫-૧૦-૮૮ બુધવાર, મેનહાસેટ. સ્વામીશ્રી બપોરનું ભોજન લઈ વચ. ગ. પ્ર. ૬૮ વંચાયું. મેં પૂછ્યું : 'આ વચનામૃતમાં કહ્યા મુજબ મોટા જે સત્પુરુષ તથા પરમેશ્વર તે બધું જ જાણે છે... તો પૂજારી કે દર્શનાર્થીનાં છળકપટ કેમ ચલાવી લેતા હશે ! આપ બધાનું જાણો છો છતાં દરેકને હેત કરો છો તો મુખોમુખ તેની ભૂલની ઓળખાણ શા માટે નથી કરાવતા ?'

સ્વામીશ્રી કહે : 'મોટાપુરુષ બધાનું બધું જાણે છે, સમજતા પણ હોય, પણ કહેવાની રીતે કહેતા હોય. જીવ પાછો ન પડી જાય, એવું કરતા હોય. જાણે છે (પોતે) પણ કોઈને કહેતા નથી. કહેવા માંડે તો કોઈ ઊભું રહે જ નહિ. ઊઠી ઊઠીને હાલતા જ થઈ જાય. આ સમજણ તો કથાવાર્તામાં બેસે, શબ્દ પડે તેમ તેમ સમજાતું જાય ને પાછી વૃત્તિ વળતી જાય.

આ લોકના માણસની મોટપ કેવી મનાઈ ગઈ છે ! રાષ્ટ્રપતિ ઝૈલસિંહ આવે તો બધા ટટ્ટાર થઈ જાય. યોગીબાપા કહેતા - ખોંખારો ખાવો હોય તો ય ન ખવાય.'

મેં કહ્યું : 'આ લૌકિક મોટાઈ તો જાણ્યામાં આવે છે, અહીં જ આ રીતે (કડક શિસ્તથી) વર્તાતું નથી તેનું શું કારણ હશે !'

સ્વામીશ્રી કહે : 'અહીં પણ મોટપ જાણ્યામાં આવી છે તે તો એવું કરે જ છે, પણ આ તો શું ભેગા રહીએ એટલે એવું હેત થઈ ગયું હોય એટલે એટલી અદબ ન રહે. પણ અંદરથી જે ભાવ છે તે મોટી વસ્તુ છે. એમની આજ્ઞા પળાય, રુચિ પ્રમાણે વર્તાય. ભેગા રહીએ એટલે કદાચ મર્યાદા ભંગ થતો હોય તેવું પણ લાગે; પણ એમની મરજી પળાય, રાજી કરવા છે, પ્રસન્ન કરવા છે એવી રુચિ રહે. ભેગા રહ્યા એટલે હઈસો હઈસોમાં મર્યાદા ન રહે કારણ કે એ જાતનું એક હેત બંધાઈ ગયું છે.

જેમ રાજા હોય તે રાજમહેલમાંથી બહાર નીકળે ત્યારે કેટલા બધા હાથ જોડીને ઊભા રહે છે ! હવે એ જ રાજાને ત્યાં રાણી ને નોકરચાકર હરફર કરતા હોય, બોલે-ચાલે ઘરના માણસો સાથે મન મળી ગયાં હોય. રાણી રાજાનો મહિમા જેમ છે તેમ જાણે છે પણ ઘરમાં તો બધાની જેમ રહેતાં હોય. છતાં રાજા વિષેનો તેનો પતિ તરીકેનો ભાવ છે તે જાય નહિ. તેમ

આપણે સેવકનો ધર્મ છે, ભાવ છે, એમની મરજી પાળવી છે - રાજી કરવા છે તે કાયમ રહે.'

મેં પૂછ્યું : 'આપને હરિકૃષ્ણ મહારાજનું અનુસંધાન ખૂબ રહે છે...'

સ્વામીશ્રી કહે : 'કેમ ન રહે ! એમને લીધે તો આપણે છીએ. એ નાની એવી પંચધાતુની મૂર્તિ લાગે છે પણ જે કંઈ થઈ રહ્યું છે તે એમના લીધે છે. મંદિરમાં પણ જે મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી છે તેમાં સાક્ષાત્ ભગવાન રહ્યા છે. આપણે દર્શન કરીએ છીએ ત્યારે મન બીજે જ ભમતું હોય છે એ તો સમજ્યા પણ દેહે કરીને ય શિસ્ત રહેતી નથી. અષ્ટકો ચાલતાં હોય ત્યારે એકાગ્રચિત્તે અષ્ટક બોલવાં પડે. સ્તુતિ કરવી જોઈએ. એ વખતે કોઈપણ વાતચીત કરાય નહિ. પહેલા દેહે ને પછી મને સહિત ટેવ પાડવી. સતત પોતાનો વિચાર ને જાગૃતિ હોય તો કોઈ કામ અઘરું નથી. બધું જ થઈ શકે છે. ગમે તેવું કામ મૂકીને પણ આરતી-અષ્ટકમાં ઊભું રહેવું જોઈએ. જો કે બધા કરે જ છે પણ હવે મને સહિત એકાગ્ર થવાની જરૂર છે. એમ ન થાય તો સમૂળગું બંધ થઈ જાય ને ધીરે ધીરે નાસ્તિક ભાવ આવતો જાય. ગયા તો ય શું ને ન ગયા તો ય શું એવું રહે...'

આમ મૂર્તિની તથા સંતની મર્યાદાની અદ્ભુત વાતો કરી.

સામાન્ય રીતે માનવ સહજ સ્વભાવે પ્રકૃતિઘેલો હોય છે. નદી-પર્વત-સાગર, જળ-ધોધ કે વર્ષાની હેલીમાં એ મનને રમતું મૂકી દે છે. સ્વામીશ્રી આ જ દૃશ્યોમાં સર્જનહારને યાદ કરે છે, નિહાળે છે, ભગવાનની રચનાનો મહિમા ગાવા લાગે છે.

૧૯૮૮માં નવ મહિનાની વિદેશયાત્રા પૂર્ણ થઈ. મોરેશિયસ છેલ્લો દેશ હતો. અહીં ચારે બાજુ હિંદ મહાસાગર તરંગની છાલક દેતો આ ધરતીના પદ પખાળે છે. વનરાજિ ને પહાડીઓ પણ છે. સ્વામીશ્રીનો ઉતારો મનહરભાઈ વાઘજીને ત્યાં હતો. એક બપોરે સ્વામીશ્રી પધરામણીએથી પધાર્યા ત્યારે હું કેસેટ પ્રવચન સાંભળી ડાયરીમાં ઉતારતો હતો. સ્વામીશ્રી લઘુ કરીને પાછળ છાના આવીને ઊભા. ધીમે રહી મારું માથું પોતાના બન્ને હાથથી પકડ્યું ને સહેજ ત્રાંસું કરી બહાર નજર કરાવતાં બોલ્યા : 'જો તો ખરો સાક્ષર, ભગવાનની કેવી લીલા છે ! મોટો ધોધ પડે છે !'

શીતળ-કોમળ કરકમળનો એ બ્રહ્મ-સ્પર્શ યાદ કરું છું ને રોમાંચ થઈ

આવે છે.

* * *

તા. ૧૭-૮-૯૨, અમદાવાદ

આજે સાંજની કથા બાદ સ્વામીશ્રી ભોજન લેવા પધાર્યા. તે વખતે પ્રથમ લઘુ કરવા ગયા તે દરમ્યાન સંતો દર્શનાર્થે ગોઠવાઈ ગયા હતા. બધા અંદર-અંદર આજની સાંજની સભાની વાતો કરતા હતા. સભામાં અમૃતવચન રેલાવતાં સ્વામીશ્રીએ ભાગવતના ૧૮૦૦૦ શ્લોકને બદલે ૩૩,૦૦૦ કહ્યા હતા, વચનામૃતની સંખ્યા ૨૧૨, ૨૬૫, ૨૬૨ એમ ગોળવ્યું હતું, કમલેશ લૂલા વૈજ્ઞાનિકનું નામ યાદ ન આવતાં લૂલા-લખા કર્યું હતું. આ લીલાની વાતો મોટેથી ચાલતી હતી, એટલે ગોકીરો થતો હતો. સ્વામીશ્રી આવીને બિરાજ્યા તે વખતે મેં કહ્યું : 'ગોકીરો બહુ થયો.'

સ્વામીશ્રી કહે, 'શાનો ગોકીરો ?'

મેં કહ્યું : 'આજે કથા અદ્‌ભુત કરી. બહુ સુખ આવ્યું.'

શ્વેતવૈકુંઠ સ્વામી કહે : 'વિસ્મૃતિલીલા બહુ કરી.'

સ્વામીશ્રી કહે : 'અમને સાક્ષર જેવું ન આવડે. અમારું તો અવળહવળ થઈ જાય, કેમ સર્વમંગલ ?'

મેં કહ્યું : 'આપ જ જ્ઞાનનું મૂળ છો. અમારું અવળું સીધું કરો છો.'

કો'ક કહે : 'કમલેશ લૂલાનું નામ ભૂલી ગયા...'

સ્વામીશ્રી કહે : 'સોરી.'

આ વખતે સ્વામીશ્રીની આંખોનાં અતિ દાસભાવ ડોકાઈ રહ્યો હતો. આંખો સહેજ આર્દ્ર પણ થઈ ગઈ હતી.

મેં કહ્યું : 'બાપા ! આજે વિવેકસાગર સ્વામીએ અદ્‌ભુત કથા કરી. (શિક્ષાપત્રી ૧૨૧ શ્લોકનું નિરૂપણ સારું કર્યું હતું.)

સ્વામીશ્રી કહે : 'ખૂબ સુંદર કરી.'

મેં કહ્યું : 'આપ એમનામાં રહીને બોલી ગયા.'

સ્વામીશ્રી કહે : 'જો પાછો, આપ આપ શું કરે છે ? જોગીબાપા બોલી ગયા એમ કહે...'

પછી કહે : 'કેમ વલ્લભ !' (કૃષ્ણવલ્લભ સ્વામીની સામું જોઈને.)

કૃષ્ણવલ્લભ સ્વામી કહે : 'આપ ને જોગીબાપા ક્યાં જુદા છો. બન્ને એક

જ છો...'

સ્વામીશ્રી કહે : 'લે, તું પણ એના પક્ષમાં ભળી ગયો ! સર્વમંગલ મારા પક્ષમાં છે.' એમ કહી એમની સાઈદી માંગી. પણ હવે તો બધા સંતોએ એકઅવાજે કહ્યું : 'આપ તે જોગીબાપા જ છો...'

પછી લટકાની યાદ અપાવી કે યોગીબાપાની પાસે જમિયતરામ જોષી આવ્યા તે કહે : 'બાપુ, હું ચંદ્રલોકથી ઊતરેલ માનવીને પહેલો શેકહેન્ડ કરી આવ્યો.' ઉત્સાહમાં વાત કરતા હતા તે જોગીબાપાએ જોષીનો હાથ લઈ પોતાના માથા પર ઘસ્યો.

આ એકશન સ્વામીશ્રીએ હૂબહૂ કરી બતાવી સભાને રંજન કરી હતી તે વાત કરી. આમ આજે સ્વામીશ્રીએ ખૂબ મૂર્તિનું સુખ આપ્યું.

છેલ્લે ઊભા થતાં મને કહે : 'કેમ સાક્ષર ! મૂર્તિનું સુખ આવ્યું ને !'

* * *

અમદાવાદ બંસીભાઈ પંચાલ નામના એક હરિભક્ત સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા ત્યારે છોલેલું નારિયેળ - ઉપર નાડાછડી ચારેકોરે ફેવીકોલથી ચિટકાવી બાંધેલી - એવું નારિયેળ લાવીને સ્વામીને અર્પણ કરેલું તે સ્વામીશ્રીએ મને કહ્યું હતું કે આપણે જમતી વખતે એને ખોલશું, સાથે લઈ લે.

એ નારિયેળ મારી પાસે પડેલું. કૃષ્ણવલ્લભ સ્વામી થાળ લઈને આવ્યા. સ્વામીશ્રી કહે, 'ભત્રીજો જંતરમંતર કરે છે. દૂર રહેજે.' એ કહે : 'હું જાણું છું, અંદર શું છે ?'

મેં કહ્યું : 'જાણતા હો તો કહો.' એ કહે : 'અંદર સૂકો મેવો છે.'

મેં ખોલ્યું, બે ભાગ જુદા કરી અંદરથી કોપરું કાઢી એ પંચાલભાઈએ એવી રીતે ચીટકાવેલા કે ખબર જ ન પડે.

એ સૂકા મેવા સાથે એક ચીઠ્ઠી હતી તેમાં દરિદ્રતા દૂર થાય તેવા આશીર્વાદ માંગેલા. સ્વામીશ્રી કહે : 'સાક્ષર તું ખા, એની દરિદ્રતા જાય.' મેં કહ્યું : 'આપ લો...' એમ કહી કોથળી ધરી પણ તેમણે ઠાકોરજીને યાદ કર્યા !! નારાયણચરણ સ્વામી કહે : 'લાવો ધરાવી આવું.' એમ કહી ધરાવી આવ્યા. પછી સ્વામીશ્રીએ એક દાણો અંગીકાર કર્યો. બાકીની પ્રસાદી વહેંચી દેવા બ્રહ્મપ્રકાશ સ્વામીને કહ્યું. પછી પોતે કહે : 'સંતો, બધા સંકલ્પ કરજો કે આ હરિભક્તનું દાળિદર ટળે.' કોઈને દુખિયો રે દેખી ન ખમાય. એ પંક્તિ

સ્વામીશ્રીના જીવનમાં ચરિતાર્થ થયેલી છે.

* * *

સ્વામીશ્રીને નાનામાં નાના સંતનો અંતરથી મહિમા છે. '૯૩માં આનંદમુનિ સ્વામીએ 'પારાક' વ્રત (૧૨ દિવસના સળંગ નિર્જળા ઉપવાસ) કરેલું. સ્વામીશ્રીએ નીચા નમી તેમના ચરણસ્પર્શ કર્યા ને પારણાં કરાવતાં કહે : 'સાક્ષર ! આપણે તો વ્રત ન કરી શકીએ પણ પારણાં કરાવવાનું પુણ્ય મળ્યું. આપણાં ભાગ્ય કહેવાય કે આ હાથે આવા તપસ્વી સંતને પારણાં થયાં !'

* * *

એકવાર (તા. ૧૫-૭-૯૩) બપોરે પ્રસાદ લેતી વખતે બધા સંતો દર્શન માટે કક્ષમાં ગોઠવાયા હતા તેમાં હું પણ જઈને બેઠો. હજુ પ્રસાદ આવ્યો ન હતો. સ્વામીશ્રી બે-ત્રણ પળ જોઈ રહ્યા પછી મને કહે : 'સાક્ષર ! ખાલી હાથે આવીને બેઠો - થાળ લઈને આવવું જોઈએ ને!'

મને થયું : સેવકો લાવતા જ હશે... એમ ધારી ઊભા થવામાં વિલંબ કર્યો. કોઈ કહે : 'જગ્યા જતી રહે એટલે વિલંબ કરે છે...' આથી હું ગયો, થાળ લાવ્યો, મૂક્યો. અને હકીકતે મારી જગ્યા પુરાઈ ગયેલી. પરંતુ સ્વામીશ્રીએ મને પોતાની સમીપે ડાબી બાજુ બેસાર્યો ને કહ્યું : 'જો પાછળ સંત બેઠા છે, તેને પૂંઠ ન દેવાય, ત્રાંસો બેસ.'

પછી વાતો ચાલી. અક્ષરવત્સલ સ્વામી કહે : 'બાપા ! સાક્ષર કહે, '૮૮ની ટુર સ્વામીશ્રીએ મારા માટે જ બ્રહ્મરૂપ થવા, સ્વભાવ ટાળવા ગોઠવી હતી.'

સ્વામીશ્રી કહે : 'એમ, કેટલા ટળ્યા ?'

મેં કહ્યું : 'હજુ એ માર્ગે છું.'

નારાયણમુનિ સ્વામી કહે : 'કહોને સાક્ષર ! દૂધ મૂકી દીધું...'

મેં કહ્યું : 'હા, એ ખરું, દૂધ છોડી દીધું.'

તરત સ્વામીશ્રી કહે : 'તેં ક્યાં છોડ્યું છે, એ તો મેં છોડાવ્યું છે !'

સ્વામીશ્રી ઘણીવાર આમ સભાન કરતા હોય છે, એમ કે પોતાના સાધનથી સ્વભાવ નથી ટળતા પણ સત્પુરુષ કૃપા કરે છે ને ટાળે છે.

મેં કહ્યું : 'સ્વામી ! આપે ખૂબ દયા કરી.'

સ્વામીશ્રી કહે : 'સાધુ થવું, સાધુતા શીખવી ને સ્વભાવ મૂકવા. તમાં

પોતે જ ખટકો રાખવો પડે.'

મેં કહ્યું : 'સ્વભાવ મૂકવા કઠણ છે.'

સ્વામીશ્રી કહે : 'વચને સાધુ થયા તેમ વચને સ્વભાવ પણ જાય.' પછી કહે : 'કહ્યું તેમ કર્યું તો તારું દૂધનું વ્યસન ગયું કે નહીં ?'

'ખરેખર, ગયું.'

સ્વામીશ્રી કહે : 'બસ, મોટાપુરુષને એ જ કરાવવું છે. આજ્ઞામાં મંડ્યા રહો, એની સામું જોતા રહો, જેમ કહે તેમ કરતા રહો તો સ્વભાવમાત્ર ટળી જાય.'

પછી કહે : 'સ્વભાવ ટાળવાનો પ્રોગ્રામ બનાવવો પડે. નક્કી કરવું પડે. વરસે વરસે એક એક મૂકવા માંડો તો એકેય રહે ખરો ?'

મને કહે : 'તારા કેટલા ગયા, ગણ્યા ?'

મેં કહ્યું : 'સ્વભાવ ઓળખાય છે ખરા, ને સાધુનો માર્ગ જોતાં પાછી વૃત્તિ પણ રહે છે.'

સ્વામીશ્રી કહે : 'આટલો પ્રયત્ન હોય તો પણ મોટાનો રાજીપો થાય. ને એ રાજી થાય એટલે સ્વભાવ ટાળી દે.'

આમ, આવા દર્શન પિરિયડમાં પણ સાધુતાનાં ઉચ્ચ મૂલ્યોનું ભાન, સત્પુરુષમાં પ્રીતિ, અંતર્દૃષ્ટિ, વગેરે બાબતે બ્રહ્મવિદ્યાના ભોમિયા સ્વામીશ્રી બ્રહ્મરૂપ થવાના પાઠો શીખવતા રહે છે.

* * *

સ્વામીશ્રી જમવા બિરાજે ત્યારે વારા મુજબ સંતો પોતપોતાના સત્સંગક્ષેત્રનો અહેવાલ આપે. મેં આજે બાપુનગર, રખિયાલ ને નારાયણનગરનો અહેવાલ આપ્યો. જમ્યા બાદ મળનારા મળી ગયા. નારાયણમુનિ સ્વામી શ્રાવણ માસ-પારાયણ નિમિત્ત રાજકોટ જતા હોવાથી રજા લેવા આવ્યા.

સ્વામીશ્રી કહે : 'હાલારમાં પણ જજો, બધા હરિભક્તોને રાજી કરજો.'

એટલે મેં કહ્યું : 'મુનિ ! તમારે તો મોટું લાંબું આવ્યું.' (જમીન-મિલકતની વહેંચણીમાં કોઈને વધુ જાય તેને મોટું લાંબું/સારું લાંબું કહે છે.)

સ્વામીશ્રી મને કહે : 'તારેય મોટું લાંબું છે. બાપુનગર કેવડું મોટું છે !'

મેં કહ્યું : 'મોટું છે એટલે વધુ કૂટારો.' (મહાપૂજા-પધરામણી-વાસ્તુ રોજ

કંઈ ને કંઈ ચાલ્યા કરે તેને અનુભવીઓને 'કુટારો'

સ્વામીશ્રી કહે : 'ભલા'દમી ! આને કુટાર[illegible]
સેવા છે. શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજે
કુટારો કહેવાય ?'

મેં કહ્યું : 'ભૂલ થઈ ગઈ.'

'ભૂલ કેમ થાય ! આપણે તો આજ્ઞા જ છે. કુટારો
સંસારિયાને છે, બીચારા આખી જિંદગી કૂટે છે. આપણે તો સેવા
એમાં જ આપણું શ્રેય છે.'

પછી કહે : 'પેલું ગાયું લાગ્યું ને આ કુટારો લાગે છે,' એમ કહેતાં હસી
પડ્યા. સાધુ થઈને શું કરવાનું છે તેનો સ્પષ્ટ ખ્યાલ સ્વામીશ્રી સિવાય કોણ
આપી શકે ?

* * *

બીજે દિવસે સાંજનું ભોજન લેતી વેળા ગઈ કાલનો 'કુટારો' શબ્દ ફરી
ઊંચક્યો ને કહેવા લાગ્યા : 'ઈશ્વરસ્વામી ! સાક્ષરને આ બધું કુટારો લાગે
છે. કુટારો તો પૂર્વે હતો, એમાંથી ઉગારી લીધો ને અક્ષરધામના સુખમાં
મૂક્યો. નહિતર બૈરાં-છોકરાં, ખેતર-વાડી, પરણાવવા-પસ્તાવા - બધો કુટારો
વળગેલો જ હતો...' આમ વારંવાર કહેતા જાય અને આ સાધુના માર્ગની
મહત્તા દર્શાવતા જાય.

ફરી કહે : 'આને કુટારો કહેવાય જ કેમ ! શબ્દ જ કેમ નીકળે ?'

[illegible]તો હિચૂટે થઈ સાંભળતો રહ્યો.

[illegible]હે : 'સાક્ષર, પંચાંગ પ્રણામ કરી માફી માગો.'

[illegible]મીશ્રી કહે : 'પંચાંગ નહીં, સાષ્ટાંગ કરવા પડશે.'

[illegible]વત્ શરૂ કર્યા. ૧૧ દંડવત્ કર્યા પછી સ્વામીશ્રી કહે :
[illegible]ણવલ્લભ સ્વામીને) કરી નાખ.' એ પણ કર્યા.
[illegible]હવે માફ થઈ ગયું.'

'સાક્ષર કથાવાર્તામાં મંઠ્ઠર પર વાત કરે...'
[illegible], ક્યાંથી આવ્યો ? મંઈ પડ્યું તો બહાર
[illegible]ર કદાચ બોલે તો ચાલ્યું જાય, કેમ
[illegible]ક્ષરનું તો લોકમાં પ્રમાણ [illegible]

અમારું શું પ્રમાણ ? એટલે સાક્ષરે તો વિચારીને જ બોલવું જોઈએ...'

મેં કાન પકડ્યા ને કહ્યું : 'તમે તો ધોઈ નાખ્યો ! હવે ભૂલ નહીં થાય.'

ઘણીવાર આપણે વિચાર્યું પણ ન હોય ને હકીકતે સત્સંગ સંબંધી ક્રિયાને કુટારો માનતા પણ ન હોઈએ તેમ છતાં - 'યોઽન્તઃ પ્રવિશ્ય...' અંતરમાં તેઓ જ પ્રવેશ કરીને ખૂણેખાચરે રહેલો આવો સૂક્ષ્મભાવ બહાર કાઢી તેને ચૂરચૂર કરે છે.

* * *

એકવાર રાત્રિભોજન લેતી વખતે 'પ્રકાશ' વંચાતું હતું. વિવેકસાગર સ્વામીએ 'રથયાત્રા' લેખમાં હરીન્દ્ર દવેની કાવ્યપંક્તિ મૂકી હતી : 'અક્ષરનો સંગાથ મળે તો ધામ ન લાગે છેટું જો...' આ સાંભળી તરત સ્વામીશ્રી ઝીણી આંખો કરી કહે : 'ઓ...હો...' એમ કહેતાં મારી સામે કરનું લટકું કર્યું. તરત હું બોલ્યો : 'આ આપની વાત છે...'

સાંભળીને સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા.

પછી કહે : 'જો... જો, પોતે માની લીધું કે એની વાત છે ! હું કંઈ બોલું તે પહેલાં તો કહી દીધું !'

હકીકતે એમનો ઈશારો મારા તરફ હતો પણ તરત ફેરવી તોળ્યું.

સુખ આપવાની રીત એમની અત્યંત ન્યારી છે.

* * *

એકવાર સભામાં કૃષ્ણપ્રિય સ્વામીએ 'જનમ સુધાર્યો રે હો મારો -' કીર્તન ગાયું ને તરત સ્વામીશ્રી સમક્ષ માઈક મુકાયું. સ્વામીશ્રીએ મુક્તાનંદ સ્વામીનું આખ્યાન વિસ્તારથી નિરૂપ્યું. પછી સ્વરૂપનિષ્ઠાની વાત કરતાં કહે : 'નાની સરખી આજ્ઞા ન લોપાય તો જાણીએ કે સ્વરૂપનિષ્ઠા સાચી.' પછી કબા ગાંડાનું દૃષ્ટાંત વિસ્તૃત રીતે લડાવ્યું ને કહે : 'લોકો બૈરાં માટે ગાંડા થાય, બૈરું મરે તેની પાછળ માથું કૂટે ને મરે. વળી ફોટો હાથમાં લઈ જોયા કરે ...અહોહો, કેવી હતી, ને ગઈ !' એમ કહી લટકું કર્યું ને આખી સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

સભા પૂરી થયા પછી સાંજનું ભોજન લેવા બિરાજ્યા તે વખતે સ્વામીશ્રીએ કહ્યું : 'સાક્ષર, તું ગાંડો થયો, ભગવાન ભજે તેને જગતના ગાંડા કહે.'

મેં કહ્યું : 'ગાંડાની તો વણઝાર છે...'

ચૈતન્યસ્વરૂપ સ્વામીએ કહ્યું : 'બાપા ! મહારાજના વખતમાં કબાને યાદ કર્યો તેમ આજે સાક્ષરને યાદ કર્યા.'

તરત સ્વામીશ્રી કહે : 'અલ્યા, એની સાથે આને ક્યાં સરખાવે ! પેલાને તો ભગવાન નહોતા મળ્યા એટલે મહારાજે કહ્યું. ભગવાન નથી ભજતા તે બધા કબા ગાંડા. વેપાર કરે તોય ગાંડા, આવોય (કબો) ધૂળ-પથરાનો વેપાર કરે ને અત્યારના એલચી-લવિંગનો - પણ બેય ગાંડા. અને આપણે ભગવાન ભજીએ એટલે લોકની દૃષ્ટિએ ગાંડા ગણે પણ ભગવાનની દૃષ્ટિએ તો ડાહ્યા...'

આમ, આજના કથા વિષયનું પૂર્ણવિરામ આપતાં સ્વામીશ્રીએ પોતાની જગત-ભગત વચ્ચેની આભઊંચી ભેદરેખા દર્શાવી. ભગવાનને ભજનારાનું માહાત્મ્ય, જેઓ અહોનિશ વર્તે છે તે પુરુષ જ જાણી શકે છે.

* * *

એકવાર જમતી વખતે કેરીના રસની વાત સંતોએ કાઢી. પહેલાં કરતાં આજે કેટલું સુખ છે, તેની વાત સાંભળી. સ્વામીશ્રી મારી સામે જોઈ કહે : 'સાક્ષર ! આપણે તો કેરીના ગોટલા ને છોતરાં હતાં કેમ ?'

મેં કહ્યું : 'ખરી વાત છે, સાચું પૂછો તો એ પણ નહોતું.'

સ્વામીશ્રી કહે : 'અત્યારે કેમ છે ?'

મેં કહ્યું : 'અત્યારે તો ફાંસ વાગે તોય બદામની વાગે. મધની ધારે નેવાં પડે, લાડવા પર પથારી ને લાપસીમાં લીટા !'

સ્વામીશ્રી કહે : 'પહેલાં (પૂર્વાશ્રમમાં) કેવું હતું ?'

મેં કહ્યું : 'મારાં ભાગ્યમાં તો ધૂળિયા ગામડે, ઢાંઢાનાં પૂંછડાં આમળવાનું હતું. ઢેફાંના જીવ તે ઢેફાં હારે આથડવાનું હતું. ઢોરાં ચારતા ઢોર જેવું જ જીવન હોય ને, લકઝરી વાહન એટલે બળદગાડું. બસ ભાળીને ઠાઠે લટકીએ... ને એ જ મુસાફરીનો ધૂળિયો આનંદ લૂંટવાનો...' સાંભળીને સ્વામીશ્રી તો શું હસે !

પછી મેં કહ્યું : 'બાપા ! આપે એવી દયા કરી, કરુણા કરી એ મહા-માયાથી ઉગારી લીધો. પાંખમાં લઈ મહાસુખિયો કરી દીધો.'

સ્વામીશ્રી કહે : 'સુખિયો તે કેવો ! હવે પ્લેનના ઠાઠે બેસવા મળ્યું. દુનિયા ફરી આવ્યો.' પછી કહે : 'પૂર્વેની દશા બધાને એ જ હતી. ભગવાન

ને સંત મળ્યા તો સુખિયા થઈ ગયા. જગતના જીવ તો કૂચા ચાટે છે...'

ખરેખર, સ્વામીશ્રીની કરુણાના મેઘ સૌ પર સરખા જ વરસે છે. એમને ભગવાનના સુખે સુખિયા કરવા છે. પણ આપણી તૈયારી કેટલી ?

* * *

એકવાર જમતી વખતે સ્ત્રી-સ્વાતંત્ર્ય પુસ્તક વંચાતું હતું. તેમાં સ્ત્રી-પુરુષ સમાન અધિકાર પર સરકારી નીતિ અને અન્ય ધર્મોએ ઉઠાવેલ વાંધો વગેરે પર ચર્ચા ચાલી.

સ્વામીશ્રી કહે : 'સમાન-અધિકાર ક્યારેય શક્ય નથી. પત્ની, પતિનો અડધો ભાગ માંગે પણ પતિને પાંચ ભાઈ હોય, એ બધા પાસે, બધી આટલું જ માંગે, અને એ શક્ય બને જ નહીં.'

જમી રહ્યા પછી ચોકઠાંની રાહ જોતા સ્વામીશ્રી બેઠા હતા.

સ્વામીશ્રી મને કહે : 'સાક્ષર ! તું બચી ગયો. જોગી બાપાએ દયા કરી. નહિતર માયા ચિચોડામાં પીલી નાખત.'

મેં હાથ જોડી કહ્યું : 'ખરેખર, બાપા ! આપે ખૂબ દયા કરી. હાથ ઝાલી ખેંચી લીધો.'

આમ, સ્વામીશ્રીએ વાત શરૂ કરી તેથી અન્ય સંતો પણ દાદા ફરતે ટાબરિયા ટોળું વળે તેમ બેસી ગયા.

સ્વામીશ્રી કહે : 'સ્ત્રી માયા છે, સંકલ્પ કરવો જ નહીં. સ્વામીએ ઉગાર્યા છે નહીંતર એ ચાવી જાત. મોટાપુરુષ ન મળ્યા હોત તો ! સાક્ષર, તારું ઠેકાણું ક્યાં હોત ?'

મેં કહ્યું : 'બાપા ! એની કલ્પના જ ન થઈ શકે. આપે દયા કરી હાથ ઝાલ્યો છે તો ઝાલી રાખજો.'

સ્વામીશ્રીએ આ પ્રાર્થના કાને ધરી. એવી મધુર દૃષ્ટિ કરી કે એ પાંપણ પલકારતી કરુણાઝરી આંખો ઇદમ્ સાંભરે છે.

* * *

મહેસાણા જન્મ જયંતી પછી સ્વામીશ્રી અમદાવાદ થોડુંક રોકાઈને કુકડિયા પારાયણમાં પધારેલા. પછી વળતા ત્રણ દિવસ ગાંધીનગર રોકાયા હતા. ફરી તા. ૨૦-૧૧-૯૪ થી અમદાવાદમાં લાંબું રોકાણ કરેલું.

ગાંધીનગરથી રાત્રે ૧૦-૩૦ વાગે પધારેલા ત્યારે બધા સંતોને હાથ જોડી

જય સ્વામિનારાયણ કહેતાંક મુલાકાતખંડમાં રાખેલા સામાન્ય ખુરશી-સોફા પર બિરાજી ગયા. અમે સન્મુખ બેઠા.

મને જોઈને કહે : 'કુકડિયા કેમ ન આવ્યો ?'

મેં કહ્યું : 'આપ અહીં પધારવાના જ હતા ને વળી આજ્ઞા નહોતી.'

'આજ્ઞા' શબ્દ સાંભળી સ્વામીશ્રીએ પ્રસન્ન દૃષ્ટિથી જોયું ને કહેવા લાગ્યા : 'આજ્ઞામાં સુખ, આજ્ઞામાં રહેવું, સાથેનું સુખ આજ્ઞા પાળે એટલામાં મળી જાય.' મારી વૃત્તિ કુકડિયા સ્વામીશ્રી પાસે પહોંચી ગયેલી. તે અંતર્યામીપણે સ્વામીશ્રીએ પાંચ દિવસનું સુખ જાણે દિવ્ય નેત્રોમાંથી વહેતા વાત્સલ્યધોધમાં ભીંજવીને ફક્ત પાંચ સેકન્ડમાં આપી દીધું !

નારાયણમુનિ સ્વામી આવ્યા. સ્વામીશ્રી કહે : 'મુનિ ! અહીં (સોફા પર) આવો ને !' પણ તેઓ દીનપણે હાથે જોડી નીચે જ બેસી ગયા.'

નારાયણચરણ સ્વામી કહે : 'મુનિ એમ બેસે ? બેસાય જ કેમ ?'

સ્વામીશ્રી કહે : 'સાધુ જેવી પદવી નથી. સાધુ એટલે માથાના મુગટ, એમની પાસે તો હું નીચે બેસી જાઉં... આપ બધા ભગવાનના ખોળે બેઠેલા મુક્તો છો. અમે તો શું કરી શકીએ, તમારા બધાની ચરણરજ લઈએ !' એમ એક શ્વાસે બોલી નાખ્યું. અમે તો સાંભળતા જ રહ્યા. પછી પણ એમનો સંતો પ્રત્યેનો સ્નેહ, મહિમાગાન દ્વારા ફૂટી ફૂટીને વહેવા લાગ્યો. સ્વામીશ્રી એટલા નિર્માનીપણે બોલતા હતા કે જાણે આ સંતો માટે હું શું કરી નાખું ! પોઢવાનો સમય વ્યતીત થતો હતો. સેવકોની ખૂબ વિનંતી પછી ઊભા થયા ને ફરી બધાને હાથ જોડ્યા ! કેવી નમ્રતા !

* * *

સ્વામીશ્રી ઘણીવાર ભોજન બાદ એક જ આસને ખોળામાં ઓશીકું લઈને બિરાજ્યા હોય ત્યારે દંતવિહીન મુખારવિંદમાં આમળાના નાના શા કણને મમળાવતી, ગાલની દીવાલો પર ગેલ કરતી જીભનું નિરીક્ષણ કર્યું છે. કેટલું આહ્‌લાદક હોય છે એ વદન ! અંતરમાં એનું ધ્યાન ધરવાથી ભવભવનો સ્વાદ હણાઈ જાય ! એ જ આસને મિટિંગોમાં વ્યસ્ત બને અને કોઈ નકશાઓ પર એમની ઝીણી નજર ફરતી હોય ત્યારે એક હાથની કોણી ઓશીકે રાખી મુખને ટેકવી રહેલી કોમળ અંગુલિઓ દંતવિહીન ગાલમાં પેસી જતી નિહાળીએ ત્યારે તો ગણપતિની એકાગ્રતા પણ ટૂંપાઈ જાય. રાત્રે

૧૦-૪૫ વાગે પોઢવા પધારે ત્યારે એટલી જ તાજગી અંગ-બદનમાંથી ઊભરતી દીસે. પ્રિયપાત્ર સામે મર્માળુ હસે ત્યારે મુખ-ગહ્વરની શ્યામતા, હોઠના મિલનખૂણે રચાતી તરલતા, અને કરના લટકાની ચપળતાથી ભરીભરી એ નિર્દોષમૂર્તિને નીરખવા કંઈ કેટલાં આંખો મટકવું બંધ કરી દે છે... એવાં તે કેવાં એનાં કામણ હશે કે એ મૂર્તિનાં દર્શન માટે મોટામોટા માંધાતાઓ, બુદ્ધિશાળીઓ, ડૉક્ટરો કે ઇજનેરો પણ દૂરદૂર દરિયા પારથી દોડ્યા આવે છે ! જેવા મેં નીરખ્યા છે તે પરથી કહું - એ માનુષી છવિમાં નખશિખ શ્રીજીમહારાજ બિરાજે છે.

મનુષ્ય શરીર ધરીને વિચરતા સાક્ષાત્ બ્રહ્મની છવિનો અનુભવ શબ્દોમાં આંકવો અશક્ય છે. અરે, આ લોકમાં પણ કોઈને દરિયાનો અનુભવ કરવો હોય તો મોજાંનો માર ખાઈ મઝધારે જવું પડે.

સ્વામીશ્રી દરિયા જેવા અગાધ છે, ભવરણના ભોમિયા છે, પરબ્રહ્મની સૌરભથી ભર્યા ભર્યા છે. આપણા જેવા થઈને પધાર્યા છે તેથી આપણે એમની મેરુશી ઊંચાઈને આંબવા હવાંતિયાં મારીએ છીએ. પણ પગથિયું પર્વતની ટોચથી ઘણું નીચે છે. એ સત્ય ભૂલી જઈએ છીએ.

અહીં જે કંઈ રજૂ થયું છે તે સ્વામીશ્રીની માનુષી છબિમાંથી ચોતરફ વછૂટતી, વિલસતી, વિસ્તરતી દિવ્યતાનું બુંદમાત્ર છે.

એમની યથાર્થ બ્રહ્મછબિને નિહાળવા આ ચર્મચક્ષુનું ગજું નથી. એ માટે 'દિવ્યં દદામિ તે ચક્ષુઃ' ગીતામાં કહ્યા મુજબ તેઓ પોતે જ કરુણાએ ભીના થકા, કૃપા કરીને દિવ્યચક્ષુ આપણને આપે છે ત્યારે એમનો કંઈક અણસાર આપણે પામી શકીએ છીએ.

પ્રસ્તુત પ્રસંગોમાં વહેતો એવા અણસારોનો આછો અદકો કાફલો જીવભાવમાં રાચતા મારા જેવા કંઈકને બ્રહ્મભાવના દિવ્ય રાજપથ પર દોરી જશે, એ નિશ્ચિત વાત છે.

* * *

વિશ્વસ્વરૂપ સ્વામી

અમદાવાદ

૧૯૭૦માં કંપાલામાં યોગીજી મહારાજનાં સૌ પ્રથમ દર્શન થયાં, ત્યારે મારી ઉંમર ૧૨ વર્ષની હતી. એ વખતે સત્સંગનો યોગ થતાં મને સાધુ થવાની સામાન્ય ઇચ્છા થઈ હતી, કારણ કે અન્ય યુવકો પણ ભારત જઈને યોગીબાપાના શુભ હસ્તે સાધુની દીક્ષા લેવાના હતા. પરંતુ મારી ઉંમર નાની, તેથી રજા તો મળે જ નહિ, તે સ્વાભાવિક હતું. પરંતુ ૧૯૭૪માં પ્રમુખસ્વામી મહારાજ લંડન આવ્યા, ત્યારે નોકરી છોડીને સેવામાં રહેવાનું થયું હતું, ત્યારે એ ઇચ્છાએ તીવ્ર વેગ પકડ્યો હતો. પરંતુ ઘરેથી જૂનો સત્સંગ, તેથી રજા ન આપી. સ્વામીશ્રીને પણ વાત કરી. પછી તો રોજ મંદિરે જવાનું થતું, ને ત્યાં રહેવાનું થતું. અન્ય સાધુ થનાર યુવકોનો (ત્યાગસ્વરૂપ સ્વામી, વિવેકજીવન સ્વામી, નંદકિશોર સ્વામી, ધર્મવત્સલ સ્વામી વગેરેનો) સંગ થતાં સત્સંગકાર્યમાં જ રચ્યાપચ્યા રહેતા. ઘેરથી રોજ સવારે વહેલા નીકળી જવું, અને રાત્રે મોડા ઘેર આવવું, તેમજ શનિ-રવિ તો મંદિરમાં જ સેવામાં વિતાવવા એ જીવનક્રમ બની ગયો હતો. તેથી ઘરનો સંપર્ક નહિવત્ હતો.

સને ૧૯૭૬માં વિદ્યાનગરમાં યુવક અધિવેશનનું આયોજન હતું. લંડનથી સાધુ થનારા ઉપરોક્ત યુવકો તેમાં ભાગ લેવા જવાના હતા. પરંતુ મને રજા જ ન મળે. હું હતાશ થઈ ગયો, ને તરત જ સ્વામીશ્રીને એક પત્ર લખ્યો. સ્વામીશ્રીએ તાત્કાલિક વળતો જવાબ લખી મોકલ્યો, અને આશ્ચર્યની વાત એ બની કે જે દિવસે મને સ્વામીશ્રીના આશીર્વાદનો પત્ર મળ્યો, એ જ દિવસે ઘરેથી સાધુ થવાની રજા રાજીખુશીથી મળી ગઈ.

વિદ્યાનગર અધિવેશન બાદ સ્વામીશ્રી સાથે વિચરણમાં અમે લંડનના ત્રણ યુવકો ૪ મહિના ભેગા ફર્યા. એકવાર પંચમહાલના દેવગઢબારિયામાં એક હરિભક્તના ઘેર મને પહેલી જ વાર મેલેરિયા થયો. સખત તાવ

તેવા મેં નિરખ્યા રે

આવતાં હતો. તેથી હું ઓરડામાં આરામ
સાધુની રૂમમાં જ હતો. તેમને ખબર મળી, તેથ
યાં આવીને તરત નીચે જ બેસી ગયા. પછી મારુ
બે-ત્રણ સંતોને મારા જમવાની-સૂવાની વ્યવસ્થા માટે
પાસે પેડ મગાવ્યું ને મારી બાજુમાં જ બેસીને પત્ર લખવા લ
સામાન્ય પૂર્વક, પણ એક તુચ્છ જીવની સેવા કરવામાં પણ
નાનપ અનુભવી નથી. કારણ કે તેમની વાત્સલ્યની, પ્રેમની એક
ધારા આપણા ઉપર વહ્યા કરતી હોય છે.

આ જ વિચરણમાં અમે ગઢડા ગયા હતા. અહીં રસોડાની કેન્ટીન
તરફથી શાસ્ત્રીજી મહારાજની રૂમ તરફ હું આવતો હતો, ને પાછળ જ
સ્વામીશ્રી આવ્યા, ને મારો હાથ પકડી અડધી મિનિટ ચાલ્યા, ને થોડી વાત
કરી. પરંતુ આ હાથ પકડ્યો, તેમાં એટલું બધું સુખ આવ્યું કે હું બધું જ ભૂલી
ગયો. શું વાત કરતા હતા, તે તો યાદ જ નથી. બસ, સુખ સુખ જ લાગતું
હતું. વચનામૃત અં. ૨૭ પ્રમાણે 'ભગવાનના એક જ વિષયના સુખમાં
પાંચેય વિષયના સુખ આવી જાય' - એવો અનુભવ થોડીક ક્ષણ માટે થયો.
આવા ભગવાનના અખંડ ધારક સત્પુરુષ પાસે ભગવાનનું દિવ્ય સુખ
આપવાની અદ્ભુત સામર્થી છે જ, તેની ઝલક આવા કોઈક પ્રસંગે અનુભવી
શકાય છે. આવું સુખ કાયમ માટે રહે તે જ પ્રાર્થના.

* * *

કૃષ્ણસ્વરૂપ સ્વામી

અમદાવાદ

યોગીજી મહારાજના વખતથી અમારે સત્સંગ. પણ તે વખતે નાની ઉંમર એથી કાંઈ સમજણ કે જ્ઞાન નહિ. સહેજેં સહેજે મળે તો યોગીજી મહારાજનો થોડો લાભ લઈએ. નહિ તો કપોળવાડી કે દાદર મંદિરે બાળમંડળનાં જઉં પણ સત્સંગના લાભ કરતાં નાના છોકરાઓ જોડે મંદિરમાં રમવામાં સમય જાય. થોડી શરમાળ પ્રકૃતિને કારણે કોઈ સંતો સાથે બેઠકઉઠક નહિ. ફક્ત દિવાળીમાં અન્નકૂટની સેવામાં ત્યાગવલ્લભ સ્વામી બોલાવે ત્યારે નાના એટલે અન્નકૂટની સામગ્રીઓ મહિલામંડળને આપવા-લેવાની સેવા કરતા.

યોગીજી મહારાજ સ્વધામ પધાર્યા ને સ્વામીશ્રીએ સત્સંગને સંભાળી લીધો તે પહેલાં સ્વામીશ્રી સાથે મારે કોઈ ઓળખાણ નહિ ને મળેલા પણ નહિ.

૧૯૭૨માં સ્વામીશ્રી મુંબઈ પધાર્યા હતા ત્યારે ઘરે પધરામણી કરવાની હતી પણ ઘરમાં એક મરણ થતાં સૂતકને લીધે છેક બીજે વર્ષે સ્વામીશ્રી પધાર્યા.

પૂજા-આરતી પછી મળ્યા ત્યારે ત્રીજા નંબરના ભાઈએ 'સાધુ થવું છે' એવી સ્વામીશ્રીને વિનંતી કરી, ત્યારે મારાથી પણ સહજતાથી બોલાઈ ગયું : 'સ્વામી, મારે પણ સાધુ થવું છે.' ત્યારે સ્વામીશ્રીએ બંનેને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી ઊભા થતા હતા ત્યાં ૧૯૭૧ના યુવા અધિવેશનમાં જે ચિત્રમાં મને પારિતોષિક મળેલું તે પેઈન્ટીંગ સ્વામીશ્રીને બતાવ્યું. યોગીબાપા જમવા બેઠા છે તે ચિત્ર હતું. સ્વામીશ્રી તે જોઈને ખુશ થયા ને ફરી આશીર્વાદ આપ્યા. નીકળતાં નીકળતાં ફરી મેં સ્વામીશ્રીને કહ્યું, 'સ્વામી, બળ આપજો, સાધુ થવાય.' સ્વામીશ્રીએ ગાડીમાં બેસી દરવાજો બંધ કરતાં બારીમાંથી ફરી માથે હાથ મૂક્યો.

બીજે દિવસે જ રવિવારની યુવક સભા હતી. મારે સભામાં કીર્તન ગાવાનો વારો હતો. તે વખતે નવો નિશાળિયો. ગાઈ શકું, પણ સંગીતનું

જ્ઞાન નહિ. એક યુવકે મને કહ્યું, 'નારાયણનું નામ જ લેતાં વારે એને તજીએ રે...' એ જ કીર્તન ગાજે.' હું તો માઈક ઉપર ઊભા ઊભા એ કીર્તન હાર્મોનિયમ કે તબલાં વગર ગાવા લાગ્યો. સ્વામીશ્રી પણ સભામાં ઉપસ્થિત હતા. સ્વામીશ્રીએ ખૂબ ધ્યાનથી કીર્તન સાંભળ્યું. અંતે હું એમને પગે લાગવા ગયો ત્યારે સ્વામીશ્રી ખૂબ ખુશ થયા અને બોલ્યા, 'બહુ બળિયા છો, બરાબર આપણે સાધુ થવું છે.' તે વખતથી મને લાગ્યું, સ્વામીશ્રી સાચે જ જાણે આપણને ઓળખે છે.

* * *

૧૯૭૪માં સ્વામીશ્રી પ્રથમવાર પરદેશ ગયા ને નૈરોબીથી ફરી પાછા પધાર્યા તે વખતે મુંબઈમાં ૪૦ દિવસ સુધી રોકાયા હતા. વચ્ચે એકાદ દિવસ અટલાદરાના કોઠારી સદ્‌ગુરુ અક્ષરસ્વરૂપ સ્વામી ધામમાં ગયા ત્યારે અટલાદરા પધાર્યા હતા.

આ ૪૦ દિવસમાં સવારે પૂજા વખતે ને રાત્રે સભા પૂરી થાય પછી હરીશભાઈ, યાજ્ઞ દવે, સુનીલ પરીખ, ડૉ. અતુલ પરીખ, મનોજભાઈ પંડ્યા (પૂ. યોગેન્દ્ર સ્વામી) એમ અમે આઠ-દસ યુવકો દર્શનાર્થી હરિભક્તોની લાઈનની વ્યવસ્થામાં ઊભા રહેતા. છેલ્લે જ્યારે અમે પગે લાગવા જઈએ ત્યારે સ્વામીશ્રી બધાને માથે હાથ મૂકે, ને મને જુએ ત્યારે રોજ બંને સમયે સવાર-સાંજ મારી સામે હસીને કહે, 'આપણે સાધુ થવું. બળ રાખજો.' આ શબ્દો ૪૦ દિવસમાં લગભગ ૮૦ વાર મારા કાને પડ્યા હશે ! સાથેના યુવકોને પણ થાય કે સ્વામીશ્રી કેમ તને જ રોજ બે ટાઈમ સાધુ થવાનું યાદ કરાવે છે ? મને પણ કાંઈ સમજ પડતી નહિ. પણ ફરી સંસારની માયામાં લપેટાઈ ના જવાય તે માટે જાણપણારૂપ દરવાજે જ રાખતા હશે તેમ જણાય છે.

* * *

૧૯૭૪, મુંબઈ, અષાઢ સુદી એકાદશીને દિવસે પૂજા બાદ બધાની સાથે હું પણ સ્વામીશ્રીને પગે લાગવા ગયો. ત્યારે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા, મારે ચાતુર્માસમાં શું નિયમ લેવો ?' સ્વામીશ્રીએ એકાદશી નિર્જળા કરવા કહ્યું. અને બળ આપતાં કહે : 'થશે ને ? નિર્જળા કરજો !'

પછી સ્વામીશ્રી ઉકાળાપાણી કરવા પધાર્યા ત્યારે ઘણા યુવકોએ નિયમો

લીધા. મારી સામે જોયું ને માર્મિક દૃષ્ટિ કરી હસીને મુખારવિંદ હલાવ્યું કે તમને નિયમ આપી દીધો છે. તે વખતે એવું મૂર્તિનું સુખ આપ્યું કે હજુ પણ એ મૂર્તિ ભુલાતી નથી. રાત્રે ઘેર આવ્યો પણ નિદ્રા ના આવે. આખી રાત પડખાં ફરું. અંતરમાં કાંઈ સમજ નહોતી પડતી કે શું થાય છે ? કારણ કે રાત્રે ૧૧-૩૦ વાગે મંદિરેથી આવું. આખા દિવસનો થાક હોય એટલે રોજ પથારીમાં પડતાની સાથે સવાર પડે. પણ તે દિવસે શું થાય એ જ ખબર નહોતી પડતી. બસ, એ જ મૂર્તિ આખી રાત મારી નજર સમક્ષ દેખાયા કરે ને કોઈ દિવ્ય શાંતિનો અનુભવ થતો લાગે. આવું છે એમની મૂર્તિનું કામણ.

* * *

૧૯૭૫માં શરદ પૂનમે યોગી સ્મૃતિ મંદિર, ગોંડલના ઉદ્‌ઘાટન વખતે અમને ૧૮ યુવકોને સ્વામીશ્રીએ દીક્ષા આપી. પછી ગોંડલમાં જ અન્નકૂટ કરી ત્યાંથી સ્વામીશ્રી સાથે અમે કેટલાક નવદીક્ષિતો વિચરણમાં સાથે જોડાયા. પંચતીર્થી કરી ગઢડા થઈ સારંગપુર જતા રસ્તામાં કેરિયા ગામ આવ્યું. અહીં આપણા મંદિરનું ખાતમુહૂર્ત હતું. તેથી સ્વામીશ્રી સ્નાન કરી મંદિરની જમીનના ચોકમાં સ્થાનિક હરિભક્તોની સભામાં મંદિરની લખણી માટે બિરાજ્યા. ખાતમુહૂર્ત કરી ફારગોમાં બેઠા તે વખતે એક હરિભક્તની વાડીએથી તાજાં જામફળ આવ્યાં હતાં. તે જામફળ પ્રગટ ભગતે ગાડીમાં સાથે લીધાં હતાં. આજે સ્વામીશ્રી સાથે ફારગોમાં બેસવાનો વારો મારો હતો. ગાડી ચાલુ થતાં જ સ્વામીશ્રી પત્રવાંચનમાં મગ્ન થયા. એ દરમ્યાન દેવચરણ સ્વામીએ મને જામફળ આપ્યું તે મેં સુધારી ઉપર ઉપરથી પાતળી ચીરી કરી જેથી બીયાં ના આવે. પછી ઠાકોરજીને ધરાવીને સ્વામીશ્રીને એક પછી એક ચીરીઓ આપતો ગયો. બે ચીરી જમ્યા બાદ સ્વામીશ્રી કહે, 'તમે જમો.' છતાં મેં આગ્રહ કરી ચાર-પાંચ વાર ચીરી આપી, તેઓ પ્રેમથી જમી ગયા. તે વખતે સાથે જ્ઞાનયજ્ઞ સ્વામી પણ હતા. અમે બંને ગાડીમાં નીચે જ સ્વામીશ્રીના ચરણારવિંદ પાસે બેઠા હતા. તેમાં પ્રશ્નોત્તરી શરૂ થઈ. સ્વામીશ્રીને પૂછ્યું કે 'સત્પુરુષ એક હોય કે અનેક ? તથા વર્તમાનકાળે કોણ ?' સ્વામીશ્રી કહે, 'સત્પુરુષ એક જ હોય. વર્તમાનકાળે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ છે ને.' એટલે અમે કહ્યું : 'આપ નહિ ?' સ્વામીશ્રી કહે, 'આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા છે

અને વર્તમાનકાળે પણ એ જ બેઠા છે એમાં શંકા ના કરવી. એક દૃઢતા રાખવી. એમાં આત્મબુદ્ધિ કરી લેવી. એ જ મોક્ષનું દ્વાર છે. વર્તમાનકાળે એ જ સ્વરૂપ આપણને મળ્યું છે તે સુખ આવે છે તે બીજે ફાંફાં ના મારવાં...'

આમ, અદ્‌ભુત વાતો શરૂ થઈ એટલે બધા સંતોનું ધ્યાન વાતમાં જ કેન્દ્રિત થયું ને ડ્રાઈવિંગની સેવામાં રહેતો લંડનનો યુવક સુભાષ પણ આ વાતો સાંભળવા વારે વારે પાછળ જોતો હતો. તેથી સ્પીડ ધીમી પડી હતી. સ્વામીશ્રી તેને કહે : 'સુભાષ, તું ગાડી હંકાર, પાછળ શું સાંભળે છે ?' એમ કહી આખી વાત જ બદલી નાખી, પણ મર્મ કહી એકનિષ્ઠાનું રહસ્ય વ્યક્ત કરી દીધું.

* * *

૧૯૮૪, અમદાવાદ, શણગાર આરતી પછી સ્વામીશ્રી ગર્ભગૃહમાં ઊભા હતા, ત્યાં મને ઊભેલો જોયો એટલે નજીક બોલાવી શાસ્ત્રીજી મહારાજની અને એમની પોતાની એક મૂર્તિ બતાવી.. ને કહે, 'આમાં કાંઈ ભૂલ દેખાય છે ?'

મને કાંઈ સમજાયું નહીં. તેથી મૌન રહ્યો. સ્વામીશ્રીએ બતાવ્યું કે શાસ્ત્રીજી મહારાજને જમણી બાજુ રાખવા જોઈએ. પછી જરા ભાવમાં આવીને બોલવા લાગ્યા, 'તમે સમજો. તમે મૂર્તિ બનાવો છો તો બરાબર સમજી રાખવું. આ મૂર્તિ આ બાજુ હોવી જોઈએ. તે બાજુ જ રાખવી.' હું મૌન રહ્યો ને ફક્ત હા પાડી. પણ એમનો વાણીપ્રવાહ ચાલુ જ રહ્યો : 'તમો બધા મૂર્તિઓ બનાવો છો એમાં તું, મુંબઈમાં ભક્તિનંદન, સર્વેશ્વર તથા બહાર બનાવવા મૂર્તિ આપો છો તો મૂર્તિઓ સ્ટાન્ડર્ડ થવી જોઈએ, એક આમ બનાવે બીજો તેમ બનાવે. બધાં અલગ અલગ પોઝ બનાવે છે. એક-સરખી ગુરુપરંપરા થવી જોઈએ. કોઈ મૂર્તિમાં કોઈ ગાતરિયું ઓઢાડે, કોઈ ખુલ્લું શરીર રાખે એમ ન કરવું. બધી એકસરખી થવી જોઈએ. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની એકસરખી સ્ટાન્ડર્ડ થવી જોઈએ. મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામીની પણ એક ચક્ષુવાળી પણ અને બે ચક્ષુવાળી બધી એક સ્ટાન્ડર્ડ થવી જોઈએ. તમો બધા મહંત સ્વામી, ઈશ્વર સ્વામી સાથે મળીને નક્કી કરો - કેવી રીતે મૂર્તિઓ એકસરખી બનાવવી.' એમ મધ્યખંડમાં જ ઊભા ઊભા શિખામણના શબ્દો કહેતા રહ્યા.

આરતી પછી એક કીર્તન પૂરું થયું ને બીજું કીર્તન શરૂ થયું પણ સ્વામીશ્રીને તો જાણે નિરાંત હતી. અંદર મારો હાથ પકડીને સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજના ખંડમાં પધાર્યા. વચોવચ ઊભા રહ્યા. એમની વાણીનો પ્રવાહ તો ચાલુ જ હતો. એમાં વચ્ચે વચ્ચે હું 'હા સ્વામી !' એમ બોલતો હતો ત્યાં સ્વામીશ્રી કહે, 'હા, હા નહિ, બરાબર સાંભળ હું કહું છું તે !' એટલે મને મનમાં મૂંઝવણ થઈ કે શું કહું ? પણ સ્વામીશ્રી કહેતા રહ્યા : 'આરસની મૂર્તિ પણ સ્ટાન્ડર્ડ થવી જોઈએ. મહારાજની પાછળ ચક્કર મુકાવવું નહિ. મૂર્તિ સારી દેખાય એ રીતે બનાવડાવવી.' એમ કહેતા રહ્યા. અને અપૂર્વ સ્મૃતિ આપી. અંતરમાં કાંઈ જુદું જ સુખ વર્તાતું હતું. ઠપકો કે શિખામણ દેતા હતા પણ મીઠું લાગતું હતું. એમની ચોકસાઈ અને ભવિષ્યની દૃષ્ટિએ એમનો નિર્ણય પણ એ સૂચનોમાં જ સમાયેલો હતો.

* * *

૧૯૮૫, જૂન, સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા ત્યારે મેં એક હરિભક્તના ઘર માટે શ્રીજીમહારાજ ફૂલ સૂંઘતા હોય તેવી બે ચક્ષુની સોનાના વરખવાળી તથા નંગજડિત મૂર્તિ બનાવેલી. તે મૂર્તિ ઠાકોરજી પાસે મૂકી હતી. સ્વામીશ્રી શણગાર આરતીમાં પધાર્યા. ઘનશ્યામ મહારાજના ખંડનાં દર્શન કરી મધ્યખંડમાં પધારતાં વચ્ચે મૂર્તિ જોઈ નારાયણચરણ સ્વામીને પૂછ્યું, 'કોણે બનાવી આ મૂર્તિ ! સારી છે.' એમણે મારું નામ આપ્યું. હું બાજુમાં જ હતો. એટલે મને પૂછ્યું, 'કોણે બનાવી ?' મેં કહ્યું, 'કૃષ્ણસ્વરૂપે બનાવી છે.' એટલે કહે, 'સારી બનાવી.' એમ વાત કરતાં મધ્યખંડમાં ઊભા રહ્યા. પૂજારીએ આરતી પ્રગટાવી દીધી હતી. ત્યાં જ સ્વામીશ્રીએ અગાઉ પહેલાં સૂચનો આપ્યાં હતાં એ જ વાતનો દોર દોહરાવતાં કહે, 'આપણે મૂર્તિઓ આવી બે ચક્ષુવાળી અથવા એક ચક્ષુવાળી અક્ષરપુરુષોત્તમ મહારાજની સ્ટાન્ડર્ડ થવી જોઈએ.' આ બાજુ આરતી પ્રગટાવેલ પૂજારીના હાથમાં રહી અને પડદા પણ ખૂલી ગયા હતા. અને મને વચ્ચે જ ઊભા ઊભા સૂચનો કહેવા લાગ્યા. ત્યાં બહારથી ઈશ્વરચરણ સ્વામી વાતનો અણસાર જાણી અંદર પ્રવેશ્યા. એમને સાથે ઊભા રાખી સ્વામીશ્રી આરસની મૂર્તિ તથા ચિત્રપ્રતિમા માટે સૂચના કરવા લાગ્યા. બહાર ઊભેલ સૌ સંતો હરિભક્તો વિચારતા હતા કે શું ચાલે છે ? સ્વામીશ્રી કહે, 'આરસની મૂર્તિમાં પાછળ ચક્કર નહિ

રાખવાનું તથા મુખારવિંદનો ભાવ સારો હોવો જોઈએ. જયપુરમાં કારીગરોને બરાબર સૂચનો આપી સમજાવજો. ચિત્રપ્રતિમામાં પણ સ્ટાન્ડર્ડ મૂર્તિઓ કરવી.' ત્યાં તો અડધી આરતી પ્રગટી ગઈ હતી. ત્યારબાદ સ્વામીશ્રીએ આરતી ઉતારી. મૂર્તિઓ બાબતમાં આવી ચીવટ જોઈ હું તો સાંભળી જ રહ્યો. કેવી એમની નિરીક્ષણ શક્તિ અને કેવાં કલાદષ્ટિભર્યાં સૂચનો !

* * *

એકવાર મેં માટીમાં એક મૂર્તિ બનાવેલી. લગભગ ૧૦ ઇંચની હશે. સ્વામીશ્રી જ્યારે બપોરે ઊઠે ને પ્રસાદ અંગીકાર કરતા હોય તે વખતે એમને બતાવવા લઈ ગયો. થોડીવાર તો જોઈ રહ્યા. આમતેમ ફેરવી પાંચદસ મિનિટ મૂર્તિ જોઈ પ્રશંસા કરી. નાની મૂર્તિ હતી તથા સહેજ હસતું મુખારવિંદ હતું એટલે એમને ગમી. પોતે પણ હસતાં હસતાં કહે, 'સારી લાગે છે નાની મૂર્તિ.' પછી મેં કહ્યું, 'કાંઈ સુધારા કરવા હોય તો કહેજો.' એટલે સ્વામીશ્રી થોડી ક્ષણો નિરીક્ષણ કરી કહે, 'કાન જરા ઊંચા નીચા છે બરાબર કરજો. બાકી બધું બરાબર છે !' આવી સૂક્ષ્મ નિરીક્ષણ કરવાની એમની સૂઝ જોઈને હું અવાક્ બની ગયો. મને પણ કાનની ભૂલની ખબર નહોતી રહી. પાછળથી મેં એ મૂર્તિના કાન સરખા કર્યા. સ્વામીશ્રી મૂર્તિ જોતા જાય અને મૂર્તિના ગાલ પર, માથે વિગેરે જગ્યાએ આંગળીઓ ફેરવી રાજીપો વરસાવતા જાય. આમ, અલૌકિક સ્મૃતિ આપી દીધી.

* * *

૧૯૯૧, અક્ષરધામનું કામ ગાંધીનગરમાં પૂરજોશમાં ચાલતું હતું. મારે હોલ નંબર-૧માં પ્રાર્થના હોલનું મોટું પેઈન્ટીંગ કરવાનું હતું. પેઈન્ટીંગની સાઈઝ ૪૫ x ૧૦ ફીટની હતી. મહારાજને એમના ગુરુ રામાનંદ સ્વામી પોતાની ગાદીના વારસદાર તરીકે નિમણૂક કરે છે અને મહારાજ રામાનંદ સ્વામી પાસે પ્રાર્થના કરે છે એ ચિત્ર ગઢડાના કલાકાર ફતેહસિંહ વાળાએ એક રંગમાં પેપર ઉપર રફ સ્કેચમાં બનાવેલું. જેમાં ઉન્નડ ખાચરનો દરબાર તથા ભાવિક ભક્તોનો સમુદાય દર્શાવ્યો હતો. આ નાના પેઈન્ટીંગને ૪૫ ફૂટ લંબાઈ અને ૧૦ ફૂટની પહોળાઈમાં બનાવવાનું હતું. ફતેહસિંહની પાસે દાદાખાચરના દરબારનું મોટું પેઈન્ટીંગ તૈયાર થતું હતું તેથી આ પેઈન્ટીંગ

કરવાની તથા ટાઈમસર પૂરું કરવાની આજ્ઞા મને ઈશ્વર સ્વામીએ કરી. ઉદ્‌ઘાટનને ચાર મહિના જ બાકી હતા. મને કહે, 'તમે કરી શકશો ?' મેં કહ્યું, 'પ્રયત્ન કરું.' પછી તો સ્વામીશ્રીએ બળ આપ્યું અને શુભ શરૂઆત કરી પણ એક મૂંઝવણ હતી. આટલું મોટું પેઈન્ટીંગ તેથી ઊંચાઈવાળી જગ્યા જોઈએ ઘણી તપાસ બાદ બાજુનો જૂનો બંગલો હતો એમાં ૧૫ ફૂટ ઊંચાઈની સિલીંગ મળી. અહીં વ્યવસ્થા કરી પેઈન્ટીંગનું કામ શરૂ કર્યું. મારી સાથે એક સહાયક આર્ટિસ્ટ હતા અને એક યુવક મદદનીશ તરીકે હતા. અમે ત્રણે મળીને ચિત્રકામ શરૂ કર્યું. જૂન મહિનાની આસપાસમાં આ કામ શરૂ કર્યું હતું. અને સ્વામીશ્રીના આશીર્વાદ પણ મેળવી લીધા હતા કે 'સમયસર તથા સારું કામ થાય એવું બળ આપજો, મારી શક્તિ બહારનું કામ છે છતાં હિંમત કરી શરૂ કરું છું.'

એવામાં ૧૯૯૧માં ઑગસ્ટ મહિનામાં સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. અને પેઈન્ટીંગ જોવા માટે પધાર્યા. કામકાજ પૂરવેગે ચાલુ હતું. સ્વામીશ્રી હોલમાં પધાર્યા અને ખુરશી પર બિરાજ્યા. ઈશ્વરચરણ સ્વામી તથા સંતો પણ સાથે હતા. સ્વામીશ્રીએ અમુક અમુક જગાએ સુધારા કરવા સૂચનો કર્યાં. 'પેઈન્ટીંગની કલર સ્કીમ બરાબર છે.' એમ કહી પછી કહ્યું, 'ક્યારે પૂરું થશે ?' મેં કહ્યું, 'ઉદ્‌ઘાટન થશે એ પહેલાં પૂરું કરી દઈશું. છતાં આપ દૃષ્ટિ કરો અને બળ-પ્રેરણા આપજો.' સ્વામીશ્રી તો અક્ષરધામના હોલ, પ્રદર્શન તથા જ્યાં જ્યાં કામ ચાલતું હતું ત્યાં સર્વેને એમ જ કહેતા હતા કે મારે સપ્ટેમ્બર ૩૦મીના બધું કામ પૂરું જોઈએ, કાંઈ પણ અધૂરું ના રહેવું જોઈએ. એક મહિના પહેલાં એમને સંપૂર્ણ કામકાજ જોઈતું હતું પણ આયોજનની દૃષ્ટિએ જોવા જઈએ તો એક પણ ડીપાર્ટમેન્ટનું કામકાજ એ સમયે પૂરું થાય એવું ન હતું. ઓછામાં ઓછા બીજા છ-સાત મહિના સહેજે નીકળી જાય. પણ સ્વામીશ્રીએ સૌને ડેડ લાઈન-અંતિમ તારીખ આપી દીધી હતી. કહ્યું હતું કે ૩૦ સપ્ટેમ્બરે અક્ષરધામની ચાવી મને આપી દેજો ! એટલે સંતો, પાર્ષદો, હરિભક્તો, યુવકો રાતદિવસ એક કરીને કમર કસીને મંડી પડ્યા હતા. મારો જવાબ સાંભળીને પણ સ્વામીશ્રી એ જ કહેવા લાગ્યા : 'ઈશ્વર સ્વામી, તમે સાંભળો. બધા ડીપાર્ટમેન્ટમાં કામકાજ કરનારાઓને કહી દો.' પછી મને નિર્દેશ કરી કહે, 'તું પણ સાંભળ, મારે ૩૦મી સપ્ટેમ્બરે બધું પૂરું જોઈએ.

કોઈ બાંધકામ, પ્રદર્શન તથા નગરમાં બધે કાંઈ બાકી ન રહે. સાફસૂફી પણ થઈ જવી જોઈએ.' સ્વામીશ્રીએ દરેક વિભાગને સજાગ કરી દીધા.

પછી એ બપોરે જમવા પધાર્યા ત્યારે હું પ્રિયદર્શન સ્વામીની બાજુમાં બેઠેલો એટલે મને ઈશારો કરી કહે, 'ટાઈમસર પૂરું કરી દેજો.' એટલે મેં કહ્યું, 'સ્વામી, પેઈન્ટીંગ મને થોડું મોડું કરવા આપ્યું છે છતાં હું બનતો પ્રયત્ન કરીશ.' સ્વામીશ્રી સાંભળ્યું-ન સાંભળ્યું અને કહે, 'આર્ટિસ્ટને મૂડ આવે કે ન આવે આપણે તો મહારાજ-સ્વામીને યાદ કરી મંડી પડવું. બધું થઈ જાય. કેમ ન થાય ?' પછી તો મને પણ બળ મળી ગયું. અને રાત દિવસ ૧૫થી ૧૬ કલાક કામ કરવામાં પણ થાક ન લાગતો ! મને પણ મનમાં થતું કે ૨૫મી સપ્ટેમ્બર સુધીમાં કામકાજ પૂરું કરી ૩૦મી સપ્ટેમ્બર પહેલાં ચિત્ર અક્ષરધામમાં મોકલી દેવું અને સાચે જ ૨૫મીના એ કાર્ય પૂરું થયું ને ૨૭મી સપ્ટેમ્બરે અક્ષરધામમાં ફીટ પણ થઈ ગયું ! આ કેવળ સ્વામીશ્રીના જ બળે શક્યું બન્યું. મહારાજના આશીર્વાદ અને એમની પ્રેરણા તો ગમે તેને નિમિત્ત બનાવે. તેમ મને નિમિત્ત બનાવી સેવા આપી ને ધન્ય કર્યા.

* * *

૧૯૯૧માં ગાંધીનગરમાં અક્ષરધામનું કામકાજ છેલ્લા દિવસોમાં રાત-દિવસ ચાલતું હતું. એમાં હું, કોઠારી સત્સંગિજીવન સ્વામી, રમણિકભાઈ સોની વિગેરે અક્ષરધામની મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીની ધાતુની મુખ્ય મૂર્તિઓની ફાઈનલ ટચીંગ અને સોના વરખની સેવા કરી રહ્યા હતા.

તે વખતે મેં કોઠારી સ્વામીને કહ્યું, 'આ મુખ્ય શિખરના કળશને તો સોનાના વરખ લગાડ્યા એટલે સારું લાગે છે પણ બાજુનાં ચાર નાનાં શિખર તથા નાની ફરતી દેરીના કળશને પણ ટેમ્પરરી સોનાના વરખ કરી દઈએ. ફક્ત સમૈયા પૂરતું સારું લાગે તો કેવું ?' કોઠારી સ્વામી કહે, 'બાપાને પૂછી લઈએ.'

એ જ બપોરે કોઠારી સ્વામી અને રમણિકભાઈ સોનીને સ્વામીશ્રીએ પોતાના ઉતારે કંઈક કામ અંગે બોલાવ્યા. કોઠારી સ્વામી કાંઈ કહે તે પહેલાં જ સ્વામીશ્રી કહે, 'કોઠારી, આ નાના ઘુમ્મટ છે એના કળશને સમૈયા પૂરતું શોભે એ રીતે ચાર કળશને સોનાવરખ લાગે કે નહિ ?' કોઠારી સ્વામી તો

વિચારમાં જ પડી ગયા. તરત હા પાડી. ને ઉતારેથી આવી એમણે મને કહ્યું, 'સ્વામીશ્રીએ અંતર્યામીપણે તમારો સંકલ્પ પકડ્યો લાગે છે.' મેં સ્પષ્ટતા માગી ત્યારે જાણ્યું કે સ્વામીશ્રીએ આજ્ઞા કરી છે કે આ ચારેય કળશને વરખ લગાડવાનાં છે.

અમે બીજે જ દિવસે કામ શરૂ કરી બે દિવસમાં તે સેવા પૂરી કરી. એક તો ઊંચાઈ ઉપર ખુલ્લી હવામાં વરખ લગાડવા ઘણું કઠણ કામ હતું. વરખ તરત ઊડી જાય છતાં સ્વામીશ્રીના સંકલ્પે જ એ કામ તાત્કાલિક પૂરું થઈ શક્યું.

* * *

૧૯૯૪, ડિસેમ્બર, મહેસાણા જન્મજયંતી અને મૂર્તિપ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રી રાત્રે અમદાવાદ પધાર્યા. ઠાકોરજીનાં દર્શને આવ્યા ને હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી આજુબાજુ સિંહાસન પર દૃષ્ટિ ફેરવી પછી મને યાદ કર્યો. હું થોડે દૂર ઊભો ઊભો દર્શન કરતો હતો ત્યાં એમની દૃષ્ટિ મારા પર પડી ને પાસે બોલાવ્યો અને કહે, 'આ સિંહાસન કેવાં લાગે છે ?' મેં કહ્યું, 'સારા લાગે છે.' 'તો પછી મહેસાણા આ પ્રમાણે કરાવવાં હતાં.' સ્વામીશ્રીએ એકદમ જ કહ્યું ને પૂછ્યું, 'તે સિંહાસનો કોણે બનાવ્યાં હતાં ?' એમ નાખુશી જણાવી. તેથી મેં કહ્યું, 'જરા ડીઝાઈન ચેન્જ કરી છે.' તો કહે, 'આ શું ખોટાં લાગે છે ? આ પ્રમાણે જ કરાવવાં હતાં.'

તે વખતે મારે લંડન મંદિર માટેનાં સિંહાસનોનું કામકાજ પણ ચાલતું હતું તેથી બીજે દિવસે સવારે પૂજા બાદ સ્વામીશ્રી તે સિંહાસનોનું નિરીક્ષણ કરવા પધાર્યા. બધાં સિંહાસનો જોયા બાદ અમુક જગ્યાએ રૂપકામમાં એમણે સંતોની મૂર્તિઓ ગોઠવવાનું સૂચન કર્યું તથા જ્યાં એમને સૂચન કરવાનું લાગ્યું ત્યાં સુધારાવધારા કરાવ્યા અને મિસ્ત્રીઓને પણ આશીર્વાદ આપ્યા. સંસ્થાના વિરાટ કાર્યભારમાં આવી નાની વસ્તુઓની એમની ચીવટ જ સંસ્થાની દરેક પ્રકારની ગુણવત્તામાં શ્રેષ્ઠતા ઉમેરતી જ રહી છે...

૧૯૯૫માં અમદાવાદ... યોગીવલ્લભ સ્વામીએ નિંગાળા હરિમંદિર માટેનો કલર ફોટો પ્રિન્ટ સ્વામીશ્રીના હસ્તે પૂજન કરાવ્યો. હું તે વખતે ત્યાં હાજર નહોતો.

પૂજા બાદ ઉતારે પધાર્યા ત્યારે ભોજનના પાટલે બેઠા. મને અને

યોગીવલ્લભ સ્વામીને જોયા એટલે પૂછ્યું : 'કલર પ્રિન્ટોની આવરદા કેટલી ?' એમને બહુ ખ્યાલ નહોતો. પછી મને પૂછ્યું : 'કેટલી આવરદા ?'

મેં કહ્યું, 'બહુ નહિ, ૧૦-૧૨ વરસ. પછી કલર ઝાંખા પડી જાય.' એટલે યોગીવલ્લભ સ્વામીને કહે, 'આવાં હરિમંદિરોમાં ઓઈલ પેન્ટીંગ જ કરાવવું, કાયમ માટે રહે. વારેઘડીએ બદલાય નહિ. સ્વામીશ્રી મને કહે, 'ઓઈલ પેન્ટીંગ જ આપણે કરીએ છીએ ને ?' મેં કહ્યું, 'હા, આપણે બહુ કામ રહેવાથી પહોંચી ના વળાય એટલે બહાર બીજા આર્ટિસ્ટ પાસે કરાવી ફાઈનલ ટચીંગ હું કરું છું.' એટલે સ્વામીશ્રી કલરની પીંછી હાથમાં હોય તેવો અભિનય કરીને કહે, 'તું ટચીંગ કરે છે અને મારે તને ટચીંગ કરવું પડે છે ! ઉતાવળમાં વેઠ ઊતરે તે ન ચાલે. બરાબર વ્યવસ્થિત કરવું...' આમ શીખ આપીને કામ વ્યવસ્થિત કરવા કહ્યું.

આવી તો અનેક સેવાઓ તથા સ્મૃતિઓ આપી સ્વામીશ્રી મારી કળાને પાવન કરતા રહ્યા છે. એમના આશીર્વાદના બળે અને એમની પ્રેરણાશક્તિથી જ સેવા થઈ છે.

જેવા ચિત્ર દ્વારા મહારાજને અને સ્વામીશ્રીને કાગળ કે કેનવાસ પર ઉતારી શકું છું તેવી મૂર્તિ અંતરમાં ઊતરે તેવી કૃપા વરસાવવાની પ્રાર્થના સાથે ગુરુહરિના ચરણે કોટિ કોટિ વંદન.

* * *

આફ્રિકામાં યોગીજી મહારાજ અને સંતોનો અમને ખૂબ સંતો સાથે પણ અમારે-યુવકોને ઘણી આત્મીયતા થઈ ગઈ હતી. સાથે મજાક-મસ્તી પણ કરીએ. એ સમયે સ્વામીશ્રીના સેવક દેવચરણ સ્વામી હતા. તેમને આફ્રિકાનું લોકપ્રિય ફળ મટુન્ડા ભાવે નહીં. તેથી મજાકમાં તેમની પાસે લઈ જાઉં ને કહું, 'લો સ્વામી, જમો !' તે ખિજાય. એકવાર તો અડધું તોડેલું ફળ હતું ને મેં ધર્યું તો તેમણે હાથ ઉપર થપાટ મારી ને મટુંડું મારા હાથમાંથી ઊડ્યું. એ જ વખતે સ્વામીશ્રી ત્યાંથી પસાર થયા, ને તેમના ચરણમાં બીયાં, રસના છાંટા વેરણછેરણ થઈને ઊડ્યાં ! અમે બંને સ્તબ્ધ થઈ ગયા. હસવામાંથી ખસવું થઈ ગયું હતું. પણ સ્વામીશ્રી ક્ષણાર્ધ માટે ઊભા રહી ગયા. અમે સાફ કરવાનો વિચાર કરીએ તે પહેલાં તો બંને સામે સ્મિત કરી બાથરૂમ તરફ પગ ધોવા ચાલ્યા ગયા ! એમની જગાએ બીજું કોઈ હોત તો ? એ વિચારે સ્વામીશ્રીની આત્મીયતા અને ક્ષમાશીલતા હૃદયમાં જડાઈ ગઈ.

* * *

એ સમયે હું સામાન્ય કરતાં થોડા લાંબા વાળ રાખતો. ઘણા સંતોએ તે ...વવા મને કહેલું. પણ યોગીબાપા કે સ્વામીશ્રી બેમાંથી કોઈએ એ ...ં નહીં, તેથી મેં વાળ ટૂંકા ન જ કરાવ્યા. જોકે મને મનમ ...રે સ્વામીશ્રી તો મને કહેશે જ. પણ ઊલટું જ બન્યું ...એ મારા લાંબા વાળ ઉપર હાથ ફેરવતાં પ્રેમથ ...વધારી લે, પછી તે મુંડો જ કરવાન ...હની !!

...તેલા અમને ૨૫ યુવકો ...ં ભાગવતી દીક્ષ

આપવાનો નિર્ણય લેવાયો હતો. પણ અચાનક તેઓ બીમાર થયા અને ધામમાં પધાર્યા. એ પછી સ્વામીશ્રીએ ધર્મધુરા સંભાળી.

યોગીજી મહારાજ પ્રાતઃપૂજા પછી પ્રસાદીનાં પુષ્પો હરિભક્તોને આપતા, તેમાં નિશાન તાકીને હરિભક્તના હાથમાં જ ફૂલ પડે, તે રીતે ફૂલ ઉછાળીને આપતા. આ જ રીત સ્વામીશ્રીએ ચાલુ રાખી હતી. ગોંડળમાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની રૂમ બહાર પૂજા કરવા બેસતા. એકવાર આ રીતે ઉછાળીને પુષ્પ આપતા હતા, તેમાંથી એક ગુલાબ મારા ખોળામાં પડ્યું. તેની પાંદડી તોડી હું ખાવા લાગ્યો. આ જોઈ એક સંતે મુંબઈના કોઠારી સ્વામીને જરા ફરિયાદના સૂરમાં કહ્યું કે અક્ષરપુરુષદાસ પ્રસાદીનું પુષ્પ રાખી મૂકતા નથી.

કોઠારી સ્વામીએ મને કારણ પૂછ્યું, તો મેં કહ્યું કે 'સ્વામી મને સામેથી બોલાવીને કોઈ નિમિત્તે પુષ્પ આપે, તો રાખું.' આવા સંકલ્પો એટલા માટે હતા કે સત્સંગની પરિપક્વતા નહીં, વળી નવા સાધુ થયેલા, યોગીબાપા સાથે જ જોડાણ, તેથી સ્વામીશ્રીમાં એટલી બધી આત્મબુદ્ધિ પણ ક્યાંથી થઈ હોય ?

અમારી વાતચીત પૂરી થઈ ને હું સ્વામીશ્રીની પાછળ જ અક્ષરદેરીમાં દર્શને ગયો. અહીં પૂજારી સંત અક્ષરદેરીનાં પ્રસાદીનાં ચરણારવિંદ પર પુષ્પ ગોઠવી પૂજા કરી રહ્યા હતા. સ્વામીશ્રી એકદમ જ વાંકા વળ્યા. જાતે પુષ્પ લીધું ને મારા હાથમાં મૂકતાં કહે : 'તમે સંસ્કૃતમાં ને સંગીતમાં આચાર્ય બનો, તે માટે આ પુષ્પ લો. ને સાચવી રાખજો !'

આજે જ સંકલ્પ કર્યો, ને આજે જ પૂરો થયો ! કેવી કરુણા !

* * *

અત્યાર સુધીની સ્વામીશ્રીની ઘણી વિદેશ ધર્મયાત્રાઓ થઈ છે, પણ જો કોઈ પણ યાત્રાને સ્વામીશ્રી વિશેષ સંભારતા હોય તો તે ૧૯૭૭-૭૮ની ધર્મયાત્રા છે. કારણ કે આ યાત્રામાં વધુમાં વધુ ભીડો હતો. આખો દિવસ પધરામણીઓ, સભા, રાતદિવસ એકાકાર થઈ ગયાં હોય. સૂવા ભેગા થઈએ તોય કોઈ કોઈને એકબીજાની ખબર પણ ન પૂછી શકે એટલો થાક લાગ્યો હોય ! અમેરિકાની લાંબા અંતરની મુસાફરી અને છ-છ દિવસ સુધી કારમાં બેસી જ રહેવાનું... આવા સખત વિચરણમાં મારે એકવાર સ્વામીશ્રી સાથે વાત કરવી હતી, મેં વિનુ ભગતને પૂછ્યું તો તેમણે કહ્યું કે સ્વામીશ્રી

જ્યારે દાતણ કરતા હોય ત્યારે વાત કરી લેજો.

એ સમયે ન્યૂયોર્કમાં અમારો ઉતારો ચંદ્રકાન્તભાઈને ત્યાં હતો. સ્વામીશ્રી સવારે દાતણ કરવા પાટલે બિરાજ્યા, ત્યારે હું સામે બેઠો અને મુંબઈમાં મારાથી જે ભૂલો થઈ હતી તેની દિલ ખોલીને વાત કરી દીધી, નિષ્કપટ થઈ ગયો. સ્વામીશ્રીએ સહજ રીતે બળની વાત કરી, ને પ્રાયશ્ચિત્ત આપ્યું. બસ, એ દિવસ ને એ ઘડી, સ્વામીશ્રીએ એ દિવસથી એ ટૂરમાં મને એવું સુખ આપ્યું કે જો ખોટું ન કહેતો હોઉં તો આવું સુખ અત્યાર સુધી કોઈને નહીં આપ્યું હોય. કહેતાં, સ્વામીશ્રીની મારા પર દૃષ્ટિ પડી ગઈ...

* * *

એક રાત્રે ન્યૂયોર્કમાં કીર્તન ભક્તિ કરીને અમે ઉતારે પાછા ફરતા હતા. ચંદ્રકાન્તભાઈનું ઘર નજીક જ હતું, તેથી હું અને વિનુ ભગત ચાલીને આવતા હતા. એવામાં અમેરિકન તોફાની છોકરાઓ અમને ઘેરી વળ્યા અને કારણ વગર ઝઘડો શરૂ કર્યો. અમે કાંઈ સમજાવીએ તે પહેલાં તો એક જણ મને મારવા જ લાગ્યો. બધાએ તેનું અનુકરણ કર્યું. સારો એવો માર પડ્યો. એવામાં મંદિરે ખબર પડી, તેથી આપણા યુવકો દોડ્યા, તેમને જોઈ એ તોફાનીઓ કારમાં બેસીને નાસી ગયા. મને તો ઠેકઠેકાણે દુઃખતું હતું, તેથી માથામાંય એવો જ માર વાગ્યો હશે. મહંત સ્વામીએ જોયું કે આને તો માથેથી લોહી નીકળે છે. ઉતારે ડૉક્ટર વિનોદ પટેલ (એરી) હાજર હતા. તેમણે તપાસીને ટાંકા લેવા માટે હૉસ્પિટલ આવવા સૂચના કરી. મેં કહ્યું, 'મારે ક્યાંય જવું નથી. પટ્ટી મારી આપો, બસ.'

આ બધી વાતની સ્વામીશ્રીને ખબર પડી. તેથી પોતે પણ મને જોવા આવી ગયા. માથે હાથ ફેરવી પ્રેમથી કહે : 'ડૉક્ટર કહે તેમ કરો. દવાખાને જઈ આવો...'

અમે રાત્રે બાર વાગે દવાખાને પહોંચ્યા. બીજે દિવસે માથે ભગવો પાટો બાંધેલો, તે જોઈ સ્વામીશ્રી કહે : 'તને તો હવે અમેરિકાનું ગ્રીનકાર્ડ મળી ગયું ! હવે તો તું ગમે ત્યારે અમેરિકા આવી શકે !'

પછી તો સ્વામીશ્રીએ એવી ગમ્મતની છોળો ઉછાળી કે વાતાવરણ હળવું થઈ ગયું. સ્વામીશ્રીની આ ખાસિયત છે, ગમ્મતો કરી દુઃખને ભુલાવી દે...

* * *

૧૯૭૭-૭૮ની વિદેશની ધર્મયાત્રા વખતે અમેરિકામાં ન્યૂયોર્કથી નીકળી અમે ડૉ. કે. સી. પટેલની મોટર દ્વારા હેલ્યોક આવ્યા. અહીં કિરણભાઈને ત્યાં અમારો ઉતારો હતો. તેમણે સ્વામીશ્રી અને સંતો માટે સ્વીમીંગપુલની વ્યવસ્થા કરી હતી. સ્વામીશ્રી નહાવા પધાર્યા, એટલે હું પણ સાથે જ આવી ગયો. સ્વામીશ્રીએ પૂછી લીધું : તરત મહંત સ્વામી કેમ ન આવ્યા ? ત્યાં તો તેઓ પણ આવી ગયા પછી તો એ સ્વીમીંગપુલમાં સ્નાન કરવાનું ખૂબ જ સુખ આવ્યું.

ઠાકોરજીને સ્નાન કરાવી સ્વામીશ્રી છીછરા જળમાં ઊભા હતા. તે દરમ્યાન હું તેમના બે પગ નીચેથી નીકળી જતો. એકવાર તો સ્વામીશ્રીએ બંને પગ ભેગા કરી દીધા, અને ચરણ પકડીને મેં સ્વામીશ્રીને અધ્ધર કર્યા. અને પાણીમાં કૂદકો મરાવ્યો... સ્વામીશ્રી ખૂબ હસ્યા, ને કહે : 'ફરી કર !' આ સુખ અલૌકિક હતું. સ્વામીશ્રી સાથે પાણીમાં તરવાનો મારો આ પ્રથમ જ પ્રસંગ હતો. પણ પોતે અમારી સાથે નાના બની ગયા, ભળી ગયા અને જૂની વાતો પણ કરી : અમે નાના હતા ત્યારે પાણીમાં પંદર ફૂટ ઊંડે સુધી જતા ને પાણીમાં ઘડા ડૂબી ગયા હોય તે લઈ આવતા. હવે તો ઉંમર થઈ - અવસ્થા થઈ, તે તરાતું નથી...' એમ એવી સ્મૃતિઓ પણ કરાવી.

આ પછી ઈસ્ટ આફ્રિકાના વિચરણ વખતે મોમ્બાસામાં બમ્બુરી બીચ ઉપર જ સંતોનો ઉતારો હતો. અહીં અમેરિકાના ભરપૂર વિચરણનો જાણે થાક ઊતરી રહ્યો હતો. ત્રણ દિવસ કેવળ કથાવાર્તા અને સત્સંગ લાભ સાથે દરિયાસ્નાનનો લાભ લેવાનો હતો.

ઉતારાની બહાર એક શેડ નીચે પૂજા કરી. સ્વામીશ્રીએ પહેલે દિવસે કથા કરી. પત્રલેખન તથા મુલાકાતો પછી આરામમાં ગયા ને અમે સંતો દરિયાસ્નાન માટે ગયા. અમે ચારેક વાગ્યા સુધી નહાયા, ત્યાં સ્વામીશ્રી આવી પહોંચ્યા. મારી આંખો જોઈને કહે : 'કેમ આંખો લાલ છે ?'

મેં કહ્યું, 'અહીં બે વાગ્યાના નાહીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'તારે વહેલું ન આવવું. હું કહું ત્યારે જ આવવાનું.' મેં કહ્યું, 'સારું.' પછી તો સંતોએ રાસની જેમ પાણીમાં મોટું સર્કલ કર્યું. સ્વામીશ્રી મને કહે : 'તું દૂર જા, હું ઈશારો કરું ત્યારે આવજે !'

હું દૂર ગયો. થોડી વારે સ્વામીશ્રીએ ઈશારો કર્યો તેથી તરતો તરતો હું

સંતોના કટીબદ્ધ હાથની વચ્ચેથી પસાર થઈ, સ્વામીશ્ર
પહોંચ્યો, અને માથું ઊંચકી, સ્વામીશ્રીના ચરણ પકડી
જેમ વહેલ માછલી પાણીથી અધ્ધર ઊડીને પાણીમાં પડે, તે
ચાર-પાંચ વાર ઊછળ્યા ને મારા ખભે ચડીને એ લીલા ક
અવિસ્મરણીય છે, ચિરસ્મરણીય છે.

એ વખતે અધૂરામાં પૂરું સ્વામીશ્રી મને કહે : 'ચાલ આપણે કો
કરીએ, કોણ પાણીમાં વધારે રહી શકે છે ?' પછી જ્ઞાનપ્રિય સ્વામીને
'તમે જો જો, કોણ વધારે રહી શકે છે ?'

એમ કહી પોતે તો ડૂબકી મારી ને હું પણ માથું અંદર રાખીને પાણીમ
તરવા નીકળી જતો, ને સ્વામીશ્રી પાસે આવીને બહાર નીકળતો. ત્યારે
સ્વામીશ્રી તો બહાર નીકળી ગયા હોય ને મારી વાટ જોતા હોય કે ક્યાં
ગયો ? પછી હું આવું ત્યારે કહે : 'અક્ષર પાણીમાં બહુ રહી શકે છે નહીં ?'

બાળક જેવી નિર્દોષ લીલાઓ કરીને આખરે તો સ્વામીશ્રીને આત્મબુદ્ધિ
કરાવી આપણને સુખિયા જ કરવા છે !

આવી સ્મૃતિઓ અયોધ્યામાં સરયૂગંગામાં મળેલી અને અલ્હાબાદના
ત્રિવેણી સંગમમાં પણ મળેલી. અહીં તો સંતોએ નદીમાં પિરામિડ રચ્યો.
સ્વામીશ્રી છેક ઉપર ચડ્યા હતા. બધાને ઉપરથી 'જય સ્વામિનારાયણ' કહી
દ કર્યો, અને કોઈ કાંઈ સમજે તે પહેલાં તો છેક ઉપરથી સ્વામીશ્રીએ
નદીમાં પડતું મૂક્યું ! આ બધું એટલા માટે સંભારવાનું કે આવા મોટા
-લાખો શિષ્યો જેમને માને-પૂજે-વંદે તેવા સ્વામીશ્રી કેવા હળવા છે !
-અહં-ઘમંડ કે મિથ્યાપ્રપંચને સ્થાન સુધ્ધાં નથી, તેની પ્રતીતિ થાય.

* * *

સ્કોમાં ત્રણ દિવસનું રોકાણ હતું. સ્વામીશ્રી રોજ જમીને દાંત
ળી વાપરતા. આ સળી જ્યારે માગે ત્યારે હાજર હોય તેવી
ળી સાથે જ રાખતો. એકવાર સ્વામીશ્રીએ જમીને સળી
ી હતો ત્યાં હાથમાંથી પડી ગઈ. જરા શોધી પણ ન
ય તે હેતુથી નવી જ સળી આપવા ગયો. હજુ તો
મારો હાથ પકડ્યો, ને કહે : 'પડી ગઈ છે

કરકસર અને મમત્વથી સ્વામીશ્રીએ અનેકને ભક્તિની નવી રીત શીખવી છે.

* * *

૧૯૭૭, ડર્બન, સાઉથ આફ્રિકામાં અમારો ઉતારો ચન્દ્રકાન્તભાઈના ઘરે હતો. તેમના પિતાજી ચુસ્ત સત્સંગી. પૂર્વે જોગીબાપા એમના ઘરે ઊતરેલા. એમના ઘરે પ્રસાદીની ઘણી ચીજો હતી. અમે વિદાય લેવાના હતા, તેના આગલા જ દિવસે સ્વામીશ્રીને જાણ થઈ કે ચન્દ્રકાન્તભાઈના ગળામાં કંઠી નથી.

એ રાત્રે અમે પગ દબાવતા હતા. સ્વામીશ્રી બધા સંતોને કહેવા લાગ્યા, 'તમે જેના ઘરમાં રહો છો, તેના ગળામાં મહારાજની કંઠી જ નથી. તમે બધા આખો દિવસ શું કરો છો ? કોઈને એમ નથી થતું કે આમને કંઈ વાત કરીએ ! એમના ઘરનું જમીને બસ આરામ જ કરવાનો છે ? સમજી રાખો કે ગમે તેટલી પ્રસાદી આપશો, તો પણ સત્સંગ નહીં ટકે. એને વાતો કરવી પડશે, ને એમનું ધ્યાન રાખવું પડશે.'

સ્વામીશ્રી એકધારું સૂતાં સૂતાં બોલી રહ્યા હતા. હરિભક્ત સાચા અર્થમાં હરિભક્ત બને તે માટે સ્વામીશ્રીએ સંતોને અવારનવાર ખટકાની વાત કરી છે.

* * *

૧૯૭૭-૭૮ની વિદેશયાત્રા પછી સ્વામીશ્રીની ઇચ્છા હતી કે હું કલકત્તા મંદિરમાં રહી સેવા કરું, ને મારી ઇચ્છા હતી કે મુંબઈમાં રહીને સંગીતનો વિશેષ અભ્યાસ કરું. સ્વામીશ્રીની ઇચ્છાનો મને અણસાર આવ્યો હતો, ને આશ્ચર્ય એ વાતનું હતું કે સ્વામીશ્રીએ સીધી જ મને કોઈ આજ્ઞા કરી ન હતી. ગમે તેવું હેત હોય તોય સીધું ન પણ કહે, એ ખૂબીનાં દર્શન મને પ્રત્યક્ષ થયાં.

અમે સ્વામીશ્રી સાથે કલકત્તામાં લક્ષ્મીનારાયણ મંદિરના એક ટ્રસ્ટીના ઘરે પધરામણીએ ગયા હતા. અહીં સંતોએ કીર્તન ગાયું, 'તમારી મૂર્તિ વિના મારા નાથ રે...' જેમાં પંક્તિ આવી : 'જેમ રાજી રહો તેમ કરું હરિ, ન જોઉં ન્યાય-અન્યાય...' સ્વામીશ્રી મારી સામે જોઈ પ્રેમથી કહે : 'શું, પ્રેમાનંદ સ્વામી શું કહે છે ?'

મેં કહ્યું, 'કલકત્તા રહેવાનું કહે છે !'

સ્વામીશ્રી અત્યંત રાજી થઈ ગયા ને આશીર્વાદ આપ્યા. એ પછી એક

વર્ષે મારે અમદાવાદ આવવાનું થયું. ત્યારે પણ મનમાં મુંબઈ જઈને સંગીતનો અભ્યાસ કરવાનો સંકલ્પ જાગતો જ હતો. સવારે સ્વામીશ્રી શણગાર આરતીનાં દર્શને પધાર્યા. સંતો એ જ કીર્તન ગાતા હતા. હું સ્વામીશ્રીની બાજુમાં જ ઊભો હતો. સ્વામીશ્રીએ અચાનક મારો હાથ પકડ્યો, ને એ જ પ્રશ્ન ફરી પૂછ્યો : 'શું, પ્રેમાનંદ સ્વામી શું કહે છે ?'

મારાથી બોલાઈ ગયું, 'કલકત્તા પાછા જવાનું કહે છે !'

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા... ને ખૂબ રાજીપો બતાવ્યો. તેમની આવી સહજ લીલામાં ચિરંતન સ્મૃતિ મળી જાય છે.

* * *

તા. ૧-૫-૭૯, સ્વામીશ્રી સાથે નેપાળની યાત્રા દરમ્યાન અમે વિરાટનગર પહોંચ્યા. ઉતારેથી જમીને આદિવારાહની યાત્રાએ જવા સૌ નીકળી ગયા. વચ્ચે પર્વતીય ઢોળાવો હતા. રસ્તો ઘણો વિકટ હતો. સ્વામીશ્રી તથા અમુક સંતો હોડકામાં બેસી ત્યાં જવા નીકળ્યા હતા. અને અમે કેટલાક ચાલતા નીકળ્યા. કૃષ્ણપ્રિય સ્વામીને ચાલતાં ચાલતાં એવી ઠેસ વાગી કે તેઓ પડી ગયા, ને પગ મરડાઈ ગયો. માંડ માંડ ચાલી શકે તેવી પરિસ્થિતિ થઈ. તેથી હું, ધર્મસુત સ્વામી તેમજ નેપાળી ભક્ત લીલાભાઈ વારાફરતી ટેકો આપી, તેમને ઉપાડીને વારાહતીર્થ સુધી લઈ આવ્યા, ને એવી જ રીતે ત્યાંથી પાછા પણ લઈ આવ્યા.

બીજા દિવસની સવાર થઈ. તેમની તકલીફ તો એવી ને એવી જ હતી, તેથી તેમને સ્નાન પણ કરાવ્યું. તે સ્વામીશ્રીને જાણ થઈ. સ્વામીશ્રી મને કહે : 'આજે તને ડબલ તીર્થનું ફળ મળ્યું.'

આ કથનના રહસ્યની પહેલાં તો જાણ ન થઈ. પછી ખ્યાલ આવ્યો કે સંબંધવાળાની સેવા કરવામાં સ્વામીશ્રીનો રાજીપો વિશેષ છે, તેથી જ આ યાત્રાનું ફળ મને અધિક આપ્યું.

* * *

તા. ૪-૫-૭૯, સ્વામીશ્રી સાથે અમે નેપાળની રાજધાની કઠમંડુમાં પશુપતિનાથનાં દર્શને ગયા હતા. અહીં એક ગાય બે-ત્રણવાર સ્વામીશ્રીના ચરણ સૂંઘી ગઈ, અને એ રીતે ચરણસ્પર્શ કર્યો. આથી સંતોએ પૂછ્યું, 'આ કેમ આવ્યા કરે છે ?'

સ્વામીશ્રી સહજ શાંતિથી બોલ
સરસ્વતી ચરણ સ્પર્શવા આવી છે !'

એ પછી સ્વામીશ્રી ઉતારે આવી સંતો-
સંતો સ્વામીશ્રીના ચરણ ચાંપી રહ્યા હતા. અ
રોટલી બનાવવાની સેવામાં હતા.

સ્વામીશ્રી પાસે વાત નીકળી કે વિશ્વવિહારી સ્વામી
આવ્યા. સ્વામીશ્રી કહે : 'કેમ ?'

તેઓ કહે : 'એક તો ત્યાં જગ્યા નથી, બીજું હું બનાવું તો રોટ
જેવી થાય છે.'

સ્વામીશ્રી કહે : 'તેમાં શું વાંધો ? નકશા જેવી થાય તો પણ જવું. એ
ધીરે ધીરે વણતાં વણતાં આવડી જાય.' પછી બધા સંતોને સંબોધીને
સ્વામીશ્રીએ રસોઈ બનાવતા શીખી જવાનું સૂચન કર્યું. એ વાત ચાલતી હતી
ને હું આવ્યો. મારી આંગળીએ દુખાવો ઘણો હતો, તેથી રોટલીની સેવા
અધૂરી મૂકીને આવ્યો હતો. સ્વામીશ્રી પાસે બેસી તેમના ચરણ ચાંપવા
લાગ્યો. એટલે કહે : 'રોટલી થઈ ગઈ ?'

'ના, ચાલે છે.' મેં કહ્યું.

સ્વામીશ્રી કહે : 'સેવા પૂરી કરીને આવવું જોઈએ ને.'

મેં કહ્યું, 'એ બરાબર, પણ અહીં ચરણ સેવાનો લાભ મળ્યો ને !'

સ્વામીશ્રી કહે : 'આ સેવા કરતાં રોટલીની સેવા મહાન છે !'

સ્વામીશ્રી કંઈક એવો નિર્દેશ કરી રહ્યા હતા કે હૌલિયાના ચાકર તો સૌ
પણ જે સેવકનીયે સેવા કરે - ચાકરનાયે ચાકર થાય તે નિર્માની ભક્ત

* * *

...ા સુદ નોમનો ઉપવાસ હતો. સાંજે પોંખરા આવ્યા.
...ીને ત્યાં કર્યો. આરતી પછી ધૂન થઈ રહી ત્યારે
...' બાર વાગ્યા સુધી કીર્તનો બોલો, તો નોમના
...નો શરૂ કરી દીધાં. અગિયારેક
...ક સમારતા હતા, ત્યાં

પધાર્યા. કહે : 'શેનું શાક કરવાના છો ?'

'કારેલાં-બટાકાંનું.'

'સારું. કારેલાં સડેલાં ન હોય તેનું ધ્યાન રાખજો. ને રાત્રે જ પૂરી બનાવી લેજો. લોટ ચાળીને વાપરો છો ને ?'

'હા.'

'એ બરાબર. ગૃહસ્થને ત્યાં જોઈ લેવું. ચાળણી સાથે લાવ્યા છો ને !'

'હા, છે ને.'

સ્વામીશ્રી કહે : 'ચોખા પણ સાફ કરીને વાપરવા. ઠાકોરજી જમવાના છે, એટલે બરાબર ધ્યાન આપવું....'

એમ જોતજોતામાં બાર વાગી ગયા. સ્વામીશ્રી તો આરામમાં જવાની તૈયારીમાં હતા એટલે મેં કહ્યું, 'બાપા ! હવે તો પારણાં થાય ને ?'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે : 'હવે શું પારણાં કરવાનાં ? બાર તો વાગી ગયા. સૂઈ જાવ એટલે વહેલી પડે સવાર. સવારે કરજો !' પછી કહે : 'ત્રણ વાગ્યા પહેલાં પારણાં થાય જ નહીં.'

સ્વામીશ્રીની રુચિ જોઈ સંતોએ આજ્ઞા પાળી. આવી નાની નાની રુચિઓમાં રહીએ તો પણ એમનો રાજીપો થઈ જાય છે, ને મોટી-મહત્ત્વની રુચિમાં વર્તવાનું બળ મળે છે.

* * *

બે દિવસ પછી તા. ૬-૫-૭૯ના પોખરા, પ્રાતઃપૂજામાં પધાર્યા ત્યારે કૃષ્ણપ્રિય સ્વામીએ 'જોગીડાને જોવા ગયા'તા...' એ કીર્તન ગાયું.

સ્વામીશ્રીએ વચ્ચે જ વિશ્વવિહારી સ્વામીને પૂછ્યું, 'ધર્મના કાંધે ધરી ધોંસરા' એટલે શું ?' પછી પોતે જ સમજાવવા લાગ્યા, 'બળદને જે કાંધ હોય તેના પર લાકડાનું ચોકઠું મૂકે, તેનાથી ગાડું ખેંચાય કે હળ મૂકે તે ખેંચાય, તેને ધોંસરું કહે.'

પછી ફરી પૂછ્યું, 'સાધુમાં સમાણા એટલે શું ?' (સંતહૃદય સમાણાં)

વિશ્વવિહારી સ્વામી કહે : 'તમારામાં સમાણા !'

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા, ને કહે : 'એમ નહીં, યોગીબાપામાં સમાણા !' પછી કહે : 'સાધુમાં સમાઈ જવું. પણ સાધુને ભાર લાગે તેમ ન કરવું. આ શરીરના ભારની વાત નથી, એ તો દેહનો ભાવ છે. પણ

અભિપ્રાય, રુચિ, આજ્ઞા પ્રમાણે વર્તવું, તે ભારરૂપ ન કહેવાય. સ્વામી કહે કે ગામડે ફરવા જાવ. તો કહે : 'નહીં જાયેંગા !' એ ભારરૂપ થયો કહેવાય.'

પછી તો પ્રાપ્તિની અદ્ભુત વાતો કરી. તેમાં કહ્યું કે 'કોઈને વડોદરાનો ચાંદલો આવે તો કેવા કેફમાં ચાલે ! પગ ઊંચા જ રાખે ! તેમ આપણને તો પૂર્ણ પુરુષોત્તમનારાયણ મળ્યા છે, તો તેનો કેફ રાખવો. આજ્ઞા, નિયમ-ધર્મ પાળવા એ પગ ન મૂક્યો કહેવાય.' આમ અદ્ભુત ભાથું બંધાવ્યું, ને સૌને સ્મૃતિ આપી.

* * *

૧૯૮૧, દ્વિશતાબ્દી મહોત્સવ શરૂ થઈ રહ્યો હતો. 'લાઈટ એન્ડ સાઉન્ડ શૉ'નું સ્વામીશ્રીના આગમન સાથે ઉદ્ઘાટન થવાનું હતું. સ્વામીશ્રી 'નગર'માં પધાર્યા, પણ આ શૉનું સ્થળ કઈ તરફ છે, ને ક્યાંથી તેનો મુખ્ય દ્વાર છે તેનો ખ્યાલ ન હતો. તેથી ઑફિસો પાસે ઊભા રહ્યા. કોઈક ભોમિયાની જરૂર હતી. હું ત્યાં જ ઊભો હતો. સ્વામીશ્રી મને કહે : 'તેં બધા સ્થાન જોયાં છે ?'

'હા.'

'તો ચાલ અમારી સાથે લાઈટ-સાઉન્ડમાં લઈ જા !' સ્વામીશ્રીએ કહ્યું. હું એમની સાથે જ ગાડીમાં બેઠો, ઉદ્ઘાટન સ્થળે આવ્યા. વિધિ થઈ ગયો. સ્વામીશ્રી માટે આ પ્રથમ શૉ શરૂ થઈ રહ્યો હતો. એ સમયે સ્વામીશ્રીની વિશેષ વ્યવસ્થા ન હતી, તેથી પતરાની જનરલ ખુરશીમાં બધાની સાથે જ સ્વામીશ્રી બિરાજ્યા. બાજુમાં સદ્ગુરુઓ બેસશે, એમ વિચારી હું નીચે બેસવા ગયો. ત્યાં તો સ્વામીશ્રીએ મારો હાથ પકડ્યો, ને કહે : 'ઉપર ખુરશી પર બેસ.'

મેં કહ્યું, 'સદ્ગુરુઓ આવશે.'

સ્વામીશ્રી કહે : 'તે પણ બાજુમાં બેસશે.' મને સ્વામીશ્રીની બાજુની જ ખુરશી પર બેસતા ખૂબ જ સંકોચ થતો હતો. પણ સ્વામીશ્રીએ એ લાભ આપ્યો જ ! આપણા કલ્યાણદાતા, ગુરુહરિ, પણ એમના અંતરમાં તો લેશ પણ ગુરુભાવ નહીં, અભિમાન જ નહીં. 'આ મારા ચેલા છે' તેવું પણ નહીં ! ભગવાનને રાખ્યા હોય તે જ આવા સહજ અને આવા નમ્ર હોઈ શકે, બીજા નહીં !

* * *

૧૯૮૧, અમદાવાદમાં દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવાયો. પછી સંતોની એક શિબિર આબુ ખાતે રાખવામાં આવી હતી. અહીં એક સાંજે સૌ સનસેટ પૉઈન્ટ પર એકત્ર થયા હતા. વાતાવરણ એવું વાદળિયું હતું કે અસ્તાચળના સૂર્યનાં દર્શન થયાં જ નહીં. સ્વામીશ્રી જોકે સંપૂર્ણ સૂર્યાસ્ત પછી પધાર્યા. આ આરતીટાણું જ હતું, તેથી સ્વામીશ્રી કહે : 'આરતી બોલો...'

સંતોએ દીવેટ પ્રગટાવવા દાખડો કર્યો, પણ ખૂબ જ પવન હતો, તેથી સ્વામીશ્રી કહે : 'અગરબત્તીથી આરતી કરીએ. લાવો...' પછી આખી આરતી અગરબત્તીથી ઉતારી, એટલું જ નહીં, પૂરા અષ્ટકો અને સ્તુતિ બોલ્યા. ને સાંખ્ય કરાવતાં કહે : 'આવું તો આપણા સારંગપુરની સીમમાંથીયે દેખાય છે, માટે આપણે તો ભજન-ભક્તિ-કથા-સેવા એ કરવું. એમાં કેટલા આગળ વધ્યા તે જોવું.' એમ સ્મૃતિ-બોધ અને ભક્તિનું ત્રિવેણીદર્શન સનસેટ પૉઈન્ટ પર કરાવ્યું.

આવી તો અનેક સ્મૃતિઓ છે. કેટલી લખવી ને કેટલી ન લખવી, તેની કાંઈ સૂઝ પડે તેમ નથી. એમનાં ચરણોમાં એક જ પ્રાર્થના કરવાની કે આપનો અખંડ રાજીપો રહે તેવું વર્તી શકીએ ને આપની રુચિમાં જીવન વિતાવી દઈએ...

* * *

ધર્મકુંવર સ્વામી
(ભાદરા)

ચૈત્ર મહિનાનો સમય હતો. ઉત્તર ગુજરાતમાં ઊંઝા પાસે સુજાનપુર નામના એક નાના ગામમાં હરિમંદિરની પ્રતિષ્ઠાનો ઉત્સવ હતો. ઉનાળાની શરૂઆત થઈ ચૂકી હતી. અમદાવાદથી પૂજા-દર્શન-ઉકાળાપાણી વગેરે કરી સુજાનપુર પ્રતિષ્ઠામાં નિર્ધારિત સમયે પહોંચી જવાનું હતું.

સ્વામીશ્રી સુજાનપુર પધાર્યા. સૌ ભાવિક ભક્તોનો અપાર ઉત્સાહ સમાતો ન હતો. નગરયાત્રા, પ્રતિષ્ઠા, સભા વગેરે ખૂબ જ ધામધૂમપૂર્વક થયાં. સ્વામીશ્રી બપોરે જમવા પધાર્યા. આમંત્રિત મહેમાનો તથા સાથે આવેલ હરિભક્તો સાથે જ જમવા બેઠા હતા. એ સમયે સ્વામીશ્રી પણ એવો જ આગ્રહ રાખતા. ને સાથે જમવા બેઠેલા હરિભક્તોને જમાડવાની જ ચિંતા કર્યા કરતા. આવું કાયમ રહેતું. એટલે હરિભક્તોને જમાડવાની સેવકોની જવાબદારી મોટી રહેતી. સ્વામીશ્રીએ જમી લીધું. સેવક સંતો પરવાર્યા ન હતા. નજીકની ધુળી નિશાળમાં સ્વામીશ્રીનો ઉતારો હતો. ગામડાની પ્રાથમિક શાળાનું મકાન કેવું હોય તેનો ખ્યાલ આપણે કરી શકીએ છીએ... ઉપર પતરાં ને નીચે ગંદી ફરસ. કોઈ કોઈ જગ્યાએ ખાડા-ગાબડાં, પડી ગયેલું તળ... આવી જગાએ સારું સ્થળ પસંદ કરી એક રૂમમાં સ્વામીશ્રીનું આસન કર્યું. અઢીથી પોણાત્રણ વાગ્યા હશે. પતરાં બરાબર તપી ગયાં હતાં. વીજળીનું કનેક્શન ન હતું, તો પંખો ક્યાંથી હોય ? પણ અધૂરામાં પૂરું જે જગ્યાએ સ્વામીશ્રીનું આસન પાથર્યું હતું ત્યાં જ ઉપર પતરામાં કાણું હતું. અને બરાબર સ્વામીશ્રીની આંખ ઉપર જ પડતું તડકાનું કિરણ આખા ચહેરા પર તાપ ફેલાવતું હતું. સ્વામીશ્રીનું આસન ખસેડીએ તો પણ ક્યાં સુધી ? કારણ કે સૂર્ય પણ ખસવાનો જ હતો !

એટલામાં ગામનો કોઈ સત્સંગી યુવક છાપરા ઉપર ચડ્યો અને બાજરાના બેચાર પૂળા તડકો ન આવે એમ ગોઠવી દીધા. આવી બધી જ

અવ્યવસ્થામાં પણ જાણે કોઈ જ તકલીફ જ નથી. બધું જ વ્યવસ્થિત છે, એવો ભાવ સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર દેખાતો હતો. સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

જેમને કારણે ઉત્સવો, નગરયાત્રાઓ, પ્રતિષ્ઠાઓ, ભવ્ય-સભાઓ વગેરે હોય છે, એમને મન તો પોતાનું કોઈ મહત્ત્વ જ નહીં !! જ્યાં ત્યાં, જેમતેમ, જેવુંતેવું ચલાવી લેવું - એ સૂત્ર સ્વામીશ્રીના જીવનમાં ઓતપ્રોત થયેલું જોઈ શકાય.

સ્વામીશ્રી આરામમાં ગયા, ત્યાં એક યુવક પડખે પંખો લઈ પવન નાખતો બેઠો. સાથે સાથે તે પણ ઝોકાં ખાતો હતો. બે-ચાર વાર તેના હાથમાંથી પંખો પડી ગયો. ને સ્વામીશ્રી ઊંઘમાંથી ફડકી પણ ગયા હતા. આમને આમ ચાર વાગ્યા. મુસાફરીનો થાક, બપોરે પણ કહેવામાત્ર આરામ થયો. તેથી ઠંડા પહોરે સ્વામીશ્રીને માંડ ઊંઘ આવી હતી. ઊઠવાનો સમય તો થયો હતો. પણ કોઈએ સ્વામીશ્રીને જગાડ્યા નહીં. બહાર અંબાલાલકાકા હરિભક્તોને દર્શન, આશીર્વાદ, વર્તમાન ધરાવી કંઠી પહેરાવવા રાહ જોતા ઊભા હતા. ઘડિયાળનો કાંટો આગળ ને આગળ સરી રહ્યો હતો. હરિભક્તોની ધીરજ ખૂટી રહી હતી. સાડાચાર થયા ને ધીરજનો અંત આવી ગયો. અંબાલાલકાકાએ ફટાક કરતું બારણું ઉઘાડી નાંખ્યું. સ્વામીશ્રી પથારીમાં સફાળા બેઠા થઈ ગયા. ઘડિયાળ જોઈ સ્મિત કર્યું અને સ્વસ્થ થઈ, પાણી પીને પ્રસન્ન મુખારવિંદ સાથે સૌ ભક્તોને મળવા લાગ્યા અને બધાના મનોરથ પૂરા કર્યા. સૌને રાજી કરવા એ જ એમનો જીવનમંત્ર છે !

* * *

'ભરત તને શરદી થઈ છે ?' આટલું પૂછતાં તો ભરત તરત જ નાકેથી લાંબો સડાકો તાણે અને જવાબ આપે, 'આપ યાદ કરાવો છો ને થાય છે.' ત્યાં ફરી એજ પ્રશ્ન, એ જ લાંબો સડાકો અને સાથે બેઠેલા સંતોનું હાસ્ય !!

આ સંવાદ પરમએકાંતિક સત્પુરુષ અને એક સામાન્ય જીવ વચ્ચેનો છે. ભરત એ ભાદરા મંદિરમાં સેવા કરતો યુવક છે. જેને લોકો સમજે છે એવી બુદ્ધિ નથી, અને વાણી પણ તોતડી છે. જે બતાવે તે સેવા કરવા આ યુવક તત્પર રહે તે તેની વિશેષતા છે. સ્વામીશ્રી તેની સાથે અકારણ હેત વરસાવી, ગમ્મત કરી ભગવાનમાં હેત કરાવે છે.

એની બુદ્ધિ સામું નહીં, પણ એની સેવા સામું જોઈને એને પણ સુખ આપે છે.

સ્વામીશ્રીએ ભાદરા મહાતીર્થ સ્થાનમાં ઉતારે જમતાં જમતાં ભરતને બીજો પ્રશ્ન પૂછ્યો, 'અહીં નીચે કોનું જન્મસ્થાન છે ?' ભરતે જવાબ આપ્યો, 'ભાદલા(ભાદરા)નું છે.' સ્વામીશ્રી કહે : 'ભાદરાનું નહીં, પણ ગુણાતીતાનંદ સ્વામીનું જન્મસ્થાન છે.' આ વાત સ્વામીશ્રીએ તેના મુખે જ પાંચ વખત બોલાવી, અને ત્રીજો પ્રશ્ન પૂછ્યો : 'ઉપર મંદિરમાં કોની મૂર્તિઓ છે ?'

ભરત કહે : 'જન્મસ્થાનની.' સૌ હસવા લાગ્યા. સ્વામીશ્રી ધીરજથી કહે : 'ના, એમ નહીં. બોલ, પહેલી મૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની, બીજી મૂર્તિ સહજાનંદ સ્વામીની અને ત્રીજી મૂર્તિ ગોપાળાનંદ સ્વામીની છે.' એમ આ ત્રણેય મૂર્તિનાં નામ પોતે જ પૂછીને, ભરત પાસે પાંચવાર નામ બોલાવ્યાં. એ મંદિરમાં રહેતા એક સંતને આજ્ઞા કરી કે આને મૂર્તિનાં નામ રોજ પૂછવાં અને મોઢે કરાવવાં.

મંદિરમાં રહેતા અગિયાર સંતમાંથી એક પણ સંતને આવો વિચાર આવ્યો ન હતો કે ભરતને ઠાકોરજીની મૂર્તિ કઈ છે ? કે જન્મસ્થાન કોનું છે તે શીખવીએ. કારણ કે તેને આવડશે, તેવો વિશ્વાસ જ નહોતો. જ્યારે સ્વામીશ્રીએ શ્રદ્ધાથી એની પહેલ કરી, એટલે સંતોએ પણ એ રીતે તાલીમ શરૂ કરી. તેની સેવાથી સૌ રાજી જ હતા. પણ ભગવાન ઓળખાવીને એના જીવનું હિત કરવાનો સાચો રાજીપો સ્વામીશ્રીએ બતાવ્યો, એને ભગવાનની ઓળખાણ કરાવી.

નાનામાં નાનો જીવ પણ જો સાચા ભાવથી સેવા કરતો હોય, તો તેને ભગવાનની ઓળખાણ થાય, એવી લાગણી સ્વામીશ્રીને કાયમ રહ્યા કરે છે.

* *

ભાદરામાં કોઠાર અને રસોડા વચ્ચેના ઓસરીમાં સ્વામીશ્રી પ્રાતઃભ્રમણ કરી રહ્યા હતા. થોડા સંતો-હરિભક્તો દર્શન કરતા હતા. ડાબા હાથનાં આંગળીઓના વેઢા વડે પ્રાતઃભ્રમણમાં કેટલા ફેરા થાય છે તે સ્વામીશ્રી ગણી રહ્યા હતા. જમણા હાથની ચપટીથી ગાતરિયાનો છેડો પકડી રાખ્યો હતો. આજે ઘડિયાળ સામે રાખવાની રહી ગઈ હતી. પણ પગલાંઓની ગણતરીથી સ્વામીશ્રી નિત્યભ્રમણ કેટલું કરવું તે ગણી લેતા હોય છે. એક

સંતને ખ્યાલ આવતાં જ ઘડિયાળ લાવ્યા, અને બારણાના બારસાખ ઉપર હથોડી, ખીલી લઈને ટેકવવાની તૈયારી કરવા લાગ્યા. સ્વામીશ્રીએ જોયું કે હમણાં જ આ બારસાખ ઉપર બે ઈંચની ખીલી ધરબી દેશે. તેથી હથોડીનો પહેલો જ ઘા પડે તે પહેલાં સ્વામીશ્રીએ એ સંતને અટકાવી દીધા, અને કહેવા લાગ્યા, 'અમસ્તું, ઘડિયાળ થોડીવાર માટે જ જરૂર છે ને ? તો પછી બારસાખમાં ખીલી મારી કાણું ન પાડશો. ઘડિયાળ ત્યાં રાખવી હોય તો પાછળ વેન્ટીલેટરની જાળીમાં તાર બાંધીને રાખી દો. નહીં તો તેની જરૂર નથી.' સ્વામીશ્રીની ભાવનામાં ઠાકોરજીની મિલકત પ્રત્યે કેવો મમત્વ ભાવ છે ! મંદિરનું કોઈ જ પ્રકારનું નુકસાન પોતાના નિમિત્તે થાય તે તેમને મંજૂર નથી.

* * *

સ્વામીશ્રીની રીત છે કે મંદિરમાં રોકાણ હોય, તે દરમ્યાન મંદિરના ઉતારા, ગૌશાળા, કોઠાર, ઑફિસ વગેરે દરેક જગ્યાએ સમય મળે ત્યારે પગલાં કરી આવે. રસોડામાં તો વિશેષપણે પધારે જ.

એક દિવસ ભાદરા મંદિરે પણ આવું બન્યું. ફરતાં ફરતાં રસોડામાં પધાર્યા. તૈયાર થયેલી રસોઈ પર નજર કરી. બીજી બાજુ વાસણ ઊટકવાની ચોકડી હતી, તે બારણેથી બહાર નીકળ્યા. ચોકડીમાં એક થાળીમાં એકાદશેર જેટલો ઘઉંનો લોટ પડેલો જોયો, તેથી ટકોર કરી : 'આ લોટની થાળી કેમ વાસણ ઊટકવાની ચોકડીમાં રાખી દીધી છે.' કોઈ બોલી શક્યું નહીં. એટલે ફરી કહે : 'આ બધો લોટ એંઠવાડમાં જશે ?' ભંડારી સંત બાજુમાં જ ઊભા હતા. શું જવાબ આપવો એ વિચારમાં પડી ગયા હતા. છેવટે તેમણે કહ્યું, 'અટામણનો વધેલો લોટ હશે, રસોઈયાએ કાઢી નાંખ્યો લાગે છે.' સ્વામીશ્રી કહે : 'રસોઈયા કાઢી નાંખે, તો તેનું ધ્યાન દોરવું.' પછી તરત જ વાત બદલીને કહ્યું, 'આમ તો તને ઠાકોરજીનું-મંદિરનું મમત્વ છે જ, બધો ખ્યાલ રાખે છે. તારી સેવા બરાબર છે. છતાં કોઈવાર આવું ખ્યાલ વગર બહાર જતું રહે, પણ જોતા રહેવું.'

ટકોર કરવાની રીત કેટલી સરસ ! કેવો સવળો અભિગમ ! અનાજ કોઈના મોઢે ન જાય, નાંખી દેવું પડે એનો શો અર્થ ?' વગેરે ઘણું જ સ્વામીશ્રી કહી શક્યા હોત, પણ વ્યક્તિને મમત્વની લાગણી થાય, પોતાની

રીત છે. ...

ભૂખ લાગવી, તરસ લાગવી, ઠંડી લાગવી, આળસ મરડ... ઊંઘ આવવી, ઊંઘ પૂરી ન મળતાં ઝોકાં ખાવાં - આ બધા સામાન્ય રીતે દેહધારીઓના ભાવ છે. આ બધા ભાવોથી પર થઈને ષડ્ઊર્મિએ રહિત વર્તવું એ ગુણાતીત સંતમાં જ જોવા મળે છે.

આપણે સ્વામીશ્રીને એકાદશી કરતા જોયા છે. જાણે ખૂબ જ આનંદનો દિવસ. સવારથી જ ભક્તિમય-સેવામય દિવસ વિતાવે. દરરોજ કરતાં વધારે ભક્તિ અને સત્સંગની સેવા કરવાનો એમનો ઉત્સાહ. ગામડે વિચરણમાં હોય અને એકાદશી આવે તો ભોજન-અલ્પાહાર તો હોય જ નહીં, એટલે તે સમયે પધરામણીએ ઊપડી જાય. અરે, બપોરે આરામના સમયે પણ પધરામણીઓ કરવા જતા રહે. હરિભક્તોને મળવામાં, તેમના પ્રશ્નો ઉકેલવામાં ગળે સોસ પડી જાય, ને સેવક સંતો પાણી પીવા માટે આગ્રહ કરે, તો કહે : 'એ વાત કરશો જ નહીં, એની જરૂર જ નથી.' એમ ઘસીને ના પાડી દે. એવા ભાવથી ના પાડે કે ફરીવાર કોઈ પૂછવાની હિંમત જ ન કરે ! મંદિરમાં એકાદશી આવે તો સવારે કથાવાર્તા, પછી સંતો-હરિભક્તો સાથે મુલાકાતો ચાલુ થાય. મુલાકાતો પછી પણ એક પણ ક્ષણ બગડવા ન દે. તરત જ પત્રલેખન શરૂ કરી દે. વચ્ચે કોઈ મળનાર આવે તો તેને પણ જરાય કંટાળા વિના મળી લે અને પુનઃ પત્રલેખનમાં મગ્ન થઈ જાય. લખતાં લખતાં ક્યારેય કંટાળો આવ્યો હોય અને થોડીવાર પણ આડે પડખે થઈ ... જોવા મળ્યું નથી. વાંચનને અને ઊંઘને સામાન્યતઃ મિત્રતા ... લાંબા લાંબા પત્રો, ઉકેલી ન શકાય તેવા ... ક્યારેય તેમને ઝોકાં ...

બારસને દિવસે રોજના સમયે જ ઊઠવાનું. પારણાં માટે જરાપણ તડપ નહીં. ઉતાવળ નહીં. સ્નાન-પૂજા એવી રીતે કરે જાણે ગઈકાલનો ઉપવાસ છે જ નહીં. ઠાકોરજીનાં દર્શને પધારી, આરતી ઉતારે ત્યારે સેવક સંતને મનમાં ચટપટી થાય કે સ્વામીશ્રી બહુ મોડું ન કરે તો સારું. તેથી લીંબુનું પાણી લઈને પાછળ આવે, પણ સ્વામીશ્રીને આ બધું ગમે નહીં. પણ કચવાતા મને એકાદ વાટકી જ ઠાકોરજીની પાછળની સીડી પર બેસીને પી લે. ફરી દર્શન-દંડવત્ વગેરે દરરોજ જે નિયમ પ્રમાણે શરૂ કરી દે અને ઠેઠ સાડા આઠ પછી રોજના સમયે જ મગ-ખીચડી વગેરે પારણાં કરવા બિરાજે !

* * *

સખત ઠંડીના દિવસો હોય, છાતી સોંસરો નીકળી જાય એવો ઠંડો પવન હોય, હાડ થિજાવી નાખે એવી ઠંડી પડતી હોય, છતાં ૧૯૮૨-૮૩ સુધી તો સ્વામીશ્રીએ ઠંડી ગણકારી જ નથી. ઠંડીમાં તાપવા લાગ્યા હોય, ઠંડી આવતી રોકવા બારી-બારણાં બંધ કરાવ્યાં હોય, સામેથી શાલ-ટોપી ઓઢવા માંગ્યા હોય કે 'આજે સખત ઠંડી છે.' કે ઠંડીનો જોરદાર ચમકારો છે.' એવાં વાક્યો ભૂલેચૂકે પણ એમના મુખે સાંભળ્યા હોય તેવું યાદ આવતું નથી.

યોગીજી મહારાજના સ્વધામગમન બાદ થોડા સમય પછી સ્વામીશ્રી રાજપુર નામના એક ગામમાં 'યોગીજી મહારાજ હાઈસ્કૂલ'નું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા હતા. તે જ સ્કૂલમાં ઉતારો હતો. ઠંડીના દિવસો હતા. નહાવાની વ્યવસ્થા સ્કૂલના ઓરડાથી થોડી દૂર હતી. સવારે વહેલા સ્નાન કરી, એક વસ્ત્ર પહેરી, સામે થોડે દૂર રૂમમાં ધોતિયું પહેરવા જવાનું હતું.

સ્નાન બાદ ઠંડી વધારે લાગે, એમાંય ખુલ્લામાં સ્નાન કરવાનું હોય, પવનના સુસવાટા લાગતા હોય, ગમે તેવો સહનશક્તિવાળો હોય તો પણ ધ્રૂજી ઊઠે ને દાઢી ડગડગવા લાગે કે દાંત કકડી ઊઠે ને રૂમમાં જવા પગ ઉતાવળા થઈ જાય. એવે સમયે સ્વામીશ્રી શાંતિથી ક્રિયાઓ કરતા જતા હતા. અત્યંત સહજભાવે જાણે સાનુકૂળ વાતાવરણ જ ન હોય ! ધન્ય છે આ ગુણાતીત પુરુષની આત્મનિષ્ઠાને ! પરાકાષ્ઠા તો ત્યારે આવી, જ્યારે આ ટાઢમાં, રસ્તામાં હરિભક્તો પગે લાગી સ્વામીશ્રીને રૂમમાં જવામાં અવરોધરૂપ બને ! પણ સ્વામીશ્રી એટલી જ સ્વસ્થતાથી ભીના શરીરે ને એક વસ્ત્રભર ઠંડીના સુસવાટા સહન કરતા રૂમમાં ધોતિયું પહેરવા પધાર્યા !!

કોઈને ફોટા પાડવા હોય. કોઈને સાથે ફોટા પડાવવા હોય તો કોઈને પુસ્તક કે મૂર્તિ પ્રસાદીની કરાવવી હોય. આટલા બધા લોકોના આટલા બધા મનોરથો પૂરા કરવા એમણે ક્યારેય ધીરજ ગુમાવી નથી ! શ્રદ્ધાથી લોકોના ભક્તિભાવ પૂરા કર્યા છે. નિરર્થક લાગતા પ્રશ્નો પણ ધ્યાનથી સાંભળે નીવેડો લાવે ને યોગ્ય માર્ગદર્શન આપે. આવો લગભગ દરરોજનો ક્રમ અને આ બધા ક્રમો સાચવવા માટે ખૂબ જ ભીડો વેઠવો પડે. પંચભૌતિક શરીર છે એટલે થાક તો લાગે જ. અને આ ક્રમમાં જમવાનો સમય, પાણી પીવાનો સમય, શૌચ, સ્નાનનો સમય, આરામમાં જવાનો સમય સચવાય જ નહીં. આવી રોજની પ્રતિકૂળતા હોવા છતાં ક્યારેય સ્વામીશ્રીએ અણગમો કે કંટાળો અનુભવ્યો નથી. રાત્રે સભામાં ઘણું મોડું થાય ને ઊંઘ પૂરી ન થાય છતાં ક્યારેય ઝોકું ખાતા કે બેઠાં બેઠાં ટેકો રાખીને કે માથું નમાવી સૂતા હોય તેવું જોયું નથી. થાક્યાપાક્યા સૂતા હોય, પણ જો કોઈ વિદેશ કે કલકત્તા-દિલ્હી જેવાં સ્થળે જવાના હોય અને એ તરફની ટપાલ હોય તો એ હરિભક્તના જવાના સમાચાર સાંભળી તરત પથારીમાં બેઠા થઈ ટપાલ લખી આપે. ભલે સૂવાનું મોડું થાય. સતત હરિભક્તોને રાજી કરવા એ જ એમના જીવનનું ધ્યેય રહેલું જોયું છે.

આવા સ્વામીશ્રી ઠાકોરજી અને હરિભક્તો - આ બન્નેની પ્રસન્નતા માટે જ જીવ્યા છે ને જીવી રહ્યા છે. આપણે પણ એમને માટે જ જીવી શકીએ અને એમની પ્રસન્નતાને ઝીલી શકીએ તે પ્રાર્થના.

* * *

૧૯૯૧-૯૨, જ્યારે સ્વામીશ્રી અમદાવાદમાં બિરાજમાન હતા. રોજના કાર્યક્રમ મુજબ સાંજે ઠાકોરજીનાં દર્શન કરી, સાયંસભામાં પધારતા. તેમાં એક દિવસ કોઈ કારણસર મોડું થયેલું. તેથી કામ પૂરું થતાં જ ઠાકોરજીનાં દર્શનાર્થે રૂમની બહાર આવ્યા. એમની નજર ઉતારાનાં પગથિયાં પર પડી. અહીં સારંગપુરનો રઘો ભરવાડ ઊભો હતો. સ્વામીશ્રીને જાણે કોઈ ગોઠિયો મિત્ર કેટલાં વર્ષે અચાનક મળે ને જેવો પ્રેમ ઊભરાય તેવો ઊભરો આવી ગયો... ને અત્યંત હેતથી લહેકા સાથે તેને બોલાવ્યો : 'અલ્યા રઘા, તું અહીં ક્યાંથી ?' રઘાનો પણ આનંદ માતો નહોતો. રસોડાનાં બારણે જ કૃષ્ણવલ્લભ સ્વામી ઊભા હતા. તેમને બોલાવીને સ્વામીશ્રી કહે : 'સારંગપુરથી રઘો આવ્યો છે, તું મળ્યો કે નહિ ?' પછી ક્યા હેતુથી તે આવ્યો છે, એ વિગત પૂછવા લાગ્યા. તેણે જણાવ્યું કે સારંગપુરમાં દરબાર અને ભરવાડ વચ્ચે ધમાલ થઈ, તેથી અદાલતના કામ માટે આવ્યો છે. સ્વામીશ્રીએ કૃષ્ણવલ્લભ સ્વામીને તેને જમાડી દેવા સૂચના આપી. પછી પોતે ઠાકોરજીનાં દર્શન કરી સભામાં પધાર્યા. અને અલ્પાહાર પછી રઘા ભરવાડ સાથે ખાનગીમાં બિરાજ્યા. તેની બધી જ વાત જાણી આશીર્વાદ આપ્યા. હું એ જ રૂમમાં દૂર ઊભો હતો. તેથી સ્વામીશ્રીએ મને બોલાવી રઘાને ઉતારાની વ્યવસ્થા કરી આપવા કહ્યું. અને ફરી આરામમાં જતાં પહેલાં સ્વામીશ્રીએ તેને યાદ કર્યો કે 'રઘાની ઉતારાની સગવડ થઈ ગઈ ?' હું તો વિચારમાં જ પડી ગયો. આ પ્રસંગ યાદ કરતાં અવશ્યપણે સમજી શકાય છે કે એમનાં દૃષ્ટિમાં કોઈ નાનો નથી કે કોઈ મોટો નથી. કોઈ ગરીબ નથી કે કોઈ તવંગર નથી. બીજું, દુનિયામાં પ્રેમ તો બધા આપે છે. પણ એ સ્વાર્થ ભરેલો પ્રેમ છે. સ્વાર્થ પૂરો થાય પછી કોઈ કોઈને યાદ કરતું નથી. જ્યારે સ્વામીશ્રીના જીવનમાં જે પ્રેમ છે એ નિઃસ્વાર્થ પ્રેમ છે.

તેઓ વ્યક્તિની સેવાને અને તેના ભાવને હરહંમેશાં પ્રોત્સાહિત કરતા જ રહ્યા છે.

* * *

એક વખત હું અને ભગવત્પ્રસાદ સ્વામી સ્વામીશ્રીનાં દર્શન - મુલાકાત માટે બોચાસણ ગયેલા. અમારી સાથે જયંતીભાઈ મોદી નામનો યુવક પણ આવેલો. ભગવત્પ્રસાદ સ્વામીએ કહ્યું, 'આને દીકરો નથી તો આશીર્વાદ આપો.' સ્વામીશ્રીએ પ્રેમપૂર્વક આશીર્વાદ આપ્યા અને તરત જ સભામાં પધાર્યા. સભામાં આશીર્વાદ આપતાં એક વાત કરી : 'પહેલાં એક ભાઈ સાધુ થવા માટે આવેલા અને બીજા એક દીકરા માટે આશીર્વાદ લેવા આવ્યા. આવું સંસારનું ચક્કર છે... વગેરે વાતો કરી. અમે ત્રણે રજા લેવા સ્વામીશ્રી પાસે ગયા. ત્યારે જયંતીભાઈને જોઈને સ્વામીશ્રી કહે : 'આજે જાહેરસભામાં તમારી વાત કરી, તેમાં ખોટું નથી લાગ્યું ને !' જયંતીભાઈ તો ગળગળા થઈ ગયા. મને પણ મનમાં થયું. આવા ગુરુ ક્યાંય જોયા નથી. જાણે પોતાનાથી કાંઈ ભૂલ થઈ ગઈ હોય એમ શિષ્યની માફી માગતા હોય તેવો ભાવ તેમની આંખોમાં ડોકાતો હતો.

* * *

નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં લખ્યું છે કે 'સમે સમે સંભાળ જાણે કરે હરિજનની રે, એવું બીજું કોણ દયાળ, કાંરે મનાય નહીં મનને રે..'

સ્વામીશ્રીના જીવનમાં પણ આવાં દર્શન અનેકવાર થતાં હોય છે.

એક વખત નડિયાદમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં શ્રીમદ્ ભાગવત પારાયણ સપ્તાહનું આયોજન સંતરામ મંદિર ખાતે યોજાયેલું. સ્વામીશ્રીનો ઉતારો જમનાદાસ બાપુજીને ત્યાં પહેલે માળે હતો. નીચે મકાનમાલિક રહેતા. એક દિવસ એક રૂમમાં બે જણા મજાકમસ્તી કરતા હતા. દેવસ્વામી પત્ર લખતા હતા. હું એ રૂમમાં ગયો કે તરત સ્વામીશ્રીએ પૂછ્યું, 'આ અવાજ કોણ કરે છે ?' મેં કહ્યું, 'ગૌતમ અને સોમો.'

'જા, ના પાડ, અત્યારે અવાજ કરવાનો સમય છે ? ઘરવાળા આખો દિવસ ચડઊતર - દોડધામ કરી થાકી ગયા હોય !' સ્વામીશ્રીએ જરા અકળાઈને કહ્યું.

મેં જઈને કહ્યું, પણ અવાજ ચાલુ જ રહ્યો. ફરી હું રૂમમાં ગયો.

સ્વામીશ્રી પત્ર લખવામાં તલ્લીન હતા. જેવો મને જોયો કે તરત થોડા ઊંચા સ્વરે કહ્યું, 'તને કહ્યું ને કે ના પાડી આવ.' મેં કહ્યું, 'ના પાડી પણ માનતા નથી.' એટલે સ્વામીશ્રી આકળા થયા. કહે : 'કેમ ન માને ? એના બાપનું ઘર છે ?' પછી તો હું પણ પેલા બે જણા પર અકળાયો. એટલે જઈને ખખડાવીને કહ્યું : 'તમારો બાપ ક્યારનો ના પડે છે તોય માનતા નથી ? ચાલો બંનેને સ્વામી રૂમમાં બોલાવે છે.' બંને સ્વામીશ્રી પાસે આવી મારા વિષે ફરિયાદ જ કરી, 'ધ્યાની સ્વામીએ અમને ખખડાવી નાખ્યા ?' સ્વામીશ્રીએ એકદમ ત્રીજું લોચન ખોલ્યું. કહ્યું, 'એક શું - બે વાર ખખડાવે ને પાટુય મારે ! બે-બે વખત આવીને કહે છે તોય સાંભળતા નથી !' એમ ઘણો ઠપકો આપ્યો. એવામાં દેવચરણ સ્વામી રૂમમાં આવ્યા. પછી સ્વામીશ્રી તેમને કહે : 'આ દેવ પણ સાવ નાના છોકરા જેવો છે ! આ લોકો અવાજ કરે છે તેને ના નો પાડીએ ? ઘરવાળા નીચે સૂતા છે. આખો દિવસ દોડધામ કરીને થાકી ગયા હોય.' તેમણે માફી માગી. એ ઉતારામાં તો અમે ઘણા સંતો હતા. પણ કોઈને આવો વિચાર ના આવ્યો. એક સ્વામીશ્રીને બીજાનો વિચાર આવ્યો. કારણ કે આપણે સ્વકેન્દ્રી છીએ. સ્વામીશ્રી પરકેન્દ્રી છે !

* * *

તે જ દિવસે રાત્રે સ્વામીશ્રીને શૌચ માટે જવાનું થયું. સંતો અને સેવક સંતો ભર ઊંઘમાં હતા. કોઈની ઊંઘમાં ખલેલ ન પડે એ રીતે સ્વામીશ્રી ધીમે રહીને રૂમની બહાર આવ્યા. શૌચ પછી હાથ ધોઈ, બાથરૂમમાં સ્નાન માટે ગયા. એવામાં સેવક જાગી ગયા. સ્વામીશ્રીને કહ્યું : 'હમણાં નહાશો નહીં. ગરમ પાણી કરું છું.' - પછી સ્ટવ પેટાવવા લાગ્યા, પણ જોયું તો તેમાં કેરોસીન જ નહીં ! પછી માંડ કેરોસીન આવ્યું ને પાણી ગરમ થયું. ત્યાં સુધી સ્વામીશ્રી લોબીમાં બેસી રહ્યા ને સ્નાન કરી આરામમાં પધાર્યા. સ્વામીશ્રીને એક જ ભાવના આજે પણ રહ્યા કરે છે કે પોતા તરફથી કોઈને કશી જ તકલીફ પડવી ન જોઈએ.

* * *

૧૯૭૯, સ્વામીશ્રી કલકત્તા પધાર્યા હતા. તે સમયે જ સ્વામીશ્રીને દાંતનું નવું ચોકઠું આવ્યું હતું. પણ તે સેટ થાય નહીં. પેઢામાં ખૂંચે ને ખોરાક પરાણે ચવાય, આવી પરિસ્થિતિ હતી. એવામાં નેપાળની યાત્રાનું નક્કી થયું. ત્યાં

કોઈ સત્સંગી નહીં કે વિશેષ સગવડ પણ નહિ. ધર્મશાળામાં ઊતરવાનું અને જમવાનું પણ ત્યાં જ. સેવક સંતો આગળ જઈને સગવડ કરે. અમે સંઘ સાથે જનકપુર જતા હતા. રસ્તામાં કાંઈક કારણોસર રસોઈની સેવામાં જે સંતો હતા તેમની ગાડી પાછળ રહી ગઈ. અમે વહેલા પહોંચી ગયા. એટલે મનોમન વિચાર આવ્યો. બે દિવસથી સ્વામીશ્રી કાંઈ સરખું પેટ ભરીને જમ્યા નથી, તો આજે થોડો સમય છે. તો ખીચડી બનાવી દઉં. મેં તેની તૈયારી કરી. થોડીવારમાં તો સ્વામીશ્રી જમવા માટે બેસી ગયા. મને થયું કે સ્વામીશ્રી જમીને ચળુ કરી લેશે, તો પછી ખીચડી જમશે નહીં. તેથી ખીચડી તૈયાર થતાં જ થાળીમાં થોડી ખીચડી ઠારી અને સ્વામીશ્રી માટે લઈ ગયો. જેવી પત્તરમાં આપવા માટે ગયો. ત્યાં જ સ્વામીશ્રીએ મને અટકાવ્યો, ને પૂછ્યું કે ઠાકોરજીને ધરાવી ? મેં એકાદ ક્ષણ વિચાર કર્યો કે જો ના પાડીશ કે નથી ધરાવી તો બાપા જમશે નહીં. એટલે કહ્યું, 'હા ધરાવી.' તરત બીજો પ્રશ્ન કર્યો, 'ક્યારે ધરાવી ?' જવાબ આપતાં થોડો ખચકાટ થયો. ને બીજું બહાનું ધર્યું : 'દેવ સ્વામીએ ધરાવી છે.' આટલું કહ્યું ત્યાં તો સ્વામીશ્રીનું ત્રીજું લોચન ખૂલ્યું ને બોલવા લાગ્યા : 'ખોટું બોલો છો ? આ મારી સામે લાલજી બેઠા છે. તારી આંખો કરતાં મારી આંખો વધારે તેજદાર છે. ખોટું બોલે છે ? જા બોલાવ દેવ ને !' આ પ્રસંગ વખતે સ્વામીશ્રીની સામે પંદરેક ફીટ દૂર જુનવાણી પાટ ઉપર હરિકૃષ્ણ મહારાજને પધરાવ્યા હતા તેનો મને ખ્યાલ પણ ન હતો.

હું દેવચરણ સ્વામીને બોલાવી લાવ્યો. તેમને બધી વાત કરી દીધી હતી. તેથી દેવચરણ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું કે ઠાકોરજી માટે થાળીમાં જુદી કાઢી છે ને ઠારવા મૂકી છે. અને આ ધ્યાનીના મનમાં એમ કે આપ ઊભા થઈ જશો એટલે એમ કહ્યું.' પણ અંતે સ્વામીશ્રી ખીચડી તો ન જ જમ્યા !

રાત્રે આરામનો સમય થયો હતો. હું સ્વામીશ્રી સામે બેઠો હતો. વિનુ ભગતે મને પૂછ્યું, 'આજે બપોરે શું થયું હતું ?' મેં માંડીને બધી વાત કરી, ત્યારે સ્વામીશ્રી પણ પલંગમાં બેઠાં બેઠાં સાંભળી રહ્યા હતા. પણ મિત્ર-ભાવે અજાણ્યા થઈને આપણી સાથે ભળી જતા હોય તે ભાવે પૂછ્યું : 'ધ્યાની શું વાત કરે છે ?' વિનુ ભગત કહે : 'ખીચડીની વાત કરે છે.' પછી મેં કહ્યું : 'બાપા ! આજ બપોરે મેં નક્કી કર્યું હતું કે કદાચ આપ માથામાં

છૂટું પત્તર મારો તો પણ આપની સામેથી ઊભા થવું નથી.' સ્વામીશ્રી આર્દ્રભાવે કહેવા લાગ્યા : 'તમે સાધુ રહ્યા ને અમે સાધુ રહ્યા. એટલે આવું તો ન થાય. પણ ગમે તે વસ્તુ લાવો તો ઠાકોરજીને ધરાવીને પછી જ મારી પાસે લાવવી. તેં કહ્યું હોત કે ઠાકોરજીને ધરાવવાની બાકી છે. તો થોડીવાર બેસી રહેત. તારી વાત સાચી કે મારાથી બીજું કાંઈ ચવાતું નથી. પણ એમાં મહારાજને ભૂલીને મારી પાસે આવો, તેનો શું અરથ ?' સ્વામીશ્રીની ભક્તિભાવના આ શબ્દોમાં ઊછળી રહી હતી.

* * *

૧૯૮૨, અમદાવાદમાં હું ઠાકોરજીની સેવામાં હતો, ત્યારે સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા. એક સવારે શણગાર આરતીનાં દર્શને પધાર્યા. ત્યારે હું આરતી પ્રગટાવવાની તૈયારી કરતો હતો. સ્વામીશ્રીએ મધ્યખંડમાં આવી દર્શન કરી, મારા હાથમાં દિવેટો જોઈ સ્વામીશ્રીએ સીધો જ પ્રશ્ન કર્યો કે વાટ્યો શેમાં પલાળો છો ?'

મેં કહ્યું : 'ઘીમાં.'

'કયું ઘી વાપરો છો ?'

મેં કહ્યું : 'ડાલડા.'

તરત સ્વામીશ્રીએ કહ્યું : 'એ ઘી ઠાકોરજી માટે ન વાપરવું. હવેથી ચોખ્ખા ઘીમાં પલાળવી.' પછી ત્યાં અન્ય સંતો પણ ઊભા હતા, તેમને પણ એ ભલામણ કરી ! આવી ઝીણી ઝીણી બાબતોમાં પણ ઠાકોરજી માટે એમણે ક્યારેય ચલાવી લીધું નથી.

* * *

જ્યારે હું આચાર્ય સ્વામી સાથે ખેડા જિલ્લામાં ગામડે ફરતો હતો ત્યારે એક વખત સ્વામીશ્રી સાથે ખંભાત જવાનું થયેલું. ખંભાતમાં બપોરે જમીને સ્વામીશ્રી રૂમમાં ગયા, હું નીચેથી પરવારીને ઉપર સ્વામીશ્રીની રૂમમાં ગયો. સ્વામીશ્રી નીચે કપડું પાથરીને નખ કાપતા હતા. બીજા બેત્રણ સંતો રૂમમાં બેઠા હતા. એક સંતે ગમ્મત શરૂ કરી : 'ધ્યાની, કયાં ગયા હતા ? બાપાએ અમને બધાને પ્રસાદીના નખ આપ્યા. તમારે જોઈતા હોય તો માંગો.'

મેં કહ્યું, 'બાપા ! મને આપો ને.'

સંતો કહે : 'દંડવત્ કરો તો આપશે.' હું દંડવત્ કરવા લાગ્યો. એવામાં

સ્વામીશ્રી કહે : 'મારી પાસે નથી. આ લોકોએ લઈ લીધા છે. એમને દંડવત્ કરો તો આપશે.'

સંતો કહે : 'બાપા પાસે બીજા નખ છે. એમને દંડવત્ કરો તો આપશે.' થોડો સમય આમ ખેંચતાણ ચાલી. સ્વામીશ્રીએ એકદમ જ પૂછ્યું : 'આ નખને તું લઈશ તો શું કરીશ ?' મેં કહ્યું, 'રોજ દર્શન કરીશ.' સ્વામીશ્રીએ મર્મસભર વાણી ઉચ્ચારી : 'એકલા નખ શું કરવા રાખે છે ? આ આખી મૂર્તિ જ અંતરમાં ઉતારને !' ત્યારે ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રીએ તો ગમ્મત કરી સુખ આપ્યું છે. ત્યાં બેઠેલા એકેય સંતને નખ આપ્યા નહોતા, ને લેવાયે નહોતા દીધા. આવા પ્રસંગે પોતે એટલો ખટકો રાખે છે કે જાતે જ એ બધું કચરાપેટીમાં કે જાજરુમાં નાખી આવે છે. તે દિવસે પણ ભેગા થયેલા નખ બાજુના મકાનના પતરાં પર જાતે જ ફેંકી દીધા. ભક્તિમાં ઊભરાઈ જતી વેવલાઈ કે આછકલાઈ સ્વામીશ્રીએ ક્યારેય ચલાવી લીધી નથી.

* * *

૧૯૮૮, સ્વામીશ્રીની જન્મજયંતી નૈરોબીમાં ઊજવાઈ ત્યારે તેમાં મને પણ લાભ મળેલો. અહીંથી મસાઈમારાનાં જંગલોમાં જુદાંજુદાં જંગલી પ્રાણીઓને પણ જોયાં. વળી સ્વામીશ્રીના સાન્નિધ્યનો પણ દરેક સંત-ભક્તને લાભ મળ્યો. બે દિવસ પછી પાછા નાઈરોબી આવ્યાં ને બીજે જ દિવસે સવારે નાસ્તો કરતાં સ્વામીશ્રીએ મારી પર દૃષ્ટિ કરીને પૂછ્યું, 'શું ધ્યાની, મસાઈમારા જોયું ?'

'હા બાપા, જોયું.'

'શું જોયું ?'

મેં કહ્યું : 'સિંહને શિકાર કરતાં જોયો. બચ્ચાંને કેવી રીતે શિકાર કરતાં શિખવાડે છે તે જોયું.'

સ્વામીશ્રી કહે : 'વાત કર, કેવી રીતે શિકાર કરતો હતો.' પછી મેં આવડ્યું એવું વર્ણન કર્યું. સ્વામીશ્રી રસપૂર્વક સાંભળતા હતા. સાથે મરક મરક હસતા હતા. મને મનમાં થયું કે ચોસઠપદીમાં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું તે સાચું છે : 'ક્યાં કીડી કેરો મેળાપ ભેળો થાવા ભારે ભેદ છે રે, ક્યાં પૂર્ણ પુરુષોત્તમ આપ, ક્યાં જીવ અને ક્યાં જગદીશ ? જે પુરુષને

પંચવિષયનાં સુખ ખારા ઝેર જેવાં થઈ ગયાં હોય, તે પુરુષને આવી તુચ્છ બાબતોમાં શું રસ હોય ? છતાં આટલી રસપૂર્વક વાત સાંભળી. તેનું એક જ કારણ કે કેમ કરીને ભગવાન ને સંતમાં આપણને આત્મબુદ્ધિ થાય, અને હું જે ભગવાનનું સુખ લઈ રહ્યો છું તેનાથી મારા સંતો વંચિત ન રહી જાય !

* * *

સ્વામીશ્રી એવા આદર્શ ગુરુ છે કે જેમની પાસેથી ગંભીરતામાં જ્ઞાન ઘણાએ મેળવ્યું હશે, પણ ગમ્મતમાંયે જ્ઞાન મળતું રહે છે, આ મારો સ્વાનુભવ છે. અમુક ચહેરા જોઈને એમને સ્વાભાવિક આનંદ કરવાનો-ગમ્મત કરવાનો ઉમળકો આવી જાય છે - મારી સાથે પણ આવા પ્રસંગોની સ્મૃતિઓનો લાંબો દોર છે. અહીં માત્ર તેનો અલ્પ અંશ જ ગુરુભક્તિ નિમિત્તે રજૂ કર્યો છે.

૧૯૭૭, અમે કેટલાક યુવકો સ્વામીશ્રી સાથે ગામડે વિચરણમાં હતા. જે ગામે સ્વામીશ્રી પધારવાના હોય ત્યાં અમે રસોડા વગેરેની તૈયારી માટે વહેલા પહોંચી જતા.

સ્વામીશ્રી ઊના પધાર્યા હતા. અહીં જ ભોજન લેવાના હતા, પણ અમને ખ્યાલ ન રહેતાં, સ્વામીશ્રીનું પત્તર જે ગાડીમાં હતું તે જ ગાડી લઈ નજીકમાં આવેલાં તીર્થ મૂળદ્વારકામાં દર્શને જવા નીકળી ગયા. આ બાજુ રસોઈ તો ક્યારની તૈયાર હતી. સ્વામીશ્રી પણ જમવા પધારી ગયા હતા. પણ પત્તર અમારી સાથે રહી ગયેલું, જેનો અમને ખ્યાલ પણ ન હતો. અમે અમારા સમયે શાંતિથી તીર્થયાત્રા કરીને આવ્યા. ઉતારે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રી અને સંતો જમ્યા વિના બેસી રહેલા, કથા-ગોષ્ઠિ ચાલી રહી હતી. જોકે સૌ ભૂખ્યા બેઠા છે, તેનો ખ્યાલ તો હજુ નહીં આવેલો. અમે તો કેફથી યાત્રાનું વર્ણન કરવા લાગ્યા. સ્વામીશ્રીએ પણ અમારા આગમન અને વાતોને પ્રેમથી વધાવી લીધા. ને તરત કહ્યું, 'અહોહો ! તમે તો તીરથ કરીને આવ્યા, મૂળદ્વારકા જઈ આવ્યા... આવો તમને પગે લાગીએ...' એમ કહી નીચા નમી, સ્વામીશ્રી મને પગે લાગ્યા !! ને કહે : 'તમ સ્નાનં અમ સ્નાનં !' મને ભારે સંકોચ થયો. પણ સેવક સંતોએ પત્તર ગોઠવ્યું ત્યારે મને ખબર પડી કે હજુ સ્વામીશ્રી જમ્યા નથી, ને પત્તર તો અમારી ગાડીમાં હતું. અમારો

યાત્રાનો બધો આનંદ ઊડી ગયો, પણ સ્વામીશ્રીએ એક શબ્દ પણ ઠપકાનો કહ્યો નહીં ! ઊલટું મહિમા સમજીને પગે લાગ્યા ! કહો, આવા ગુરુ બીજે ક્યાં મળે ? પોતે વેઠે ને બીજાને સુખ આપે !!

* * *

૧૯૭૮, સ્વામીશ્રી આણંદની આજુબાજુનાં ગામોમાં વિચરી રહ્યા હતા. કૃષ્ણજી અદાની જયંતી રાજકોટ ઊજવવાની હતી. સ્વામીશ્રીએ અચાનક નક્કી કર્યું કે રાજકોટ પહોંચવું છે. એક જ કારમાં સ્વામીશ્રી, દેવ સ્વામી, પ્રગટ ભગત અને હું રાજકોટ જવા માટે બપોરે ૩-૩૦ વાગે નીકળ્યા. બાવળા થઈને લીંબડી પસાર કર્યું, ત્યાં મને ઝોકાં આવવા લાગ્યાં. સ્વામીશ્રી કહે : 'બાપુ, ઊંઘ આવે છે ?'

'હા.' મેં કહ્યું.

સ્વામીશ્રી ડ્રાઇવરને કહે : 'ગાડીમાં રેકર્ડ ચાલે છે ?'

એ સમયે હરિભક્તોની ગાડીઓ બદલાતી રહેતી, તેથી સ્વામીશ્રીએ આ નવી મર્સીડીસ ગાડીના ડ્રાઇવરને પૂછ્યું. તેણે હા પાડી. સ્વામીશ્રી કહે : 'કૅસેટ મૂકો...' તેણે ચાલુ કર્યું ત્યાં ફિલમનું ગીત વાગ્યું. તરત સ્વામીશ્રી કહે : 'આ નહીં, આ નહીં, મને એમ કે ભજનની હશે...'

ડ્રાઇવર કહે : 'એ મારી પાસે ન મળે !'

સ્વામીશ્રીએ દેવ સ્વામીને પૂછ્યું. તેમણે જણાવ્યું કે 'સામાનમાં મૂકી છે.' એટલે હાઇવે ઉપર જ સ્વામીશ્રીએ ગાડી સાઇડમાં લેવડાવી, ઊભી રખાવી અને સામાનમાંથી સેવકે ભજનની કૅસેટ કાઢી... તે ચાલુ થઈ એટલે ચાલતી ગાડીએ સ્વામીશ્રી મને કહે : 'બાપુ, હવે ઊંઘ નથી આવતી ને !'

મારા જેવા સામાન્ય યુવકને હેત થાય, સમયની સૂઝ આવે, અને ભજનના સુખે સુખિયા થવાય તેવા હેતુથી સ્વામીશ્રીએ આવી કરુણા ઘણી વાર જુદી જુદી રીતે મારા ઉપર વરસાવી છે.

* * *

૧૯૭૯, બારડોલી, હજુ હમણાં જ મને પાર્ષદી દીક્ષા મળી હતી. હું સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાયો. તે સમયે ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના ઉદ્‌ઘોષ રૂપે કલકત્તામાં એક ઉત્સવ ઊજવવાનું નક્કી થયેલું. તેમાં દેવચરણ સ્વામી સાથે મારે જોડમાં જવાનું હતું.

બપોરે ૪ વાગે સ્વામીશ્રી પાસે વસંતભાઈ વગેરે હરિભક્તો આઈસ્ક્રીમ લઈને આવ્યા. હું અન્યને પીરસતો હતો. ઘેર બનાવેલી આ વાનગી સ્વામીશ્રીને જમાડવા સૌએ ઘણો આગ્રહ કર્યો. સ્વામીશ્રીએ માત્ર એક ચમચી લીધો, ને મને કહે : 'ભગત, તમારે કલકત્તા જવાનું છે, તો પીરસવાનું મૂકીને આ જમી લો.'

હું જમવા લાગ્યો ને સ્વામીશ્રીએ પોતાની વાટકી મને ધરી દીધી. મેં કહ્યું, 'આપ જમો.'

સ્વામીશ્રીએ એક ચમચી ભરી પ્રસાદી આપી. તેથી મેં ફરી કહ્યું, 'આપ તો જમતા નથી.'

સ્વામીશ્રી કહે : 'તમે સમજ્યા નહીં દરબાર, આ એક ચમચી એટલે કલકત્તાનું એક વર્ષ ! બે ચમચી એટલે બે વર્ષ...'

પછી તો બધા બહુ જ હસ્યા. કારણ કે તે સમયે સંતોનો સમૂહ અને ગુજરાતનાં વિશાળ મંદિરો છોડીને કલકત્તાના નાનકડા મંદિર અને મંડળમાં વધારે રહેવા કોઈ સંતો તૈયાર ન થતા. તેથી વર્ષો વર્ષ ત્યાં જવા સંતો બદલાતા રહેતા... મને તો સ્વામીશ્રીની આ વાત સાંભળીને ધ્રાસકો પડી ગયો. ત્યાં થોડીવારે સ્વામીશ્રીએ મને આખી વાટકી ધરી દીધી. મેં કહ્યું, 'મારે આવી પ્રસાદી નથી જોઈતી.'

'કેમ ?' સ્વામીશ્રીએ કરુણા કટાક્ષ કરતાં પૂછ્યું.

મેં કહ્યું, 'આપ જો ચમચીના હિસાબે વર્ષની વાત કરતા હો તો આ વાટકામાં કેટલી ચમચી સમાય ? માટે હું તો નહીં લઉં !'

સ્વામીશ્રી ખૂબ હસ્યા. ને ગમ્મત કરતાં કરતાં એ વાટકી મને પધરાવી જ દીધી.

આજે ૧૬ વર્ષથી મારો પ્રસાદીનો એ ક્વોટા હજુ પણ અકબંધ છે. એ વાટકીમાં કેટલી ચમચી પ્રસાદ હશે, તેનો ખ્યાલ તો એમને જ હશે ! આ લીલા મારે માટે જીવન પર્યંત અવિસ્મરણીય રહેશે.

* * *

૧૯૮૮, પૂર્વ આફ્રિકાના સ્વામીશ્રીના વિચરણ સમયે ઘણા સંતો સાથે જોડાયા હતા. ઠાકોરજીને થાળ ધરાવવાની સેવા મારે ભાગે હતી. અમે મ્વાન્ઝા (ટાન્ઝાનિયા) ગયા. અહીં શ્રી ગોસ્વામીના ઘરે સ્વામીશ્રીનો ઉતારો હતો. હું

હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવતો હતો. ત્યાં આવીને સ્વામીશ્રી નીચે જ બેસી ગયા ને થાળ બોલવા લાગ્યા. મેં આગ્રહ કર્યો કે સામે સોફો છે, તેના પર બિરાજો.' પણ ના જ પાડે.

પછી બહુ કહ્યું, એટલે કહે : 'ના, ઠાકોરજી સમક્ષ ઉપર ન બેસાય.' એમ એમની ભક્તિભાવના સહજ રીતે જણાઈ આવી...

* * *

આજ વિચરણમાં નૈરોબીમાં સ્વામીશ્રીની જયંતીનો દિવસ હતો. સ્વામીશ્રીએ મને અને વિશ્વવિહારી સ્વામીને અચાનક સભામાં જ ઊભા કર્યા, ને કહે : 'આ ભજન ગવાય છે. તમે નૃત્ય કરો...' અમને બંનેને ભારે સંકોચ થતો હતો. સ્વામીશ્રીએ અમારું માન મરોડવા ને અભિમાન તોડવા જ જાણે આ પ્રસંગ ઊભો કર્યો હતો. છેવટે અમે એ આજ્ઞા પાળી. ગળામાં ઢોલ લટકાવીને નૃત્યના ઠમકારા લેવા માંડ્યા. આખો સંતસમુદાય હેલે ચડ્યો. વાતાવરણમાં ભક્તિનો ઉન્માદ ફરી વળ્યો... કારણ એટલું જ હતું કે સ્વામીશ્રી સ્વયં ઢોલ લઈને અમારી વચ્ચે આવી, અમારી સાથે ભક્તિનૃત્યમાં મશગૂલ થઈ ગયા.

આ સ્મૃતિ અમારે માટે વિશેષપણે આનંદદાયક રહી છે. આજે પણ એ દિવસ યાદ આવતાં રોમાંચ જાગી જાય છે.

* * *

૧૯૯૧માં સ્વામીશ્રી મુંબઈથી નૈરોબી જવા નીકળ્યા. વહેલું પ્લેન હોવાથી કોરો નાસ્તો પ્લેનમાં જ કરી શકાય તે માટે અમે સંતોએ તૈયારી કરી રાખી હતી. સ્વામીશ્રી થોડું જમ્યા, પછી ચોકઠાં ધોવાનાં હતાં. મેં ચોકઠાં માગ્યાં તો કહે : 'તું પાણી નાખ, હું ધોઈ નાખીશ...'

મેં કહ્યું, 'એ તો હું ધોઈ નાખીશ.'

સ્વામીશ્રી તરત બોલ્યા, 'ના, સ્વયંસેવક થવાનું છે ! હું ધોઈશ.' કહી જાતે ધોવાનું ચાલુ કર્યું. હું મિનરલ વૉટરની બૉટલના પાણીથી ચોકઠાં ધોવરાવતો હતો એટલે ટકોર કરતાં કહે : 'આ પીવાનું પાણી છે. તે મોંઘું હોય, સમજ્યો ? એનાથી ન ધોવાય. સાદું પાણી લાવ...'

સ્વામીશ્રીએ પોતાના જીવન દ્વારા સેવાભાવના અને કરકસરના અદ્ભુત પાઠો ભણાવ્યા છે.

* * *

ન્યુજર્સી, સી.એફ.આઈ.નો ઉત્સવ ચાલી રહ્યો હતો. સ્વામીશ્રી જમી લે પછી રોજ મીઠાના પાણીના કોગળા કરે છે. મેં એક દિવસ રોજ પ્રમાણે પાણી આપ્યું. તેના કોગળા કરી સ્વામીશ્રીએ બે વખત મને પૂછ્યું, 'આ મીઠું છે ?'

મેં કહ્યું, 'હા, આજે નવું જ બૉટલમાં ભર્યું છે !'

સ્વામીશ્રી મૌન રહ્યા, ને ફરી બધા જ પાણીના કોગળા કરી લીધા. પરંતુ સ્વામીશ્રીએ બે વખત પૂછેલું એટલે મને શંકા પડેલી. તેથી રસોડામાં જઈને તરત જ એ બૉટલમાંથી ચાખી જોયું તો ખબર પડી કે એ મીઠું નહોતું લીંબુનાં ફૂલ હતાં ! - સાયટ્રિક ઍસિડ હતો !!

મારી સ્મૃતિના ઘણા પ્રસંગો આનંદમાં ઉમેરો કરે તેવા છે. પણ આ પ્રસંગ સંભારતાં દુઃખ થઈ આવે છે. આપણી કેટલી બધી બેદરકારીને સ્વામીશ્રી વિશ્વાસના, વાત્સલ્યના અને સાધુતાના આવરણ નીચે ચાલવા દે છે ! ચલાવી લે છે ! કોઈ જ ઠપકો નહીં, શબ્દ પણ નહીં, અરે, ફરી એ પ્રસંગ સંભાર્યો પણ નથી !!

* * *

૧૯૯૩, સ્વામીશ્રી કલકત્તા પધારવાના હતા. તે પ્રસંગે સ્વામીશ્રીના લાલજી મહારાજ-હરિકૃષ્ણ મહારાજની સુવર્ણતુલા કરવાનું હરિભક્તોએ નક્કી કર્યું. આ માટે લાલજી મહારાજનું પેટી સહિત કેટલું વજન થાય છે તે જાણવા સ્વામીશ્રી મુંબઈ હતા, ત્યાં ફોન કર્યો. સ્વામીશ્રીએ જ ફોન પર વાત કરી. મેં વજનનું પૂછ્યું, એટલે સ્વામીશ્રી ઠાવકાઈથી, મને સંભળાય તેમ સેવક સંતોને કહે : 'આપણા ઠાકોરજીનું વજન કેટલું ? એકોતેર કિલો કે બોંતેર કિલો ?!'

આમ, ઠાકોરજી સાથે પોતાની એકતા જણાવી ને ગમ્મત કરતાં કહે : '૭૨ કિલો સોનું મગાવી રાખજો !'

માયા પરના પુરુષને સોનું શું ને હીરા શું ? એ તો કેવળ જીવ ઉપર કરુણા કરીને આપણા જેવા સામાન્ય જીવોને ભગવાનની મૂર્તિનું સુખ આપી આનંદ કરાવતા હોય છે.

જે ગુરુ આપણી અનંત ભૂલોને સહન કરીને આપણને રાજી રાખતા હોય તેવા ગુરુનું ઋણ આપણે કઈ રીતે પૂરું કરી શકીશું ?

* * *

વૈરાગ્યપ્રિય સ્વામી
ભાવનગર

તા. ૩-૨-૧૯૮૦, ખંભાત.

આ દિવસથી હું સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાયો. પ્રથમ જ દિવસ. સત્સંગની પ્રણાલીનો પરિચય નહીં. મૂંઝવણ જેવું રહે પણ સ્વામીશ્રીએ મને પધરામણીઓમાં સાથે લીધો. બે પધરામણી પછી એક ઘરની બહાર ઊભા રહીને કહે : 'તારે મોજડીની સેવા કરવાની. હું અંદર જાઉં એટલે લઈ લેવી. ને હું બહાર આવું ત્યારે મૂકવી. જેથી પહેરી શકાય તેવી રહે !'

સ્વામીશ્રી મોજડી ઉતારીને ઘરમાં પ્રવેશે પછી હરિભક્તોનું આખું ટોળું એ ઘરમાં પ્રવેશતું તેથી સ્વામીશ્રીની મોજડી દબાઈ-કચરાઈને ચૂંથાઈ જતી, તેથી એ સેવા સોંપી. જો કોઈ આવી સેવા કરનાર ન હોય તો અંદર કાંકરી ભરાઈ રહેતી, તે પણ કાઢવાનો સમય ન રહે. ને સ્વામીશ્રીને તે કાંકરીઓ ઠેઠ સુધી સુખ આપતી રહે ! આવું પણ ઘણી વાર થતું.

રસ્તે પધરામણીમાં પણ સ્વામીશ્રી પ્રેમથી પૂછી લે : 'કેમ છે ! ફાવે છે ને ! મૂંઝાવું નહિ, મને કહી દેવું....' વળી થોડે આગળ જઈને ચાર આંખ મળે ત્યારે મર્મમાં હસતા જાય ને કહે : 'પૈસા બૈસા છે ને ? ખૂટી જાય તો કહી દેવું.'

આ જ દિવસે સાંજે પધરામણીમાંથી આવીને હાથ-પગ ધોઈ સ્વામીશ્રી જાતે જ નખ ઉતારવા બેઠા. એક નખ થોડો મોટો હતો. તેથી હાથમાં લઈ મેં કહ્યું, 'આ તે કાંઈ નખ છે ?'

સ્વામીશ્રી કહે : 'તો તને શું લાગે છે ?'

સ્વામીશ્રી મારો આશય સમજી ગયા હતા. તેથી કહે : 'એમ આમ-તેમ કરીને ઉપાડી જતો નહીં પાછો ! મૂકી દે અહીં બધા નખ ભેગો ! સ્વામીશ્રીને આવી ચીજો પ્રસાદીની જાણીને કોઈ ભેગી કરે તે જરાપણ પસંદ નથી. મેં નખ મૂકી દીધો. સ્વામીશ્રીએ જાતે જ બધા નખ ભેગા કરી એક

ખોરડા પર નાખી દીધા. તેમાંથી બે-ચાર કટકા નીચે મળી જશે, એમ માની સ્વામીશ્રી સ્નાન કરવા ગયા ત્યારે હું મેડીએથી નીચે જઈને જોઈ આવ્યો. પણ કાંઈ મળ્યું નહીં. તેથી સ્વામીશ્રી બાથરૂમમાં બેઠા હતા ત્યાં હું સ્નાન કરાવવા પહોંચ્યો.

સ્વામીશ્રી કહે : 'ક્યાં ગયો હતો ?'

મેં કહ્યું, 'કાંઈ નહીં.'

સ્વામીશ્રી કહે : 'કેમ, નીચે નખ લેવા ન'તો ગયો ?' આંટો મારીને આવ્યો, ને પાછો કાંઈ નહીં કહે છે !' સ્નાન કરીને પોતાની રૂમમાં પધાર્યા. ત્યારે મારો હાથ પકડી રાખ્યો હતો. પછી પલંગમાં આડે પડખે થયા, ને મારો ડાબો હાથ પંપાળતાં કહે : 'સાંભળ, પ્રસાદી મહારાજની રખાય, આવું બધું, નખ ને દાતણ તે ભેગું કરવું નહીં. તેમાં કાંઈ માલ નથી...' એમ કહી જમણો હાથ ને જમણો પગ જરા ઊંચો કરીને કહે : 'આ મૂર્તિ જ યાદ રાખજે. આ મૂડી છે, તે સાચવી રાખવી. પેલા માટે તો તાળાં કૂંચી રાખવા પડે ને ખોવાય તો દુ:ખ..'

એમ હેતથી પોતાની રુચિ કહી. બસ, હેતના સમુદ્રમાં ઝીલવાની શરૂઆત થઈ ગઈ હતી...

બીજા દિવસની સવારે સ્વામીશ્રી ખંભાતની બજારમાં ઊભા હતા. કોઈ સંતો-કાર્યકરોની રાહ જોતા હશે. હું બાજુમાં ઊભેલો. સવારે ૯-૩૦નો સમય હશે. તડકો ચડ્યો હતો. સ્વામીશ્રીએ મને જોઈને કહ્યું, 'કેમ છે ? ફાવે છે ને ?'

મેં કહ્યું, 'ત્યાં તડકે ઊભા છો, તો આ બાજુ છાંયે આવો.' સ્વામીશ્રીએ પ્રેમભર્યું સ્મિત કર્યું, ત્યાં તો સંતો યુવકો આવી ગયા. અને ચાલતાં ચાલતાં સ્વામીશ્રી મને પૂછવા લાગ્યા : 'તારો ટુવાલ લીધો ? કપડાં ને બધું આવી ગયું ?....'

જાતે તડકે ઊભા રહીને અન્યની છત્રછાયા બની રહેવું તે તો એમની કરુણાભરી સહાજિકતા છે.

* * *

આ વિચરણમાં સ્વામીશ્રી ગામડાઓમાં ખૂબ વિચર્યા છે. તે દરમ્યાન જે ગામમાં ઈલેક્ટ્રિસિટી ન હોય ત્યાં બપોરે સ્વામીશ્રી આરામમાં પધારે ત્યારે

અમે હાથપંખાથી પવન નાખતા.

આખા દિવસની દોડધામને કારણે થાકથી અમને પણ ઝોકાં આવવા લાગતાં. એક વાર નહીં અનેકવાર મારા હાથમાંથી પંખો પડ્યો છે ને સ્વામીશ્રી તેનાથી જાગી ગયા છે, તે વાત અત્યારે પણ બેદરકારીનો અપરાધભાવ ઊભો કરે છે.

સ્વામીશ્રીનાં મીઠા નસકોરાં સંભળાતાં હોય, નીરવ એકાંત સ્થાન હોય, સૌ સૂતા હોય તેથી ઘણીવાર તો ઝોકાંમાં ને ઝોકાંમાં માથું ને પંખો બંને સ્વામીશ્રીના શરીરે ભટકાઈ જાય ! પણ સ્વામીશ્રી ક્યારેય કશુંય બોલ્યા વગર આ 'ભીડો' પણ સહન કરી લે ! એટલું જ નહીં. જાગી જાય તો આંખ ન ખોલે, 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલીને પડખું ફરી જાય ! જાણે કાંઈ બન્યું જ નથી !

એક વાર કેરિયામાં એવું જ થયેલું. લાઈટ ન આવી એટલે મેં અને અન્ય સેવકે અડધો અડધો કલાકના પવન નાખવાના વારા કર્યા. સેવકનો અડધો કલાક થઈ ગયો એટલે મેં પવન નાખવાનો શરૂ કર્યો. ને પેલા સૂઈ ગયા. મેં ઊભા ઊભા પવન નાખવાનો શરૂ કર્યો. કેમ કે સેવકને જગાડાય નહિ ને મારે ઝોકાં વિના રહેવાય નહિ. હેમખેમ ચાર વાગી ગયા. સ્વામીશ્રી જાગ્યા. ને બપોરે પ્રસાદ લેતા હતા ત્યારે મૂઠી ભરીને દ્રાક્ષનો પ્રસાદ આપતાં કહે : લે, હવે પંખો બંધ કર. આ પ્રસાદી લે ! બહુ સેવા કરી !' એમ હેતથી રાજીપો જણાવ્યો...

આ વિચરણમાં પધરામણીમાં હું કોઈ સેવામાં હોઉં તો પોતે મારા માટે પ્રસાદ લઈ રાખે, વાટ જોઈને બેસે, જેવો હું આવું કે તરત પ્રસાદ આપી પોતે ચાલવા માંડે. મારે પ્રસાદ ખાવો કે પાછળ દોડવું, તે નક્કી કરવાનું. કારણકે પાછળ ન દોડીએ તો ગામમાં કયા ફળિયામાં પહોંચી ગયા, તે ગોતવા નીકળવું પડે ! આવી ઝડપમાં સ્વામીશ્રી કહે : 'ખાઈ લે,' પછી કોઈ સ્થાનિક યુવકને કહી રાખે કે 'પેલાને લેતા આવજો !'

રાત્રે સૂવામાં ગોદડું મળ્યું કે નહીં, તે પૂછી લે. કોઈ વાર થાકને કારણે સૂઈ ગયો હોઉં તો જાતે ગોદડું ઓઢાડે. કોઈવાર રાત્રે બાર વાગ્યા સુધી એમને મળનારા ખૂટે નહીં, ને એમની વાટ જોતા પલંગે માથું ટેકવીને સૂઈ ગયા હોઈએ તો રૂમમાં પધારીને સ્મિત કરે, જગાડવાની વાત ન કરે, સૂવા

દે. આપણે ફડકીને જાગીએ ત્યારે માથે વહાલની ટપલી મારીને કહે : 'જાવ, સૂઈ જાવ !' મા જેવું વાત્સલ્ય એમની સાથે રહેનાર અચૂક અનુભવે છે.

આવા અનેક પ્રસંગોને કારણે જ મને આકર્ષણ વધતું ગયું. ને સાધુ થવાનો નિર્ણય લઈ લીધો.

* * *

તા. ૬-૪-૮૦, વાંઠવાળી (જિ. ખેડા)

સ્વામીશ્રીનું વિચરણ ખૂબ ઝડપી હતું. આખો દિવસ માપ બહારની પધરામણીઓ ચાલ્યા જ કરે. સવારે ઉકાળાપાણી કરીને નીકળે, તે બપોરે બે-અઢી વાગે જમવા પધારે, ત્યારે પાણી ભેગા થાય. વચમાં ક્યાંય પાણી પીએ નહી, સામેથી માગે તો નહી જ ! પણ આજે દયા કરીને મને ચાલુ પધરામણીએ ગામના રસ્તા વચ્ચે ઊભો રાખીને કહે : 'હું જ્યાં હોઉં, ત્યાં સાડા દસે મને તારે પાણી પાઈ જવું. તરસ બહુ લાગે છે.' એટલું કહીને તરત નીકળી ગયા. હું રસોડે સંતો સાથે સેવામાં લાગી ગયો.

બહાર ચોકમાં વિનુ ભગત શિક્ષાપત્રીનું પારાયણ કરતા હતા, સ્વામીશ્રી સહિત કુલ પાંચ જ સંતો. બે સ્વામીશ્રી સાથે પધરામણીમાં, એક કથામાં ને એક રસોઈમાં ! તેથી અમારે દોડાદોડી ઘણી રહે. એમાં ને એમાં બપોરે બાર વાગી ગયા. ને મને યાદ આવ્યું કે સ્વામીશ્રીને પાણી પાવાનું તો રહી જ ગયું ! હું હાંફળોફાંફળો થઈ ગયો. પ્રગટ ભગતને પૂછ્યું, 'બાપા અત્યારે ગામમાં કઈ બાજુ હશે ? પાણી પાવાનું રહી ગયું છે !'

તેઓ કહે : 'એમનું કાંઈ ઠેકાણું નહી પણ હવે તો થોડી વારમાં આવશે.. તું પાટલો તૈયાર કર...' હું મનમાં ઉચાટ સાથે પાટલો તૈયાર કરવા લાગ્યો. ભરતાપમાં થાકીને સ્વામીશ્રી બારને બદલે બે વાગે ઉતારે આવ્યા... કપાળ આખું કંકુના ચાંદલાથી ભરેલું. કપાળેથી પરસેવો ચાલ્યો જાય. મોં પર થાકનો અણસાર... મારી તો સામે જવાની હિંમત જ નહોતી. તેથી સંતોએ પાણી પાયું. સ્વામીશ્રી હાથપગ ધોઈ નિરાંતે ભોજન માટે બિરાજ્યા. હું ખૂણામાં જ ઊભો રહ્યો હતો. છેલ્લે સ્વામીશ્રી પાટલેથી ઊભા થતાં મને કહે : 'જમી લો...' એમ કહીને હસી પડ્યા ને કહે : 'એમાં મૂંઝાવું નહીં. હવે યાદ રહેશે !'

મારો બધો જ ક્ષોભ પળવારમાં ગાયબ થઈ ગયો. એ વિચરણમાં મારા

ચંપલ માંગીને પહેરેલાં છે. કોઈ વાર માગીને પાણી પીધું છે, કોઈ વાર પાટલો પથરાવ્યો છે તો કોઈ વાર સ્નાનની કે પગ દાબવાની સેવા પણ આપી છે. આવો પ્રેમ કેમ ભુલાય ? આ તો જાણે જીવ પર દયા, કેવળ દયા ને દયા સિવાય કાંઈ જ નહીં !!

* * *

આણંદમાં સ્વામીશ્રી એક હરિભક્તને ત્યાં ઠાકોરજી જમાડવા બિરાજ્યા હતા. સામે ત્રણ પંગતમાં હરિભક્તો જમી રહ્યા હતા. સંતો ઓછા હતા તેથી મને પણ પીરસવાની સેવા મળી. સ્વામીશ્રીને હરિભક્તોની બધી જ સગવડ સચવાય તેનો ખૂબ આગ્રહ રહે. વળી બધું જ પદ્ધતિસર થવું જોઈએ તેવી ચોકસાઈ. તે દિવસે હું પીરસું ત્યારે સ્વામીશ્રી વેધક નજરે જોઈ રહે. આમ પાંચ-છ વાર થયું પણ કાંઈ કહ્યું નહીં. મને લાગ્યા કરતું કે કાંઈક ભૂલ થાય છે, પણ શું ભૂલ તે ખ્યાલ ન આવે. તેથી મનમાં ગભરાટ ચાલુ થઈ ગયો. ઠાકોરજી જમાડી રાત્રે મંદિરે ઉતારો હતો ત્યાં પધાર્યા ને નીચે હૉલમાં જ ચેષ્ટા બોલ્યા. સંતોએ હૉલમાં જ પોતાની પાઘ ઉતારીને મૂકી હતી. તેમાંથી સ્વામીશ્રીની પાઘ લઈ .મેં રૂમમાં મૂકી. બહાર આવ્યો ત્યાં જ સ્વામીશ્રી બે યુવકો સાથે રૂમમાં પ્રવેશતાં સામે જ મળ્યા. મને કહે : 'ક્યાં જાય છે ?'

'પાઘ મૂકવા ગયો હતો.'

'કેમ ઉપર લઈ આવ્યો ?'

'કો'ક વીંખી ન નાખે એટલે.'

'પછી મારે બહાર જવું હશે. ત્યારે કોણ આપવા આવશે ?'

'હું આવીશ.' મેં કહ્યું ને સ્વામીશ્રી કડક શબ્દોમાં બોલ્યા : 'આવ્યો ! ક્યાંય ફરતો હોઈશ...' પછી કહે : 'ડાબા હાથે કેમ પીરસતો હતો ?'

હવે મને ખ્યાલ આવ્યો કે પીરસવામાં મારી ક્યાં ભૂલ હતી, ને અત્યારે સ્વામીશ્રી કેમ ખિજાય છે ?

મેં કહ્યું, 'હું ડાબોડી છું તેથી જમણા હાથે નથી ફાવતું...'

સ્વામીશ્રી કહે : 'જા ફાવી જશે !' એમ કહી રૂમમાં જતા રહ્યા. મને લાગી આવ્યું કે આપણી આ ભૂલ થઈ છે, તો સ્વામીશ્રીની માફી માંગવી જોઈએ. સ્વામીશ્રી એકલા બેઠા હતા ત્યારે જઈને મે માફી માગી. સ્વામીશ્રીએ એટલું હેત કર્યું કે બધી ભૂલ વીસરાઈ ગઈ ને આનંદથી સેવામાં

જોડાઈ ગયો. આ પ્રસંગ પછી મારી પીરસવા સિવાયની બધી જ ક્રિયા ડાબા હાથે રહી છે, ને પીરસવામાં ભૂલમાં પણ ડાબો હાથ વાપર્યો હોય તો કંઈક ને કંઈક ઢોળાય ને ફાવતું જ નથી ! આવી કૃપા વગર પ્રયાસે થઈ છે ! એ દિવસ, એ થાંભલી પાસે ઊભેલી દિવસભરના શ્રમથી શ્રમિત થયેલી અને પીરસવાની શિખામણ આપતી મૂર્તિ આજે પણ હૃદયમાં એવી જ તાજી છે !

* * *

૧૯૮૩માં સ્વામીશ્રી હૃદયરોગનો હુમલો આવ્યા પછી વડોદરામાં અશોકભાઈ પટેલના બંગલે આરામ માટે રહ્યા હતા. અમે અમારા ક્રમ મુજબ સ્વામીશ્રીનાં દર્શને પહોંચ્યા. સ્વામીશ્રીનાં દર્શન થાય પછી જ જમવું એવી અમારી ભક્તિને કારણે સ્વામીશ્રીએ અમે આવ્યા ત્યાં સુધી રાહ જોઈ હતી. ને પોતે પણ આરતીમાં નહોતા ગયા.

મારો વારો આવ્યો. સ્વામીશ્રી પલંગમાં સૂતા હતા. હું પગે લાગી સ્વામીશ્રીની છાતી પર ઝૂક્યો. સ્વામીશ્રીએ માથે હાથ મૂક્યો ને ખુલ્લા ખભે હાથ ફેરવી હેતથી દબાવ્યો. શરીર ગરમ લાગ્યું એટલે પૂછવા લાગ્યા. 'બહાર બહુ તડકો છે ? શરીર કેમ ગરમ છે ?... બધા અહીં બેસો..હવે જમી લેજો..' પછી પોતાને ઘણું સારું છે એમ સમાચાર આપવા લાગ્યા. અમે એમની ખબર કાઢવા ગયા હતા, ને એમણે અમારી ખબર પૂછી લીધી !! તુચ્છ જીવ ઉપર કેવી કરુણા ને દયા !

* * *

તા. ૧૧-૩-૮૫, સ્વામીશ્રી ચોગઠ (જિ. ભાવનગર) પધાર્યા. તે સમયે હું પાર્ષદમાં આ વિસ્તારમાં ગામડે ફરતો તેથી સ્વામીશ્રીનો કાર્યક્રમ, આયોજન, મુલાકાત વગેરે ગોઠવવાની સેવા પ્રથમ વખત મળી. આવું પૂર્વે ક્યારેય કરેલું નહીં. વળી આવડત નહીં ને અભ્યાસ પણ ઓછો. અને નવોસવો ત્યાગી થયેલો એટલે એવી મૂંઝવણ રહે કે જો કાંઈ ભૂલ થશે, તો સ્વામીશ્રી ઠપકો આપશે. તેથી બમણી કાળજી રાખીને થાય તેટલું કર્યા કરતો.

અહીં બપોરે પુરુષોત્તમભાઈ ગોયાણીને ત્યાં ઠાકોરજી જમાડવા બિરાજ્યા હતા. તેમના મોટા દીકરાને કંઈક વહેવારિક કામ અંગે સ્વામીશ્રીના આશીર્વાદ ને માર્ગદર્શન જોઈતું હતું તેમણે મને કહી રાખેલું, સ્વામીશ્રી તો જમીને આરામ કરી વલ્લભીપુર જતા રહેવાના હતા, તેથી વાત ક્યારે કરવી

તે પ્રશ્ન હતો. પરંતુ સ્વામીશ્રી જમીને ઉતારાના ઓરડામાં પધાર્યા ને મેં આરામખુરશી પાથરી એટલે તેના પર બેઠા. મેં પેલા યુવકને બોલાવ્યો ને તેના પ્રશ્નની વાત ધીરેથી સ્વામીશ્રી પાસે રજૂ કરી. ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું, 'તું જમ્યો ?'

હું કાંઈ બોલ્યો નહિ. તેથી સ્વામીશ્રી ખુરશીમાંથી ઊભા થઈ મારો હાથ પકડી કહે : 'ચાલ, પહેલાં જમી લે.'

મેં કહ્યું, 'બાપા, પહેલાં આનું પતી જાય પછી જમીશ. આપ તો આરામ પછી તરત નીકળી જશો...'

સ્વામીશ્રી કહે : 'એ બધું થશે, હું મળી લઈશ. તું ચાલ જમવા...' એમ કહી હાથ પકડી રસોડે લઈ આવ્યા. સંતો જમતા હતા. સ્વામીશ્રી ઊભા રહ્યા ને મેં પત્તર કાઢ્યું, એટલે જાતે પીરસવા લાગ્યા. સંતોને કહે : 'આને રોટલી આપો...ત્રણ આપો...' પછી તો મેં જમવાનું શરૂ કર્યું ત્યાં સુધી ઊભા રહ્યા. ને જતાં જતાં કહે : 'નિરાંતે જમજે. તું આવીશ પછી પેલા ભાઈને મળીશું. ત્યાં સુધી હું બેઠો છું, કાંઈ ઉતાવળ નથી...'

આ હેત અને મમતાના મેઘમાં હરિભક્તો-યુવકો ને સંતો સદાય માટે ભીંજાતા જ રહે છે... આવી સ્મૃતિઓ એમની મૂડી બની જાય છે.

* * *

૧૯૮૮, કિસુમુ (કેન્યા) સ્વામીશ્રી અહીં મગનભાઈ પટેલને ત્યાં ઉતારે બિરાજ્યા હતા. પત્રલેખન-વાચન ચાલુ હતું. હું સ્વામીશ્રી પાસે ભાવનગર મંદિર માટે ફૉમના ગાદલા ખરીદવા અંગે વાત કરવા ગયો, : 'બાપા, ગાદલાં લેવાં છે...'

હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'અહીં જોયા એટલે મન થઈ ગયું કે શું ?' પછી કહે, 'ક્યાંથી લેવા છે. અહીંથી કે દેશમાંથી ?'

'આપ કહો તે રીતે...' પછી સ્વામીશ્રીએ એક નંગે કેટલો ભાવ થાય, કેટલી જરૂર છે, કેવડો હૉલ છે બધી વિગતો પૂછી. ડાબા હાથમાં એક અંતરદેશી પત્ર ખુલ્લો હતો. તે વાંચતા રહી ગયા ને છેલ્લે કહે : 'ગાદલાં શું માંગ્યાં ?' પછી જમણો હાથ પોતાની ગરદન પર મૂકીને કહે : 'માથું માંગ માથું !' એમ કહેતાં ખડખડાટ હસી પડ્યા.

મેં કહ્યું, 'માથા પર હરિભક્તોને કેમ કરીને બેસાડવા ?'

સ્વામીશ્રી કહે : 'નૈરોબીમાં મને યાદ કરાવજે.'

અમે નૈરોબી આવ્યા ત્યારે સ્ટેજ પર સ્વામીશ્રીને યાદ કરાવ્યું. સ્વામીશ્રી કહે : 'કોઠારી સ્વામીને બોલાવ. બધી વાત કરી દઈએ.' પછી કોઠારી સ્વામી આવ્યા એટલે કહેવા લાગ્યા : 'કોઠારી, આને ગાદલાં જોઈને લેવાનું મન થઈ ગયું છે. તો શું કરશું ?'

'બાપા, આપ કહો તેટલાં લઈ દઈશું.' તેમણે કહ્યું, ફરી સ્વામીશ્રીએ નંગે કિંમત પૂછીને હિસાબ માંડ્યો ને કહે : 'અહોહો, આ તો આટલાં બધાં માંગે છે.'

મેં કહ્યું, 'એવું હોય તો ૨૫-૩૦ લઈ ઘો. પહેલી બે લાઈનમાં હરિભક્તોને બેસાડાય.'

સ્વામીશ્રી કહે : 'એમ નહીં. તારે જરૂર હોય તેટલું લઈ લેવાનું ને બીજું પણ જે જોઈએ તેની વિગત લખીને જ્ઞાનેશ્વરને આપી દેજે.'

એ પછી બધું મુંબઈ આવીને લીધું. હજારોનો માલ થતો હતો. સ્વામીશ્રીએ માલની કોઈ વિગત માગી નથી, કે નથી કોઈ વસ્તુ એ લિસ્ટમાંથી બાદ કરી ! નાના સંતો પર પણ કેટલો વિશ્વાસ મૂકીને સ્વામીશ્રીએ સૌનો પોતાના કરી દીધા છે !

આવાં કેટલાય સ્મરણો સંભારતાં હૈયું ભરાઈ આવે છે. તો આવા ગુરુ કોઈને મળ્યા નથી તે આપણને કેવળ શ્રીજી મહારાજની દયાથી મળ્યા, તેવો મહિમા અખંડ ચડતો ને ચડતો રહે તેવી એમનાં ચરણોમાં પ્રાર્થના.

* * *

અક્ષરતીર્થ સ્વામી

સારંગપુર

આમ તો મારે સત્સંગ નહિ. યોગીજી મહારાજની પધરામણી ઘરે થતી. ઘરના વડીલો કહે એટલે મારે આરતી, પૂજા કરવી પડે. પરંતુ ૧૯૭૧માં યોગીબાપાના સ્વધામગમન બાદ સ્વામીશ્રીએ સંસ્થાનું સુકાન સંભાળ્યું ત્યારે એકવાર મારે સામે ઘેર પધરામણીએ આવ્યા હતા. પધરામણી કરાવનાર યજમાનનો નાનોભાઈ ઘરે આવ્યો. તેને સ્વામિનારાયણ ધર્મ પ્રત્યે અરુચિ. તે તો ગમે તેમ બોલવા લાગ્યો કે, 'મારે ઘરે આ ધુતારાઓને કોણે બોલાવ્યા ? મારા ઘેર આ લોટિયા જોઈએ જ નહિ.' પછી સ્વામીશ્રીને કહે : 'લોટિયા ! મારે ઘેરથી નીકળી જા ! મારા ઘરમાં તમારો પગ ના જોઈએ.' વગેરે ઘણું બોલ્યો. સ્વામીશ્રી જરા પણ અકળામણ કે ક્ષોભ વિના સહજ રીતે જ સત્સંગીઓ સાથે નીકળી ગયા. પરંતુ આ દૃશ્ય જોઈને મારા અંતરમાં સ્વામીશ્રી પ્રત્યે અહોભાવની લાગણી થઈ. જાણે સ્વામીશ્રીએ મને સત્યના પંથે દોરી જવા માટે જ આ પ્રસંગ ઊભો ન કર્યો હોય !

* * *

૧૯૭૫માં એકવાર બોચાસણ ગામમાં પધરામણી પ્રસંગે મારે સાથે જવાનું થયું. સ્વામીશ્રી તો પધરામણી ઝટપટ પતાવે. મારે વારંવાર ઊઠબેસ થતી તેથી થાક લાગ્યો. મારી સાથે પધરામણી ભેટ અને પ્રસાદની થેલી હતાં. તે બીજા યુવકને આપીને હું એક ઘરના ઓટલે બેઠો. ત્યાં તો સ્વામી પધરામણી કરીને સામે આવ્યા, 'કેમ બેસી ગયા ? બસ, થાકી ગયા ?' એમ કહીને સાથે લીધો. પછી કહે : 'પધરામણીમાં પ્રસાદ ધરાવે તે ઠાકોરજી માટે લઈ લેવો. પધરામણીની ભેટ પણ તમારે સંભારીને લેવી, ને વ્યવસ્થિત હિસાબ રાખવો. પહોંચ આપી દેવી. બીજાને સોંપી ન દેવું. આપણી સેવા જાય.'

આગળ જતાં એક હરિભક્તને ત્યાં પધરામણી કરી બહાર આવતાં

પાડોશીના ઘર આંગણે ઊભેલા એક વડીલને સ્વામીશ્રીએ પ્રેમથી 'જય સ્વામિનારાયણ' કહ્યા. પણ પેલા વડીલ તો તિરસ્કારપૂર્વક કહે : 'જાવ, જાવ હવે ! હું કાંઈ આપવાનો નથી.' સ્વામીશ્રી કહે : 'મારે કાંઈ જોઈતું પણ નથી, હું તો જય સ્વામિનારાયણ કહું છું.' પેલા ગુસ્સાથી કહે : 'હા, હા, મને ખબર છે, આમ કહીને માગતાં સારું આવડે છે. પણ હું એમ આપીશ નહિ. તમ તમારે સીધા ચાલ્યા જાવ.' સાથેના હરિભક્તો સ્વામીશ્રીને લઈને ચાલ્યા ગયા. કેટલું અજ્ઞાન. કેટલી ઘોર ઉપેક્ષા ! સામે પક્ષે સ્વામીશ્રીની કેવી સરળતા ! કેવી સ્થિતપ્રજ્ઞતા !

* * *

૧૯૭૫ પછી મને સત્સંગનો રંગ વધુ ને વધુ ચડતો ગયો. ૧૯૭૮-૭૯માં નેપાળયાત્રા થઈ. ત્યારે હું સાધુ થવા માટે ઘેરથી પૂછ્યા સિવાય કલકત્તા ભાગી ગયો. સ્વામીશ્રીને ખબર પડી. એટલે મને બોલાવી સમજાવતાં કહે : 'આપણે એમ એકાએક ભાગી ન જવું. ઘરનાને ધીરે ધીરે સમજાવવું. પથ્થર નીચે હાથ આવ્યો હોય તો કરીયે-કરીયે (કળિયે-કળિયે) કઢાય, તેમ આમાં ઉતાવળ કરાય નહિ. બાપુજીને સમજાવીશું. પછી થવાનું છે.' ત્યાંથી નેપાળયાત્રામાં મને સાથે લીધો. વિરાટનગરમાં આદિવારાહ તીર્થ છે. ત્યાં સ્વામીશ્રી બધાને પ્રસાદીજળ આપી શુભસંકલ્પો કરાવતા હતા. મેં સ્વામીશ્રીને કહ્યું, 'બાપા ! આ નેપાળમાં સત્સંગ થાય તેવો સંકલ્પ કરો !' સ્વામીશ્રી કહે : 'એવો નથી કરવો, પણ તમે સાધુ થાવ તેવો સંકલ્પ કરીએ.'

* * *

૧૯૭૯માં એક વખત સાંજની સભામાં સ્વામીશ્રી સ્વામીની વાતો પર નિરૂપણ કરતા હતા. તેમાં આવ્યું કે, 'રહો તો રાજા રસોઈ કરું..' સ્વામીશ્રીએ મને નામ દઈને કહ્યું, 'શું આવ્યું ? આપણે સંસારમાં ખીર ખાવા રહેવાનું નથી. સાંભળ્યું ? તૈયાર છું ને ?' મેં હા પાડી. આમ મારા ઉત્સાહને સ્વામીશ્રી અવારનવાર પોષતા ને વધારતા.

પછી તો જ્યારે મળે ત્યારે ટકોર કરે, 'તૈયાર છું ને ! ઘરે કહી દેજે...' એકવાર કાર્તિકી પૂનમના સમૈયા પર ધંધા માટેની ડાયરી લઈને હસ્તાક્ષર કરાવવા ગયો. સ્વામીશ્રીએ ડાયરી ખેંચી લઈને ગાદી નીચે દબાવી દીધી અને કહ્યું, 'તારે આમાં પડવાનું નથી ને કેમ લઈને આવ્યો ?' મેં કહ્યું,

'બાપા ! મારા માટે નથી, મારા પિતાશ્રીએ મોકલી છે.' સ્વામીશ્રી કહે : 'તારા બાપુજીને સમજાવી દેવું કે તેમાં કે આમાં પડવું નથી.' આમ સ્વામીશ્રી ૧૯૮૧ દ્વિશતાબ્દી સુધી સતત જ્યારે મળે ત્યારે આ એક જ વાત કરે. પછી એ ઉત્સવમાં મને પાર્ષદી દીક્ષા આપી.

૧૯૮૨માં અમારો દશેક પાર્ષદોનો અન્નકૂટનો વારો ગોંડલ ખાતે હતો. આ સમયે વાવાઝોડું ખૂબ હતું. અમો સારંગપુરથી ગોંડલમાં જતા હતા ત્યારે વાતાવરણ તોફાની હતું. સ્વામીશ્રી તે વખતે ગોંડલમાં હતા. તેઓ જાણતા હતા કે સારંગપુરથી ભગતો અહીં સેવામાં આવવાના છે. વાતાવરણ તોફાની હોવાથી વારેવારે ચિંતા કરતા, 'ભગતો ક્યારે આવશે ?' જ્યારે પહોંચ્યા ત્યારે વિવેકસાગર સ્વામી કહે : 'બાપા ક્યારનાય તમારી રાહ જુએ છે.' કેટલો પ્રેમ !

અન્નકૂટની સેવામાં રત પાર્ષદોને સ્વામીશ્રી સમયે સમયે સાથે જમવા માટે બોલાવતા. એકવાર ભક્તિકિશોર સ્વામીની રૂમમાં ગરમગરમ પાપડી, કેળાં વગેરે સ્વામીશ્રીને આપ્યાં. સ્વામીશ્રીએ અમને સેવામાંથી બોલાવી બધાને પાસે બેસાડ્યા. ચારેબાજુ બેઠેલા દરેક ભગતોને વારાફરતી પાપડી, કેળાં આપતા હતા. અમે એક પૂરું ન કરીએ તો તેઓ બીજું કેળું કે પાપડી આપી દે. આમ આ લીલા કલાક જેવી ચાલી.

બીજે દિવસે લાઈટો બંધ હતી. પાણીનો પ્રશ્ન ઊભો થયો. સ્વામીશ્રીએ અમને બોલાવીને હરિભક્તોના સ્નાન માટે પાણીની વ્યવસ્થા કરવાનું સોપ્યું.

સારંગપુર અન્નકૂટ માટે મકાઈના ચેવડા માટે જરૂરી સામાન મોકલવાનો હતો. સ્થાનિક સંતની મદદથી આ પેટી રાજકોટથી ખરીદી સારંગપુર લઈ જવાની હતી. સ્વામીશ્રીને ખબર પડી. તેઓએ મને કહ્યું, ' તે અહીં લાવજો, હરિભક્તો જવાના છે, તેઓ દ્વારા મોકલાવીશું.' બીજે દિવસે તે પેટીના બિલની વાત કરી, મેં કહ્યું, 'આ ઑફિસમાં આપ્યું છે, તે સારંગપુર મંદિરના ખાતે નાખી દેશે.' સ્વામીશ્રીએ તરત કહ્યું, 'તું ઓફિસમાં જા, બિલ સારંગપુર ન મોકલાવે. હું પૈસા અહીંથી અપાવી દઈશ.' ૪૦ રૂ. નું બિલ પણ સારંગપુર ન મોકલાવા દીધું ! યોગીબાપા જેમ ગોંડલનું મમત્વ વિશેષ રાખતા તેવી જ સ્વામીશ્રીની પણ સ્મૃતિ થાય છે.

ચારધામ યાત્રા વખતે બદરિનાથમાં ઘણા પૂજારી સંતોએ ઠાકોરજી માટે

સ્ફટિકમાળા વગેરે મેળવી. મને પણ તે સેવા મળેલી એટલે ઇચ્છા થઈ. મેં સ્વામીશ્રીને વાત કરી. સ્વામીશ્રી રૂમમાં બોલાવીને મને કહે : 'આવું કઈ લેવું નહિ. મને ઍટેક આવ્યો છે. એટલે રુદ્રાક્ષની માળા પેલા સંન્યાસીએ (પૂ. હરિનારાયણાનંદ સ્વામીએ) આપી એટલે પહેરું છું. બાકી આપણે તો તુલસી-ચંદનની જ માળા રાખવી.'

સારંગપુરમાં ૭૦મી જન્મજયંતી વખતે સ્વામીશ્રી ખાસ હરિભક્તો માટે ઉતારાની સગવડ, સાફસૂફી, રસ્તા ચોખ્ખા કરાવવા વગેરે બાબત વારંવાર ફોન-પત્રથી જાણ કરતા હતા. જ્યારે પોતે પધાર્યા ત્યારે પણ અમોને બોલાવી, હરિભક્તોના ઉતારાનું લિસ્ટ જોઈ જરૂરી ફેરફાર કરાવ્યા.

ઉતારા તાત્કાલિક બનાવેલા એટલે સાફસૂફી બરાબર થયેલી નહિ. સ્વામીશ્રી મને જાળીમાં ચોંટેલો સીમેન્ટ બતાવીને કહે : 'આવો સીમેન્ટ ચોંટ્યો હોય તેને ઉખેડી નાખવો, નહિતર રહી જશે. જ્યારે કામ ચાલતું હોય ત્યારે ખટકો રાખી પહેલેથી જ સાફ કરાવી દેવું. પછી જે રહી જાય તે રહી જ જાય..'

સમૈયામાં લાભ લેવા યુવકો સ્વામીશ્રીની રૂમે દર્શને જતા. ઉતારામાં સેવા કરતા એક યુવક બાબુભાઈ પણ દર્શન કરતા ઊભા હતા. સ્વામીશ્રી હરિભક્તોની સરભરા માટે ટકોર કરતાં કહે : 'લોકમાં પરણવા જાય ત્યારે બતાવે બીજી અને પરણાવે ત્રીજી એમ આપણે ન કરવું. ચાની કીટલી વગેરે બહાર ચોખ્ખા રાખીએ તેવા અંદરથી પણ રાખવાં.' આવા અનેક પ્રસંગોએ તેઓની ચીવટ અને વ્યવસ્થિતતા માટેના આગ્રહનાં દર્શન થાય.

૧૯૯૧માં અબુધાબી-દુબઈથી હરિભક્તો મુંબઈ મંદિરના સ્ટાફના યુવકો માટે કપડાં મોકલતા. મેં પણ સાહજિકતાથી કહ્યું કે, 'મુંબઈ મોકલો છો તો થોડા સારંગપુર મોકલાવજો.' એકાદ-બે વાર યાદ પણ કરાવ્યું. તેઓને પ્રેમ જાગ્યો અને નવાં કપડાં લઈને આવ્યા અને સ્વામીશ્રીને આપ્યાં. મને ભૂલ સમજાઈ અને ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રીનો ઠપકો મળશે. તેથી તેઓની નજરથી હું છુપાતો હતો. પરંતુ છેલ્લે દિવસે વિદાય વખતે સ્મૃતિમંદિરે મારો હાથ પકડી ચાલતાં ચાલતાં કહે : 'તમે મગાવેલાં કપડાં કોઠારી સ્વામીને મેં આપી દીધાં છે. તમારે જેને આપવાં હોય તેને આપજો. તમારે આવું મગાવવું નહિ. કાંઈ જોઈતું હોય તો કોઠારી સ્વામીને પૂછીને મગાવવું,

જેવા ...
અથવા મને જાણ કર...
બીજા વાદે મગાવતા થઈ જાય.
પ્રેમથી શીખવ્યાં.

જેમ મોટેરા હરિભક્તોનું મહિમાથી સ... ગામડાના સામાન્ય સ્થિતિવાળા હરિભક્તોનું પણ એટ... ધ્યાન રખાવે છે. એકવાર ફૂલદોલ સમૈયે વાગડના જશુભા ભીડ ખૂબ હોવાથી તેમને ઉતારો આપવામાં વિલંબ થયો. તેઓ થેલી ... ઊભા હતા. સ્વામીશ્રી તેમને સામા મળ્યા. પૂછપરછ કરી. તેઓ કહે : 'ઉતારો ન મળ્યો. મોડા આવવાનું કહ્યું.' હું દૂર ઊભો હતો. સ્વામીશ્રીએ આરુણિભગત સાથે મને કહેવડાવ્યું, 'ઉતારો જલદી આપી દે. મોડું ન કરે. હરિભક્તોને ઉતારો આપવામાં વિલંબ ન કરવો. થેલા લઈને ફરે તેમ ન કરવું.'

* * *

એકવાર તાજપુરમાં પારાયણ હતી. મારે જવાનું થયું. ભૂલમાં પાઘ મંદિરે જ ભૂલી ગયો. ઠપકો મળે તેમ હતું. સ્વામીશ્રી વ્યાસપીઠ પરથી ઊતરીને મારો હાથ પકડી પ્રેમથી ટકોર કરતાં કહે : 'પાઘ ક્યાં ગઈ ?' શો જવાબ આપવો ? પરંતુ સ્વામીશ્રી તરત જ કહે : 'ભૂલી ગયા કેમ ? તમારે તો મહાવરો નહિ ને ! કંઈ વાંધો નહિ.' કેવી હળવી ટકોર ! મારો ભય-ચિંતા ક્યાંય જતાં રહ્યાં.

સાંજના સમયે સ્વામીશ્રી ભ્રમણ કરી રહ્યા હતા. મને સંકલ્પ થયો કે, ...ંતર્યામી છે તો કાંઈ કામનું નિમિત્ત નથી, છતાં મને બોલાવે તો ...ૉકિંગના રાઉન્ડ ગણવા લાગ્યો. ૨૨મા રાઉન્ડે મને બોલાવ્યો ... નાના હરિભક્તોને ઓળખી રાખવા. મંદિરમાં ...વી.' પછી ભણવા બાબત પણ પૂછ્યું. ... અને મારો સંકલ્પ પણ પૂર્ણ થયો. ...ે મહિમા અને ચીવટ કે ...ણકારી ગુણોનો

વિમલપ્રકાશ સ્વામી

અમદાવાદ

ઈ.સ. ૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવે પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ભાગવતી દીક્ષા મળવાની હતી. શરદપૂનમના પવિત્ર દિવસે પાર્ષદો વારાફરતી મહોત્સવના મંચ પર સ્વામીશ્રી પાસેથી ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરી રહ્યા હતા. સ્વામીશ્રીની બાજુમાં શ્વેતવૈકુંઠ સ્વામી ચંદનનો વાટકો લઈ બેઠા હતા. મારું નામ બોલાયું. હું સ્વામીશ્રીની પાસે જઈ રહ્યો હતો. નજીક આવ્યો ત્યારે શ્વેતવૈકુંઠ સ્વામી સ્વામીશ્રીને કહે : 'વિમલ આવ્યા.' સ્વામીશ્રી પોતાના પુનિત હસ્તની અંગુલિઓ દ્વારા મારી છાતી ઉપર ચાંદલા કરતાં, સ્મિત કરતાં, આંખમાં આંખ પરોવી બોલ્યા, 'વિમલને સુખિયા કરવા છે.'

છાતી પર સ્વામીશ્રીની પુનિત અંગુલિઓનો દિવ્ય સ્પર્શ થતાં જ હું કોઈ દિવ્ય સુખની ભૂમિકામાં સરી પડ્યો હોઉં એવું અનુભવાયું. સાથે સાથે સ્વામીશ્રીએ વહાવેલા શબ્દો 'વિમલને સુખિયા કરવા છે.' આ કૃપાશિષનો દિવ્ય રણકો મને એક પ્રતીતિ કરાવતો ગયો કે આ ગુણાતીત ગુરુ દિવ્યસુખની અવિનાશી ભૂમિકામાં લઈ જવા માગે છે. મંચ પર દીક્ષાવિધિ લઈ પુનઃ જે સ્થાને બેસવાનું હતું ત્યાં બેસવા ગયો, ત્યાં સુધી આ દિવ્ય સુખની ભૂમિમાં જ વિહરતો હોઉં તેવું અનુભવાયું. ૧૯૭૧થી સ્વામીશ્રીનાં દર્શન, સ્પર્શ, આશીર્વાદ અને પ્રસાદીનો જેટલો લાભ અમદાવાદમાં કે અમદાવાદની બહાર ઉત્સવ-સમૈયામાં નજીક કે દૂરથી મળ્યો હતો, તેમાં આવી અનુભૂતિ મને ક્યારેય પણ કોઈવાર પણ થઈ ન હતી. કદાચ સજાગ થઈ, મહિમા સમજી, સમજણથી સુખ લેવા પ્રયત્ન કર્યો હશે. પણ આવું દિવ્ય સુખ તો ક્યારેય અનુભવ્યું ન હતું. મને મનોમન થયું કે આ એમની અકારણ કૃપાવર્ષા જ છે !

તે જ રાત્રે શરદપૂનમનો ઉત્સવ પૂરો થયા પછી મને ભગંદરના રોગનો

જોરદાર ઉપદ્રવ શરૂ થયો. સ્વામીશ્રીના આશીર્વાદ લઈ જે ઉપચાર શરૂ કરાવ્યો તે મને અતિ કષ્ટદાયક લાગ્યો. મને એમ લાગ્યું કે હવે હું સહન નહીં કરી શકું.

એક સાંજે હું સ્વામીશ્રી પાસે ગયો ને ઉપચારની થતી પીડા સહન નથી થતી તેવી વ્યથા વ્યક્ત કરી. સ્વામીશ્રી કહે : 'થોડુંઘણું કષ્ટ પડે તે સહન કરી લેવું.'

તેમના આ શબ્દોએ મને બળ પ્રેર્યું ને સમજણ દૃઢ કરાવી કે પીડા તો થશે જ પણ સહન કરવી. આત્મનિષ્ઠાના ઉચ્ચ શિખરે બેસી મને આવી અસહ્ય પીડાને નજીવી ગણવા અને આત્મનિષ્ઠાનું પગથિયું ચઢાવવા સ્વામીશ્રીએ ખૂબ બળ પ્રેર્યું ને તેમના આશીર્વાદથી જ અસાધ્ય રોગ મટ્યો.

* * *

તા. ૧૮-૧૧-૮૮ના રોજ સ્વામીશ્રીએ નૈરોબી મંદિરના સભાગૃહમાં પ્રાતઃપૂજાનો પ્રારંભ કર્યો. પૂજામાં સામાન્ય રીતે સંતો કે સારું ગાઈ શકે એવા યુવકો કીર્તનો-ભજનો ગાતા હોય છે. પણ તે દિવસે શાસ્ત્રીજી મહારાજના સમયના નિષ્ઠાવાન હરિભક્ત રમણભાઈ શેઠ ગાવા માટે મંચ પર આવ્યા. તેમને જોતાં જ મને મનમાં થયું કે શું ગાશે ? કેવું ગાશે ? સંતો જેવી તો મજા નહીં જ આવે. કોઈને પૂછ્યું છે કે નહીં કે એમનેમ ચઢી ગયા છે... ખબર પડતી નથી...

તેઓ ગાવાનું શરૂ કરે તે પૂર્વે આનંદસ્વરૂપ સ્વામીએ તેમનો ટૂંકમાં પરિચય આપ્યો, શાસ્ત્રીજી મહારાજનાં ભજનો ગાઈ રાજી કરેલા તેનો ઉલ્લેખ કર્યો. રમણભાઈએ ગાવાનું શરૂ કર્યું ત્યારે પણ મારા મનમાં પેલા વિચારો ઘૂમ્યા કરતા હતા. બીજી બાજુ તેમણે પ્રારંભ કર્યો, અને થોડી જ ક્ષણો બાદ સ્વામીશ્રીએ તેમની તરફ સસ્મિત દૃષ્ટિ કરી. રમણભાઈ વધુ કૅફમાં ગાવા લાગ્યા. વચ્ચે અંગ્રેજી વાક્યો કૅફમાં બોલે ને સાથે સાથે હિન્દીમાં બોલે : 'ક્યા બાત હૈ..!' આ શબ્દો સાંભળતાં જ સ્વામીશ્રી તેમના તરફ મર્માળું હાસ્ય કરે ને દૃષ્ટિ દ્વારા સુખ આપે.

સ્વામીશ્રીની તેમના તરફની દિવ્ય દૃષ્ટિ અને મર્માળું હાસ્ય મારા મનની માન્યતાઓના છેદ ઉડાડતા ગયા. દિગ્મૂઢ બની હું જોતો જ રહ્યો. ભજન પૂરું થયું. તાળીઓના ગડગડાટ શરૂ થયા. તેઓ સ્વામીશ્રી પાસે ગયા.

સ્વામીશ્રીએ તેમને પૂજાનું, પ્રસાદીનું પુષ્પ આપ્યું ને રાજીપાનો ધબ્બો આપ્યો. તે જ ક્ષણે મારા મનની ખોટી માન્યતાઓ ઓગળી ગઈ, ને મને પ્રતીતિ કરાવતી ગઈ કે સ્વામીશ્રી કેવળ ભાવથી રીઝે છે, નહીં કે આવડતથી. સ્વામીશ્રી ભાવના ભૂખ્યા છે. હા, આવડત કે કલાને સ્વામીશ્રી પોષણ આપે છે ને યોગ્ય સમયે પ્રશંસા પણ કરે છે, પણ મૂળ તો હૃદયના સાચા ભાવના ભૂખ્યા છે. ત્યાર પછી સ્વામીશ્રીની પૂજામાં તેઓ જ્યારે જ્યારે ગાતા ત્યારે રમણભાઈ તો આનંદ લૂંટતા, પણ સાથે સાથે મને પણ આનંદ આવતો.

* * *

ઈ.સ. ૧૯૮૮માં સ્વામીશ્રી કિસુમુ (કેન્યા)માં રાત્રિભોજન લઈ રહ્યા હતા. સ્વામીશ્રી સમક્ષ સંતો સાથે હું પણ નજીકથી સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યો હતો. તેમણે જમતાં જમતાં જોરદાર કેફમાં કથાવાર્તાનો દોર ચાલુ કર્યો. છેલ્લાં ૭ વર્ષથી સ્વામીશ્રીની દિનચર્યાનાં દર્શન દરમ્યાન એક અનુભૂતિ તો થઈ હતી કે સ્વામીશ્રીનો કથામૃત પીરસવાનો ઈશક સતત ચડતી કળા જેવો રહ્યો છે. ભોજન કરતાંય વધુ સમય કથાવાર્તામાં જતો લાગે, આજે સ્વામીશ્રીને વિશેષ શ્રમ ન પડે તે હેતુથી સેવક સંત નારાયણચરણ સ્વામીએ કહ્યું : 'આપને ડૉક્ટરે જમતાં બોલવાની ના પાડી છે. માટે આપ હવે રાખો.' (કિસુમુમાં સાયંસભામાં સ્વામીશ્રી આશીર્વાદ દરમ્યાન ૨૦ થી ૨૫ મિનિટ બોલ્યા જ હતા.)

કથાવાર્તાના ઈશ્કી સ્વામીશ્રી એકદમ નારાયણચરણ સ્વામીને કહે : 'તું ના પાડે છે. પણ ડૉક્ટર સ્વામી આ બેઠા. તેઓ કહે, તો બરાબર છે.' એમ કહી કથામૃતનો દોર ફરી શરૂ કર્યો. મને મનમાં થયું કે સંતોને કથાવાર્તાથી સુખિયા કરવાનો સ્વામીશ્રીને કેવો ઈશક ! સ્વામીશ્રીનો કથાપ્રવાહ ચાલુ હતો. દોઢ-બે મિનિટ થઈ હશે ને ડૉક્ટર સ્વામી બોલ્યા : 'મર્યાદા પૂરી થઈ.' આ શબ્દો સાંભળતાં જ સ્વામીશ્રીએ એ વેગવાન કથાપ્રવાહ પર તરત જ પૂર્ણવિરામ મૂકી દીધું. હું બે ઘડી સ્વામીશ્રી તરફ જોઈ રહ્યો. એક બાજુ સંતોને કથાવાર્તા દ્વારા સુખિયા કરવાનો સ્વામીશ્રીનો ઈશક, તો બીજી બાજુ સદ્‌ગુરુ સંત ડૉક્ટર સ્વામીએ તેમના સ્વાસ્થ્યને અનુલક્ષીને કરેલું નમ્ર સૂચન તેમણે સહજ રીતે સ્વીકારી લીધું. કેવી સરળતા !

કથાવાર્તાના વિવિધ પ્રસંગો ઊભા કરી સ્વામીશ્રીએ સૌને પ્રેરણાનું અમૃત જ પાયું છે. પોતાનું ભોજન ગૌણ કરી સૌને ભગવદ્-ભજનનું સુખ પીરસતા સ્વામીશ્રી ક્યારેય થાકતા નથી.

* * *

ઈ.સ. ૧૯૯૧માં મહેસાણા જિલ્લાના ભાવપુરા ગામમાં મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે અમદાવાદથી કારમાં જતાં સ્વામીશ્રીએ ઈશ્વરચરણ સ્વામીને કહ્યું કે 'અમદાવાદમાં દરેક વિસ્તારમાં સંસ્કારધામ થાય તેવા પ્રયત્નો કરવા.'

ઈશ્વરચરણ સ્વામીએ સ્વામીશ્રીના આ સંકલ્પ-આદેશની મને જાણ કરી કહ્યું, 'તમે રાણીપમાં પ્રયત્ન કરજો.'

ત્યારબાદ ૧ વર્ષ દરમ્યાન જેટલી જમીનો જોઈ તેમાં ક્યાંય ભાવતાલ કે જોઈતી-પૂરતી જગ્યાનો મેળ પડતો ન હતો. એક જમીન (હાલ જ્યાં સંસ્કારધામ છે) જોઈ. તપાસ કરતાં જાણ થઈ કે આ જમીન ઉપર જ રાણીપ નગરપાલિકાના અધ્યક્ષ મોટી સ્કીમ બાંધવાના છે. સ્વામીશ્રી તે વખતે અમદાવાદમાં (૧૯૯૨, જુલાઈ) બિરાજતા હતા. સરપંચને સ્વામીશ્રીના દિવ્ય વ્યક્તિત્વ અને અદ્વિતીય કાર્યની વાત કરી દર્શને લાવ્યા. સ્વામીશ્રીને ઓળખાણ કરાવી કહ્યું કે આ નગરપાલિકાના અધ્યક્ષશ્રી છે. આપણે જે જગ્યાએ સંસ્કારકેન્દ્ર કરવાની ઇચ્છા છે તે જમીન તો તેમના જ હાથમાં છે. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદનો ધબ્બો આપતાં કહ્યું, 'આ એક સંસ્કારનું મોટું પુણ્યકાર્ય છે, એમાં આપ સહકાર આપો.'

સ્વામીશ્રીના માત્ર આટલા જ શબ્દોમાં જે દિવ્યતા હતી, તે અધ્યક્ષશ્રીને સ્પર્શી ગઈ અને તરત સહકાર આપવાની ખાતરી આપી. બે જ દિવસમાં જણાવ્યું કે હું તેના પર સ્કીમ બાંધીશ નહીં. આપ તે જમીન ખરીદી સંસ્કારકેન્દ્ર તૈયાર કરજો. હું જમીનમાલિકને ભલામણ કરીશ. જમીન માલિકોમાં પણ સ્વામીશ્રી પ્રત્યે અને સંસ્થા પ્રત્યે એવો અહોભાવ પ્રગટ્યો કે તુરત જ કલ્પનામાં ના આવે એટલી સસ્તી કિંમતે પોતાની જમીન પુણ્યકાર્ય માટે અર્પણ કરી.

આ પૂર્વે અન્ય કેટલીય જમીનો જોઈ હતી ને ભાવતાલ પણ પૂછ્યા હતા, પણ સ્વામીશ્રીનો એક જ ધબ્બો કેવું અશક્ય કાર્ય તરત જ શક્ય અને

સુલભ બનાવે છે તેની અનુભૂતિ થઈ.

સંસ્કારકેન્દ્રમાં આર્કિટેક તરીકે સેવા આપતા રસિકભાઈ ગજ્જર જેમની અમદાવાદમાં ને અમદાવાદની બહાર ઘણી બધી સ્કીમો છે, તેમને પણ સ્વામીશ્રીએ સ્વપ્નમાં દર્શન દઈ સંસ્કારકેન્દ્ર બનાવવાનું માર્ગદર્શન આપ્યું. બાંધકામનું ધ્યાન રાખવા નિષ્ઠાવાન ને સેવાભાવી સત્સંગીબંધુ બળદેવભાઈને પણ તેનાથી અનુભૂતિ થઈ કે સ્વામીશ્રી આપણી સાથે જ છે. રાણીપના સેવાભાવી હરિભક્તોએ પણ આર્થિક સેવાનો પ્રવાહ ચાલુ રાખ્યો અને સંસ્કારકેન્દ્રની મૂર્તિપ્રતિષ્ઠા મહેસાણા મંદિરની પ્રતિષ્ઠા પછી નક્કી થઈ. સ્વામીશ્રીને બોચાસણ આમંત્રણ આપવા ગયા. સ્વામીશ્રીએ સહર્ષ સ્વીકાર્યું. પ્રતિષ્ઠાના લગભગ ૧૦ દિવસ પૂર્વે સમાચાર આવ્યા કે શ્રીજીમહારાજની મૂર્તિ તૈયાર છે. પણ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ તૈયાર નહીં થઈ શકે. માટે પ્રતિષ્ઠા ઠેલાશે.

ઈશ્વરચરણ સ્વામીએ મને આ જણાવ્યું ને મારા મનમાં ભાંજગડ શરૂ થઈ કે આ ક્યાં વિઘ્ન આવ્યું ! પ્રાર્થનાનું જોર વધ્યું. 'સ્વામીશ્રી, આપના જ હાથમાં છે, આપ કરો તે ખરું.' આ બાજુ ઈશ્વરચરણ સ્વામીએ પણ મૂર્તિ લાવવા અથાગ પ્રયત્નો શરૂ કર્યા.

સ્વામીશ્રી તે સમયે કરજીસણ બિરાજતા હતા. હું દર્શન કરવા ગયો ને દંડવત્ કરતો હતો, ત્યાં જ નારાયણચરણ સ્વામીએ કહ્યું : 'વિમલ, મૂર્તિનો પ્રશ્ન સ્વામીશ્રીએ ઉકેલી દીધો છે. આ ગામની મૂર્તિઓ આવી જશે.' (તે ગામમાં મૂર્તિપ્રતિષ્ઠા ભવિષ્યમાં થવાની હતી ને કેવળ સ્વામીશ્રીની પ્રેરણા ને વચનથી તે ગામના આનાકાની કરતા હરિભક્ત ઝૂકી ગયા ને મૂર્તિ મોકલાવી દીધી.) મને હાશ અનુભવાઈ. સમયસર મૂર્તિ આવી ગઈ ને કેવળ સ્વામીશ્રીની કૃપાથી મૂર્તિપ્રતિષ્ઠા ધામધૂમથી થઈ ગઈ.

ક્યારેય ન મળે એવી જમીન ગુણાતીત પુરુષના દિવ્ય સંકલ્પે સસ્તા ભાવે મળવી, હરિભક્તોનો આર્થિક સેવાનો પ્રવાહ ચાલુ રહેવો, આર્કિટેક્ટને સ્વામીશ્રીનું સ્વપ્નમાં માર્ગદર્શન, બાંધકામનું ધ્યાન રાખતા સેવાભાવી હરિભક્ત બળદેવભાઈનો ઉત્સાહ, ઈશ્વરચરણ સ્વામી અને કોઠારી સત્સંગિજીવન સ્વામી તરફથી મળતું માર્ગદર્શન ને હૂંફ, સાથેના સંત રાહુલ સ્વામીનો ઉત્સાહ તથા મૂર્તિનો પ્રાણપ્રશ્ન આ બધામાં કેવળ

સ્વામીશ્રીની અદ્વિતીય શક્તિ ને પ્રેરણા જ કામ કરી રહી... તેઓ જ કર્તા છે અને આપણને નિમિત્ત બનવાની સેવા આપીને આધ્યાત્મિક માર્ગે આગળ વધારે છે.

* * *

તા. ૧૧-૭-૮૩ના રોજ સ્વામીશ્રી અમદાવાદમાં બપોરે ભોજન લઈ રહ્યા હતા. જમ્યા પછી કથામાં દાસ થવા વિષે વાત આવી. સ્વામીશ્રી બોલ્યા : 'દાસનું લક્ષણ ? કહે તેમ કરે. જે કહે તેમ કરે તેના ઉપર ભગવાન ને સંત રાજી થાય.'

આમ બોલી એક સંતને કહ્યું : 'દાસનું લક્ષણ બરોબર જાણો છો ને ! બરોબર ખ્યાલ છે ને !'

તેઓ કહે : 'વાચ્યાર્થ તો બધું જ જાણીએ છીએ.'

સ્વામીશ્રી : 'લક્ષ્યાર્થ નથી થયું, એ કરવા તો આવ્યા છીએ.'

સંત કહે : 'તમને સોપ્યું છે.'

સ્વામીશ્રી : 'બધું ગુરુ જ કરે ?'

બીજા સંત કહે : 'દાખડો કરે તો કૃપા થાય ને !'

સ્વામીશ્રી : 'દાખડો કર્યો ત્યારે તો બેઠા છીએ. પણ દાસનાં લક્ષણ કયા ? એ શબ્દો ધ્યાનમાં હોય તો પાછા વળાય ને ગાડું રાગે આવી જાય.'

સ્વામીશ્રીના શબ્દો સૌને અંતર્દૃષ્ટિ તો કરાવી ગયા. અને ખ્યાલ આવ્યો કે બધું ગુરુ જ ઓછું કરે ? દાખડો તો કરવો જ પડે. વાચ્યાર્થ ગમે તેટલું હોય પણ ગુરુના બળ ને તેમના જીવનમાંથી પ્રેરણા લઈ મંડીએ તો જ લક્ષ્યાર્થ થાય ને તો જ કૃપા થાય.

* * *

ભગવદ્‌જીવન સ્વામી
અટલાદરા

૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે અમે પંચમહાલ જિલ્લામાં વિચરણ કરતા હતા. હું પાર્ષદમાં હતો. પહેલીવાર જ આટલું મોટું વિચરણ કરવાનું હતું. પંચમહાલ જિલ્લાનો અનુભવ નહિ. તેથી તે વિસ્તારના ભોમિયા સુરેશ ભગત અમારી સાથે વિચરણમાં હતા. અમે વિચરણ કરી વસંતપંચમી ઉત્સવ ઉપર અટલાદરા આવેલા. તે વખતે ઉત્તમ ભગત (ઉત્તમચરણ સ્વામી) ગોંડલથી અટલાદરા આવેલા. તેઓને ગુરુકુળમાં એક સક્રિય કાર્યકરની જરૂર હતી. સુરેશ ભગત આ માટે યોગ્ય હતા. પરંતુ અમારી સાથે પણ સુરેશ ભગતની સેવાની જરૂર હતી. તેથી સ્વામીશ્રીએ મને બોલાવ્યો અને વિનમ્રતાસભર મૃદુ વચનોથી કહ્યું, 'જો કે સુરેશ ભગત તમારી સાથે વિચરણમાં છે ને કામ લાગે છે, પરંતુ આ સંતો ગોંડલથી આવ્યા છે ને ગુરુકુળમાં ખાસ જરૂર છે. જો તમને વાંધો ન હોય તો તેમને ત્યાં મોકલીએ. તમને થોડી તકલીફ પડશે પણ જો ત્યાં માટે છૂટા થઈ શકે તો સારું. તમારો શો વિચાર છે ?'

આમાં આપણો શું વિચાર હોય ? સ્વામીશ્રી જેમ કહે તેમ જ કરવાનું હોય તે સ્વાભાવિક છે. પરંતુ સ્વામીશ્રીએ એવાં તો વિવેકસભર નમ્ર વચનો કહ્યાં કે સૌના ગુરુ હોવાનો તેમને ખ્યાલ જ નથી ! તેઓ તો ધણી છે, એમને વળી વિનંતી કરવાની હોય ? પરંતુ અહંથી પર રહીને વિચરતા આ પુરુષની નમ્રતા કેટલી હદ સુધી વિસ્તરેલી છે તેનાં દર્શન થયાં ! એ વખતે સત્સંગના એકડાનીયે ખબર નહોતી - છતાં મારા જેવા સાવ સામાન્ય પાર્ષદ સાથે પણ કેટલી નમ્રતા !

તા. ૧૨-૪-૮૮, લંડન. આજનો દિવસ અમારી દીક્ષાતિથિનો દિવસ હતો. આ તારીખે આજથી સાત વર્ષ પહેલાં અમદાવાદમાં ૨૦૦ યુવાનોને સ્વામીશ્રીએ દીક્ષા આપી હતી. સ્વામીશ્રી પાસે બ્રહ્મદર્શન સ્વામીએ તેની

સ્મૃતિ કરીને કહ્યું : 'આજે અમારો જન્મદિવસ છે. દીક્ષા લીધાને સાત વર્ષ થયાં !' સ્વામીશ્રી રાજી થયા. અને '૮૧માં દીક્ષિત થયેલા દરેક સંતને આશીર્વાદ આપ્યા.

સંતો કહે : 'સાત વર્ષના થયા એટલે બહુ નાના જ કહેવાઈએ.'

વાસુદેવપ્રિય સ્વામી કહે : 'અમે બધા બાબા જ છીએ ને !'

સ્વામીશ્રી આનંદમુનિ સ્વામીને બતાવતાં કહે : 'આ એકલો જ બાબો છે.' એમ કહીને પ્રેરણાવચનો કહેવા લાગ્યા : 'સત્સંગમાં આપણે બાબા થઈને જ રહેવાનું. નાનામાં નાના થઈને રહીએ એમાં મઝા છે.' આજે અમારા 'જન્મદિવસ'ના સુંદર આશીર્વાદ મળી ગયા, ને સ્વામીશ્રીએ એક જ વાક્યમાં જીવનમંત્ર શીખવી દીધો.

આજ સુધી તેઓ નાનામાં નાના થઈને રહ્યા છે, એટલે હૈયે હોય તે જ હોઠે આવે ને !

* * *

૧૯૮૮, વિદેશમાં આપણા એક સંનિષ્ઠ હરિભક્તને મોટી ઉંમરે કુટુંબમાં પોતાનાં પત્ની અને પુત્રો સાથે વિખવાદ ઊભો થયો. તેમણે મોટી ઉંમરે કોર્ટનો આશરો લીધો. જે જે આ વાત જાણતા તે દરેકને આશ્ચર્ય થતું તેવો એ પ્રસંગ હતો.

સ્વામીશ્રીને આ વાતની જાણ થઈ, તેથી તે શહેરમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે સ્વામીશ્રી આ હરિભક્તને મળ્યા. ખબર અંતર પૂછ્યા. તે હરિભક્તે ગળગળા થઈને કહ્યું, 'બાપા ! હું તો લપસી પડ્યો છું.'

સ્વામીશ્રી : 'તમારે ત્યાં ને ત્યાં પડી રહેવું છે કે ઊભા થવું છે ? અમે તમને ઊભા કરવા આવ્યા છીએ. અમારે તમને અક્ષરધામમાં લઈ જવા છે. તમારે આવવું છે કે નહિ ?'

હરિભક્ત : 'આવવું છે.'

સ્વામીશ્રી : 'તો અમે કહીએ તેમ કરો.'

હરિભક્ત : 'પણ બાપા, મારું કોઈ નથી.'

સ્વામીશ્રી : 'કેમ, અમે તમારા જ છીએ ને ! જો તમારા ન હોત તો તમને બોલાવત શું કરવા ? તમારી સગવડ કરી આપીએ. બધું કરી આપીએ, તમે દેશમાં આવો. અમે કહીએ તે પ્રમાણે તમારા કુટુંબમાં જ પૈસાની

વ્યવસ્થા કરો. તમે કહો તે પ્રમાણે અમે નક્કી કરી આપીએ.'

હરિભક્ત : 'મારે પહેલાં પૈસા જોઈએ. હપ્તાની વાત નહિ. દેહનો કોઈ નિર્ધાર નહિ.'

સ્વામીશ્રી : 'માયા ખરી વળગી ગઈ. જીવમાં પેસી ગઈ.'

હરિભક્ત : 'ના પેસી નથી. પેસાડી છે.'

વાર્તાલાપ સાંભળતાં તો એમ જ લાગતું હતું કે આ હરિભક્ત કોઈ રીતે માનશે જ નહિ. સ્વામીશ્રીએ તેમને કહ્યું કે 'સમડી માંસનો લોચો લે, તેની પાછળ બધી સમડી પડે, ને ચાંચ મારે, પણ લોચો મૂકે તો બધી તેની પાછળ. તેમ તમો હવે લોચો મૂકી દો.' ઘણી દલીલો પછી તેઓ મિલકત બાબતે કુટુંબને મળે તે રીતે કંઈક જતું કરવા તૈયાર થયા.

પછી સ્વામીશ્રીએ તેઓના દીકરાઓને પણ બોલાવ્યા ને સમાધાન માટે બધા સાથે બેઠા. સ્વામીશ્રી તે હરિભક્તને કહે : 'તમે બૅરિસ્ટર ઊંધા પકડ્યા. આ બૅરિસ્ટર અમે કંઈ ખોટા હતા ? તમે વિશ્વાસ ગુમાવી બેઠા. જેના થકી મોક્ષ-કલ્યાણ માન્યું એનો વિશ્વાસ તમે ગુમાવી બેઠા. પછી શું સમજ્યા ? શું સત્સંગ કર્યો ?' બે ક્ષણના મૌન પછી ફરી સ્વામીશ્રી બોલવા લાગ્યા : 'હજુ મનમાં નથી બેસતું ને ? તમારા વકીલને અહીં બોલાવી લાવો. હું એને મગજમાં બેસાડીશ. હું એને સલાહ આપું. તમને એનો વિશ્વાસ છે ને ? મને અંતર્યામી જાણતા હો તો આ કરો. અંતર્યામી કહે છે તો પણ ક્યાં માનો છો ?'

પછી કહે : 'ભગવાન સિવાય આપણું કોઈ નથી. એ સમજી રાખવું. સગાં બધાં સ્વાર્થી છે. વકીલો, ડૉક્ટરો કે સૉલિસિટરો પણ આપણું સારું કરવાના નથી. ભગવાન ને સંત બે જ સારું કરવાના છે.'

ઘણી સમજાવટને અંતે સુખદ પરિણામ આવ્યું. તે હરિભક્તે બધું મૂકી દીધું ને સ્વામીશ્રીના વચને એક કુટુંબ સુખના માર્ગે વહેતું થયું.

તે વડીલ માની ગયા ત્યારે સ્વામીશ્રીનો ખૂબ રાજીપો મેળવ્યો.

હરિભક્તોનાં સુખદુઃખમાં, હરિભક્તોના અંગત પ્રશ્નોમાં રસ લઈ તેમના પ્રશ્નો ઉકેલવાની ભાવના સ્વામીશ્રીના હૃદયમાં એટલી ઊંડી છે કે મોટા સમુદાયમાં આજે આવા પ્રશ્નોમાં ક્યાંક હરિભક્તને મળી શકાતું નથી, તો સ્વામીશ્રી અવારનવાર દુઃખ વ્યક્ત કરતા રહ્યા છે. કોઈપણ હરિભક્તના, ઘરમાં-કુટુંબમાં ક્લેશ થાય તો સ્વામીશ્રી દુઃખી થઈ જાય છે ને સંપ થાય

પછી જ રાજી થાય છે. આવા સુખદુઃખના સાથી સત્પુરુષ બીજે ક્યાં મળે ?! (તા.૧/૫/૮૮, લંડન)

* * *

સ્વામીશ્રી ૧૯૮૮માં વિદેશયાત્રામાં હતા. તે વખતે જનમંગલ સ્વામીએ સ્વામીશ્રી ઉપર પત્ર લખેલો. તેમણે નડિયાદ મંદિરમાં ઠાકોરજી માટે પ્લાસ્ટિક કે સિન્થેટિકના કાપડનાં ફૂલોના હાર મંગાવેલા. સ્વામીશ્રીએ તેમને સખાભાવે ઉત્તર લખ્યો.

'આપે નકલી ફૂલહાર મગાવ્યા, પણ તમો તો જ્ઞાની છો, નકલીમાં શું મોહ પામ્યા ? અસલમાં આનંદ માનવો. અમો નકલી માલ લેતા નથી (ને) આપતા નથી. અમો તો અસલી માલ ભગવાન ને સંત આપીએ છીએ. તો તે જરૂર હોય તો કહેશો.' (તા. ૨૫/૧૦/૮૮, લંડન)

પત્રમાં હસતાં રમતાં પોતાની અસલ ઓળખાણ પણ કરાવી દીધી ને નકલી વસ્તુમાં મોહ ન પામવો તે વાત પણ સ્વામીશ્રીએ જણાવી દીધી.

* * *

તા. ૧૮-૭-૮૮ વ્રજભૂમિ, અમેરિકા.

અહીં ત્રણ દિવસ બાળકો-કિશોરોની શિબિર હતી. સ્વામીશ્રી તથા સંતોનો ઉતારો પણ ત્યાં જ હતો. વિદેશયાત્રામાં સાથે આવેલા દરેક સંતોનો વ્યક્તિગત ફોટો સ્વામીશ્રી સાથે લેવાનો હતો. અક્ષરજીવન સ્વામીનો વારો આવ્યો, ત્યારે તેમણે સ્વામીશ્રીને ચાખડી પહેરવા વિનંતી કરી. સ્વામીશ્રીએ ના પાડી અને કહ્યું :

'હું પહેરતો નથી તો શું કામ પહેરવી ? ખોટો દેખાવ શા માટે કરવો ?'

પછી બધાના આગ્રહથી પહેરી ને ફોટો પડાવ્યો.

પરંતુ એક વાક્યમાં તેમની નિર્દંભ છબી સૌની નજરમાં વસી ગઈ. સ્વામીશ્રીએ આજ સુધી ક્યારેય ખોટો દેખાવ પણ કર્યો નથી. તેમણે દંભ કે ડોળ જરાપણ રુચતાં નથી. પછી ભલેને તે ક્ષણો પૂરતું પણ કેમ ન હોય ?

આ માર્મિક વિધાનમાં એમના જીવનમાં પળે પળે ઉપસી આવતી નમ્ર છબિનાં દર્શન થાય છે. નમ્રતા જાણે એમનો મુદ્રાલેખ છે. અહંશૂન્યતા તેમની જીવનશૈલી છે.

* * *

તા. ૩૧-૭-૮૮, કલીવલેન્ડ, અમેરિકા.

સ્વામીશ્રી ઉતારેથી નીકળી સવારે પૂજા માટે હૉલમાં જઈ રહ્યા હતા. નારવાળા ભૂપેન્દ્રભાઈની મર્સીડીઝ ગાડીમાં સ્વામીશ્રી બિરાજ્યા હતા. ભૂપેન્દ્રભાઈએ કહ્યું : 'મને કોઈએ કહ્યું કે પ્રમુખસ્વામી તો મર્સીડીઝમાં નથી બેસતા (એટલે કે રોલ્સરોયમાં જ બેસે છે) એટલે હું તો ખૂબ મૂંઝાયો. આપના દ્વારા ગાડી પ્રસાદીની થાય તે માટે તો ગાડી લાવ્યો અને આવું સાંભળ્યું એટલે હું તો નિરાશ થઈ ગયો.

સ્વામીશ્રી કહે : 'ના, ના, એવું નથી. અમે તો જે વાહન મળે તેમાં બેસી જઈએ. સંતને કાર્ય કરવું છે તે જે અનુકૂળ આવે તેમાં બેસવાનું. જે ટાઇમે જે હોય તેમાં બેસીએ.'

નિર્ભય સ્વામી કહે : 'સ્વામી તો ઊંટગાડીમાં પણ બેઠેલા છે.'

સ્વામીશ્રી : 'બધી ગાડીઓમાં બેઠેલા છીએ. ઊંટગાડી.... બળદગાડી... ઘોડાગાડી... અને પાડાગાડીમાં પણ બેઠા છીએ. મકરાણા (રાજસ્થાન) જતા ત્યાં પાડાગાડી હોય.'

ભૂપેન્દ્રભાઈ તો વિચારમાં પડી ગયા. તેમના ગણિત અહીં ખોટા પડ્યા હતા. સ્વામીશ્રીની જીવનભાવના માણવાનો તેમનો આ પ્રથમ અવસર હતો.

* * *

તા. ૧૦-૧૨-૮૮ નાઈરોબી, કેન્યા.

આજે સ્વામીશ્રી કિસુમુથી પ્લેન દ્વારા નાઈરોબી આવ્યા. સાંજે સભામાં ખૂબ સુંદર આશીર્વચનો કહ્યાં :

'ભાગવતમાં ત્રીજા સ્કંધમાં વાત આવે છે કે જીવ માતાના ગર્ભમાં ખૂબ દુ:ખી થાય છે, તેથી મુક્ત થવા માટે ભગવાનને વિનંતી કરે છે, પરંતુ ભગવાન છોડતા નથી. ભગવાન જામીન માંગે છે. કોઈ તૈયાર ન થયું એટલે સંતને દયા આવી ને સંત જામીન થયા કે ભગવાન, તમે જીવને મુક્ત કરો. તમારું ભજન અમે કરાવીશું.'

આટલું કહીં સ્વામીશ્રી બોલ્યા : 'એ અમે જામીન થયા છીએ એટલે બધે ફરીએ છીએ. આ વિચરણ કરીએ છીએ. તમે ઇન્ડિયા છોડી આફ્રિકા આવ્યા તો યોગીબાપા અહીં આવ્યા. અહીંથી તમે ઇંગ્લેન્ડ ગયા તો યોગીબાપા ત્યાં આવ્યા. ત્યાંથી અમેરિકા ગયા તો ત્યાં પહોંચ્યા. ને હવે ચંદ્રલોકમાં જશો તો

ત્યાં પણ આવીશું. પરંતુ ભજન કરાવ્યા વગર નહિ મૂકીએ.

સહજપણે સ્વામીશ્રીએ પોતાના અથાગ વિચરણનો હેતુ સમજાવી દીધો. આજ સુધી રાતદિવસ વિચરી એમણે અસંખ્ય મુમુક્ષુઓને ગર્ભવાસ - લખચોરાશીનાં દુઃખમાંથી મુક્ત કરી તેમના હૃદયમાં ભગવાન પધરાવ્યા છે.

* * *

તા. ૧૬-૧૨-૮૮, નાઈરોબી.

સ્વામીશ્રી મંદિરે યોગેન્દ્ર મકવાણાને (ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી) અંગત મુલાકાત આપી રહ્યા હતા. સંતો સ્વામીશ્રીના રૂમની બહાર બેઠા હતા. સંતોમાં થોડીવાર રાજકારણની વાત નીકળી. સ્વામીશ્રી અંગત મુલાકાત પૂરી કરી રૂમની બહાર નીકળ્યા. રાત્રે આરામ માટે મગનભાઈ સામાણીને ઘેર જવા નીકળતા હતા, તે વખતે સંતોએ કરેલી રાજકારણની વાતોના સંદર્ભમાં પ્રિયદર્શન સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું :

'આ ભગવત્ચરણ સ્વામી કહે છે કે સ્વામી જો મુખ્યપ્રધાન બને તો હું નાણાંપ્રધાન બનું.'

સ્વામીશ્રી : 'આપણે એ શું કરવું ? નાણાંપ્રધાન કરતાં માળાપ્રધાન બરાબર છે. માળાપ્રધાન થવું તે બેસ્ટમાં બેસ્ટ. એ સારામાં સારો વે'વાર. રાજાના રાજા. પેલું તો ગધેડા ભાર ઉપાડે.'

ભગવત્ચરણ સ્વામી કહે : 'ભલે સંતો ન થાય પણ આપણો સત્સંગી કોઈ મિનિસ્ટર થાય તો ઘણું કામ થાય.'

સ્વામીશ્રી કહે : 'સત્તા માત્ર નકામી. સાધુને પણ ન જોઈએ ને સત્સંગીને પણ ન જોઈએ. બધું કાદવ ઉછાળવા જેવું છે. ઉકરડો છે. એમાં કાંઈ સારું નથી.'

સ્વામીશ્રીના અંતરનો અભિપ્રાય તો ભક્તિ ને સત્સંગ આ બે જ છે. પોતે પરમાત્મામાં સ્થિર છે. તેથી પોતાના વિચારમાંથી જરાપણ ચલિત થતા નથી. અને આપણને પણ પરમાત્મામાં સ્થિર થવા માટેનું અનુસંધાન રખાવે છે.

* * *

તા. ૧૩-૧૨-૮૮, નૈરોબી

સ્વામીશ્રી વિશ્વની ધર્મયાત્રાએથી આવ્યા બાદ ઈશ્વરચરણ સ્વામી વગેરે સંતોએ અમદાવાદમાં ભવ્ય જાહેર સન્માન સમારંભમાં પધારવા માટે

સ્વામીશ્રીને વાત કરી.

સ્વામીશ્રી એકદમ બોલવા લાગ્યા : 'મોટા સમારંભ રાખવાની કોઈ જરૂર નથી. હું તો એમાં માનતો જ નથી. શુ સ્વાગત કરવું ? એમાં શું મોટો થાંભલો ફાડીને બહાર આવ્યા છીએ ? સ્પેશિયલી માન લેવા માટે ખોટી દોડાદોડ કરવી એમાં હું માનતો જ નથી. ઠીક છે, વ્યવહાર છે એટલે થોડું કરવું પડે.'

પછી વિવેકસાગર સ્વામી કહે : 'મહેળાવમાં તો જશભાઈ ગામની ભાગોળેથી બગીમાં બેસાડી નગરયાત્રા કાઢશે.'

સ્વામીશ્રી : 'વરઘોડાની તો ક્યાં ઇચ્છા રાખીએ છીએ ! એ તો ઇચ્છા જ ક્યારેય નથી થઈ !'

પુરુષોત્તમચરણ સ્વામી કહે : 'ગુજરાતના ગવર્નરની ઇચ્છા છે કે આપનું સન્માન કરવું.'

સ્વામીશ્રી : 'એની મહત્તા શું છે ? એમને ક્યાં પડી છે. એ તો બીજા ઉપાડ કરે એટલે થાય. બાકી ક્યાં આપણી રાહ જોઈને બેઠા છે ? તલપાપડ ક્યાં બેઠા છે ? એ તો આપણે સંબંધ રાખવાનો એટલે કરવું પડે.'

સત્સંગિજીવન સ્વામી કહે : 'પરદેશથી મુંબઈ આવશો ને પછી બધે ફરતાં ફરતાં અમદાવાદ આવશો, એમાં ઘણું મોડું થઈ જશે. એટલે પ્લેનમાં જ મુંબઈથી અમદાવાદ આવી પાછા મુંબઈ આવી જજો.'

સ્વામીશ્રી કહે : 'કંઈ મોડું થતું નથી. આ તો ગોળ જ્યારે ખાઈએ ત્યારે ગળ્યો લાગે એના જેવું છે.'

બધાએ ખૂબ આગ્રહ કર્યો પરંતુ મચક ન આપી.

અંતરમાં સન્માનની કેવી અરુચિ છે તે સહજ સહજ વાર્તાલાપમાંથી જણાઈ આવે છે :

'કામ, દ્રવ્ય ને માન છે જેહ, તેહ સારું નથી ધર્યો દેહ,
જ્ઞાન, વૈરાગ્ય ઉરે અશેષ, એવા સંતને નામું હું શીષ.'

* * *

સાધુવલ્લભ સ્વામી

સુરેન્દ્રનગર

શ્રીજીમહારાજના સમયમાં એક ભક્તે એવો સંકલ્પ કરેલો કે મહારાજ પોતાની નાભિ ઉપર મને રૂપિયાનો સિક્કો મૂકવા દે તો ભગવાન સાચા ! કેવો વિચિત્ર સંકલ્પ !! આવો સંકલ્પ મને પણ થયેલો. ૧૯૮૨માં સ્વામીશ્રી સાથેના વિચરણમાં જૂનાં સ્લીપર ખોવાઈ જવાથી નવાં સ્લીપર લીધેલાં. પણ તે કડક તળિયાનાં હતાં. મેં સંકલ્પ કર્યો કે બાપા પ્રસાદીનાં કરે પછી જ વાપરવાં. ત્રણ દિવસ ખુલ્લા પગે ફર્યો. ચોથે દિવસે સ્વામીશ્રી પારાયણમાંથી પધાર્યા. ઇરાદાપૂર્વક 'સ્વામીશ્રી પહેરશે જ' એવા ભાવથી ગોઠવેલાં સ્લીપર તેમણે પહેર્યાં ને કહે : 'લઘુ કરવા જવું છે.' પછી સ્લીપર પહેરી લઘુ કરવા પધાર્યા ને મારો સંકલ્પ પૂરો કર્યો. આજે આવો સંકલ્પ કરવા બદલ પામરતા લાગે છે.

૧૯૮૨માં સુરેન્દ્રનગર જિલ્લાના વિચરણમાં સ્વામીશ્રીની સાથે ફરવાનું થયું હતું. તે વખતે હું બિલકુલ નવો. 'પધરામણી' જેવા સાંપ્રદાયિક શબ્દોનું પણ જ્ઞાન નહીં. એક ગામમાં પધરામણીમાં એક ભાઈએ ગુરુપરંપરાની ચિત્રપ્રતિમા માગી. સ્વામીશ્રીએ મને કહ્યું કે થેલામાંથી એક મૂર્તિ આપ. મેં મૂર્તિ કાઢી તો ખરી પણ વાળીને આપવી કે એમને એમ એની વિમાસણમાં મૂર્તિ હાથમાં જ ફેરવતો હતો. સ્વામીશ્રી પરિસ્થિતિ પામી ગયા અને મારા હાથમાંથી મૂર્તિ લઈ, જાતે વાળીને પેલા ભાઈને આપી. મારા ધબકારા વધી ગયા. પધરામણીથી પાછા ફરતાં રસ્તામાં કહે : 'નવો છે, તેથી શિખવાડવું પડે. ધીરે ધીરે બધું આવડી જાય.'

૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે સ્વામીશ્રીનો કાર્યક્રમ વડોદરા જિલ્લાના કુરાઈ ગામે ગોઠવાયો હતો. રાત્રિ-ભોજન બાદ અમે સૌ સંતો ઉતારાના બહારના ભાગમાં ચેષ્ટાગાન કરતા હતા. એટલામાં સ્વામીશ્રી પણ ત્યાં પધાર્યા ને એક સામાન્ય ખુરશી ઉપર

બિરાજ્યા. ચેષ્ટા બાદ ઠીકરિયાના છગન ભગત(એક હરિજન હરિભક્ત)ને કહે : 'કીર્તન ગાઓ.' તેને તો 'ભાવતું હતું ને વૈદ્યે કહ્યું.' તેણે કીર્તનો ગાવા માંડ્યા ને પછી યોગીજી મહારાજના પ્રસંગો પણ કહ્યા. સ્વામીશ્રીએ સાથે ફરનાર એક સંતને કૅમેરો લઈ આવવાની આજ્ઞા કરી. તદ્દન સામાન્ય પરિસ્થિતિમાં રોટલા શેકવાની તાવડીને પણ તારથી બાંધીને જીવનનિર્વાહ કરનાર છગનની બાજુમાં કોઈ રાજવી સાથે ફોટો પડાવતા હોય એમ સ્વામીશ્રી ઊભા રહ્યા, ને છગનની ભક્તિને તસવીર સાથે અમર બનાવી. ત્યાર બાદ ત્યાંથી નીકળી વિચરણ કરતાં કરતાં મુંબઈ પહોંચ્યા, ત્યારે પણ યાદ કરાવ્યું કે 'કુરાઈવાળો ફોટો છગનને મોકલ્યો ?'

તો વળી કોઈક વખત ફોટોગ્રાફ પાડનાર પર સ્વામીશ્રીને અકળાતા પણ જોયા છે. ૧૯૮૩માં હાર્ટ ઍટેક બાદ સ્વામીશ્રી અટલાદરા ખાતે 'એઈમ્સ ઑક્સિજન'માં આરામ માટે રોકાયા હતા. એક સાંજે ભ્રમણ કરી રહ્યા હતા, ત્યારે અમેરિકાથી આવેલ એક યુવક સ્વામીશ્રીના ફોટા પાડવા લાગ્યો. સ્વામીશ્રીએ તેને રોક્યો ને સહેજ અકળાઈને કહે : 'બહારના ફોટા કરતાં અંદરના ફોટા પાડો અને વાળ લાંબા છે તેને ટૂંકા કરાવીને પછી ફોટા પાડવા આવજે !'

પોતાના સંપર્કમાં એકવાર પણ આવનાર વ્યક્તિને સ્વામીશ્રી ક્યારેય ભૂલતા નથી, પછી તે નાનો હોય કે મોટો કે કોઈપણ નાત-જાતનો હોય. '૮૮માં વિદેશયાત્રાએ જતા પહેલાં સ્વામીશ્રી અટલાદરા પધાર્યા હતા. અટલાદરા ખાતેના રોકાણનો છેલ્લો દિવસ અને છેલ્લી સભા હોવાથી ઘણી મોટી સંખ્યામાં હરિભક્તો દર્શનાર્થે આવ્યા હતા. સભાને અંતે વ્યક્તિગત દર્શન વખતે હું સ્વામીશ્રીની નજીકમાં જ ઊભો હતો. એવામાં નોંધણા ગામના એક ભાઈ આવ્યા. સ્વામીશ્રીએ તરત જ તેમને ઓળખી લીધા. 'આવ, હસન, કેમ છે બધું ?' તે વખતે હું ભરુચ જિલ્લામાં સત્સંગકાર્ય કરતો હતો, તેથી મને નજીક બોલાવીને પૂછ્યું, 'આને ઓળખે છે ?' મેં કહ્યું : 'ના.' પાછળ લાઇન થંભી ગઈ હોવા છતાં સ્વામીશ્રીએ શાંતિથી મને તેનો પરિચય કરાવ્યો કે 'આ યોગીજી મહારાજના વખતના જૂના હરિભક્ત છે, મુસ્લિમ છે, પણ ઠાકોરજીની મૂર્તિ ઘરમાં રાખે છે. તેના ઘરે જવું, મળવું.' સ્વામીશ્રીની આજ્ઞાથી તેની ખૂબ સામાન્ય ઓરડીમાં પધરામણી કરી,

ત્યારે હસને કહ્યું, 'સ્વામીબાપા પણ આ ઘરમાં બે વખત આવ્યા છે.' સ્વામીશ્રીને મન તેમની આ ઝૂંપડી કરતાં તેમનો ભાવ અગત્યનો હતો.

* * *

૧૯૮૭માં સ્વામીશ્રી અટલાદરામાં હતા. એક સવારે સ્વામીશ્રીની પૂજા દરમ્યાન નોંધણાના એક હરિભક્તે મને સમાચાર આપ્યા કે નોંધણાના મગનભાઈ પટેલ અકસ્માતમાં ધામમાં ગયા છે. હું તે વખતે ભરૂચ જિલ્લામાં જ વિચરણ કરતો, પણ આવા પ્રસંગે જવું જોઈએ એવી ગતાગમ નહિ. સ્વામીશ્રીને ચાલુ પૂજાએ સમાચાર આપ્યા. તુરત જ તેમણે મને પૂજાની પ્રસાદીનાં પુષ્પો આપ્યાં અને કહે : 'ઠાકોરજીનો હાર તથા નવી કંઠી લઈને નોંધણા જઈ આવો.' સાચે જ, 'ભૂધર સુખદુઃખ માંહી ભળ્યા' - હરિભક્તોના સ્વજન થઈને રહેવાની એ મારે માટે નવી શિક્ષા હતી.

૧૯૮૫માં સ્વામીશ્રી છોટાઉદેપુર તાલુકાના આદિવાસી વિસ્તારના ખાંડિયા-અમાદર ગામે પધાર્યા હતા. સત્સંગમંડળનો દશાબ્દી મહોત્સવ હતો, તે નિમિત્ત સ્વામીશ્રીને પધારવાનું થયું હતું. ઠંડી સખત હતી પણ એમ ઋતુ સામે હારે તો સ્વામીશ્રી શાના ? સભા ચાલુ હતી. રાતના ૧૧-૩૦ વાગ્યા હશે, એક વૃદ્ધ હરિભક્ત સ્વામીશ્રીને અટલાદરા જતી વખતે પોતાના ઘરે પધરામણી કરવા વિનંતી કરતા હતા. નારાયણચરણ સ્વામી અને મને આ વાતનો ખ્યાલ આવી ગયો. અને તે હરિભક્ત સ્ટેજ પરથી નીચે ઊતરે પછી તેમને વ્યવસ્થિત સમજાવવાનું નક્કી કર્યું. સ્વામીશ્રી અમારો આશય પામી ગયા. તે વૃદ્ધ સાથે વાતો કરતાં-કરતાં જ અમને બંનેને દૃષ્ટિથી બાંધી લીધા, અને તેમને પધરામણીની સંમતિ આપી. તેઓ સ્ટેજ પરથી ઊતરી સભામાં બેસી ન જાય ત્યાં સુધી સ્વામીશ્રીએ અમને બંનેને દૃષ્ટિથી એવા બાંધી લીધા કે બેમાંથી એકેય સ્ટેજ પરથી નીચે ઊતરવાની હિંમત કરી શક્યા નહિ.

સ્વામીશ્રીના આવા લોકોત્તર ચરિત્રોથી તેમની પ્રતિભાનો સંસ્પર્શ થતો રહ્યો છે અને એ જ કારણે હેત-આત્મબુદ્ધિથી સત્સંગ પોતાનો મનાતો રહ્યો છે. તેઓ આપણા થયા છે, આપણે તેમના થઈએ તે જ પ્રાર્થના.

* * *

૧૯૮૩, સ્વામીશ્રી વડોદરામાં ડૉ. બી. આર. પટેલની હૉસ્પિટલમાં હૃદયરોગની બીમારીને કારણે આરામમાં હતા. અમે અમદાવાદ કિશોરમંડળે તૈયાર કરેલું, 'Get well soon'નું શુભેચ્છાપત્ર લઈ સ્વામીશ્રીનાં દર્શને ગયા. તે સમયે સ્વામીશ્રી બોલી પણ શકતા નહીં. વળી દરેકની મુલાકાત પણ અશક્ય હતી. સંપૂર્ણ આરામ કરવો એ જ ડૉક્ટરની સૂચના હતી. અમે વિવેકસાગર સ્વામીને જણાવ્યું કે આ કાર્ડ સ્વામીશ્રીને અર્પણ કરવું છે. તેમણે કાર્ડ જોયું ને સ્વામીશ્રી પાસે લઈ ગયા. કાર્ડની વિશેષતા એ હતી કે તેની સામે થોડે દૂરથી કંઈક બોલવામાં આવે તો તેની ફરતી લાઇટની સિરીઝ મૂકી હતી તે ઝબૂકવા લાગે, વળી તેના બીજા ફોલ્ડરમાં શબ્દો દ્વારા ભાવનાઓ જણાવી હતી કે 'આપ જલદી સાજા થઈ જાવ, આપને હસતા નિહાળવા છે...' વગેરે... આ જોઈ સ્વામીશ્રી કહે : 'યુવકોને અંદર બોલાવો. મારે બધાને મળવું છે.'

વિવેકસાગર સ્વામીએ કહ્યું ત્યારે અમે જણાવ્યું કે એવી કાંઈ જરૂર નથી. બાપાને શ્રમ પડે ને બોલવું પડે... પણ ફરી આજ્ઞા થઈ એટલે અમે ઓરડામાં ગયા. સ્વામીશ્રી પલંગ પરથી અમારી તરફ કૃપાદૃષ્ટિ કરી રહ્યા હતા.

અમે નજીક ગયા ત્યારે કાર્ડ કેવી રીતે બનાવ્યું ? કોણે શબ્દો લખ્યા ? કોનો વિચાર હતો, બધું જ વિગતે પૂછ્યું. અત્યંત મૃદુ સ્વરે સ્વામીશ્રી બોલી રહ્યા હતા. પછી આશીર્વાદ આપ્યા ને અમે પગે લાગ્યા ત્યારે કહે : 'જમીને જજો !'

આ પરિસ્થિતિમાંય સ્વામીશ્રીએ પોતાના પ્રેમથી અમને ભીંજવી દીધા. રૂમ બહાર નીકળતા અમારી ચારેની આંખોમાં આંસુ આવી ગયાં. આ નિઃસ્વાર્થ પ્રેમ પાસે શબ્દો બંધ થઈ ગયા અને હૃદય બોલવા લાગ્યું !

તા. ૨૧-૨-૮૪, અમદાવાદ. અમે કિશોરો - યુવકોએ આજે ઍરપોર્ટ

પર જવાનું વિચાર્યું હતું. કારણ કે પ્રાણપ્યારા ગુરુહરિની વિદેશયાત્રા માટે આ વિદાયદિન હતો.

સાંજે ૬-૪૦ વાગ્યા હતા. એરપોર્ટ હરિભક્તોથી ઊભરાઈ ઊઠ્યું હતું. મુંબઈ જતી ફ્લાઇટ સમયસર આવી અને સ્વામીશ્રી V.I.P. લોંજમાંથી ઊભા થઈ રેલીંગ તરફ આગળ વધ્યા. સેવકો અને સંતો સાથે હરિભક્તો પણ મોટા પ્રમાણમાં હતા. અચાનક મને ખ્યાલ આવ્યો કે મારું ઘડિયાળ મારા કાંડે નથી ! હું નાસીપાસ થઈ ગયો. વિચારો ચાલવા લાગ્યા : 'ક્યાં પડી ગયું હશે ? કોઈએ કાઢી લીધું તો નહીં હોય ?' એવામાં સ્વામીશ્રી મારી લગોલગ આવી ગયા. હું રેલીંગ પર હાથ મૂકીને ઊભો હતો. સ્વામીશ્રી નજીકમાંથી જ પસાર થયા અને સહજ ભાવે મારા હાથને ધીમો મૃદુ સ્પર્શ કર્યો ! મારા આનંદનો પાર ન રહ્યો ! સ્મૃતિ તો મળી જ પણ ઘડિયાળ ખોવાવાનો રંજ ક્ષણમાત્રમાં દૂર થઈ ગયો..

* * *

૧૯૮૫, અમદાવાદ, ગુણાતીત દ્વિશતાબ્દીમાં અમને પાર્ષદી દીક્ષા આપવામાં આવી, તે સમયે મારી સેવા સ્વામીશ્રીના ઉતારે મુલાકાતીઓની દર્શન વ્યવસ્થામાં રાખવામાં આવી હતી.

એક દિવસ સ્વામીશ્રી અને ઈશ્વરચરણ સ્વામી કંઈક અગત્યની ચર્ચા કરી રહ્યા હતા. સ્વામીશ્રી મને કહે : 'તું બારણે ઊભો રહે, કોઈ અંદર ન આવી જાય.'

'ભલે.' કહી હું દર્શન કરતો ઊભો રહ્યો ને બેધ્યાન થઈ ગયો. એવામાં એક કાઠિયાવાડી ભગત આવ્યા, અંદર જતા રહ્યા ને પાઘડી ઉતારીને 'મહારાજ-સ્વામી' કરતાં દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.

સ્વામીશ્રીએ સૂચક દૃષ્ટિએ મારી સામે જોયું. શું કરવું તેનો મને ખ્યાલ ન આવ્યો. તેથી દોડીને એ વડીલને ધીમેથી ઊભા કર્યા. ને કહ્યું, 'બાપા વાતમાં છે, પછી આવજો !'

ત્યાં સ્વામીશ્રી પ્રેમથી બોલી ઊઠ્યા : 'હવે અંદર આવી ગયા છે, તે આવવા દે ! રાજી થાય !'

તેમને આશીર્વાદ આપ્યા. તેઓ ગયા પછી મને મીઠો ઠપકો આપતા કહે : 'આ રીતે વાત ચાલતી હોય ત્યારે ઘડીક વાર ઊભા રાખવા. પછી

મળી લેવાય..' સ્વામીશ્રીએ સેવાનો ખટકો અને વડીલોનો આદર બંને શીખવ્યા...

તા. ૧૪-૫-૯૬, ગોંડળ. સ્વામીશ્રી સાંજે અક્ષરદેરીમાં પ્રદક્ષિણા કરી રહ્યા હતા. આજુબાજુ નીચે બેસીને અમે સંતો-પાર્ષદો 'અનુભવી આનંદમાં...' પદ બોલતા હતા. તે દરમ્યાન પૂજારી સ્વામી થાળ લઈને આવી પહોંચ્યા. તેમણે થાળ જેવો દેરીમાં મૂક્યો કે તરત જ મેં ગાવાનું શરૂ કર્યું, 'વસ્યો છે છોગલા વાળો...'

સ્વામીશ્રી એકદમ કહે : 'ઊભા રહો... ઊભા રહો... પડદો પડવા દો. થાળ પરથી કપડું લેવા દો..' બધું થઈ રહ્યું એટલે કહે : 'હવે ઉપાડો..'

અમને સમજાયું કે ભક્તિમાં જરા પણ ક્ષતિ સ્વામીશ્રી ચલાવી લેતા નથી. તેમને મન મહારાજ-સ્વામી સાક્ષાત્ થાળ જમે છે, આવા પ્રત્યક્ષભાવનાં પ્રત્યક્ષ દર્શન થયાં.

ભરૂચમાં સ્વામીશ્રીનો જન્મજયંતી મહોત્સવ ઊજવાયો. તે પછી સ્વામીશ્રી સારંગપુરમાં બિરાજમાન હતા. ઉતારાના પાછળના ભાગમાં આવેલી લોન પર સંતો-પાર્ષદો સ્વામીશ્રીના અલ્પાહાર સમયે દર્શન કરતા બેઠા હતા. એ દરમ્યાન સંતોએ ભરૂચ જયંતીની વિડિયોકેસેટ ચાલુ કરી. જેમાં ડૉક્ટર સ્વામીનું પ્રવચન શરૂ થયું. ડૉક્ટર સ્વામી બોલી રહ્યા હતા કે 'જે દહેજ ન લેવાની કે ન આપવાની પ્રતિજ્ઞા કરતા હોય તે આંગળી ઊંચી કરે...' સ્વામીશ્રીએ નાસ્તો કરતાં કરતાં જમણા હાથની આંગળી ઊંચી કરી ! એટલા સહજ સ્વભાવે સ્વામીશ્રી ભળી જાય છે કે આવી અનપેક્ષિત સ્મૃતિઓથી હૈયું આનંદથી ઊભરાઈ ઊઠે છે.

આવી અનેક સ્મૃતિઓથી સ્વામીશ્રીએ લાભ આપ્યો છે તે લાભ ઝીલવાના સાચા અર્થમાં પાત્ર થવાય તેવી તેમના પુનિત ચરણોમાં પ્રાર્થના.

* * *

જ્ઞાનવત્સલ સ્વામી
રાજકોટ

૧૯૮૭માં અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં મને પ્રવેશ મળ્યો ત્યાં સુધી પ્રમુખસ્વામી મહારાજ જેવા પુરુષ પૃથ્વી ઉપર છે, તેની મને ખબર પણ ન હતી ! ત્યાં રહેવા માંડ્યું ત્યારે પણ સંસ્થાના સંતો, ભક્તો કે માન્યતા બાબતે કોઈ આત્મીયતા કે લગાવ ન હતો. માત્ર સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાના શોખ ખાતર '૮૯માં છાત્રાલયના વાર્ષિકદિનમાં એક સંવાદમાં મેં જીનનો રોલ ભજવ્યો હતો. ત્યારે સ્વામીશ્રીનાં નજીકથી દર્શન-આશીર્વાદ મળેલા.

આ પછી સ્વામીશ્રી બોચાસણમાં ગુરુપૂનમે પુરુષોત્તમ સ્વામીની દેરીએથી દર્શન કરીને પાછા ફરતા હતા, ત્યારે અમે વિદ્યાનગરથી આવેલા યુવકો રસ્તામાં જ ઊભા હતા. સ્વામીશ્રીએ મને જોયો, આગળ જતા રહ્યા હતા, છતાં પાછા ફર્યા, ને એકદમ વહાલથી કહે : 'કેમ જીન ? હાઉ આર યુ ? ક્યારે આવ્યો ?' એમ કહી પંદરેક ડગલાં ચાલી એકદમ નજીક આવી ગયા. સેવકોના હાથ છોડી દીધા અને મારી સાથે હાથ મિલાવ્યો ! ધબ્બો માર્યો અને હેતથી માથે હાથ ફેરવ્યો ! મને એકદમ રોમાંચ થઈ ગયો. એટલું આશ્ચર્ય થયું કે મેં આમને માટે કાંઈ જ કર્યું નથી ને હજુ તો અજાણ્યો જ કહેવાઉં, તોય આટલી બધી કરુણા !

આજે પણ એ વહાલ અને એ અવસર સાંભરે ત્યારે આનંદ સમાતો નથી. બસ, આ પ્રેમનાં પ્રથમ પગરણ એ પ્રસંગથી મંડાયાં... પહેલ એમણે કરી હતી...

સ્વામીશ્રી ઠાકોરજી જમાડતા હોય ત્યારે કંઈક વાંચન કે વાતચીત ચાલતી જ હોય. અમે એકવાર સ્વામીશ્રીનાં દર્શને અટલાદરા ગયા હતા. સ્વામીશ્રી ઠાકોરજી જમાડતા હતા, ત્યારે મેં ભારતના મહાન સંતોનાં જીવન, કાર્ય અને સિદ્ધાંતોની વાતોને ટૂંકમાં વર્ણવતો એક લેખ 'Godman

પહેલાં મેં કહ્યુ, ... શરૂ કર્યું જ્યારે ...
વાંચીને ભાષાંતર શરૂ કર્યું જ્યારે
તેમાં આવ્યું કે 'જીવનમાં ગુરુની જરૂર નથી.'
સ્વામીશ્રીએ એ જ વખતે મને અટકાવ્યો. કહ્યું, 'તું કહે છે કે આ...
છે, પણ આ ક્યાં સારું છે ?'
મેં દલીલ કરી : 'હું 'સારું' એમ નથી બોલ્યો, પણ 'જુદું છે' એમ
બોલ્યો હતો.' સ્વામીશ્રી મૌન રહ્યા. પણ સાથે બેઠેલા સંતોએ કહ્યું કે 'ના,
તું સારું છે એમ જ બોલ્યો હતો.'
પણ સત્સંગની રીતભાત-મર્યાદા કે સંતો સામે જૂઠું બોલવાનો અવિવેક
થશે, તેનો કોઈ વિવેક નહીં, તેથી મેં મારું પકડી રાખ્યું ને સ્વામીશ્રી તો
સાવ મૌન જ રહ્યા. બધા બહુ મંડ્યા એટલે મેં ભૂલ કબૂલી, પણ સ્વામીશ્રી
તો એ જ અલમસ્ત અદામાં જમતા રહ્યા. વળી મેં આગળ વાત ચલાવી.
તેમાં સ્વામીશ્રીને નિર્દેશીને કહ્યું, 'સ્વામી, આમાં એક વસ્તુ આપે જોઈ ? કે
જે સાચું સમજાવે છે. તે બધા ઓછું ભણેલા છે...'
બધા આ સાંભળીને બહુ જ હસ્યા, સ્વામીશ્રી પણ મંદ સ્મિત કરતાં
મારી સામું જોઈ રહ્યા. પછીથી મને ખ્યાલ આવ્યો કે આ આ મહાન
વિભૂતિની - ગુરુહરિની મજાક થઈ ગઈ હતી ! ભલે એ તેટલી ગંભીર ન
હોય, પણ આવું જ જો કોઈ બીજા વ્યક્તિ પાસે થયું હોય તો ? પણ
સ્વામીશ્રીને એ સ્પર્શ્યું પણ નહીં ! બ્રહ્મવિદ્યા ભણ્યા હોય તેમને દુન્યવી
...હોય કે માન મેળવવાની તમા હોતી નથી, મોટપ એમને શોધતી આવે છે.

* * *

... વિષયક લેખ સ્વામીશ્રી જમતા
... ની વિગતે વાત

[illegible] અમારી અ
પસાર થઈ ગયા, તેથી ,
દોડાવી. સૌના અંતરમ
ગોબની કાગળની પ્લેટ
ને જોયું તો અંદર એક
પડી કારણ કે રોંગસાઈ
મારંમાર ગાડી દોડાવેલી

એક ભરવાડને પૂછ્યું, 'પાંપોદરા કેટલું દૂર ?'

'એ અહીં જ છે, દોઢેક કિ.મી. હશે.' તેણે જવાબ આપ્યો. અમે સીધા જ ત્યાં ગયા. સંતો આવી ગયા હતા. સભા ચાલુ હતી અમે રોડ ઉપર સ્વામીશ્રીની રાહ જોતા ઊભા. થોડી જ વારમાં સ્વામીશ્રી સડસડાટ કરતા પસાર થઈ ગયા. સભાનો ખ્યાલ સ્વામીશ્રી અને ડ્રાયવર યુવક ઇન્દ્રવદનભાઈને પણ રહ્યો ન હતો, પાછળ બે મોટર સાઇકલો દોડાવી. સ્વામીશ્રીને ઘણે આગળ જઈને આ કાર્યક્રમ યાદ આવ્યો, તેથી તાત્કાલિક ગાડી પાછી લેવડાવી. અમે ૨૭ યુવકો સ્વાગત માટે તૈયાર જ હતા ! સંધ્યા ઢળી ચૂકી હતી. સ્વામીશ્રીની ગાડીમાં લાઇટ ચાલુ હતી. અમને જોઈને એમની આંખોમાં આશ્ચર્યનો ચમકાર થયો, ત્યાં મેં બે પ્લેટમાં રાખેલો ગોળ દૂરથી જ બતાવ્યો. તેમને બીજું આશ્ચર્ય થયું. આશરે ૫૦ મીટરની સ્વાગતયાત્રા પછી સ્વામીશ્રી મંચ ઉપર પધાર્યા, અને સંતોનું પ્રવચન શરૂ થયું, એટલે એમની આંખો મને શોધવા લાગી. હું પાસે ગયો ને કેવી રીતે અહીં પહોંચ્યા તેની કહાણી કહેવા લાગ્યો. જેમ જેમ વાતનો દોર આગળ ચાલતો ગયો, તેમ તેમ સ્વામીશ્રીનો ચહેરો ગંભીર થતો ગયો. અને છેલ્લે તો ત્રીજું લોચન ખૂલ્યું : 'બધા બુદ્ધિ વગરના છો, ભાન પડતી નથી, આવું કરાય ? કંઈક થઈ ગયું હોત તો તમારા બાપાને શું જવાબ આપત ? અમે ત્યાં (છાત્રાલયમાં) આવીએ તો છીએ. લાભ મળે છે, ત્યાં રોકાઈએ છીએ. આવું બધું કરવાની જરૂર શી છે ?...' એમ ત્રણ-ચાર મિનિટ સુધી હિતનો ઠપકો આપ્યો, ને છેલ્લે કહે : 'અત્યારે જ બધા વિદ્યાનગર પહોંચી જાવ. ડ્રાયવરને કહેજો, ધીમી ચલાવે. બધા પહોંચો એટલે ભગવત્ચરણને કહેજે, મને સુરત ફોન કરે.'

'સારું.' મેં માંડમાંડ કહ્યું, 'આ બધા ધો. ૧૨ના વિદ્યાર્થીઓ છે. વર્ષમાં એકાદ-બે વાર લાભ લેવા બહાર જઈ શકે, ને જયંતીમાં પણ રસોડે સેવા હતી, તેથી દર્શન નહોતા થયા, માટે લાવું ?'

'બોલાવી લે બધાને !' સ્વામીશ્રી હજુ અકળાયેલા જ હતા.

વિવેકસાગર સ્વામીના ચાલુ પ્રવચને બધાને વ્યક્તિગત લાભ આપી દીધો. છેલ્લે ફરીથી મને કહ્યું, 'સીધા પહોંચી જાવ...' હું સ્ટેજના ખૂણે પહોંચ્યો, હજુ મારું શરીર ધ્રૂજતું હતું. ત્યાં સ્વામીશ્રીએ બૂમ પાડી ફરીથી

બોલાવ્યો. મારા પગ ધ્રૂજવા લાગ્યા. નજીક ગયો ત્યારે પ્રેમથી ખભે હાથ મૂકીને સ્વામીશ્રી કહે : 'કેટલા યુવકો છો ?'

'બાપા ! ૨૭ જણા છીએ.'

'જમ્યા કે બાકી છે ?'

હું કાંઈ બોલું તે પહેલાં સામેથી જ કહ્યું, 'બાકી છે ને !' મારાથી કાંઈ બોલી શકાયું નહીં. ગળે ડૂમો ભરાઈ ગયો હતો. સ્વામીશ્રીએ એક સ્વયંસેવકને બોલાવીને પૂછ્યું, 'હરિભક્તોને જમાડવાની વ્યવસ્થા છે ?'

'હા, બાજુના ગામવાળા ત્રીસેકને જમાડવાના છે.'

સ્વામીશ્રીએ કહ્યું, 'આ યુવકોને જમાડી દો. અને બીજી રસોઈ ચાલુ કરી દો...'

અમે જમી લીધું. સ્વામીશ્રીનો પ્રેમપ્રવાહ હજુયે મન-હૃદયમાં ધોધની જેમ વહ્યા કરતો હતો. અમે ગોળ જમાડવા દોડ્યા હતા, તેને બદલે સ્વામીશ્રીએ અમને જમાડીને મોકલ્યા ! અમે રાત્રે દોઢ વાગે વિદ્યાનગર પહોંચ્યા, તેનો ફોન સવારે ભગવત્ચરણ સ્વામીએ સ્વામીશ્રીને કર્યો ત્યારે એમને 'હાશ' થઈ ! કેટલો પ્રેમ ? કેટલી ચિંતા અને કાળજી !

* * *

૧૯૯૧ના પ્રારંભે સ્વામીશ્રી વિદ્યાનગર પધાર્યા હતા. સાંજે પ્રસાદ જમતા હતા, ત્યારે મેં 'બ્રહ્મોપનિષદ્' ગ્રંથમાંથી પૂજ્ય સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજના અંગ્રેજી લેખનું સ્વામીશ્રી સમક્ષ ભાષાંતર કર્યું. જેમાં સ્વામીશ્રીની આત્મનિવેદી ભક્તિ અને ઠાકોરજી પ્રત્યેના પ્રેમની વાત આવી. તેમણે લખ્યું હતું કે આપ જ્યારે ઠાકોરજી પ્રત્યે ભક્તિ અદા કરતા હો તે દૃશ્ય દેવો ,માટે પણ દર્શનીય હોય છે...'

એ જ વખતે એક સંતે કહ્યું, 'બહુ ઝીણવટથી આ ક્રિયા તેમણે જોઈને નોંધ કરી છે.'

સ્વામીશ્રી તરત બોલ્યા : 'બીજા કોઈ નોંધ ન લઈ શકે તેવી નોંધ એમણે લીધી છે. એમને કેટલો ભક્તિભાવ હશે ?!'

સ્વામીશ્રીએ પોતાનો ગુણ ઢાંકી ચિદાનંદજી મહારાજના ગુણ ગાવાના શરૂ કરી દીધા !

સ્વામીશ્રી નડિયાદ પધાર્યા હતા. તબિયત નાદુરસ્ત હતી. તેથી મંદિરની નજીક જ રહેતા ઇન્દુભાઈને ત્યાં ઉતારે આરામમાં હતા.

પૂજા પછી સૌની સાથે હું પણ વ્યક્તિગત દર્શનની લાઇનમાં જોડાયો, સ્વામીશ્રીના ચરણસ્પર્શ કરી મેં કહ્યું, 'આપ બહુ બીમાર છો, તે કાર્તિકપૂનમે હરિભક્તોને બોચાસણમાં બહું સુખ નહીં આવે. માટે આ બીમારી મને આપી દો !'

સ્વામીશ્રીએ તરત જ બંને હાથે મારા ખભા પકડી પંપાળવા લાગ્યા. ને અત્યંત પ્રેમથી કહે : 'ના...ના... એવું નહીં. તમને બીમારી ન અપાય. યુવકો દ્વારા તો યોગીબાપાને ખૂબ કાર્ય કરાવવું છે. બધું જ બરાબર થઈ જશે...'

હું આગળ જતો રહ્યો. ત્રણચાર ડગલાં ભર્યા પછી મેં પાછળ જોયું તો તેઓ મારી સામે સ્નેહભીની દૃષ્ટિથી જોઈ રહ્યા હતા !

* * *

વિદ્યાનગરમાં સ્વામીશ્રી અલ્પાહાર લઈ રહ્યા હતા. ત્યારે હું શ્રીજી મહારાજે પરમહંસોને લખેલો એક પત્ર મોઢે બોલ્યો. પછી સ્વામીશ્રીએ પૂછ્યું, 'આ ક્યાંથી મેળવેલો ?'

'સર્વોપરી શ્રીહરિ' પુસ્તક છે, તેમાંથી.'

સ્વામીશ્રી કહે : 'હાં... મને થયું આવું હિન્દી ક્યાંથી બોલે છે ?' પછી પૂર્વ આયોજન મુજબ તુષાર પટેલ એક પત્ર લઈને રૂમમાં આવ્યા. ને એક પત્ર મારા હાથમાં મૂકતા કહે : 'અક્ષરધામમાંથી પત્ર આવ્યો છે. મહારાજે જાતે લખ્યો લાગે છે.'

મેં કહ્યું, 'લાવ વાંચું.'

સ્વામીશ્રીએ બાળસહજ વિસ્મયથી પૂછ્યું, 'મહારાજનો પત્ર છે ?'

'હા.' મેં કહ્યું.

'તારી ઉપર ?' સ્વામીશ્રીએ ફરી પૂછ્યું. ને કહે : 'વાંચ.' એમ કહેતા ગંભીરપણે સાંભળવા લાગ્યા. આ પત્ર મેં જ તૈયાર કરેલો. જેમાં જૂની લઢણનું હિન્દી લખ્યું હતું. સ્વામીશ્રીએ ચળુ કરી લીધેલું, તેથી મુખવાસ જમતાં જમતાં પત્ર સાંભળવા લાગ્યા. પત્રને અંતે લખેલું : 'યહ પત્ર વહાઁ પ્રમુખસ્વામી કે આગે પઢના ઔર ઉનકો બોલના કે સબ યુવક કો પ્રસાદ દે, યહ હમારી આજ્ઞા હૈ !'

સ્વામીશ્રી ગંભીર સ્વરે કહે : 'આ તો મહારાજની આજ્ઞા થઈ, લાવો, બધાને પ્રસાદ આપીએ !' એમ કહી જલેબીની થાળી મંગાવી દરેકને આપવા લાગ્યા. છેવટે એ થાળીમાંથી મેં દરેકને પ્રસાદી વહેંચી દીધી. પણ સ્વામીશ્રીની એક વિશિષ્ટ ભાવનાનો ખ્યાલ આવ્યો કે મહારાજની આજ્ઞા તો હતી જ નહીં, કેવળ 'મહારાજની આજ્ઞા' એ શબ્દ વાપરેલો. પણ સ્વામીશ્રીએ આખી વાતને ખૂબ જ ગંભીરપણે લીધી અને 'આજ્ઞા' પાળી પણ ખરી !

* * *

એપ્રિલ, ૧૯૯૧, સ્વામીશ્રી ગાંધીનગર પધાર્યા હતા. મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના આગ્રહથી તેમના નિવાસસ્થાને રાત્રે ઠાકોરજી જમાડ્યા. લગભગ બધા જ મંત્રીશ્રીઓ ઉપસ્થિત હતા. સંતોએ 'આજ મારે ઓરડે' એ કીર્તન ગાયું. સ્વામીશ્રી પણ તાલ મિલાવતા ગાઈ રહ્યા હતા. થોડીવારે સૌ માટે આઈસ્ક્રીમની વાટકીઓ આવી. સ્વામીશ્રી પાસે ધરી તો વાટકી લઈ સ્વામીશ્રીએ બાજુમાં ઠાકોરજી પાસે મૂકી દીધી. એક સ્વામીશ્રી સિવાય બધા આઈસ્ક્રીમ ખાતા હતા. હું યુવકમાં હતો, સ્વામીશ્રીની પત્રલેખનની બેગ મારી પાસે હતી. સૌની વચ્ચે સ્વામીશ્રીને નિર્લેપ, અસંગ બેઠેલા જોયા એટલે મુખ્યમંત્રીએ જાતે જ આવીને આગ્રહ કર્યો : 'બાપા ! આપ થોડું લો.'

સ્વામીશ્રી કહે : 'આપનો ભાવ છે, તેથી ઠાકોરજી જમે છે...' કહી બાજુમાં લાલજી મહારાજની મૂર્તિ તરફ નિર્દેશ કર્યો. ત્રણ-ચાર મિનિટ પછી ફરી તેમણે આગ્રહ કર્યો. ત્યારે સ્વામીશ્રી એકદમ કહે : 'ઠાકોરજી જમે તેમાં બધું આવી ગયું. આ બધા લે છે ને !' પછી વાતચીતના અંતે ઊભા થઈ ગયા. વિદાયવેળા આવી ત્યારે દીવાનખંડની સામેના જ દાદરમાં મુખ્યમંત્રીનાં ધર્મપત્ની બેઠાં હતાં અને માળા ફેરવી રહ્યાં હતાં. ચીમનભાઈના અંગત સચિવે તે તરફ આંગળી ચીંધી, સ્વામીશ્રીને કહ્યું 'સ્વામી ! સાહેબનાં ધર્મપત્ની પણ ત્યાં બેઠાં બેઠાં આપને વંદન કરે છે, ને માળા ફેરવે છે..' તે સતત બોલતા હતા. સ્વામીશ્રીનું ધ્યાન દાદરા તરફ ખેંચાય તે માટે પારાવાર જહેમત ઉઠાવતા હતા. સ્વામીશ્રી છેક બહાર પહોંચ્યા ત્યાં સુધી સચિવશ્રીએ ચીમનભાઈનાં ધર્મપત્નીના ભક્તિભાવની પ્રશંસા કર્યા કરી, હું સ્વામીશ્રીની સાથે જ તેમના પત્રલેખનની બેગ લઈને